

# 'રસબસ હોઇ રહી રસિયા સંગ...!'

(ચૂંટેલાં સારરૂપ કિર્ત્તનપદો ને છંદો)

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૩૧**


**સંકલન**

સંસ્થાપક : અ.મુ.પૂ. શ્રી નારાયણભાઇ ગી. ઠક્કર



શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો :**

**મીન** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

ગોપદ — ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

વ્યોમ — ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

અર્ધચંદ્ર — ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

કળશ — ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને· પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# 'રસબસ હોઈ રહી રસિયા સંગ...!'

## (ચૂંટેલાં સારરૂપ કીર્તનપદો ને છંદો)


• સંકલન •

અ. મુ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર


સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૩૧


• સંસ્થાપક •

અ. મુ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
## સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

• પ્રકાશન સમિતિ •

: પ્રેરક-માર્ગદર્શક :

* અ. મુ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર *


© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજી. નં. ઈ/૪૫૪૬/અમદાવાદઃ ૧૯૮૧)

આવૃત્તિ : પહેલી પ્રત : ૩૦૦૦
સં. ૨૦૫૪, મહા વદ પાંચમ
ઈ. સ. ૧૯૯૮, ૧૬ ફેબ્રુઆરી

સેવા મૂલ્ય : રૂ.૧૫/-

પ્રકાશક
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩
✆ ૪૯૫૨૨૦

મુદ્રક
સાધના ઓફસેટ
જી. આઇ. ડી. સી. નરોડા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા –આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ પર મહદ્ ઉપકાર કરનારા

પરમ દયાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની

પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે

ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
નારાયણભાઈ ગી. ઠક્કર
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં.૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# પ્રાસ્તાવિક

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાની શ્રીમુખવાણી વચનામૃતના પ્રારંભમાં જ કહ્યું છે : "ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી અને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી."

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીએ તો પોતાના દિવ્ય જીવન દ્વારા જ શીખવ્યું છે કે 'દરેક ક્રિયા શ્રીજીમહારાજની મૂર્તિનું અનુસંધાન રાખીને કરવી.' આ દુર્લભ સ્થિતિ પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ આપના મહાસમર્થ સદ્‌ગુરુઓએ કીર્તન-ભક્તિ દ્વારા બતાવ્યો છે. શ્રીજી-સમકાલીન સંતકવિઓએ શ્રીજીમહારાજના સ્વરૂપના, મહિમાના, જ્ઞાનોપદેશના, લીલા ચરિત્રના- એમ વિવિધ વિષયક અનેક કીર્તનપદો રચ્યાં છે. આ પદો નિત્યે ગાવવા-સાંભળવાથી સહેજે શ્રીજીમહારાજની મૂર્તિનું સ્મરણ-ચિંતન રહ્યા કરે છે ને ધીરે ધીરે મનની વૃત્તિ મૂર્તિમાં સ્થિર થાય છે.

આ બધાં કીર્તનો શ્રીહરિજીના પરમ સાધર્મ્યને પામેલા નંદસંતોએ રચેલાં હોઈ, એ પદોનું એકાગ્રચિત્તે ગાન કરતાં જ અંતરમાં શ્રીજી પ્રત્યે અનન્ય સ્નેહની લહરીઓ ઊઠે છે. આપણો ચૈતન્ય રોમરોમ રસબસ બની, શ્રીજીમહારાજની મૂર્તિનો દિવ્યાનંદ અનુભવે છે. આથી જ આ કીર્તનસંગ્રહને 'રસબસ હોઈ રહી રસિયા સંગ' એવું નામ આપવામાં આવ્યું છે. સ. ગુ. મુક્તાનંદ સ્વામી, સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ. ગુ. પ્રેમાનંદ સ્વામી, સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામી, સ. ગુ.

ભૂમાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓએ રચેલાં હજારો કીર્તનોમાંથી સારરૂપ પદોને તારવી લઈ સરળતા ખાતર તેમનું વિષયવાર વર્ગીકરણ કરી મૂકવામાં આવ્યાં છે. હવે અત્રે થોડું સ્પષ્ટીકરણ કરવું આવશ્યક છે. તે વિચારી લઈએ.

હરિસ્મૃતિ ચિંતામણિમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે કે-

"અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર;
જોતા ના'વે જોડ્યમાં, આ સમ અન્ય અવતાર.
સમર્થ મૂર્તિ સુખભરી, ધરી ન ધરશે કોઈ;
સર્વોપરી છે શ્રીહરિ, સહજાનંદ પ્રભુ સોય.
કોટી અવતારના કારણ કહી, કોટી કૃષ્ણ કરજોડ;
નિષ્કુળાનંદ રહે ચરણમેં, મેરે ઇષ્ટકી હજૂર."

આમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ રામકૃષ્ણાદિ અવતારોના અવતારી, સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા હોઈ સર્વ મનુષ્યોને ઉપાસના કરવા યોગ્ય છે, પરંતુ શ્રીજીમહારાજ પ્રગટ થયા પહેલાં ભગવાનના અવતારોએ પોતાના પ્રભાવશાળી અવતારી કાર્યો જનસમાજમાં વિપુલ પ્રમાણમાં વિસ્તાર્યાં હતાં. લોકોમાં જે તે અવતારો પ્રત્યે ભગવાન તરીકેની અનન્ય નિષ્ઠા ને ભક્તિભાવ દૃઢપણે પ્રવેશી ગયા હતા. તેથી તે વખતે શ્રીજીમહારાજની સર્વોપરીતા લોકો બહુધા યથાર્થપણે સમજી શક્યા નહોતા. પરિણામે સંતકવિઓને કીર્તનોમાં સમાસ અર્થે સર્વોપરી શ્રીહરિના ઘનશ્યામ, ધર્મકુંવર, શ્રીજી, સહજાનંદ, હરિકૃષ્ણ, ભક્તિનંદન, હરિવર વગેરે નામોની જગ્યાએ કૃષ્ણ, મોહન, નટવર, નંદલાલો વગેરે શ્રીકૃષ્ણ અવતારના પ્રચલિત નામોનો ઉપયોગ કરવો પડ્યો હતો. પરંતુ સમયના વહેણ સાથે આજે જ્યારે શિક્ષિત

તથા અશિક્ષિત લોકો વ્યાપક પ્રમાણમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતા સમજતા થયા છે ત્યારે શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા અત્યંત આવશ્યક એવી સ્વરૂપનિષ્ઠાની દૃઢતા માટે નામોને લીધે થતો ધ્યાન વિક્ષેપ દૂર થવો જરૂરી છે. શ્રીજીમહારાજના સર્વોપરીપણાનું પ્રવર્તન વિશેષ વ્યાપક બને એ હેતુથી શ્રીજીમહારાજ માટે વપરાયેલા અવતારોનાં નામોની જગ્યાએ, શ્રીજીમહારાજનાં જ પ્રચલિત નામો કીર્તનોમાં હોવા અનિવાર્ય ગણાય. એ દૃષ્ટિએ પરમ કૃપાળુ શ્રીજીમહારાજ તથા સદ્‌ગુરુઓની પ્રસન્નતાર્થે આ કીર્તન સંગ્રહનાં પદોમાં સર્વોપરી મહાપ્રભુનાં સર્વોપરી નામો જેમાં સર્વ નામો આપોઆપ સમાવિષ્ટ થઈ જાય છે તેને પ્રાસાનુપ્રાસ ધ્યાનમાં રાખી મૂકવામાં આવ્યાં છે. જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે જરૂરી, ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસનાના વેગવંત પ્રચાર-પ્રસાર માટે સીમાચિહ્નસમા આ શુભ પ્રયાસને સમગ્ર સત્સંગ સમુદાય ઉમળકાભેર આવકારશે અને શ્રીહરિની દિવ્ય પ્રેરણાથી થયેલ આ સત્યપૂર્ણ પ્રયત્ન માટે અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈનો હરહંમેશ ઋણી રહેશે.

આ ગ્રંથ પ્રકાશનના કાર્યમાં પ્રૂફ સુધારણા, સુંદર મુદ્રણકાર્ય, બાઈન્ડિંગ આદિ છપાઈકામમાં કાળજી રાખી, જહેમત ઉઠાવી સેવારૂપ થનાર સર્વે પર શ્રીજીમહારાજ ને તેમના અનાદિ મહામુક્તોની પ્રસન્નતા સદાય વરસતી રહે એ જ પ્રાર્થના.

સં. ૨૦૫૪, મહા વદ પાંચમ
ઈ. સ. ૧૯૯૮, ૧૬ ફેબ્રુઆરી

પ્રકાશન સમિતિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

# વિષયાનુક્રમણિકા

| ક્રમ. | કીર્તન | રચયિતા<br>સ. ગુ.<br>સ્વામીશ્રી | પાન |
|---|---|---|---|

## પ્રાર્થના


| | | | |
|---|---|---|---|
| ૧. | અધમ ઉધારણ અવિનાશી તારા | બ્રહ્માનંદ | ૧ |
| ૨. | અંતકાળે આવી રે મારી | દેવાનંદ | ૧ |
| ૩. | અંતકાળે આવી રે સંભાળી | મુક્તાનંદ | ૩ |
| ૪. | આશકો દિ યારી વે માશુક | પ્રેમાનંદ | ૪ |
| ૫. | કમલદલોપમ લોચન (સ્તુતિ) | ભૂમાનંદ | ૫ |
| ૬. | કહા કહું હરિ કરુણા તેરી | બ્રહ્માનંદ | ૫ |
| ૭. | તમે મારા થયા હું તમારો થયો | — | ૭ |
| ૮. | તુમ બીન એસો કોન દયાલ | પ્રેમાનંદ | ૭ |
| ૯. | તેરી શરનમેં આયકે | બ્રહ્માનંદ | ૮ |
| ૧૦. | દર્શન દો ઘનશ્યામ નાથ | — | ૮ |
| ૧૧. | દીનાનાથ દયાળુ હરિવર | કેશવલાલ | ૯ |
| ૧૨. | નમન હું કરું વિશ્વપાલને | નારાયણદાસ | ૯ |
| ૧૩. | પધારોને સહજાનંદજી હો | પ્રેમાનંદ | ૧૦ |
| ૧૪. | બીસર ન જાજો મેરે મીત | પ્રેમાનંદ | ૧૧ |
| ૧૫. | મારી અવિચળ ચૂંકને રાખજો | યુગલદાસ | ૧૧ |
| ૧૬. | મેં તો ગુનેગાર તેરા રે | પ્રેમાનંદ | ૧૩ |
| ૧૭. | શું ઘણું કહીએ રે હવે | પ્રેમાનંદ | ૧૪ |
| ૧૮. | શ્રીજીમહારાજ માગું શરણ તમારું | માવદાનજી | ૧૪ |
| ૧૯. | સુણો ચતુર સુજાણ | શ્રીરંગદાસ | ૧૫ |
| ૨૦. | હો ઘનશ્યામ રે તુમસે | પ્રેમાનંદ | ૧૬ |
| ૨૧. | હો જી મોરે જીવન | પ્રેમાનંદ | ૧૭ |

## પ્રભાતિયાં


| | | |
|---|---|---|
| ૨૨. ઘનશ્યામ ચરણ કલિ કલુષ હરણ | પ્રેમાનંદ | ૨૧ |
| ૨૩. પ્રાતઃ સમે શ્રી પુરુષોત્તમની | મુક્તાનંદ | ૨૧ |
| ૨૪. પ્રાતઃ સમે શ્રી સહજાનંદની મૂરતિ | પ્રેમાનંદ | ૨૨ |
| ૨૫. વેલેરી ઊઠીને વાલાજીનું | પ્રેમાનંદ | ૨૨ |
| ૨૬. સૂતાં ઊઠી રે સમરું સહજાનંદ | કૃષ્ણાનંદ | ૨૩ |


## પ્રાગટ્ય—બાળલીલા


| | | |
|---|---|---|
| ૨૭. અયોધ્યા સરયુ તટે સંભળાય | — | ૨૭ |
| ૨૮. ઝુલત પાલનેમેં ધર્મકુમાર | મુક્તાનંદ | ૨૭ |
| ૨૯. પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે | પ્રેમાનંદ | ૨૯ |
| ૩૦. પ્રેમવતી સુત જાયો અનુપમ | મુક્તાનંદ | ૨૯ |
| ૩૧. માતા પ્રેમવતી ઝુલાવે | પ્રેમાનંદ | ૩૧ |
| ૩૨. મારે તો નથી લેવું આ નાવનું ભાડું | જગદીશ | ૩૪ |


## ઉત્સવ


| | | |
|---|---|---|
| ૩૩. આજ પ્રબોધિની આઈ | મુક્તાનંદ | ૩૭ |
| ૩૪. ઉત્સવની પ્યારી શ્રીજીની | બ્રહ્માનંદ | ૩૮ |
| ૩૫. એકાદશી આજનો દિન સારો રે | બ્રહ્માનંદ | ૩૯ |
| ૩૬. કોડે કોડે એકાદશી કીજીએ રે | બ્રહ્માનંદ | ૪૦ |
| ૩૭. ચાલો સખી સહુ વસંત વધાવવા | પ્રેમાનંદ | ૪૧ |
| ૩૮. ઝુલનકે દિન આયે હિંડોરે | પ્રેમાનંદ | ૪૧ |
| ૩૯. દીઠે આજ દિવાળી | મુક્તાનંદ | ૪૨ |
| ૪૦. ધર્મકુંવર ખેલે હોરી રે | આ. અયોધ્યા-પ્રસાદજી | ૪૨ |
| ૪૧. ધર્મકુંવર છબી બરની નહિ જાઈ | પ્રેમાનંદ | ૪૪ |
| ૪૨. સાંવરો હરિ ખેલત હોરી | કૃષ્ણાનંદ | ૪૫ |
| ૪૩. સુખદાયક શ્રી મહારાજ | ભૂમાનંદ | ૪૬ |

## મૂર્તિ વર્ણન—શૃંગાર દર્શન


| | | |
|---|---|---|
| ૪૪. અમરના સરદાર હરિ મારા | કૃષ્ણાનંદ | ૪૯ |
| ૪૫. આજ સહજાનંદ મળિયા રે | નરસિંહ | ૪૯ |
| ૪૬. ઓરા આવો ઘનશ્યામ સનેહી | પ્રેમાનંદ | ૫૦ |
| ૪૭. ઓરા આવો મારા લેરખડા લહેરી | બ્રહ્માનંદ | ૫૭ |
| ૪૮. જોઈ મૂરતિ મનોહર | બ્રહ્માનંદ | ૫૭ |
| ૪૯. જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર | આ. વિહારીલાલજી | ૫૮ |
| ૫૦. તારા મુખની લાવણતા મીઠી રે | બ્રહ્માનંદ | ૫૯ |
| ૫૧. તારી મૂરતી છે જો નેણુંનો શણગાર | બ્રહ્માનંદ | ૫૯ |
| ૫૨. તારી મૂરતી લાગે છે મને પ્યારી રે | મંજુકેશાનંદ | ૬૦ |
| ૫૩. તારો ચટક રંગીલો છેડલો | બ્રહ્માનંદ | ૬૨ |
| ૫૪. ધર્મકુંવર ઘનશ્યામજી મારા | પ્રેમાનંદ | ૬૨ |
| ૫૫. પ્યારા મુજને લાગી તારી મોહની | મુક્તાનંદ | ૬૩ |
| ૫૬. ભજો ભાવ શું અખંડ જપમાળા રે | મુક્તાનંદ | ૬૩ |
| ૫૭. મનમાં વસી છે તારી મૂર્તિ | પ્રેમાનંદ | ૬૫ |
| ૫૮. મને પ્યારી લાગે મૂર્તિ તમારી | નારણદાસ | ૬૫ |
| ૫૯ મૂર્તિ મનહર ધર્મકુમારની રે | દેવાનંદ | ૬૬ |
| ૬૦. રૂડા લાગો છો રાજેન્દ્ર | પ્રેમાનંદ | ૬૭ |
| ૬૧. લટકાળો લટકંતો રે આવે | નિષ્કુળાનંદ | ૬૭ |
| ૬૨. વસ્યો છે છોગલાવાળો મારે મન | જેરામ બ્રહ્મ. | ૬૯ |
| ૬૩. વ્હાલા મારી શુધ બુધ | બ્રહ્માનંદ | ૬૯ |
| ૬૪. શિર પાઘડલી સોનેરી રે | કૃષ્ણાનંદ | ૭૦ |
| ૬૫. શોભા શી કહું રે | પ્રેમાનંદ | ૭૦ |
| ૬૬. સહજાનંદ હરિ રે ભજ મન | આ. અયોધ્યા-પ્રસાદજી | ૭૧ |
| ૬૭. સ્વામિનારાયણ નામની | નિષ્કુળાનંદ | ૭૨ |
| ૬૮. હરિ બાનક બસ ગઈ અંતરમેં | કૃષ્ણાનંદ | ૭૩ |
| ૬૯. હેલી જોને આ ધર્મકુમાર | બ્રહ્માનંદ | ૭૩ |

## લીલા


| | | |
|---|---|---|
| ૭૦. કહું વાત અલૌકિક રે | ભૂમાનંદ | ૭૭ |
| ૭૧. જુઓ જુઓને હાં હાં | આ. વિહારીલાલજી | ૭૮ |
| ૭૨. નાના ગ્રાસ લેવત મનગમતાં | દેવાનંદ | ૭૯ |
| ૭૩. પુરુષોત્તમ પૂરણ બ્રહ્મ | પ્રેમાનંદ | ૭૯ |
| ૭૪. બોલો બોલો રે જોગી બાલુડા | આ. વિહારીલાલજી | ૮૪ |
| ૭૫. માણકીએ ચડ્યા રે | પ્રેમાનંદ | ૮૬ |
| ૭૬. લોજની વાવ ઉપર | આ. વિહારીલાલજી | ૮૯ |
| ૭૭. શ્રી ઘનશ્યામ છબીલે છેલે | લક્ષ્મીનારાયણ દાસ | ૯૦ |
| ૭૮. સર્વે સખી જીવન જોવાને ચાલો રે | ભૂમાનંદ | ૯૧ |
| ૭૯. સ્નેહભર્યા નયને નિહાળતા હો | મુક્તાનંદ | ૯૧ |


## જ્ઞાનોપદેશ


| | | |
|---|---|---|
| ૮૦. અભાગી અંધ માનને શિખામણ | નિષ્કુળાનંદ | ૯૫ |
| ૮૧. અવસર આવ્યો રે સારો | બ્રહ્માનંદ | ૯૫ |
| ૮૨. અવિદ્યા છે નકટી નાર | મુક્તાનંદ | ૯૬ |
| ૮૩. આવું તારું ધન રે જોબન | દેવાનંદ | ૯૬ |
| ૮૪. આવો રૂડો અવસર રે | દેવાનંદ | ૯૮ |
| ૮૫. કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે | દેવાનંદ | ૯૮ |
| ૮૬. કહું છું શિખામણ સારી રે | બ્રહ્માનંદ | ૯૯ |
| ૮૭. ઘડપણ કોણે મોકલ્યું | નરસિંહ મહેતા | ૧૦૦ |
| ૮૮. જગતમેં મત કીજો અભિમાન | બ્રહ્માનંદ | ૧૦૨ |
| ૮૯. જનની જીવો રે ગોપીચંદની | નિષ્કુળાનંદ | ૧૦૨ |
| ૯૦. જાઓગે જનમ સબ હારી હો નર | ભૂમાનંદ | ૧૦૪ |
| ૯૧. તુંને સાંભળ આપું શીખ એક | નિષ્કુળાનંદ | ૧૦૪ |
| ૯૨. દાટ્યો રે'ને ચોર દૈવના | બ્રહ્માનંદ | ૧૦૫ |
| ૯૩. દુઃખ છે અધિક આ સંસારમાં | નારાયણદાસ | ૧૦૯ |

| | | |
|---|---|---|
| ૯૪. નર અજ્ઞાની સાંભળને | મંજુકેશાનંદ | ૧૦૯ |
| ૯૫. પ્રગટ પુરુષોત્તમનો મહિમા | નારાયણદાસ | ૧૧૦ |
| ૯૬. ભજ્યો નહિ ભગવાનને રે | દેવાનંદ | ૧૧૦ |
| ૯૭. મનની વાતો મનમાં રહી | નિષ્કુળાનંદ | ૧૧૧ |
| ૯૮. માયાને મેલીને મરવું | બ્રહ્માનંદ | ૧૧૨ |
| ૯૯. મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે | મુક્તાનંદ | ૧૧૨ |
| ૧૦૦. મારા હરજી શું હેત ન દીસે રે | નરસિંહ મહેતા | ૧૧૨ |
| ૧૦૧. મુને કરી કૃતારથ નાથ | નિષ્કુળાનંદ | ૧૧૩ |
| ૧૦૨. મુને મળિયા પુરુષોત્તમરાય | નિષ્કુળાનંદ | ૧૧૩ |
| ૧૦૩. મુને સુપને ન ગમે રે સંસાર | નિષ્કુળાનંદ | ૧૧૪ |
| ૧૦૪. રટ રટ રાજીવનેણકું | ભૂમાનંદ | ૧૧૪ |
| ૧૦૫. રૂડું સ્વામિનારાયણ નામ | મૂળજી બ્ર. | ૧૧૫ |
| ૧૦૬. રે સગપણ હરિવરનું સાચું | બ્રહ્માનંદ | ૧૧૫ |
| ૧૦૭. વચન વિચારી રે શ્રી ઘનશ્યામના રે | દયાનંદ | ૧૧૬ |
| ૧૦૮. શીલવંતા સાધુ સંભાળજો કરી પ્રીતિ | દેવાનંદ | ૧૧૭ |
| ૧૦૯. શુદ્ધ વૈરાગ્યે કરી સેવીએ | નિષ્કુળાનંદ | ૧૧૮ |
| ૧૧૦. શ્રીજીને કેડે ફરવું રે, કોઈથી ન ડરવું | બ્રહ્માનંદ | ૧૧૮ |
| ૧૧૧. શ્રીહરિને ગમવાને ઇચ્છો માનની | મુક્તાનંદ | ૧૧૮ |
| ૧૧૨. શ્રીહરિ સહજાનંદ ભજ મન | જગદીશાનંદ | ૧૨૧ |
| ૧૧૩. સબે હો મીજમાન વે દો દીન કેરા | ભૂમાનંદ | ૧૨૧ |
| ૧૧૪. સહજાનંદ હરિ પ્રગટ થયા | નિષ્કુળાનંદ | ૧૨૨ |
| ૧૧૫. સંગત તેને શું કરે | કવિ પ્રીતમ | ૧૨૩ |
| ૧૧૬. સંતો વિમુખ થકી રહીએ વેગળા | નિષ્કુળાનંદ | ૧૨૩ |
| ૧૧૭. સુણો સત્સંગી ધર્મકુંવર સાથે | પ્રેમાનંદ | ૧૨૪ |
| ૧૧૮. સુણો સમજુ સકળ નરનારીઓ | દલપતરામ | ૧૨૪ |
| ૧૧૯. સુપનુ સમજો રે આ સંસારને | દયાનંદ | ૧૨૫ |
| ૧૨૦. સુમરે સુખ હોય મન મેરે | પ્રેમાનંદ | ૧૨૬ |
| ૧૨૧. હરિગુણ ગાતાં દુરિજનિયાનો ધડક | મુક્તાનંદ | ૧૨૬ |

| | | |
|---|---|---|
| ૧૨૨. હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે | બ્રહ્માનંદ | ૧૨૭ |
| ૧૨૩. હરિ બીન કોઈ ન તેરા રે | મુક્તાનંદ | ૧૨૯ |
| ૧૨૪. હરિ ભજતાં સહુ મોટપ પામે | મુક્તાનંદ | ૧૨૯ |
| ૧૨૫. હેત કર હેત કર પ્રગટ ઘનશ્યામશું | આ. અયોધ્યા-પ્રસાદજી | ૧૩૦ |
| ૧૨૬. હૈયાના ફૂટ્યા હરિ સંગે હેત ન કીધું | દેવાનંદ | ૧૩૩ |


## મહિમા

| | | |
|---|---|---|
| ૧૨૭. અજ્ઞાન અંધારું રે | ભૂમાનંદ | ૧૩૭ |
| ૧૨૮. આનંદ આપ્યો અતિ ઘણો | નિષ્કુળાનંદ | ૧૩૭ |
| ૧૨૯. કરુણાના સિંધુ રે | બ્રહ્માનંદ | ૧૩૯ |
| ૧૩૦. કરું પ્રથમ પ્રણામ સંભારી રે | પ્રેમાનંદ | ૧૩૯ |
| ૧૩૧. કૃપા કરી રે કૃપા કરી રે અલબેલો | ભૂમાનંદ | ૧૪૨ |
| ૧૩૨. જે સ્વામિનારાયણ નામ લેશે | આ. વિહારીલાલજી | ૧૪૩ |
| ૧૩૩. ધન્ય ધન્ય ગઢપુર ધામને જો | દલપતરામ | ૧૪૪ |
| ૧૩૪. ધન્ય મુને મળ્યા સહજાનંદજી | ભૂમાનંદ | ૧૪૫ |
| ૧૩૫. ધર્મસુત નામ ઘનશ્યામ નિર્મળ છબી | જગદીશ | ૧૪૫ |
| ૧૩૬. નેતિ નેતિ કહી ગાયે નિગમ પુરાણ | પ્રેમાનંદ | ૧૪૬ |
| ૧૩૭. પણ મુખ્ય અમારું જે નામ | નિષ્કુળાનંદ | ૧૪૭ |
| ૧૩૮. પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ | પ્રેમાનંદ | ૧૪૮ |
| ૧૩૯. પ્રતાપ આ નિલકંઠ યોગીનો | દયાનંદ | ૧૫૨ |
| ૧૪૦. મહિમા તમારો રે અગમ અપાર છે રે | દયાનંદ | ૧૫૨ |
| ૧૪૧. મળી બુટોલપુરની માંહી | નારાયણ-મુનિદાસ | ૧૫૩ |
| ૧૪૨. મુને શ્રી ઘનશ્યામ સ્વરૂપ જોગ | નિષ્કુળાનંદ | ૧૫૪ |
| ૧૪૩. વારી જાઉં વ્હાલાજીને વારણે | પ્રેમાનંદ | ૧૫૫ |
| ૧૪૪. વાલી લાગે છે મને મૂર્તિ મહારાજની | કેશવલાલ | ૧૫૫ |
| ૧૪૫. વિજ્ઞાનનો વિલય થયો | — | ૧૫૬ |
| ૧૪૬. વ્હાલો અક્ષરધામના વાસી | ઇશાનંદ | ૧૫૮ |

| | | |
|---|---|---|
| ૧૪૭. શી કહું સુખની વારતા | ભૂમાનંદ | ૧૫૯ |
| ૧૪૮. સબહી બરનમેં વોહી બડે જીન | શ્વેતવૈકુંઠદાસજી | ૧૬૦ |
| ૧૪૯. સર્યું સર્વે મારું કાજ રે | ભૂમાનંદ | ૧૬૦ |
| ૧૫૦. સલુણી છબી સુંદર સહજાનંદ | બ્રહ્માનંદ | ૧૬૧ |
| ૧૫૧. સહજાનંદકે દર્શન કરકે | સુખાનંદ | ૧૬૨ |
| ૧૫૨. સહજાનંદ મન ભાઈ સદાઈ | આ. અયોધ્યા-પ્રસાદજી | ૧૬૨ |
| ૧૫૩. સહજાનંદજી સનેહી સુખધામ છે જો | પ્રેમાનંદ | ૧૬૪ |
| ૧૫૪. સહજાનંદ રે સહજાનંદ રે | પ્રેમાનંદ | ૧૬૬ |
| ૧૫૫. સહજાનંદ સિંધુ રે આજ મારે | નિષ્કુળાનંદ | ૧૬૭ |
| ૧૫૬. સહજાનંદ સુખકારી | બ્રહ્માનંદ | ૧૭૦ |
| ૧૫૭. સહજાનંદ સ્વામી રે ન પ્રગટત | મુક્તાનંદ | ૧૭૧ |
| ૧૫૮. સાહેલી રે શ્રીનગરને ચોવટે | ભૂમાનંદ | ૧૭૨ |
| ૧૫૯. સુખદાયક રે સ્વામી સહજાનંદ | મુક્તાનંદ | ૧૭૪ |
| ૧૬૦ સ્વામિનારાયણ નામને તુલ્ય નાવેરે | નિષ્કુળાનંદ | ૧૭૫ |
| ૧૬૧. સ્વામિનારાયણ નામ (૨) સર્વોપરી | આનંદસુત | ૧૭૬ |
| ૧૬૨. સ્વામિનારાયણ મહામંત્ર ગમે | માધવતીર્થ | ૧૭૬ |
| ૧૬૩. સ્વામિનારાયણ મહામંત્ર છે | પ્રેમાનંદ | ૧૭૭ |
| ૧૬૪. સ્વામિનારાયણ (૨) કહો રે મન મેરા | મુક્તાનંદ | ૧૭૭ |
| ૧૬૫. સ્વામિનારાયણ (૩) ભજ રે | પ્રેમાનંદ | ૧૭૮ |
| ૧૬૬. હમારે ભક્તિ ધર્મ સુત શ્રી ઘનશ્યામ | પ્રેમાનંદ | ૧૭૯ |
| ૧૬૭. હરિજનને ઘેર બેઠાં તીરથ | મુક્તાનંદ | ૧૭૯ |


## ભક્તિભાવ


| | | |
|---|---|---|
| ૧૬૮. અલબેલાજી પ્રાણ આધાર રે | બ્રહ્માનંદ | ૧૮૩ |
| ૧૬૯. આજની ઘડી રે ધન્ય આજની ઘડી | લાડુદાનજી | ૧૮૩ |
| ૧૭૦. આજ મારું ભાગ્ય અલૌકિક | મુક્તાનંદ | ૧૮૪ |
| ૧૭૧. આજ મેં તો ભેટ્યા રે | બ્રહ્માનંદ | ૧૮૪ |
| ૧૭૨. આજ સખી આનંદની હેલી | જેરામ બ્ર. | ૧૮૫ |

| | | |
|---|---|---|
| ૧૭૩. આજ સખી મુને સપનું લાધ્યું | બ્રહ્માનંદ | ૧૮૫ |
| ૧૭૪. આવો આવોને શ્રી ઘનશ્યામ | પ્રેમાનંદ | ૧૮૫ |
| ૧૭૫. ઓરા આવો અલબેલડા રે | પ્રેમાનંદ | ૧૮૬ |
| ૧૭૬. ઓરા આવો છેલ છબીલા | બ્રહ્માનંદ | ૧૮૭ |
| ૧૭૭. ઓરા આવોને ધર્મકુમાર રે | પ્રેમાનંદ | ૧૮૭ |
| ૧૭૮. ઓરા આવોને શ્રી ઘનશ્યામ | પ્રેમાનંદ | ૧૮૮ |
| ૧૭૯. ગઈ'તી ગઈ'તી ભરવાને નીર | બ્રહ્માનંદ | ૧૮૮ |
| ૧૮૦. ગઈ'તી ગઈ'તી ભરવાને નીર, સૈયરનાં | બ્રહ્માનંદ | ૧૯૦ |
| ૧૮૧. ઘનશ્યામ તારી મૂર્તિ | મુક્તાનંદ | ૧૯૧ |
| ૧૮૨. ઘનશ્યામ વનમાંથી મોડા | બ્રહ્માનંદ | ૧૯૨ |
| ૧૮૩. છાંટી કે શ્રી ઘનશ્યામ | મુક્તાનંદ | ૧૯૨ |
| ૧૮૪. જન્મ સુધાર્યો રે મારો | મુક્તાનંદ | ૧૯૩ |
| ૧૮૫. જીવનપ્રાણ હમારે | પ્રેમાનંદ | ૧૯૪ |
| ૧૮૬. તારી મૂરતિ રે મનમાની રે | ભૂમાનંદ | ૧૯૫ |
| ૧૮૭. નયણ ઠરે મારા તમને નિહાળી | મુક્તાનંદ | ૧૯૫ |
| ૧૮૮. નાથ રહો મારા નેણમાં | પ્રેમાનંદ | ૧૯૫ |
| ૧૮૯. નેણને જોઈ નેણને જોઈ વા'લા | મુક્તાનંદ | ૧૯૬ |
| ૧૯૦. નેણામાં રાખું રે (૨) નાથજીને | પ્રેમાનંદ | ૧૯૭ |
| ૧૯૧. પુરુષોત્તમ પ્રાણથી પ્યારા રે | મુક્તાનંદ | ૧૯૮ |
| ૧૯૨. પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે | પ્રેમાનંદ | ૧૯૯ |
| ૧૯૩. પ્રભુ તમ વિના મારું કોણ છે? | મંજુકેશાનંદ | ૨૦૦ |
| ૧૯૪. ભલાવે સહજાનંદકો મેં ઉપાસી | બ્રહ્માનંદ | ૨૦૦ |
| ૧૯૫. ભાગ્ય જાગ્યા રે આજ જાણવા | નિષ્કુળાનંદ | ૨૦૦ |
| ૧૯૬. મારું મન શ્રીહરિ સંગ માન્યું | મુક્તાનંદ | ૨૦૧ |
| ૧૯૭. મારે આજ પ્રીતમ ઘેર આવશે | બ્રહ્માનંદ | ૨૦૨ |
| ૧૯૮. મારે આનંદનો દિન આજ રે | ભૂમાનંદ | ૨૦૩ |
| ૧૯૯. મારે પ્રીત બંધાણી રે | મુક્તાનંદ | ૨૦૪ |
| ૨૦૦. મારે મંદિર પધાર્યા ઘનશ્યામ | યોગાનંદ | ૨૦૫ |
| ૨૦૧. માંને પ્યારી શ્રીહરિજી યારી | ભૂમાનંદ | ૨૦૬ |

| | | |
|---|---|---|
| ૨૦૨. મુખડાની માયા લાગી રે, હો શ્રીજી | બ્રહ્માનંદ | ૨૦૬ |
| ૨૦૩. મુને મળિયા રે સહજાનંદ સ્વામી | પ્રેમાનંદ | ૨૦૭ |
| ૨૦૪. મેરે અંતર તે ધર્મવંશકી | બ્રહ્માનંદ | ૨૦૭ |
| ૨૦૫. મેરે એક આશરા તેરા રે | પ્રેમાનંદ | ૨૦૮ |
| ૨૦૬. મેરે તો એક તુમ હી આધારા | મુક્તાનંદ | ૨૦૯ |
| ૨૦૭. રહ્યું છે મારા હ્રદયમાં રૂપ તમારું | બ્રહ્માનંદ | ૨૦૯ |
| ૨૦૮. લગ ગઈયાં અંખિયાં હમાર | પ્રેમાનંદ | ૨૧૧ |
| ૨૦૯. લગન લગી મૂરત માધુરીસે | મુકુંદ બ્ર. | ૨૧૨ |
| ૨૧૦. લટકાળા તારે લટકે રે લેરખડા હું | બ્રહ્માનંદ | ૨૧૨ |
| ૨૧૧. લાગે માને પ્યારો | પ્રેમાનંદ | ૨૧૪ |
| ૨૧૨. લાગ્યો મારે હરિવરથી નેડો | બ્રહ્માનંદ | ૨૧૪ |
| ૨૧૩. લાલન તેરી લટક મેરે મન બસી | પ્રેમાનંદ | ૨૧૫ |
| ૨૧૪. વ્હાલા રમઝમ કરતા રાજ | મુક્તાનંદ | ૨૧૫ |
| ૨૧૫. વ્હાલા લાગો છો વિશ્વાધાર રે | બ્રહ્માનંદ | ૨૧૭ |
| ૨૧૬. શ્રીજીમહારાજ આવો મારે ઓરડે | મુક્તાનંદ | ૨૧૭ |
| ૨૧૭. સજની કોડે આનંદ ઘેર શ્રીજી પધાર્યા | મુક્તાનંદ | ૨૨૦ |
| ૨૧૮. સહજાનંદ સુખકંદ સલુની મૂર્તિ | ભૂમાનંદ | ૨૨૧ |
| ૨૧૯. સહજાનંદ સુજાન | બ્રહ્માનંદ | ૨૨૨ |
| ૨૨૦. સહજાનંદ સ્વામી આવ્યા મારે | પ્રેમાનંદ | ૨૨૩ |
| ૨૨૧. સુણ સાહેલી, સહજાનંદ સંગાથે | બ્રહ્માનંદ | ૨૨૩ |
| ૨૨૨. સુંદર છેલ જોઈ રે જીવું હું તો | પ્રેમાનંદ | ૨૨૫ |
| ૨૨૩. હરિ મીલે બોરછડી કી છૈયાં | આ. અયોધ્યા-પ્રસાદજી | ૨૨૫ |
| ૨૨૪. હરિવર હીરલો લાધ્યો | બ્રહ્માનંદ | ૨૨૫ |
| ૨૨૫. હરિ હૈયાના હાર છો જી રે | મુક્તાનંદ | ૨૨૬ |
| ૨૨૬. હું તો જાઈશ હરિવર જોવા રે | પ્રેમાનંદ | ૨૨૬ |
| ૨૨૭. હેલી આજ દિવસ રળિયામણો | બ્રહ્માનંદ | ૨૨૭ |
| ૨૨૮. હૈડાનો હાર હરિ રે | બ્રહ્માનંદ | ૨૨૮ |

## વિરહ


| | | |
|---|---|---|
| ૨૨૯. આજ સો સો વર્ષોનાં | માવદાનજી | ૨૩૧ |
| ૨૩૦. આવો આવોને અલબેલડાજી રે | ભૂમાનંદ | ૨૩૨ |
| ૨૩૧. આવ્યા રસિકવર છેલડા | કવિ વસંત | ૨૩૨ |
| ૨૩૨. એક દિન સભા કરી રે શ્રીહરિ | અવિનાશાનંદ | ૨૩૩ |
| ૨૩૩. એકલડાં કેમ રે'વાય તમ વિના | બ્રહ્માનંદ | ૨૩૮ |
| ૨૩૪. ક્યારે હવે દેખું રે હરિ હસતા | પ્રેમાનંદ | ૨૩૮ |
| ૨૩૫. દુઃખી દિવસ ને રાત | આ. વિહારીલાલજી | ૨૩૮ |
| ૨૩૬. નીરખી નયણાને તૃપ્તી | કવિ વસંત | ૨૩૯ |
| ૨૩૭. પ્રાણ સ્નેહી ઘર આવો અબ પિયરા | બ્રહ્માનંદ | ૨૪૦ |
| ૨૩૮. સજની શ્રીજી મુજને સાંભરિયા રે | પ્રેમાનંદ | ૨૪૨ |


## સંત મહાત્મ્ય


| | | |
|---|---|---|
| ૨૩૯. અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી | મુક્તાનંદ | ૨૪૯ |
| ૨૪૦. આજ મારે હરિ પરોણા ઘેર આવ્યા | પ્રેમાનંદ | ૨૪૯ |
| ૨૪૧. ધન્ય ધન્ય એ સંત સુજાણને | નિષ્કુળાનંદ | ૨૫૧ |
| ૨૪૨. ધીર ધુરંધરા શુર સાચા ખરા | મુક્તાનંદ | ૨૫૨ |
| ૨૪૩. પ્રાણ થકી મુને હરિજન વહાલા | બ્રહ્માનંદ | ૨૫૩ |
| ૨૪૪. ભવસાગર માંહી શરણ અચળ | બ્રહ્માનંદ | ૨૫૪ |
| ૨૪૫. મેં હું આદિ અનાદિ | નિષ્કુળાનંદ | ૨૫૪ |
| ૨૪૬. સદ્‌ગુરુ વિનંતી મોરી | જેરામદાસ | ૨૫૫ |
| ૨૪૭. સદ્‌ગુરુ સાચા રે સેવો | મુક્તાનંદ | ૨૫૬ |
| ૨૪૮. સંતજન સોઈ સદા મોઈ ભાવે | મુક્તાનંદ | ૨૫૮ |
| ૨૪૯. સંત પારસ ચંદન બાવના | પ્રીતમ | ૨૫૮ |
| ૨૫૦. સંત લક્ષણ કહે હરિ હેત શું રે | નિષ્કુળાનંદ | ૨૫૯ |
| ૨૫૧. સંત સુખી સંસાર મેં ઉદ્ધવ | મુક્તાનંદ | ૨૬૦ |
| ૨૫૨. સંતો સાંભળો સાચી વારતા | નિષ્કુળાનંદ | ૨૬૦ |
| ૨૫૩. સુખદાયક રે સાચા સંતનો સંગ | મુક્તાનંદ | ૨૬૧ |

## છંદ


| | | |
|---|---|---|
| ૨૫૪. ધ્યાનાષ્ટક | બ્રહ્માનંદ | ૨૬૫ |
| ૨૫૫. હરિકૃષ્ણાષ્ટક | બ્રહ્માનંદ | ૨૭૨ |
| ૨૫૬. મહિમાષ્ટક | પ્રેમાનંદ | ૨૭૯ |
| ૨૫૭. રાસાષ્ટક | બ્રહ્માનંદ | ૨૮૨ |
| ૨૫૮. ઘનશ્યામાષ્ટક. સવૈયા | બ્રહ્માનંદ | ૨૮૬ |
| ૨૫૯. માયાપંચક | બ્રહ્માનંદ | ૨૮૮ |
| ૨૬૦. ષટદર્શન વિષે સાખી | બ્રહ્માનંદ | ૨૯૧ |
| ૨૬૧. સાર અસાર કો અંગ | શ્રી રંગદાસજી | ૨૯૯ |
| ૨૬૨. ગુરુ દેવ કો અંગ | શ્રી રંગદાસજી | ૩૦૧ |
| ૨૬૩. સંત કો અંગ | બ્રહ્માનંદ | ૩૦૫ |
| ૨૬૪. ધ્યાન ચિંતામણિ | પૂર્ણાનંદ | ૩૦૭ |

# નિત્ય નિયમાવલી


| ક્રમ. | | રચયિતા સ. ગુ. સ્વામીશ્રી | પાન |
|---|---|---|---|
| ૧. | **પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તે** | | |
| | મંગળાચરણ | | |
| | મંગળમૂર્તિ મહાપ્રભુ | | ૩૨૩ |
| | મંગળા આરતી | | |
| | આરતી ઉમંગ સહિત | મુક્તાનંદ | ૩૨૩ |
| | પ્રભાતિયાં | | |
| | ધ્યાન ધર ધ્યાન ધર | મુક્તાનંદ | ૩૨૪ |
| | કીજીએ ધ્યાન શ્રી ધર્મના કુંવરનું | પ્રેમાનંદ | ૩૨૪ |
| | સ્વામિનારાયણનું સ્મરણ કરતાં | મુક્તાનંદ | ૩૨૬ |
| | પ્રાતઃસમે શ્રી સહજાનંદની | પ્રેમાનંદ | ૩૨૬ |
| | બાહ્ય પૂજાવિધિ | | ૩૨૭ |
| | માનસી પૂજા : પદ્ય સ્વરૂપે | | |
| | શ્રી સહજાનંદ સ્વામીના દાસજી રે | મુક્તાનંદ | ૩૨૯ |
| | પૂજા પ્રભુજીની માનસી રે | ભૂમાનંદ | ૩૩૧ |
| | માનસી પૂજા - ૧ | | ૩૩૨ |
| ૨. | **સવારે શણગાર - દર્શન સમયે** | | |
| | શણગાર આરતી | | |
| | કરત સીંગાર આરતી ભોર | મુક્તાનંદ | ૩૩૩ |
| | કરત સીંગાર સબહી શોભાનિધિ | મુક્તાનંદ | ૩૩૩ |
| | ધૂન : 'સ્વામિનારાયણ' મહામંત્રની | | ૩૩૩ |
| ૩. | **સવારે રાજભોગ સમયે** | | |
| | થાળ | | |
| | જમો થાળ જીવન જાઉં વારી | ભૂમાનંદ | ૩૩૪ |
| | જમોને જમાડું રે જીવન મારા | પ્રેમાનંદ | ૩૩૫ |
| | મારે ઘેર આવજો છોગલાંધારી | જેરામ બ્રહ્મચારી | ૩૩૬ |

| | | |
|---|---|---|
| મુખવાસ | | |
| લાલ મનોહર લીજીએ | બ્રહ્માનંદ | ૩૩૬ |
| રાજભોગ આરતી | | |
| રાજભોગકી કીજે આરતી | મુક્તાનંદ | ૩૩૭ |
| માનસી પૂજા - ૨ | | ૩૩૭ |
| ૪. **બપોરે ૪:૦૦ વાગ્યાના સુમારે** | | |
| માનસી પૂજા - ૩ | | ૩૩૮ |
| ૫. **સંધ્યા સમયે** | | |
| ગોડી | | |
| સંત સમાગમ કીજે હો | બ્રહ્માનંદ | ૩૩૯ |
| ફૂલના પે'રી રે | મુક્તાનંદ | ૩૪૦ |
| પ્રગટ પ્રમાણ હરિને ભજ મન | બ્રહ્માનંદ | ૩૪૧ |
| હિતકારી હરિ રે | દયાનંદ | ૩૪૨ |
| સંધ્યા આરતી | | |
| જય સદ્‌ગુરુ સ્વામી | મુક્તાનંદ | ૩૪૫ |
| આરતી પ્રગટ પ્રભુજીકી કીજે | બ્રહ્માનંદ | ૩૪૫ |
| ધૂન : 'સ્વામિનારાયણ' મહામંત્રની | | ૩૪૬ |
| સ્તોત્ર | | |
| શ્રી ધાર્મિકસ્તોત્રમ્ | શતાનંદ | ૩૪૭ |
| શ્રી ગુરુભજનસ્તોત્રમ્ | દીનાનાથ ભટ્ટ | ૩૫૩ |
| પ્રાર્થના | | |
| નિર્વિકલ્પ ઉત્તમ અતિ | પ્રેમાનંદ | ૩૫૭ |
| સ્તુતિ | | |
| વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા | | ૩૫૮ |
| જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે | | ૩૫૮ |
| આવી અક્ષરધામથી અવનીમાં | | ૩૫૮ |
| જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો | | ૩૫૮ |
| જે હરિ અક્ષરધામ માંહી રાજે | | ૩૫૯ |

| | | | |
|---|---|---|---|
| | શ્લોક | | |
| | વિશાલ ભાલં નવકંજનેત્રમ્ | | ૩૫૯ |
| | વર્ણિવેષ રમણીય દર્શનં | | ૩૫૯ |
| | મૂકં કરોતિ વાચાલં | | ૩૫૯ |
| | ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ | | ૩૬૦ |
| | નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા | | ૩૬૦ |
| | રાત્રિ ભોજનનો થાળ | | |
| | રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે | દયાનંદ | ૩૬૦ |
| | મુખવાસ | | |
| | લેતા જાઓ રે સાવરિયા | પ્રેમાનંદ | ૩૬૧ |
| | માનસી પૂજા - ૪ | | ૩૬૧ |
| ૬. | **શયન આરતી પહેલાં** | | |
| | શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા | | |
| | પ્રથમ શ્રીહરિને રે | પ્રેમાનંદ | ૩૬૨ |
| | ઓરા આવો ઘનશ્યામ સ્નેહી | પ્રેમાનંદ | ૩૭૧ |
| | હવે મારા વહાલાને નહિ રે વિસારું | નિષ્કુળાનંદ | ૩૭૨ |
| | રે શ્રીજી તમે સાચું નાણું | મુક્તાનંદ | ૩૭૩ |
| | ધ્યાનચિંતામણિ | | |
| | વંદુ સહજાનંદ રસરૂપ | પ્રેમાનંદ | ૩૭૪ |
| ૭. | **શયન આરતી પછી** | | |
| | પોઢણિયા | | |
| | પોઢે પ્રભુ સકલ મુનિકે ઘનશ્યામ | મુક્તાનંદ | ૩૭૮ |
| | પોઢો પોઢો સહજાનંદ સ્વામી | પ્રેમાનંદ | ૩૭૮ |
| | આજ મારે ઓરડે રે | પ્રેમાનંદ | ૩૭૯ |
| | અક્ષરના વાસી વહાલો આવ્યા | પ્રેમાનંદ | ૩૮૨ |
| | માનસી પૂજા - ૫ | | ૩૮૪ |
| ૮. | શ્રીજીમહારાજની પ્રસાદીનો પત્ર | | ૩૮૫ |

‘હો રસિયા મેં તો શરન તિહારી.
નહિ સાધન બળ વચન ચાતુરી,
એક ભરોસો ચરણે સુખકારી.’

# પ્રાર્થના

## ૧. રાગ : ભૈરવી

**અધમ ઉદ્ધારણ અવિનાશી તારા, બિરુદની બલિહારી રે;**
ગ્રહી બાંહ્ય છોડો નહિ હરિવર, અવિચળ ટેક તમારી રે. અધમ૦
ભરી સભામાં શ્રીહરિજી તમે, થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે. અધમ૦
જેવો તેવો પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે;
પેટ પડ્યો તે અવશ્ય પાળવો, વાલમ જુઓ વિચારી રે. અધમ૦
અનળ[૧] અહિ[૨] જો ગ્રહે અજાણે, તે છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું, નહિ જગમાં હિતકારી રે. અધમ૦
બ્રહ્માનંદની એ જ વિનતિ, મન ધારીએ સુખકારી રે;
પ્રીત સહિત દર્શન પરસાદી, જોયે સાંજ સવારી રે. અધમ૦

## ૨. રાગ : પરજ

### પદ—૧

**અંતકાળે આવી રે મારી, શ્રી ઘનશ્યામ કરો સા'ય રે.** અંતકાળે૦
રોમ કોટિ વીંછીની તનમાં થાય વેદના,
કફ જાળે કંઠ રુંધાય છે. અંતકાળે૦
શૂધ ન રહે જ્યારે પોતાના શરીરની,
તનડાની નાડી તૂટી જાય છે. અંતકાળે૦

---

૧. અગ્નિ; ૨. સાપ;

ઘરનાં માણસ જ્યારે ઘેરી બેસે પાસળે,
પૂમડું લઈને જળ પાય છે. અંતકાળે૦
દેવાનંદ કહે દેહ ત્યજ્યા ટાણે,
હૈડું હાલકલોલ થાય છે. અંતકાળે૦

### પદ—૨

કાયાગઢ ઘેર્યો રે કાળે, કૃપાળુ વારે વે'લા આવજો. કાયા૦
જોર ન ચાલે તમ વિના બીજા કોઈનું,
તનડાના તાપ બુઝાવજો. કાયા૦
જીભ ટૂંકી થઈ વાણી તોતળી બોલાય ત્યારે,
કોટિ ગુના વિસરાવજો. કાયા૦
પાપ કર્યાં તે આડાં આવે જ્યારે પીડવા,
શ્રીહરિ તે થકી મુકાવજો. કાયા૦
દેવાનંદ કહે અધમ ઓધારણ,
તનડાની વાસના તોડાવજો. કાયા૦

### પદ—૩

મરવા ટાણે આવી રે માવા, દરશન દો છો હરિ દાસને. મરવા૦
જન અપરાધ તમે ઉર નથી ધરતા,
આપો છો બ્રહ્મપુર વાસને. મરવા૦
ગુના અમારા હોય કોટિ કોટિ હરિવર,
કૃપાએ કરજો હવે નાશને. મરવા૦
શ્રી ઘનશ્યામ તમે કરુણાના સાગર,
ટાળો છો જનના ભવત્રાસને. મરવા૦
દેવાનંદ કહે દોયલી વેળામાં,
અમને તમારી એક આશ રે. મરવા૦

### પદ—૪

કે'જો ઓધા આવે રે વા'લો, પ્રાણ કરે જાવા પરિયાણને. કે'જો૦
પરમ સ્નેહી તમે રે'જો મારી પાસળે,
સહજાનંદજી સુજાણ રે. કે'જો૦
બોંતેર કોઠા ખાલી થાય મળ ઝરી ઝરી,
વાઢીને મેલે જ્યારે વાણને. કે'જો૦
ખમ ખમ ખાંસી કરે હૈયામાં આવે હેડકી,
પડખામાં શુળ મારે બાણને. કે'જો૦
દેવાનંદ કહે વા'લા અંતે વેલા આવજો,
ભક્ત વત્સલ દ્રગ ભાણને. કે'જો૦

### ૩. રાગ : મેવાડો

**અંતકાળે આવી રે સંભાળી લેજો દયાળ રે,**
જોશોમા અમારા અવગુણ ઘનશ્યામ;
પણ[૧] છે પોતાનું રે પ્રભુજી તમે પાળજો રે,
અધમ ઉદ્ધારણ કરુણાના ધામ. અંતકાળે૦
ગજને છોડાવ્યો રે ગ્રાહનાર[૨] મુખ થકી રે,
કરતો કાંઈ અર્ધ નામ ઉચાર;
એવી રીતે આવો રે શ્રી ઘનશ્યામજી રે,
વાટડી જોઉં છું વારંવાર. અંતકાળે૦
નારાયણ નામે રે ઉદ્ધાર્યો અજામિલને રે,
કરતો તે પુત્ર તણો રે પોકાર;
એવું રે વિચારી રે અલબેલા આવજો રે,

૧. વચન; ૨. મગર.

અમારે છે તમારો આધાર. અંતકાળે૦
દોયલી[1] વેળામાં રે દીનાનાથજી રે,
કહોને અમે કોની કરીએ આશ;
મુક્તાનંદના સ્વામી રે શ્રી ઘનશ્યામજી રે,
અબળાને તેડીને રાખો પાસ. અંતકાળે૦

## ૪. રાગ : રેખતા

### પદ–૧

**આશકો[2] દિ યારી વે, માશુક[3] ન જાના ભૂલી.** આશકો૦
સૂન સાંવરે સાહેબા, મહોબત હમારી વે;
ખાવંદ[4] ખુશી હોય રખના, દિલમેં વિચારી વે. આશકો૦
એક આશરા હે તેરા, કહુ ક્યા પુકારી વે;
પરવરદિગાર દિલકી, તુમ જાનતા સારી વે. આશકો૦
સુરત લગી કદમોંસે, ન ટરેગી ટારી વે;
પ્રેમાનંદ કે' પ્યારે હમકો, લેના સંભારી વે. આશકો૦

### પદ–૨

દીખલા દીદાર પ્યારા, મહેબૂબ હમારા. દીખલા૦
માશુક જરા જ દેના, નેનોંકા નજારા;
ઇતનેમેં તો હોવેગા, આશકું દા ગુઝારા. દીખલા૦
કુરબાન કિયા તેરે નામ પર, ઘરબાર સંસારા;
ફકીરી લેકે ફીરતા હું, કરનેકું દીદારા. દીખલા૦
તકસીર માફ કરના, સૂન સરજનહારા;
પ્રેમાનંદકો મુલાકાત, દેના ધર્મદુલારા. દીખલા૦

---

૧. કપરી; ૨. પ્રેમી; ૩. પ્રેમપાત્ર વ્યક્તિ; ૪. ભગવાન.

### ૫. સ્તુતિ

કમલદલોપમ લોચન ભવ મોચન,
આશ્રિત જન શંકર શીલ. સહજાનંદ હરે૦
મનમથ[૧] સોહન સજ્જન મતિ રોહન એ,
હરિવર અંબુદ[૨] નિલ. સહજાનંદ હરે૦
વૃષકુલ કંજ[૩] વિકાશન પુરુશાસન એ,
સ્વજન મનોહર લીલ. સહજાનંદ હરે૦
મુનિગણ મંડળ ભૂષણ જીત દૂષણ એ,
સુખદ તનો જીત મિલ. સહજાનંદ હરે૦
વૃષ પથ કારક પાલક વૃષ બાલક એ,
કુપથ વિનાશન કીલ. સહજાનંદ હરે૦
સ્વજન મનોરથ કારક અઘહારક એ,
વયુનદ સૂદ્ધત ચૈલ.[૪] સહજાનંદ હરે૦
અમલયશો ભૂભાવન જન પાવન એ,
સુર રિપુ[૫] કાનન[૬] કાલ. સહજાનંદ હરે૦
નિજજન માન સંહારક શુભકારક એ,
હરિવર અદ્ભુત બાલ. સહજાનંદ હરે૦
ભૂમાનંદોદિતે મિતં સંદીતં એ,
સ્વીકુરુ મંગલ મુલ. સહજાનંદ હરે૦

### ૬. રાગ : કાનડો

પદ—૧

કહા કહું હરિ કરુણા તેરી,
કહા કહું હરિ કરુણા તેરી;

૧. કામદેવ; ૨. વાદળ; ૩. કમળ; ૪. કપડું; ૫. શત્રુ; ૬. વન.

પશુ મીટાઈ મનુષ્ય મોય કીનો,
અન્ન જળ પોષત સાંજ સબેરી. કહા૦
ગર્ભવાસ મહીં પર્‍યો અધોમુખ,
જઠર અગ્નિ તન દાહ ઘનેરી;
તેહી દુઃખતેં મોય રાખી લીયો તુમ,
નાથ તુમહી મેરો હાથ ગહેરી. કહા૦
બહાર આય ભયો ઉન્મત્ત મેં,
જઠર ત્રાસ સબહી બિસરેરી;
તુમકું ભૂલ ફૂલસોં ફીરત હું,
કહી ન જાત મૂરખતા મેરી. કહા૦
પરાત્પર પૂરણ પુરુષોત્તમ,
સો મો કાજ નરદેહ ધરેરી;
બ્રહ્માનંદ કહત પ્રભુ તુમકું,
દયાસિંધુ સબ વેદ કહેરી. કહા૦

પદ—૨

તુમ બિન કૌન સગો હરિ મેરો,
તુમ બિન કૌન સગો હરિ મેરો;
માતાપિતા જુવતી સુત બંધવ,
મિલકે સબ દુઃખ દેતે ઘનેરો. તુમ૦
બહુત કાળ ભટક્યો મેરી ભવનમેં,
સહ્યો કષ્ટ પ્રતિદેહ અનેરો;
અબતો પર્યો હું શરણ રાવરે,
જ્યું ત્યું કીજે નાથ નીબેરો[૧]. તુમ૦

૧. પાર કરો.

ગર્ભવાસ તન ત્રાસ બહુવિધ,
કષ્ટ મીટાય દીયો બહુતેરો;
મો કપટી સેં કછુ ન બની હે,
બાંહ્ય ગ્રહેકી લાજ સે હેરો[૧]. તુમ૦
બ્રહ્માનંદ કહત સુખસાગર,
અધમ ઉદ્ધારક નામ તુમ કેરો;
મેં તો પુત કપુત ભયો પુનિ,
તુમ તો પિતા નીજ બિરદ ગહેરો[૨]. તુમ૦

## ૭. રાગ : ગરબી

**તમે મારા થયા, હું તમારો થયો, બહુનામી;**
**આવો આવો સહજાનંદ સ્વામી. ટેક૦**

હું તો જપું તમારી માળા, કરું નિશદિન કાલાવાલા;
વાલા વેગે આવો, મારા મનડે ભાવો, બહુનામી. આવો૦
હું તો વાટલડી તારી જોતો, વ્હાલા તારા વિયોગે હું રોતો;
આંખો આંસુ ભીની, રોઈ થઈ છે ઝીણી, બહુનામી. આવો૦
પ્રભુ હું છું તમારો બાળ, તમે મારા જીવન પ્રતિપાળ;
દિન રેન નહિ, હૈયે ચેન નહિ, બહુનામી. આવો૦
તવ ભક્ત કહે પ્રભુ આવો, આવી હાથ-ગ્રહી લ્યો મારો;
મુખે માગું એવું, તારા ચરણે રહેવું, બહુનામી. આવો૦

## ૮. રાગ : બીલાવલ

**તુમ બીન એસો કોન દયાલ, તુમ બીન એસો કોન દયાલ;**
ભક્તિધર્મસુત શ્રીહરિ મહાપ્રભુ, પ્રગટે કલિમે અધમ પ્રતિપાલ. તુમ૦

૧. મદદ કરો; ૨. ધારણ કરો.

પચત રહે હમ ભવ પ્રવાહમહિ, પાવત દુઃખ માયાવશ કાલ;
કરી સુદષ્ટ નિકારી લિયે પ્રભુ, કાપ્યો કઠિન માયાકો જાલ. તુમ૦
કિયે અપરાધ અનંત કોટિ તવ, ઉર ના ધરે તુમ રતિ એક વાલ;
રાખે શરન વિસારી ઔગુન, દે નિજ જ્ઞાન કિયે જુ નિહાલ. તુમ૦
જેહી પ્રતાપ સૂન્યો હમ પૂરબ, સો દગ દેખ્યો પ્રગટ વિશાલ;
પ્રેમાનંદ કિયો કરુણાનિધિ, કાક મેટી પીક બક ઉ મરાલ. તુમ૦

## ૯. રાગ : ગઝલ

**તેરી શરનમેં આયકે, ફીર આશ કીસકી કીજીએ. ટેક૦**
નહિ દેખ પડતા હય મુઝે, દુનિયામેં તેરી શાનકા;
ગંગા કિનારે બેઠકે, ક્યું કુપકા જલ પીજીએ. તેરી૦
હરગીઝ નહિ લાયક હું મેં, ગરચે તેરે દરબાર કા;
મેરી ખતાકો માફ કર, દીદાર અપના દીજીએ. તેરી૦
પતિત પાવન નામ સુનકે, મેં શરન તેરી પડા;
સુફલ કર ઇસ નામ કો, અપના મુઝે કર લીજીએ. તેરી૦
મિલતા હૈ બ્રહ્માનંદ જીસકે, નામ લેને સેં સહી;
એસે પ્રભુ કો છોડ કર, ફીર કૌનસે હેત કીજીએ. તેરી૦

## ૧૦. રાગ : યમન કલ્યાણ

**દર્શન દો ઘનશ્યામ નાથ, મોરી અખિયાં પ્યાસી રે.**
મન મંદિર કી જ્યોત જગા દો, ઘટ ઘટ વાસી રે. દર્શન૦
મંદિર મંદિર મૂરત તેરી, ફિર બી ન દેખે સૂરત તેરી;
યુગ બીતે ન આઈ મિલન કી, પુરનમાસી રે. દર્શન૦
દ્વાર દયાકા જબ તું ખોલે, પંચમ સુરમેં મુંગા બોલે;

અંધા દેખે લંગડા ચલ કર, પહુંચે કાશી રે. દર્શન૦
પાની પીકર પ્યાસ બુજાઉં, નૈનનકો કૈસે સમજાઉં;
આંખ મીંચોલી છોડો અબ તો, મન કે પાથી રે. દર્શન૦

### ૧૧. રાગ : ભૈરવ

**દીનાનાથ દયાળુ હરિવર, હાથ મારો મૂકશોમા;**
હાથ મારો મૂકશોમા,
હાથ મારો મૂકશોમા. દીનાનાથ૦
આ મહાભવસાગરે, ભગવાન હું ભૂલો પડ્યો છું;
ચૌદ લોક નિવાસી એવા,
ઘનશ્યામ આ તક ચૂકશોમા. દીનાનાથ૦
આધાર પ્રભુ એક આપનો, સાધન વિષે સમજું નહિ;
ભક્તિ તમારી ચાહું છું,
ઘનશ્યામ નામ ચુકાવશોમા. દીનાનાથ૦
માત તાત સગાં સહોદર, જે કહું તે આપ મારે;
હે કૃપામૃતના સરોવર,
દાસ સારુ ચૂકશોમા. દીનાનાથ૦
શરણ કેશવલાલને છે, શ્રીહરિ ઘનશ્યામ તમારું;
અખિલ જગત આધાર વહાલા,
ખોટે મશે પણ ખૂટશોમા. દીનાનાથ૦

### ૧૨. ઢાળ : લોકઢાળ

**નમન હું કરું વિશ્વપાલને,**
કરગરી કહું ભક્તિબાળને. ૧
અરજ માહરી ઉરમાં ધરો,

વિપત્ત માહરી શ્રીહરિ હરો. ૨
અપર આશરો માહરે નથી,
સર્વ જાણને શું કહું કથી. ૩
કઠણ કામમાં આપ છો ધણી,
સુખદ શ્રીહરિ મુક્તના મણિ. ૪
અમરના પતિ આશ તાહરી,
રસીક રાખજો લાજ માહરી. ૫
પ્રણતપાળ છો સર્વેના પ્રભુ,
દીનદયાળ છો વિશ્વના વિભુ. ૬
વિમળ મૂરતિ ઉરમાં વસો,
નજરથી પ્રભુ દૂર ના થશો. ૭
અધિક ત્રાસને તોડી નાખશો,
નારાયણદાસને પાસ રાખશો. ૮

## ૧૩. રાગ : માઢ

**પધારોને સહજાનંદજી હો, ગુન્હા કરીને માફ. ટેક૦**

પ્રણામ છે ધર્મતાતને, ભક્તિમાતાને પ્રણામ;
પ્રણામ છે જેષ્ટ ભ્રાતને, ઇચ્છારામને પ્રણામ રે હો. ગુન્હા૦
પતિ મેલ્યા પિયુ તમ કારણે, મેલી કુળમરજાદ;
માતપિતા મૂક્યાં છે સ્વામી, એક તમારે કાજ રે હો. ગુન્હા૦
ગરુડ તજીને પાળા પધાર્યા, ગજ[1] સારુ મહારાજ;
એવી રીતે તમે આવો દયાળુ, કરવા અમારાં કાજ રે હો. ગુન્હા૦
અમ જેવા પ્રભુ તમને ઘણા પણ, તમો અમારે એક;
પ્રેમસખી વિનંતી કરે છે, રાખો હમારી ટેક રે હો. ગુન્હા૦

૧. હાથી.

## ㊎૧૪. રાગ : બિહાગ

### પદ—૧

**બીસર ન જાજો મેરે મીત, યહ વર માગું નીત. ટેક૦**

મેં મતિમંદ કછું નહિ જાનું, નહિ કછું તુમસે હીત;
બાંહ્ય ગ્રહેકી લાજ હે તુમકું, તુમ સંગ મેરી જીત. બીસર૦
તુમ રીઝો એસો ગુન નાહીં, અવગુનકી હું ભીત;
અવગુન જાની બિસારોગે જીવન, હોવ હું બહુત ફજીત. બીસર૦
મેરે દૃઢ ભરોસોં જીયમેં, તજીહો ન હરિજી પ્રીત;
જન અવગુન પ્રભુ માનત નાહીં, યેહી પુરવકી રીત. બીસર૦
દીન બંધુ અતિ મૃદુલ સુભાઉં, ગાઊં નિશદિન ગીત;
પ્રેમસખી સમજું નહિ ઊંડી, એક ભરોસો ચિત્ત. બીસર૦

### પદ—૨

સહજાનંદ કબ દેખું ભરી નેન, પ્રાન જીવન સુખદેન. ટેક૦
જનમ સુફલ જીય તબહી જાનું, સુની હું કમલ મુખ બેન;
તન કી તપત તબહી બુજે, જબ અંકભર મિલહે શેન. સહ૦
અરુન ચરન પંકજ ઉર ધરી હે, કરી હે નૈનન સેન;
પુરન શશીમુખ હાસ મનોહર, વારું કોટિક મેન[૧]. સહ૦
તપ તીરથ વ્રત સાધન જે તે, વાંમે નહિ કાહું ચેન;
પ્રેમસખી સમજ યહ મેરી, રહું પાસ દીન રેન. સહ૦

## ㊎૧૫. રાગ : ધોળ

**મારી અવિચળ ચૂંકને રાખજો,**
**મારી ચૂડીનો ભંગ ન થાય;**

૧. કામદેવ.

માગું વર નાથજી. ટેક૦

રહે કેસર પીર લલાટમાં,
રહે સેંથો ચાંદલો સદાય. માગું૦
મારે ઘેર રહે સંત સામટા,
નિત્ય ગુણ તમારા ગાય. માગું૦
સત્સંગી મળી દેશોદેશનાં,
આવે ઉત્સવ કરવાને આંય. માગું૦
મારે ઘેર રહો ઘનશ્યામજી,
મારી સંપત્તિ તમ અર્થે થાય. માગું૦
રાજપાટ ને ગામ ગરાસ છે,
ભૂવન સહિત તમારા કહેવાય. માગું૦
જયા લલિતા રમા ને પંચાળી,
તેને સમજુ છું મુક્ત સમાન. માગું૦
અમે સૌ મળી તમને સેવીએ,
ધરીએ અખંડ તમારું ધ્યાન. માગું૦
કરો મંદિર મોટું મારે આંગણે,
રહો પ્રેમથી પ્રાણ આધાર. માગું૦
તેમાં મૂર્તિ પધરાવો હરિકૃષ્ણની,
તમો પડોશી થાઓ કરી પ્યાર. માગું૦
વળી આ લોકની સુખસંપત્તિ,
શ્રીજી આપી પૂરા કરો કોડ. માગું૦
દુરિજનનું મેણું ઉતારજો,
પ્રભુ આપો પુત્રની જોડ. માગું૦
અભય સુતને સુખી રાખજો,
રહે અખંડ અભય પરિવાર. માગું૦

અભય વંશ સદા તવ ઉપાસી,
એ માગું છું હું ધર્મકુમાર. માગું૦
વળી અભય સુત પહેલાં મુજને,
શ્રીજી આપજો અક્ષરવાસ. માગું૦
એવી વાણી સુણી જસુબાઈની,
વર આપો કહે યુગલદાસ. માગું૦

## ૧૬. રાગ : ભૈરવ

### પદ—૧

મૈં તો ગુનેગાર તેરા રે, હો સ્વામિન્ મેરા. મૈં તો૦
હું ગુનેગાર તેરા કિરતાર[૧], દે શરન ચરન કેરા રે. મૈં તો૦
અધમ ઓધારન પતિતજન પાવન, મેટત ભવફેરા રે. મૈં તો૦
યેહી બિરુદ ઘનશ્યામ સુની તેરા, કીનો ચરન ડેરા રે. મૈં તો૦
પ્રેમાનંદ કે' પ્રભુ ભવસાગર સે, પાર કરો બેરા[૨] રે. મૈં તો૦

### પદ—૨

મેરી તકસીર[૩] કરિયો માફ, હો હરિ જગ વ્યાપ. મેરી૦
બહુત બની તકસીર મેરેસેં, સબવિધિ જાનત આપ. મેરી૦
હમ અપરાધી જીવ જનમ કે, કહા બરનું કહી પાપ. મેરી૦
સ્થાપન ધર્મ ધર્મકુળ પ્રગટે, અધર્મ કરન ઉથાપ. મેરી૦
પ્રેમાનંદ તર્યો ભવસાગર, તેરે ચરન પ્રતાપ. મેરી૦

### પદ—૩

તોહે મેરી બાંહ્ય ગ્રહેકી લાજ, હો મેરે મહારાજ. તોહે૦
હમ હે પતિત તુમ પતિત કે પાવન, હરિવર ગરીબ નિવાજ. તોહે૦

---

૧. ભગવાન, સર્જનહાર; ૨. બેડું, નાવડી; ૩. અપરાધ.

ચહુ જુગકે નરનારી પાતકી[1], સબહી ઓધારે આજ. તોહે૦
અધમ ઓધારન ત્રિભુવનતારન, શ્રીહરિ કૃપા કે જહાજ. તોહે૦
પ્રેમાનંદ કે' પ્રભુ પ્રગટે ધર્મકુળ, અધમ ઓધારન કાજ. તોહે૦

પદ–૪

મેં તો છીન[2] છીન તેરા ગુન્હેગાર, હો ધરમ કુમાર. મેં૦
મેં ગુલામ તેરે ચરન કમળકા, તું મેરા શીરદાર[3]. મેં૦
જો કરની સુની હો પ્રભુ મેરી, નાહિ કબહુ વિસ્તાર. મેં૦
અપનો બિરૂદ બિચારી કે શ્રીજી, લીજે શ્રીહરિ મેરી સાર. મેં૦
પ્રેમાનંદ ઘનશ્યામ નામ પર, બાર બાર બલિહાર. મેં૦

## ૧૭. રાગ : પરજ

શું ઘણું કહીએ રે હવે, ધર્મકુમાર ઘનશ્યામજી. શું૦
અંતરજામી સુખસાગર સ્વામી, અધમ ઉદ્ધારણ નામજી. શું૦
નિજજન જાણી હરિ દયા ઉર આણી, દર્શન આપો સુખધામજી. શું૦
બહુનામી નિજ બિરુદ વિચારો, પાવન પુરણ કામજી. શું૦
પ્રેમાનંદ ઘનશ્યામ તમારી, રટણા લાગી છે આઠો જામજી. શું૦

## ૧૮. ઢાળ : લોકઢાળ

શ્રીજીમહારાજ માગું શરણ તમારું,
વહારે વહેલા અમારી આવજો;
સહજાનંદ વહેલા પધારજો. ટેક૦
આ રે સંસારમાં અનેક ઉપાધિ,

---

૧. પાપી; ૨. ક્ષણ; ૩. સરદાર, માલિક.

ત્રિવિધિ તાપ બળે આધિ ને વ્યાધિ;
તેથી બહુનામી બચાવજો. સહજાનંદ૦
દુરિજનિયાં મળી દુઃખ બહુ દે છે,
નહિ રે કહેવાનાં વચનો કહે છે;
એનાં અભિમાન ઉતરાવજો. સહજાનંદ૦
અમારે મન એક તમારી ટેક છે,
અમ જેવા તો પ્રભુ તમને અનેક છે;
પોતાનો જાણી નિભાવજો. સહજાનંદ૦
માગે કવિ માવદાન મદદ તમારી,
અલબેલા સહાય કરજો અમારી;
મુક્ત મંડળને સાથે લાવજો. સહજાનંદ૦

### ⊛૧૯. રાગ : ગરબી

**સુણો ચતુર સુજાણ, (૨) એમ ન ઘટે રે તમને દીનાનાથજી;**
મારા પ્રાણના આધાર, જેમ રાખો તેમ રહીએ વચનને સાથજી. સુણો૦
અમે તમ કારણ સહ્યાં મેણાં, નાથ નીરખવા ને સુણવાં વેણાં;
અમે તૃપ્ત નવ કીધા નેણાં. સુણો૦
અમે લોકલાજ કુળની લોપી, અમે કહેવાયા હરિવરની ગોપી;
અમે તમ કારણ પહેરી ટોપી. સુણો૦
પહેલી પ્રીત કરી શીદને આગે, દૂધ દેખાડી ને માર્યા ડાંગે;
પછી તેને તે કેવું વસમું લાગે. સુણો૦
કાંઈ દયા આવે તો દર્શન દેજો, નહિ તો અખંડ અંતરમાં રહેજો;
એમ શ્રીરંગના સ્વામીને કહેજો. સુણો૦

## (★)૨૦. રાગ : ભૈરવ

### પદ—૧

હો ઘનશ્યામ રે તુમસે લાગો મોરો નેહરા[1]. ટેક૦
જતન કરી મેરે નેનમેં રાખું,
પલ ન વિસારું મેરે પરમ સનેહરા. હો૦
ચંચલ ચતુર લાગોજુ મોયે પ્યારે,
દ્રગ કે તારે કરી રાખું ઉર તેહરા. હો૦
આય બસો મેરે નેનકે આગે,
નીત બરસાવો પિયા રસઉકો મેહરા. હો૦
પ્રેમસખી લેઈ તન મન વારું,
શીશ ધરાવું મોતીયનઉકો સેહરા. હો૦

### પદ—૨

હો રસિયા મોરે જીવનદોરી. ટેક૦
તુમ બસત પ્રાન ભય પિયા મેરે,
બિછુરત પાર નહિ દુઃખકોરી. હો૦
જો તુમ દૂર રહો પિયા મોસે,
બિરહાનલ[2] જારત તન મોરી. હો૦
યા કારન રહો નેનકે આગે,
ચિતવતી રહું જેસે ચંદ ચકોરી. હો૦
પ્રેમસખી કે પ્રાનજીવન પિયા,
આવો સજન રખું નેનમેં ચોરી. હો૦

### પદ—૩

હો સાથીડા મોરો નેહ નિભાવના. ટેક૦
બીખમ[3] ઉજારમેં[4] હું તો અકેલી,

---

૧. સ્નેહ, પ્રેમ; ૨. વિરહાગ્નિ; ૩. વિષમ; ૪. ઉજ્જડ જગ્યા.

તુમ બીના ઓર શરન નહિ પાવના. હો૦
મેં હું કપટી કુશીલ કુટિલની,
દોષ પિયાજી મેરો દિલઉં ન લાવના. હો૦
અવગુન જાની તજો પિયા મોબત,
મોટી કલપ મેરો અંતર ન આવના. હો૦
પ્રેમસખી સરન તુમ સમરથ,
પતિત પાવન તેરો નામ ન લજાવના. હો૦

પદ—૪

હો રસિયા મેં તો શરન તિહારી. ટેક૦
નહિ સાધન બળ વચન ચાતુરી,
એક ભરોસો ચરણે સુખકારી. હો૦
કડઈ તુબરિયા મેં તો નીચ ભોમીકી,
ગુનસાગર પિયા તુમહી સંવારી. હો૦
મેં અતિ દીન બાળક તુમ શરને,
નાથ ન દીજો અનાથ વિસારી. હો૦
નીજ જન જાની સંભારોગે પ્રીતમ,
પ્રેમસખી નીત જાયે બલહારી. હો૦

## (★)૨૧. રાગ : પરજ

**હો જી મોરે જીવન, બીસર મત જાયે રે. હો જી૦**
એક આસ તેરે ચરન કમળકી, આંન ભરોસોં મોયે નાયે રે. હો જી૦
દુરબલ દીન જાની સુંદરવર, દીજે દરસ બોલાયે રે. હો જી૦
નિશવાસર તેરે નામકી માલા, જપતી રહું મન ભાયે રે. હો જી૦
પ્રેમસખી બોલાઈ ચરનમેં, બેગે અધર રસ પાયે રે. હો જી૦

'પ્રાતઃ સમે શ્રી પુરુષોત્તમની,
મૂર્તિ મનમાં સંભારું રે,
નખશિખ શોભા નીરખી નાથની,
કોટી કામ છબી વારું રે.'

## ૨૨. રાગ : ભૈરવ પ્રભાતી

**ઘનશ્યામ ચરણ કલિ કલુષ[૧] હરણ નિત,**
તીરથરાજ કહાવે;
અવિથલ મહિથલ અભય અક્ષેવટ,
સુરનર મુનિ મન ભાવે. ઘનશ્યામ૦
અસિત પુષ્ટ જુગ લલિત અરુણ તલ,
નખાવલિ સુખરૂપા;
મુનિ રવિજા સુરસરી શારદા,
સંગમ પરમ અનુપા. ઘનશ્યામ૦
ષોડશ ચિહ્નન અમલ[૨] ઉત્તમ અતિ,
ઊઠત ભવ રતિ રંગા;
મજહી સુરનર મુનિ માનસ મલ,
હોત અમલ શુદ્ધ અંગા. ઘનશ્યામ૦
તજી સાધન બલ અન્ય આશરો,
ઇતર આશ કરી દૂરી;
ચિંતત સંતન્ સાદર સુમતિ,
પ્રેમાનંદ હજૂરી. ઘનશ્યામ૦

## ૨૩. રાગ : ભૈરવ પ્રભાતી

**પ્રાતઃ સમે શ્રી પુરુષોત્તમની, મૂર્તિ મનમાં સંભારું રે;**
નખશિખ શોભા નીરખી નાથની, કોટી કામ છબી વારું રે. પ્રાત૦

૧. કળિયુગના પાપ; ૨. નિર્મળ, શુદ્ધ.

ચરણકમળની શોભા જોઈને, મોહી રહ્યું છે મન મારું રે;
સોળે ચિહ્‌ન સહિત કુચ કુંકુમ, અંકિત પલ ન વિસારું રે. પ્રાત૦
જમણે ચરણે નખની કાંતિ, ચિહ્‌ન સહિત ઘણું શોભે રે;
જુગલ ચરણ નખમંડળ જોતાં, ભક્તતણાં મન લોભે રે. પ્રાત૦
જાનુ જંઘા ઉદર અનુપમ, ત્રિવળી સહિત વિરાજે રે;
ઊંડી નાભિ અજનું[1] કારણ, સુંદર અતિશે છાજે રે. પ્રાત૦
મોર મુગુટ મકરાકૃતિ કુંડળ, ભ્રકુટિ ભાલ વિશાળ રે;
મુક્તાનંદ કહે કર લટકાં, કરતા દીન દયાળ રે. પ્રાત૦

## ㉔ ૨૪. રાગ : ભૈરવ પ્રભાતી

**પ્રાતઃ સમે શ્રી સહજાનંદની મૂરતિ મનમાં ધારું રે;**
નખશિખ નિરખી રૂપ અનુપમ, અંતરમાં ઉતારું રે. પ્રાત૦
રૂપાળા બહુ રાજીવ લોચન, આવી વસ્યા મન મોરે રે;
પુષ્ટ તરુણ તન ભીને વાને, હંસ ગતિ ચિત્ત ચોરે રે. પ્રાત૦
અંગોઅંગ અનુપમ ઝીણાં, શ્વેત વસ્ત્ર બહુ શોભે રે;
પુષ્પ તણાં આભૂષણ જોઈ જોઈ, ભક્તતણાં મન લોભે રે. પ્રાત૦
મેઘ સરીખે રે ઘેરે સાદે, બોલંતા બહુનામી રે;
ભક્ત મનોરથ પૂરણ કરતા, પ્રેમાનંદના સ્વામી રે. પ્રાત૦

## ㉕ ૨૫. રાગ : રામકલી પ્રભાતી

**વેલેરી ઊઠીને વાલાજીનું વદન નિહારું,**
જોઈને કમળમુખ દુઃખ દૂર વિસારું રે. વેલેરી૦

૧. પ્રભુની નાભિનું ચિંતવન કરી મુમુક્ષુઓ મુક્તદશાને પામે છે એટલે કે 'અજ'- અજન્મા થાય છે.

વદન વા'લાજીનું અતિ સુખકારી,
નીરખી નીરખી જાઉં હું તો સરવસ વારી રે. વેલેરી૦
મુખડું જોયા વિના પાણીએ ન પીવું,
પ્રાણજીવનને હું તો જોઈ જોઈ જીવું રે. વેલેરી૦
પ્રાણજીવન જોવા મેં તો જનમ ધર્યો છે,
જુઠો રે સંસારીડો સર્વે ત્યાગ કર્યો છે રે. વેલેરી૦
પ્રેમાનંદના સ્વામીને કાજે મેલ્યાં છે,
સંસારિયા સૌ બળતા મેં દાઝે રે. વેલેરી૦

## ㊊ ૨૬. રાગ : ધોળ-પ્રભાતી

**સૂતાં ઊઠી રે, સમરું સહજાનંદ કે વેણલાં ભલે વાયાં** ટેક૦
અંતર ઊપજ્યો રે, અતિશે આનંદ કે વેણલાં૦
નયણે નીરખી રે, રંગભીનાનું રૂપ કે વેણલાં૦
પ્રીતે પોંખ્યા રે, બ્રહ્મ મહોલના ભૂપ કે વેણલાં૦
ઊર્ધ્વરેખા રે, બે ચરણમાં જોઈ કે વેણલાં૦
તેને નીરખી રે, મનડું રહ્યું મોઈ કે વેણલાં૦
નખમણિયું રે, જુગલ ચરણની જોડ કે વેણલાં૦
ગોળ ઘુંટિયું રે, પૂરે મનડાના કોડ કે વેણલાં૦
જંઘા જાનુ રે, જોયા સાથળ સાર કે વેણલાં૦
નાભી ઊંડી રે, અજ ઉપજ્યા જે ઠાર કે વેણલાં૦
પેટ પોયણ રે, જોયા ત્રણે વળ કે વેણલાં૦
એવા ચિહ્નની રે, કૃષ્ણાનંદને કળ કે વેણલાં૦

‘પ્રેમવતી સુત જાયો અનોપમ,
બાજત આનંદ બધાઈ હો;
પ્રગટ ભયે પૂરણ પુરુષોત્તમ,
સુર સજ્જન સુખદાઈ હો.’

## પ્રાગટ્ય-બાળલીલા

### ㊎ ૨૭. રાગ : હાલરડું

**અયોધ્યા સરયુ તટે સંભળાય, મધુર જળ તરંગ હાલરડું;**
છપૈયા ગામ સીમાડે ગવાય, મીઠું સુર પક્ષીનું હાલરડું. અયોધ્યા૦
સરવરિયા બ્રાહ્મણ કુળ એ, ધર્મ-ભક્તિને ગૃહ મંદિરિયે;
ઈશ્વરનો અવતાર થાય, ચોઘડિયાં ચલવે હાલરડું. અયોધ્યા૦
સંવત અઢારસો સાડત્રીશ, ચૈત્ર શુદ નવમીની રાત્રિ;
જન્મ્યા પ્રગટ સ્વરૂપ ભગવાન, ફેલાયું આનંદ હાલરડું. અયોધ્યા૦
અપ્સરા ગંધર્વો ત્યાં આવે, નંદન વન ફુલડે વધાવે;
શ્રીજીને પારણિયે પધરાવે, કિન્નરગણ ગાયે હાલરડું. અયોધ્યા૦
દેવ-દેવી જાહ્નવી જળની, ભરી લાવી સુવર્ણ ગાગરડી;
કેસરિયાં સ્નાન કરાવે, ગાયે ગરવે હાલરડું. અયોધ્યા૦
નરનારી બાળ ઊભરાયે, હીરા મોતીની માળા ધરાવે;
ઝરિયાની પોશાક પેરાવે, સુણાવે સુરીલું હાલરડું. અયોધ્યા૦
માતા પ્રેમવતી હુલસાવે, નવરત્ને હીંચોળે હીંચાવે;
સોહે ગાવે સકલ સંસાર, સહજાનંદનું હાલરડું. અયોધ્યા૦
રાજા રાણી સંત મહંત, દર્શને આવે છે અનંત;
તે તો તરે છે ભવસાગર, સહજાનંદનું હાલરડું. અયોધ્યા૦

### ㊎ ૨૮. રાગ : રામકલી

પદ—૧

**ઝુલત પાલનેમેં ધર્મકુમાર, ઝુલત પાલનેમેં ધર્મકુમાર.** ટેક૦
રતન જડિત બન્યો સુભગ પાલનો, માતા ઝુલાવે કરી પ્યાર. ઝુલત૦

ભક્તિ ચુંબિ મુખ કંઠ લગાયકે, લેત બલૈયા વારંવાર. ઝુલત૦
કિલકત[1] હસત બદન વિધુ[2] બરખત, સરસ સુધા રસ ધાર. ઝુલત૦
શ્રીહરિકૃષ્ણ બાલ શશી છબિ પર, મુક્તાનંદ જાત બલિહાર. ઝુલત૦

### પદ—૨

ધર્મકુંવર ઝુલે પારણે માઈ, ધર્મકુંવર ઝુલે પારણે માઈ. ટેક૦
શ્રી પુરુષોત્તમ પરમ દયાનિધિ, નિજજન કે સુખદાઈ. ધર્મ૦
ભક્તિ ધર્મ શ્રીહરિ નીરખત, પ્રેમ મગન પુલકાઈ. ધર્મ૦
ભક્તિમાત નિજ ભાગ્ય વિચારત, કોન પુન્ય ફલ પાઈ. ધર્મ૦
બાલવિનોદ નીરખી મુક્તાનંદ, હરખી માત બલજાઈ. ધર્મ૦

### પદ—૩

શ્રીહરિ પાલને ઝુલાવતી મૈયા, શ્રીહરિ પાલને ઝુલાવતી મૈયા. ટેક૦
હરિગુણ ગાવતી મોહ બઢાવતી, કહતી ખમા સુખદૈયા. શ્રીહરિ૦
દે કજરા પંકજ નેનમેં, હસિ હસિ લેત બલૈયા. શ્રીહરિ૦
હેમજડિત કટુલા કેસરી નખ, રાજત રૂચિર સુહૈયા. શ્રીહરિ૦
મુક્તાનંદ નીરખી શ્રીહરિ મુખ, પ્રેમપુલકિ બલજૈયા. શ્રીહરિ૦

### પદ—૪

પાલને ઝુલે શ્રી ઘનશ્યામ, પાલને ઝુલે શ્રી ઘનશ્યામ. ટેક૦
શોભા સિંધુ તે ઉદય ભયો માનુ, બાલ ઇંદુ અભિરામ[3]. પાલને૦
સુતમુખ નિરખી ધર્મ હસી બોલત, પૂરી ઈશ્વર મનહામ. પાલને૦
પુલકી[4] કુંવર પર વારી લુટાવત, નિજ સંપત્તિ ધન ધામ. પાલને૦
મુક્તાનંદ છબી ધરી અંતરમેં, ભયો પરિપૂરણ કામ. પાલને૦

૧. કિલકિલાટ; ૨. ચંદ્ર; ૩. આનંદદાયક; ૪. ખુશ થઈને.

## ⊛૨૯. રાગ : ધોળ

**પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે, ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે.**
કૌશળ દેશમાં ધર્યો અવતાર રે, નોમ અજવાળી રુડો ચૈત્ર માસ રે.
તેડાવો જોશીને પૂછાવો નામ રે, નામ ધર્યું રુડું શ્રી ઘનશ્યામ રે.
મુખડું શોભે અતિ બાલુડે વેષ રે, સુંદર ભુરા માથે નાના નાના કેશ રે.
હરખે ઝુલાવે માતા દૂધસાકર પાય રે, માતાને મન હરિ વહેલા મોટા થાય રે.
રડતા રમાડતા પારણિયે પોઢાડે રે, રેશમી દોરી લઈ હીંચકાવે રે.
પોઢો પોઢો પ્રભુ સહુના આધાર રે, પ્રેમાનંદ નિત્ય નવી લીલા ગાવે રે.

## ⊛૩૦. રાગ : માલીગાડો

### પદ—૧

**પ્રેમવતી સુત જાયો અનોપમ, બાજત આનંદ બધાઈ હો;**
પ્રગટ ભયે પૂરણ પુરુષોત્તમ, સુર સજ્જન સુખદાઈ હો. પ્રેમ૦
જય જય શબ્દ ભયો ત્રિભુવનમેં, સુરનર મુનિજન હરખે હો;
સહસા ત્રાસ ભયો અસુરન ઉર, વામ નયન ભુજ ફરકે હો. પ્રેમ૦
નિર્મળ ભયો આકાશ દશો દિશ, ઉડગન અમલ પ્રકાશે હો;
પ્રફુલ્લિત ભયે સંતમનપંકજ, ખલ[૧] નલિનિજીમી ત્રાસે હો. પ્રેમ૦
બજત દુંદુભી વિબુધ ગગનમેં, બરખે સુમન હરખાઈ હો;
પ્રેમમગન નાચત સુરનારી, મુક્તાનંદ બલજાઈ હો. પ્રેમ૦

### પદ—૨

આનંદ આજ ભયો અવની પર, અધર્મતમ ભયો નાશ હો;
ઉદય ભયો આનંદરવિ વૃષઘર, છાયો પ્રબલ પ્રકાશ હો. આનંદ૦

---

૧. દુષ્ટ.

અમલ ભયે સરિતા સરવારિ, ત્રીવિધિ બહત સમીર હો;
મગન ભયે દ્વિજ દેવ ધરનિ ગઉ, મગન ભયે મુનિધીર હો. આનંદ૦
અતિ પ્રકાશ લખિ નિજ મંદિરમેં, ભક્તિમાત અકુલાની હો;
કોટી વિધુસમ સુખમય શીતલ, નિજતન સુધ વિસરાની હો. આનંદ૦
દિવ્યતેજ કે મધ્ય મનોહર, બાલરૂપ ભગવાન હો;
મુક્તાનંદ કહે ભક્તિમાત લખી, થકિત ભયે ગુલતાન હો. આનંદ૦

## પદ—૩

શ્રી પુરુષોત્તમ ક્ષરઅક્ષર પર, અખિલભુવન આધાર હો;
નિજ ઇચ્છો તેં વૃષઘર પ્રગટે, નિજજન સુખ દાતાર હો. શ્રી૦
કહા બરનું છબી અંગઅંગ પ્રતિ, ઉપમા કહી ન જાઈ હો;
કોટિ મનોજ સબિ ત્રિભુવનકી, એક રોમ સમ નાહિ હો. શ્રી૦
સકલ જલદ તન નયન જળજલદ, પૂરન શશિ મુખ હાસ હો;
રૂપસિંધુસે નિકસી માનુ, રૂપમનિ પ્રકાશ હો. શ્રી૦
કરસરોજ આજાનુ પ્રલંબિત, ચરન કમલસમ શોભે હો;
શ્રીવત્સાંકિત[૧] વક્ષસ્થલ લખી, મુક્તાનંદ મન લોભે હો. શ્રી૦

## પદ—૪

ધર્મ ઊઠે પ્રેમાતુર સુતકો, શ્રીમુખ નીરખ્યો આઈ હો;
બહુવિધ દાન દિયે વિપ્રનકું, વસ્ત્ર આભૂષણ ગાઈ હો. ધર્મ૦
અતિ સુંદર છબિ નીરખી ઘનશ્યામકી, ધર્મ પ્રેમ પુલકાયે હો;
ગદગદ્ કંઠ સજલલોચન મુખ, વચન કહત સકુચાયે હો. ધર્મ૦
જોરિ પાનિ વૃષ કરત વિનંતી, કરુણા કરી સુખકારી હો;
હે ઘનશ્યામ અખિલ જગદીશ્વર, પરમપુરુષ અવતારી હો. ધર્મ૦
ભયે સનાથ નાથ હમતો અબ, દરશ દીયો બહુનામી હો;
જો કછુ કહો સોઈ હમ કીજે, મુક્તાનંદકે સ્વામી હો. ધર્મ૦

૧. શ્રીવત્સનું ચિહ્ન.

## ⊛૩૧. રાગ : રામકલી

### પદ—૧

**માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે,**
ઝૂલે રૂપાળો રંગભીનો રાજીવનેણ;
મુખડું નીરખી નીરખી જાયે હરિને વારણે,
બોલે ખમા ખમા કહી માતા મધુરાં વેણ. માતા૦
ઘડિયું વિશ્વકર્માએ પારણિયું બહુ શોભતું,
જડિયા પારણિયે મણિ હીરા રત્ન અપાર;
ઓપે ઓસરિયે નરનારીનાં મન લોભતું,
ઝળકે સૂરજના રથ સરખું બિંબાકાર. માતા૦
પોઢ્યા પારણિયે હરિકૃષ્ણ ધર્મસુત શ્રીહરિ,
પ્રગટ્યા પુરુષોત્તમજી અધમઓધારણહાર;
માતા હિલો[૧] ગાવે ઝુલરાવે પ્રીતે અતિ,
વહેલા મોટા થાઓ હૈડા કેરા હાર. માતા૦
માતા માખણ સાકર જમાડે જગદીશને,
જમો જીવન મારા પ્રાણ તમે ઘનશ્યામ;
નીરખી હરખે માતા અખિલ ભુવનપતિ ઈશને,
પ્રેમાનંદના સ્વામી પ્યારા પૂરણકામ. માતા૦

### પદ—૨

માતા પારણિયે ઝુલાવે શ્રી ઘનશ્યામને,
સુંદર રેશમ કેરી દોરી લઈને હાથ;
માતા હિલો ગાવે લઈ લઈ હરિના નામને,
ઝૂલો ધર્મકુંવર પ્રભુ સુરનર મુનિના નાથ. માતા૦

---
૧. હાલરડું.

વાજે પારણિયે બહુ ઘણણણણણણણણ ઘંટડી,
ચરણે ઝણણણણણણણણ ઝાંઝરનો ઝણકાર;
ખણણણણણણણણ ખણકે ઘુઘરડી હેમે જડી,
ગણણણણણણણણ ઝણણે ઘુઘરડાની હાર. માતા૦
બોલે પાંજરિયે બહુ પક્ષી હરિને આગળે,
મેના પોપટ કુર્કટ કોયલ મોર ચકોર;
ભીંતે આલેખ્યાં બહુ ચિત્ર મનોહર કાગળે,
તેને જોઈ જોઈ રાજી થાયે ધર્મકિશોર. માતા૦
આગે અનંત ભાતનાં રમકડલાં આણી ધર્યાં,
ચકરી ભમરા ઘુઘરા કોયલ આદિ અપાર;
ચૂસે સોના કેરું ચૂસણિયું હરખે ભર્યા,
પ્રેમાનંદના સ્વામી સુંદર ધર્મકુમાર. માતા૦

## પદ—૩

ઝૂલે પારણિયે શ્રી પુરુષોત્તમ ભક્તપતિ,
જેનો પાર ન પામે શિવ બ્રહ્મા મુનિ શેષ;
એ તો અખિલ ભુવનના કર્તા હર્તા છે અતિ,
શોભે નર નાટક ધરી હરિ બાલુડે વેષ. ઝૂલે૦
જેના એક રોમે કોટી બ્રહ્માંડ ઊડતાં ફરે,
જેની ભ્રકુટિ જોઈને થર થર કંપે કાળ;
તે પ્રભુ પ્રાકૃત બાલકની પેઠે રૂદન કરે,
ઊડે ચકલાં તે જોઈ બિયે દયાળ. ઝૂલે૦
જેની શિવ બ્રહ્મા સનકાદિક પૂજે ચાખડી,
જેનાં વારણિયાં લઈ વંદે મુક્ત અનેક;
કંપે કાળ માયા જેની ભ્રકુટિ જોઈને વાંકડી,

એવા અનંત શક્તિધર અક્ષરપતિ પ્રભુ એક. ઝૂલે૦
તે પ્રભુ પ્રગટ્યા દ્વિજકુલ નિજજનને સુખ આપવા,
કરવા ઘોર કલીમાં અનેક પતીત ઉદ્ધાર;
આવ્યા અવનિ ઉપર ધર્મ એકાંતિક સ્થાપવા.
એવા પ્રગટ હરિ પર પ્રેમાનંદ બલિહાર. ઝૂલે૦

## પદ—૪

માતા પ્રેમવતી ઝુલાવે સુત ઘનશ્યામને,
નીરખી રૂપ મનોહર હૈડે હરખ ન માય;
માતા પયનું પાન કરાવે પૂરણકામને,
લિયે વારણિયાં અતિ હરખે હિલો[૧] ગાય. માતા૦
માતા આંજણ લેઈ અણિયાળી આંજે આંખડી,
નીરખે પૂરણચંદ્ર સરિખું વદન વિશાળ;
હરિની આંખડલી કમળ કેરી પાંખડી,
નાસા નમણી સુંદર દીપે અધર પ્રવાળ[૨]. માતા૦
હરિને કંઠે કૌસ્તુભ[૩] હાંસડલી રતને જડી,
કેડે કંદોરામાં કનક ઘુઘરડી ચાર;
માતા આંખડલી આગેથી ન મેલે એક ઘડી,
મુખડું ચુંબી દુઃખડાં લિયે વારમવાર. માતા૦
હરિને શ્યામ શરીરે અંગરખી અતલસતણી,
માથે કીનખાપની ટોપી રતન જડાવ;
શોભે શોભાસાગર પારણિયે શોભામણિ,
જોવા પ્રેમાનંદના ઉરમાં પરમ ઉછાવ. માતા૦

૧. હાલરડું; ૨. ગુલાબી રંગનું મોતી; ૩. એક મણિ.

## ✪ ૩૨. રાગ : ઠુમરી

**મારે તો નથી લેવું આ નાવનું ભાડું, મારે તો નથી લેવું.** ટેક૦

પુત્ર તમારા પ્રગટ પ્રભુ છે, તેમાં હું ચિત્ત લગાડું. મારે૦

એને રમાડું હું અતિ આનંદે, અંતર થાય મારું ટાઢું. મારે૦

બાળકને બહુ હેતે કરીને, સરજુની શોભા દેખાડું. મારે૦

પુત્ર તમારાને પ્રસન્ન કરવા, ભાર તમારો ઉપાડું. મારે૦

આ નાવમાં જો કોઈ બેસવા આવે, તેને તુરત હું ના પાડું. મારે૦

તમારા સુતનાં ચરણ સ્પર્શી, પાપ હું મારા મટાડું. મારે૦

આ ઉપકાર હું કદી નહિ ભૂલું, માનીશ શ્રેષ્ઠ સપાડું. મારે૦

જગદીશ કહે અક્ષરધામે જાતાં, ન આવે મને કાંઈ આડું. મારે૦

‘રસિયા સંગ રંગભર રમીએ રે,
દેહ પ્રાણ ઇંદ્રિય મન દમીએ રે;
ત્યારે સુંદરવર મન ગમીએ.’

**★ દોહા ★**

**સબ ઋતુરાજ વસંત હે, મોર્યો શ્રીહરિ અંબ;**
વિરહી કોકિલ સ્વર કરે, ફૂલે સંત કદંબ. ૧
પુરુષોત્તમ પ્રગટ જબે, તબ ઋતુરાજ વસંત;
જાય ચમેલી માલતી, કેસૂ ફૂલે સંત. ૨
ઘનશ્યામ સુંદરવર નીરખીકે, કીયો કુમતિકો અંત;
પુરુષોત્તમ પદરત ભયો, તા ઘર સદા વસંત. ૩
તબ ઋતુરાજ વસંત હે, જબ ભઈ હરિસોં ભેટ;
પ્રેમ મગન ગુન ગાઈએ, લોકલાજ સબ મેટ. ૪
આજ પંચમી સુભગ દિન, આજ લગ્યો ઋતુરાજ;
મુક્તાનંદ કે નાથસોં, ખેલન સજો સમાજ. ૫

## ★ ૩૩. રાગ : સારંગ

**આજ પ્રબોધિની આઈ, અનુપમ આજ પ્રબોધિની આઈ;**
શ્રી ઘનશ્યામ જગદ્‌ગુરુ જાગે, શ્રીજી સકળ સુખદાઈ. અનુપમ૦
ધૂપ દીપ મંગળ દ્રવ્ય સબહિ, ધરે હેં બોત વિધિ લાઈ;
હરિજન વૃંદ કરત હરિકીર્તન, નૌતમ બજત બધાઈ. અનુપમ૦
ઇક્ષુકુંજ[૧] મનોહર કીની, અતિ લગત સુહાઈ;
કદલીસ્તંભ[૨] રંગેહે કુંકુમ, છબી બરની નહિ જાઈ. અનુપમ૦
મંડપ મધ્ય વિરાજત શ્રીહરિ, તાતેં અધિક છબી છાઈ;
મુક્તાનંદકે પ્રભુકી દિન હિ દિન, બઢત હે જશ પ્રભુતાઈ. અનુપમ૦

૧. અમૃતકુંભ; ૨. કેળના પાંદડાનો બનેલો સ્તંભ.

## (★)૩૪. રાગ : ગરબી

### પદ—૧

ઉત્સવની પ્યારી શ્રીજીની, આજ એકાદશી ઉત્સવની. ટેક૦
કોટિક ગૌ કેરાં દાન કરે પણ, ના'વે તોલે એના લવની[૧]. આજ૦
મંગળરૂપ સદા સુખકારી, વહાલી નિધિ જન આશ્રિતની. આજ૦
વચન પ્રમાણે કરે વ્રત તેને, ત્રાસ મટે રે મૃત્યુ ભવની. આજ૦
બ્રહ્માનંદ કહે વ્રત કરવું, એમ આજ્ઞા સ્વામી ઉદ્ધવની. આજ૦

### પદ—૨

હરખ અતિ ભેટ્યા ભક્તપતિ, આજ એકાદશી હરખ અતિ. ટેક૦
સહજાનંદ મારે મંદિરે આવ્યા, અધિક થઈ હું તો પુણ્યવતી. આજ૦
પીતાંબર આભૂષણ પહેરી, ચાલંતા વહાલો હંસગતિ. આજ૦
પુરુષોત્તમ પૂરણવર પામી, રહી નહિ ખામી હવે એક રતિ. આજ૦
બ્રહ્માનંદ કહે હરિવર વરતાં, ચૌદ ભુવનમાં હું થઈ રે છતી. આજ૦

### પદ—૩

માવ મળ્યા તનતાપ ટળ્યા, આજ એકાદશી માવ મળ્યા. ટેક૦
પૂર્વભવની પ્રીત જાણીને, આવીને અમપર અઢળ ઢળ્યા. આજ૦
મુનિવર ધ્યાન ધરી ધરી થાક્યા, કોઈથી વહાલો નવ જાય કળ્યા. આજ૦
મારું મંદિર પોતાનું રે જાણી, શ્રીહરિ સુખદુઃખ માંહી ભળ્યા. આજ૦
બ્રહ્માનંદ કહે હરિવર પામી, આનંદ કેરા ઓઘ વળ્યા. આજ૦

### પદ—૪

સુફળ ફળી હું તો હરિને મળી, આજ એકાદશી સુફળ ફળી; ટેક૦
ચોંપ[૨] કરી શ્રીહરિવર સારુ, સેજ સજી કાજુ કુસુમ કળી. આજ૦

૧. અંશમાત્રની; ૨. ઉત્સાહથી ઝડપ કરી.

રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મીસરી પયમાંહી ભળી. આજ૦
નિત્ય નિત્ય પ્રેમ રહું ઉર ધરતી, હરિચરણે મન વૃત્તિ હળી. આજ૦
બ્રહ્માનંદ કહે હરિ ઉર ધરિયા, જન્મ મરણ કેરી શંકા ટળી. આજ૦

**૩૫. રાગ : ગરબી**

**પદ—૧**

**એકાદશી આજનો દિન સારો રે,**
**ગાઈયે હરિવર ધર્મદુલારો. એકાદશી૦**

એના વ્રતનો મહિમા ભારી રે, જાણે બ્રહ્માદિક ત્રિપુરારી રે;
મળે પ્રગટ પ્રમાણ સુખકારી. એકાદશી૦
વ્રત રાખીને હરિવર વરિયે, દૃઢ અંતર આંટી ધરિયે રે,
કોડે આનંદ ઉત્સવ કરિયે. એકાદશી૦
બ્રહ્માનંદ કહે એ વ્રત રહ્યા છે રે, તે તો પાર સંસાર થાય છે રે,
એમ ઉદ્ધવજી કહી ગયા છે. એકાદશી૦

**પદ—૨**

એકાદશી ઉત્સવનો દિન ઉત્તમ રે,
કોડે નિરખીએ શ્રી પુરુષોત્તમ. એકાદશી૦
રસિયા સંગ રંગભર રમીએ રે, દેહ પ્રાણ ઇંદ્રિય મન દમીએ રે;
ત્યારે સુંદરવર મન ગમીએ. એકાદશી૦
નિત્ય પ્રેમ સુધારસ પીજે રે, કરી વ્રત નવ રાચીએ બીજે રે;
રસિયો ધર્મનંદન રીઝે. એકાદશી૦
જેણે વચનથકી વ્રત કીધું રે, તેનું સઘળું તે કારજ સીધું રે;
બ્રહ્માનંદ કહે જન્મફળ લીધું. એકાદશી૦

## ㊍ ૩૭. રાગ : ગરબી

### પદ—૧

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે. કોડે૦
એ વ્રત કરે તે ધન્ય માનવી રે,
તે તો નાહ્યો કોટિકવાર જાહ્નવી[1] રે. કોડે૦
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે,
તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે. કોડે૦
એનો મહિમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે. કોડે૦
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે,
કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે. કોડે૦

### પદ—૨

હરિજન હોય તે હરિને ભજે રે,
વ્રત એકાદશી તે કદી નવ તજે રે. હરિ૦
જાણે માત સમાન પરનારને રે,
ગણે તુચ્છ સરીખો સંસારને રે. હરિ૦
મદ્ય માંસ હરામ જેને નવ ખપે રે,
જીભે રાત દિવસ પ્રભુને જપે રે. હરિ૦
માયા જીવ ઈશ્વરના જાણે મર્મને રે,
રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે. હરિ૦
બ્રહ્માનંદના વહાલાની છબી ઉર ધરે રે,
મતવાલો થઈને જગમાં ફરે રે. હરિ૦

---

૧. ગંગા નદી.

## ⊛૩૭. રાગ : વસંત

**ચાલો સખી સહુ વસંત વધાવવા ધર્મવંશીને દ્વાર;**
જોતાં વદન શ્રી ધર્મકુંવરનું, મટે અંગે મદનવિકાર.[૧] ચાલો૦
મંગળ થાળ ભરો ભામિનીઓ, સજો સોળે શણગાર;
શ્રીફળ આંબામોર અક્ષત, લઈ પૂજીએ ધર્મકુમાર. ચાલો૦
અબીર ગુલાલ અગરજા[૨] કુંકુમ, કેસર મૃગમદ સાર;
પ્રેમપુલકી ઘનશ્યામ પિયા પર, છાંટીએ વારમવાર. ચાલો૦
ધન્ય ધન્ય ભાગ્ય આપણાં સજની, ધન્ય લેખે અવતાર;
પ્રેમાનંદ ઘનશ્યામ પિયા સંગ, વાધ્યો પ્રેમ અપાર. ચાલો૦

## ⊛૩૮. રાગ : ખમાચ

### પદ—૧

**ઝુલનકે દિન આયે હિંડોરે, ઝુલનકે દિન આયે.** ટેક૦
આયો શ્રાવણ માસ મનોહર, ચહુદીશ બાદુર[૩] છાયે. હિંડોરે૦
ગરજત ગગન દામીની દમકત, મોરન શોર મચાયે. હિંડોરે૦
ધર્માત્મજ[૪] ઘનશ્યામ હિંડોરે, ઝુલાવું ગુન ગાયે. હિંડોરે૦
પ્રેમાનંદ નિરખી છબી સુંદર, તન મન ધન બલિ જાયે. હિંડોરે૦

### પદ—૨

ઝુલીએ પ્રીતમ ઘનશ્યામ હિંડોરે, ઝુલીએ પ્રીતમ ઘનશ્યામ. ટેક૦
બિનતી કરત ભક્ત ગઢપુરકે, સુણીએ સંતન વિશ્રામ. હિંડોરે૦
ભક્તિસુત ઘનશ્યામ લાડીલે, શરણાગત સુખધામ. હિંડોરે૦
હરિવર નાથ દિવ્યતનુ ધારી, સબગુન પૂરણ કામ. હિંડોરે૦
પ્રેમાનંદ નીરખી ગુન ગાવે, પ્રેમમગન આઠો જામ. હિંડોરે૦

૧. કામવિકાર; ૨. સુગંધી દ્રવ્યોનો ભૂકો; ૩. વાદળ; ૪. ધર્મપિતાના પુત્ર.

પદ—૩

ઝુલીએ જ્યું શ્રી મહારાજ હિંડોરે, ઝુલીએ જ્યું શ્રી મહારાજ. ટેક૦
શ્વેત પુષ્પકો શ્વેત હિંડોરો, શ્વેત સુભગ તન સાજ. હિંડોરે૦
ઝુલીએ જ્યું હરિવર નાથ હમારે, સુરનર મુનિ શિરતાજ. હિંડોરે૦
ભક્ત મનોરથ પૂરન પ્રીતમ, સુફલ કરન સબકાજ. હિંડોરે૦
પ્રેમાનંદ કે નાથ નારાયણ, લીજે કામકી લાજ. હિંડોરે૦

પદ—૪

ઝુલીએ હો પ્રાણ હમારે હિંડોરે, ઝુલીએ હો પ્રાણ હમારે. ટેક૦
રત્નજડિત કંચન કો હિંડોરો, રત્નડાંડી બની ચારે. હિંડોરે૦
ચોકી ચારૂ હેમકી સોહે, પટુલી પીરોજા ભારે. હિંડોરે૦
સરસ હિંડોરે ઘનશ્યામ બિરાજો, શ્રીહરિ પ્રીતમ પ્યારે. હિંડોરે૦
શ્રીજી કમલદલનેન છબી પર, પ્રેમાનંદ બલિહારે. હિંડોરે૦

## ૩૯. રાગ : કલ્યાણ

**દીઠે આજ દીવાળી, શ્રીહરિ મુખ દીઠે આજ દીવાળી. ટેક૦**
શ્રી ઘનશ્યામ મારે મહોલ પધાર્યા, નીરખ્યા આંખડી ઢાળી. શ્રીહરિ૦
રૂપ અલૌકિક રસિક રાયનું, ભૂલી હું તન શુદ્ધ ભાળી. શ્રીહરિ૦
મુક્તાનંદના નાથને મળતાં, લોક લજ્જા સરવે ટાળી. શ્રીહરિ૦

## ૪૦. રાગ : હોરી

પદ—૧

**ધર્મકુંવર ખેલે હોરી રે, કર લે પિચકારી. ટેક૦**
કર પિચકારી લીએ સુખકારી, રંગ ડારત બરજોરી રે. કર૦
અબીર ગુલાલ કી ધૂમ મચાવે, કેશર ગાગર ઘોરી રે. કર૦

ગાવત રાગ બજાવત તારી, રંગ ગાગર શિર ઢોરી રે. કર૦
અવધપ્રસાદ કે નાથ ચરનમેં, પ્રીતિ રહો અબ મોરી રે. કર૦

### પદ—૨

ધર્મકુંવર સુખકારી રે, ખેલે રંગભર હોરી. ટેક૦
ખેલત હોરી સખા સંગ દોરી, સુંદર નાથ સુખકારી રે. ખેલે૦
ચુવા ચંદન અબીર અગરજા, છિરકત જન પર ધારી રે. ખેલે૦
બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, ગાવત હે હોરી ભારી રે. ખેલે૦
અવધપ્રસાદ કે નાથ રંગીલે, ભક્તવત્સલ ભયહારી રે. ખેલે૦

### પદ—૩

ધર્મકુંવર હોરી ગાવે રે, રંગ ધૂમ મચાવે. ટેક૦
ધૂમ મચાવે ગુલાલ ઉડાવે, જનપર રંગ બરસાવે રે. રંગ૦
બ્રહ્મા ભવ સુરરાજ દેવમુનિ, કૌતક દેખન આવે રે. રંગ૦
શ્રી ઘનશ્યામ બનદકી શોભા, મુખ બરની નહિ જાવે રે. રંગ૦
અવધપ્રસાદ એહિ છબી નિરખી, આનંદ ઉર ન સમાવે રે. રંગ૦

### પદ—૪

ધર્મકુંવર સુખદાઈ રે, રંગ ખેલ મચાઈ. ટેક૦
ખેલ મચાઈ આંગન મોરે આઈ, નીરખી મોરે મન ભાઈ રે. રંગ૦
ચપલ નયન ઘનશ્યામ સુંદર કે, ખેલત પ્રીત બઢાઈ રે. રંગ૦
કેસર કુંકુમ અબીર અગરજા, પિચકારી નઝર લાઈ રે. રંગ૦
અવધપ્રસાદ નાથ કી શોભા, દેખત દેવ લજાઈ રે. રંગ૦

## ⍟૪૧. રાગ : બિહાગ

### પદ—૧

**ધર્મકુંવર છબી બરની નહિ જાઈ.** ટેક૦

બરનત રૂપ છટા હરિવરકી, શેષ શારદ સકુચાઈ[૧]. ધર્મ૦

ઝુલત કનક હિંડોરે રંગરસિયો, ઝુલાવત મુનિ હરખાઈ;

તન મન પ્રાન કરત નોછાવર, પરત ચરન પુલકાઈ. ધર્મ૦

શોભાસિંધુ ઉદાર રૂપ મનિ, કરુનાઘન મુનિરાઈ;

અશરણશરણ દીનદુઃખભંજન, બરનત નિગમ બડાઈ. ધર્મ૦

ધર્મકિશોર ધર્મકુલભૂષણ, ધર્મવંશ વરદાઈ;

પ્રેમાનંદ હરિકૃષ્ણ મૂરતિ, રાખત નેંનની માંઈ. ધર્મ૦

### પદ—૨

ઝુલત હિંડોરેમેં રૂપનિધાન. ટેક૦

ધર્મકુંવર હરિકૃષ્ણ મહાપ્રભુ, સકલ શોભા કી ખાન. ઝુલત૦

નિષ્કુળાનંદ રચ્યો સરસ હિંડોરો, સકલ ચાતુરી આન;

હીરા માણેક રત્ન ખચિત[૨] બહુ, ફરકત કનક નિશાન. ઝુલત૦

ચંદન કાષ્ટકો બન્યો હે હિંડોરો, સોહત માનું વેમાન;

તામહિં રાજત પરમપૂજ્ય હરિ, સહજાનંદ સુજાન. ઝુલત૦

પ્રેમમગન હોઈ ગાવત ઝુલાવત, મુનિવર પરમ વિગ્યાન;

પ્રેમાનંદ ઘનશ્યામ નાથ છબી, નિરખી હોત ગુલતાંન. ઝુલત૦

### પદ—૩

સોરંગ હિંડોરે ઝુલે રાજીવનેન. ટેક૦

ધર્મકુંવર સુંદર વરદાયક, સુરનાયક સુખદેન. સોરંગ૦

---

૧. સંકોચાવું, શરમાવું; ૨. જડેલું.

રત્નજડિત શુભ સોરંગ હિંડોરો, થકિત ભયો લખી મેન;
મુનિવર નીકર ઝુલાવત ગાવત, સુની ઉપજત સુખ ચેન. સોરંગ૦
ઝુલત શ્રીજી કરત કછુ કૌતક, મુનિવર કો મન લેન;
હસત હે આપ હસાવત સબકું, બોલત મંજુલ વેણ. સોરંગ૦
શ્રીમુખપંકજ પાન કરત મુનિ, મધુકર જયું દિનરેન;
પ્રેમાનંદ પુલકિ અવિલોકત, ચપલ દ્રગનકી સેન. સોરંગ૦

### પદ—૪

ફૂલન હિંડોરે ઝૂલે ધર્મકુમાર. ટેક૦
ફૂલહુ કે સ્થંભ દોઉ ફૂલકી પટુલી ચોકી, ફૂલકે કલશ ડાંડીચાર. ફૂલન૦
ફૂલહુ કે ચિત્ર કરે ફૂલકે કલશધરે, ફૂલકી પતાકા ઉડે સાર.
ફૂલસું મંડપ છાયો ફૂલકી અટારીજારી, ફૂલકે તોરન બાંધે દ્વાર, ફૂલન૦
ફૂલકી ગાદી બિછાયે બેઠે તાપે મુનિરાયે, ફૂલનકો કીયો રે શીંગાર;
ફૂલકે ચમર છત્ર ધરત હે મુનિવર, બોલત હે આગે ચોબદાર[૧]. ફૂલન૦
નીરખી હરખે સુર બરખે સુમનઝરી, ગગન સઘન છાયે અપરમપાર,
નિજજન નરનારી લેત હે ઉરધારી, પ્રેમાનંદ જાત બલિહાર. ફૂલન૦

## ⍟૪૨. રાગ : કાફી - હોરી

**સાંવરો હરિ ખેલત હોરી.** ટેક૦
રચ્યો અખાડો શ્રી બોટાદપુરમેં, ભક્તવીર ચહુકોરી;
કર કંચન પિચકારી સોહાવે, છીરકે રંગ બરજોરી;
લેત હરિજન ચિત્ત ચોરી... સાંવરો૦
રંગ ઉડાવત મુખ મુસકાવત, ભીંજી ભક્તજન ટોરી;
રંગમેં રસબસ રાજત ધરની, મેઘ જ્યું અતિ વરસ્યોરી;
બજત બાજે ઘન હોરી... સાંવરો૦

૧. છડીદાર.

સુરકે ગાયક મગન ગગનમેં, ગાવત તાનન તોરી;
ખેલ બિલોક્ત[1] દેવ મુદીતમન, નમત પાણીજુગ[2] જોરી;
દેખી છબી મેન લજ્યોરી... સાંવરો૦
નાચત નભ સુરનારી મનોહર, હેરત ચંદ જ્યું ચકોરી;
કૃષ્ણાનંદ ચતુર સુંદરવર, રહો ઇનમેં રતિ મોરી;
શ્રીજી મેરી જીવન દોરી... સાંવરો૦

## ૪૩. રાગ : સામેરી

**સુખદાયક શ્રી મહારાજ દીઠે દિવાળી,**
આવ્યા રસિયો રમવા કાજ શીતળ થઈ ભાળી. ટેક૦
સોળ કળા સંપન્ન સુંદરવર ભક્તિ ધર્મના લાલ રે,
ચંદનખોર શરીરે સુંદર તિલક કેસરનું ભાલ. દીઠે૦
પિતાંબર પહેરી પુરુષોત્તમ જામો બુટાદાર રે,
સોનેરી ફેંટો કસી બાંધ્યો રત્ન જડ્યો કટાર. દીઠે૦
મણિમુગટ મકરાકૃત કુંડળ કંઠે મણિનો હાર રે,
રત્ન મુદ્રિકા પોંચિ કડાં નેપુરનો ઝણકાર. દીઠે૦
તોરા ગજરા ગુચ્છ ગુલાબી બાંધી બાજુબંધ રે,
ભૂમાનંદનો વાલો સંગે લાવ્યા મુનિવૃંદ. દીઠે૦

૧. જોવું; ૨. બંને હાથ.

'શોભાના શણગાર હરિ મારા,
હૈયાના છો હાર વહાલા;
ધર્મ તણા કુમાર મારા,
પ્રાણ તણા આધાર વહાલા.'

## મૂર્તિ વર્ણન–શૃંગાર દર્શન

**⍟૪૪. રાગ : કાફી**

**અમરના સરદાર, હરિ મારાં નેણાં તણા શણગાર,**
નેણાં તણા શણગાર, ગુણવંત માણકીના અસવાર. અમર૦
માથે ધોળી પાઘ મનોહર, છોગું મુગટ અનુસાર;
ધોળાં અંબર તન પર શોભે, રૂમાલ ધોળો સાર. અમર૦
ભાલ વિશાળ તિલક કેસરનું, કુંકુમચંદ્ર ઉદાર;
કામ તણા મદને હરનારી, ભ્રકુટી ધનુષ આકાર. અમર૦
દીપશિખા શુકચંચુ લજારી, નાસા નમણી સાર;
દંત છબી જોઈને લાજે છે, અધોમુખ ઝુરે અનાર. અમર૦
બિંબ નવાંકુર પરવાળાથી, સારા અધર અપાર;
કૃષ્ણાનંદ કહે મુખ પર વારું, ચંદ્ર સરોજ હજાર. અમર૦

**⍟૪૫. રાગ : ગરબી**

**આજ સહજાનંદ મળિયા રે ગઢપુરમાં (૨) મુક્તનાથ ઉરમાં. ટેક૦**
મસ્તક ઉપર પાઘ પેચાળી, આંખડલી અણિયાળી રે આજ૦
કેશર તિલક શોભે છે ભાલે, મનડાં હર્યા છે વહાલે રે આજ૦
કાનમાં કુંડળ કંચન કળીએ, હાથે વેઢ દશ આંગળીએ રે આજ૦
હૈડા ઉપર હાર હજારી, ગુણવંતા જાઉં વારી રે આજ૦
હીરા માણેક મોતીની માળા, હેમકડાં રૂપાળાં રે આજ૦
શોભે છે રાતી હાથ હથેળી, મનરંજન રૂપાળી રે આજ૦
કરમાં શોભે છે સોટી સારી, રંગીલી મૂર્તિ તારી રે આજ૦

સોનેરી વાઘા શોભે છે સારા, ધર્મ તણા દુલારા રે આજ૦
ઘુંટી ગોળ પીંડી પાતળીઓ, ચરણે પહેરી ચાખડીઓ રે આજ૦
શ્રીહરિ કેરી મૂરતિ સારી, જાય નરસિંહ બલિહારી રે આજ૦

## ⊛૪૬. રાગ : ધોળ

### પદ—૧

**ઓરા આવો ઘનશ્યામ સ્નેહી, સુંદર વર જોઉં વહાલા;**
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વહાલા. ૧
ચિહ્નન અનુપમ અંગો અંગનાં, સુરતે સંભારું વહાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વહાલા. ૨
અરુણ કમળ સમ જુગલ ચરણની, શોભા અતિ સારી વહાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા. ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્નન વહાલા;
ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વહાલા. ૪
અંગુઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વહાલા. ૫
જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્નન તેનાં નામ વહાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા. ૬
અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિ જાંબુ ને જવ વહાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગ નવ વહાલા. ૭
ત્રિકોણ કલશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્નન વહાલા. ૮
જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિહ્નન વહાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વહાલા. ૯

એ જ અંગુઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વહાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વહાલા. ૧૦

## પદ—૨

ચરણ કમળની છબી ચિંતવતા, લાગે અલૌકિક રૂડી વહાલા;
સર્વે ચિહ્નન સંભારી ધારું, અંતસમાની મૂડી વહાલા. ૧
જમણા પગના અંગૂઠા, પાસેની આંગળીએ વહાલા;
ડાબે પડખે તિલ એક સુંદર, નીરખી દુઃખડાં દળીએ વહાલા. ૨
જમણા પગની નૌતમ છેલ્લી, આંગળીની બા'રે વહાલા;
તિલ એક નખને પાસે જોતાં, વહાલપ વધારે વહાલા. ૩
ડાબા પગની ઊર્ધ્વરેખાની, ડાબી તે કોરે વહાલા;
બે ચિહ્નન પાસે પાસે ઘનશ્યામ, ચિત્તડાંને ચોરે વહાલા. ૪
બે પગની આંગળિયું તળાં, મનોહર રાતાં વહાલા;
અંગૂઠા આંગળીના નખ, રાતા છે ચડિયાતા વહાલા. ૫
બે ચરણના અંગૂઠા ને, આંગળિયું ઉપર વહાલા;
જોયા જેવા ઝીણા ઝીણા, રોમ અતિ સુંદર વહાલા. ૬
બે અંગૂઠા પાસેની બે, આંગળીએ જોઉં વહાલા;
ચાખડિયુંના રૂડાં ચિહ્નન, તે પાંપણીએ પ્રોઉં વહાલા. ૭
બે પગની બહારની ઘૂંટી, તે હેઠે કેવા વહાલા;
આસનના ઘસારાનાં, ચિહ્નન જોયાં જેવા વહાલા. ૮
જમણાં પગની ઘૂંટી ઉપર, પાંચ તસુ છે જો વહાલા;
નળીને ઉપર તિલ એક તેમાં, મન મારું રહેજો વહાલા. ૯
મોટું એક ચિહ્નન જમણા પંગના, સાથળને બા'રે વહાલા;
પ્રેમાનંદ કહે પ્રીતે નીરખું, વારે ને વારે વહાલા. ૧૦

## પદ—૩

શોભા નીરખી નેણાં મારા, તૃપ્ત ન થાયે વહાલા;
મનડું મગન થયું છે હૈડે, હરખ ન માયે વહાલા. ૧
ડાબા પગની ઘૂંટી ઉપર, પાંચ તસુ કહીએ વહાલા;
નળી ઉપર મોટો તિલ, મનમાં ધારી લઈએ વહાલા. ૨
તેને પાસે નાનો તિલ. છે, તેમાં ચિત્ત ચોંટ્યું વહાલા;
એ પગના ઘૂંટણની બા'રે, એક ચિહ્‌ન છે મોટું વહાલા. ૩
શ્યામ કટિ રૂપાળી જોઈને, કંદર્પ લાજે વહાલા;
શીતળ ઉદરમાંહી ત્રિવળી, સુંદર બિરાજે વહાલા. ૪
ઊંડી ગોળ અનુપમ નાભિ, તેની બે કોરે વહાલા;
બે તિલ છે બહુ રૂપાળા, તે ગમિયા મન મોરે વહાલા. ૫
નાભિથી પણ બે તસુ ઉપર, ત્રણ તિલને ધારું વહાલા;
બે તિલ ઉપર એક એક છે, એક વચ્ચે સંભારું વહાલા. ૬
વચલા તિલથી બે તસુ ઊંચો, એક તિલ નીરખીને વહાલા;
જમણી કુખમાં બે તિલ મોટા, તે જોઉં હરખીને વહાલા. ૭
ડાબે પડખે કુખથી ઉપર, મોટા તિલ ચારે વહાલા;
તેની પાસે બીજા નાના, ચાર તિલ એક હારે વહાલા. ૮
રોમ તણું રૂપાળું શ્રીવત્સ, ચિહ્‌ન એક ઉરમાંઈ વહાલા;
વિનગુણ હાર હૈયામાં શોભે, સુંદર સુખદાઈ વહાલા. ૯
છાતી વચ્ચે એક ચિહ્‌ન, અર્ધચંદ્ર આકારે વહાલા;
પાંચ તસુ પહોળું જોઈ, પ્રેમાનંદ પ્રાણ વારે વહાલા. ૧૦

## પદ—૪

એક ચિહ્‌ન વચ્ચે રૂડો લગાર, ડાબી તે કોરે વહાલા;
સુંદર એક તિલ મોટો, મારા ચિત્તને ચોરે વહાલા. ૧

એ તિલથી ડાબી કોરે, બે તસુ છેટે વહાલા;
એક તિલને જોતાં સર્વે, ભવદુઃખને મેટે વહાલા. ૨
તે તિલથી બે તસુ છેટે, ડાબી કોરમાંહી વહાલા;
સ્તન ઉપર એક તિલ તેમાં, ચિત્ત ચોટ્યું જોઈ વહાલા. ૩
બે સ્તનથી ઉપર છે, બે છાપ તણાં ચિહ્નન વહાલા;
એ છબી જોવા સારુ, મારું મન છે આધીન વહાલા. ૪
કરીના બે કર સરખી ભુજા, તે દીર્ઘ ઉદાર વહાલા;
સંભારતાં તરત તે, ઉતારે ભવપાર વહાલા. ૫
જમણી ભુજાને પાસે છે, માંહે ઊભી તે હાર વહાલા;
જોયા જેવા સુંદર મોટા, તિલ રૂડા ચાર વહાલા. ૬
જમણી ભુજાના મૂળ થકી છે, ત્રણ તસુ હેઠે વહાલા;
એક છાપનું ચિહ્નન જોતાં, જન્મ મરણ મટે વહાલા. ૭
તે છાપનું ચિહ્નન રૂડું, તેને પડખે બાજુરે વહાલા;
નાના તિલ છે ચાર તેને, જોઉં વારે વારે વહાલા. ૮
કોણિયું છે શ્યામ બેઉ કર, કઠણ છે પોંચા વહાલા;
બે તિલ છે બહુ રૂડા, જમણા પોંચાથી ઊંચા વહાલા. ૯
જમણા હાથની છેલ્લી આંગળી, તે ઉપર સારો વહાલા;
પ્રેમાનંદ કહે મોટો તિલ એક, લાગે અતિ પ્યારા વહાલા. ૧૦

## પદ—૫

રૂપાળા છો રાજીવલોચન, ધર્મતણા કુમાર વહાલા;
શોભાની છો સીમા મારા, નેણ તણા શણગાર વહાલા. ૧
ડાબી ભુજાના મૂળથી હેઠે, ત્રણ તસુ છેટો વહાલા;
છાપ તણાં એક ચિહ્નનમાંઈ, નિત મન મારું રહેજો વહાલા. ૨
ડાબી કુણીથી હેઠો નૌતમ, ઉપરલે ભાગે વહાલા;

તિલ એક જોતાં મારા મનને, રૂડો બહુ લાગે વહાલા. ૩
ડાબા હાથના અંગૂઠા, પાસેની આંગળીએ વહાલા;
નખને પાસે નાનો તિલ, મનમાં ધારી લહીએ વહાલા. ૪
એ આંગળીને વચલી આંગળી, એ બેઉને મધ્યે વહાલા;
એક તિલ છે અતિ નૌતમ, જોયા જેવા સંધે વહાલા. ૫
ડાબા હાથના પોંચા ઉપર, સુંદર એક તિલ છે વહાલા;
એ માંહી તે મનડું મારું, વળગ્યું વિશેક વહાલા. ૬
બે હાથની હથેળી છે, રાતી સુખધામ વહાલા;
હથેળીમાં રેખા થોડી, થોડી છે જો શ્યામ વહાલા. ૭
બે હથેળીના મૂળ ઉપર, આઠ તસુ જોતાં વહાલા;
છાપ તણાં બે ચિહ્‌ન અનુપમ, ચિત્તમાં પરોતાં વહાલા. ૮
બે હાથના નખ નૌતમ છે, રાતા ચડિયાતા વહાલા;
અગ્ર ભાગે તીક્ષ્ણ છે, અતિ રૂડા દેખાતા વહાલા. ૯
કંઠ વચ્ચે એક તિલ અનુપમ, જોતાં દુઃખ જાયે વહાલા;
તેની પાસે નાનો તિલ એક, પ્રેમાનંદ ગાયે વહાલા. ૧૦

## પદ—૬

રૂપ તમારું રસિયાજી, નીરખતાં સુખદાઈ વહાલા;
ચિહ્‌ન તણો નહિ પાર .વધારે, વાલપ ઉરમાંહી વહાલા. ૧
ડાબા ખંભાથી હેઠો, વાંસામાં છે મરમાળો વહાલા;
રોમ સહિત મોટો તિલ રૂડો, જોતાં તે રૂપાળો વહાલા. ૨
એ તિલથી હેઠો વાંસામાં, એક તિલ છે બીજો વહાલા;
તેને હેઠે જોયા જેવો, એક તિલ છે ત્રીજો વહાલા. ૩
કરોડની જમણી કોરે, ડોક થકી હેઠે વહાલા;
સુંદર એક તિલ જોયા જેવો, બે તસુ છેટે વહાલા. ૪

જમણી ખરપડી ઉપર નૌતમ, એક તિલ છે નાનો વહાલા;
પ્રીત કરીને રાખું મારા, મનમાંહી છાનો વહાલા. ૫
કરોડની જમણી કોરે, વાંસામાંહી સારા વહાલા;
ચાર તિલ છે જોયા જેવા, લાગે બહુ પ્યારા વહાલા. ૬
દાઢીથી હેઠો એક તિલ છે, અતિશે અનુપ વહાલા;
દાઢી ઉપર કેશની રેખા, સુંદર સુખરૂપ વહાલા. ૭
મધુર અધર પર શોભે રૂડી, રોમ તણી રેખું વહાલા;
હસતું કમળ સરીખું મુખ, ઓરા આવો દેખું વહાલા. ૮
મુખમાંહે જમણી કોરની, હેઠલી જે દાઢ વહાલા;
તેમાં શ્યામ સુભગ ચિહ્‌ન એક, જોઉં રાખી ચાડ વહાલા. ૯
શ્યામ ચિહ્‌ન છે જોયા જેવું, જીભમાં સુખકારી વહાલા;
સુંદર વદન કમળ પર જાયે, પ્રેમાનંદ વારી વહાલા. ૧૦

## પદ—૭

હરિજનના જીવન છો હરિજી, ભક્ત ચિંતામણિ વહાલા;
શી કહું શોભા સુંદરવરજી, અંગો અંગ તણી વહાલા. ૧
જમણી કોરે કપોળમાં, નાસિકા પાસે વહાલા;
એક મોટો તિલ જોતાં સરવે, દુઃખ મારા નાસે વહાલા. ૨
એ તિલને પાસે એક નાનો, તિલ તેને જોઈએ વહાલા;
નેત્ર તણા ખૂણાથી હેઠો, તેમાં ચિત્ત પ્રોઈએ વહાલા. ૩
બે નેત્રની પાંપણ ઉપર, ભ્રકુટીને થડે વહાલા;
તેને હેઠે ઉપર ઝીણી, કરચલિયું પડે વહાલા. ૪
નાસિકા ઉપર છે ઝીણાં, ચિહ્‌ન તે અભિરામ વહાલા;
ડાબા કાનમાં શ્યામ બિંદુ તે, છબી તણું ધામ વહાલા. ૫
અરુણ કમળ દળ સમ આંખડી, રૂડી રૂપાળી વહાલા;

કંદર્પની કમાન સરખી, ભ્રકુટિ મેં ભાળી વહાલા. ૬
તિલક ચડિયાતા ભાલમાં, રસાળી તે શોભે વહાલા;
તિલક આકારે ઊભી રેખા બે, જોઈ ચિત્ત લોભે વહાલા. ૭
ભાલમાંહી મનોહર જોતાં, જમણી તે કોરે વહાલા;
કેશથી હેઠું એક અનુપમ, ચિહ્ન તે ચિત્ત ચોરે વહાલા. ૮
કેસર કેરી આડ મનોહર, ભાલ વચ્ચે કીધી વહાલા;
કુંકુમને ચાંદલીએ મારી, બુદ્ધિ હરી લીધી વહાલા. ૯
તાળવા ઉપર એક રૂપાળો, મોટો તિલ જોઈ વહાલા;
પ્રેમાનંદ કહે મારું મન, ત્યાં રહ્યું જોઈ મોહી વહાલા. ૧૦

## પદ—૮

શોભાના શણગાર હરિ મારા, હૈયાના છો હાર વહાલા;
ધર્મ તણા કુમાર મારા, પ્રાણ તણા આધાર વહાલા. ૧
અતિશે રૂપાળા સુંદર, શિખાના છે કેશ વહાલા;
છબી પર બલહારી જાયે, શારદા ને શેષ વહાલા. ૨
શિખાને સમીપે રૂડો, એક તિલ છે આગે વહાલા;
એ છબી નીરખતાં મારાં, સરવે દુઃખ ભાગે વહાલા. ૩
શિખાને પછવાડે જમણી, કોરે તે કહીએ વહાલા;
ત્રણ તિલ છે અતિ રૂડા, સામું જોઈને રહીએ વહાલા. ૪
નખશિખ નીરખી સુંદર સર્વે, ચિહ્ન મેં ગાયા વહાલા;
ચિંતવન કરી નિત્યે મારા, ચિત્તમાં ઠેરાવ્યા વહાલા. ૫
બાવન છે સરવે ચિહ્ન, ત્રેસઠ તિલ છે જો વહાલા;
રૂપ શીલ ને ગુણો સોતાં, અંતરમાં રહેજો વહાલા. ૬
એ વિના ઝીણાં તિલ ચિહ્ન છે, અંગમાં અપાર વહાલા;
ગાયા મેં તો જોઈ મારી, બુદ્ધિને અનુસાર ૭

આવી રીતે મૂરતિને જે, અંતરમાં ધારે વહાલા;
પ્રીત કરીને ચિહ્‌ન અનુપમ, સરવે સંભારે વહાલા. ૮
તેના ઉરમાં આવી તમે, નાથ કરો વાસ વહાલા;
કામ ક્રોધ ને કાળ માયા, તે સહુ પામે નાશ વહાલા. ૯
એ પદ જે કોઈ શીખે સુણે, પ્રીતે કરીને ગાશે વહાલા;
પ્રેમાનંદ કહે તે પર સ્વામી, બહુ રાજી થાશે વહાલા. ૧૦

## ૪૭. રાગ : ગરબી

### પદ–૧

**ઓરા આવો મારા લેરખડા લહેરી, કીધો તમ સારુ મેં જગ વે'રી.** ટેક૦
કાજુ નૌતમ જામા જરકસિયા શોભે, પાઘલડી શિર સોનેરી. ઓરા૦
નંગ જડીએલ બાજુ બેરખડા, કર પોંચી હેમકડાં પહેરી. ઓરા૦
તમે રસિયા રંગડાના ભરિયા, મુખની અમૃત વાણી ઘેરી. ઓરા૦
બ્રહ્માનંદના છેલા છોગાળા, ચાલો ચાલ મલપતા ગજકેરી. ઓરા૦

### પદ–૨

વ્હાલું લાગે મુને વાલમ મુખ તારું, છે જો પૂરણચંદ્ર થકી સારું. ટેક૦
તારા મુખડાની મીઠી લાવણ્યતા, જોઈ કોટી કોટી કંદર્પ વારું. વ્હાલું૦
શુભ ગૌર કપોળે તીલ ત્રાજુ, તેમાં લોભાણું મનડું મારું. વ્હાલું૦
તારા મુખની શોભા મરમાળા, નિત્ય નીરખી અંતરમાં ધારું. વ્હાલું૦
બ્રહ્માનંદ કહે વશ કીધી મુજને, છે જો કોડીલું કામણગારું. વ્હાલું૦

## ૪૮. રાગ : પરજ

### પદ–૧

**જોઈ મૂરતિ મનોહર તારી માવા રે, મારાં નેણાં લોભાણાં.** ટેક૦
મોળિડા ઉપર નવલ કલંગી, શોભે છે અતિ સારી. માવા રે૦

હેત કરીને હૈડાની ઉપર, માળા મોતીડાની ધારી. માવા રે૦
અતિ રે શોભે છે છાતી ઊપડતી, ચાલ જગતથી ન્યારી. માવા રે૦
બ્રહ્માનંદ કહે એ છબી ઉપર, સરવસ નાખું વારી. માવા રે૦

પદ—૨

તારી લાવણ્યમાં લેવાણી વા'લા રે, મારા નવલ વિહારી. ટેક૦
મૂરતિ મનોહર જોઈને તારી, ભૂલી હું ભરવું પાણી. વા'લા રે૦
પૂરણ ચંદ્ર સરીખું મુખડું, ભ્રકુટિમાં ભરમાણી. વા'લા રે૦
છોગલિયે ચકચૂર થઈ છું, ખાંતે હું ખોવાણી. વા'લા રે૦
બ્રહ્માનંદ કે' જોઈ તારાં નેણાં, વેણામાં વેંધાણી. વા'લા રે૦

## ૪૯. રાગ : ધનાશ્રી

**જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર.**
પ્રીતમ પ્રાણ આધાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર. ટેક૦
લક્ષ્મી બાગમાં વ્હાલો બિરાજે, સાથે મુક્ત અપાર. ચતુર૦
પાઘ ઝૂકી વામભાગ પેચાળી, છોગું મુગટ અનુસાર. ચતુર૦
આંબાના વૃક્ષ નીચે શ્રીહરિ બેઠા, મુક્ત સભા મોઝાર. ચતુર૦
જરકસી જામો સુંદર શોભે, શેલામાં સોનેરી તાર. ચતુર૦
પહેર્યો સુંદર સુરવાળ સોનેરી, રૂપેરી બુટાદાર. ચતુર૦
રેશમી કરમાં રૂમાલ બિરાજે, કંઠે હઝારી હાર. ચતુર૦
અંગોઅંગ આભૂષણ ઓપે, ભારે ભભકાદાર. ચતુર૦
વિશ્વવિહારીની છબી નીરખી, પૂરણ ઉપજે પ્યાર. ચતુર૦

## ⊛૫૦. રાગ : ગરબી

### પદ—૧

**તારા મુખની લાવણતા મીઠી રે, શ્રી ઘનશ્યામ હરિ;**
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂર્તિ સુખભરી. શ્રી૦
ચટક રંગીલા તારા મોળિડાને[૧] છેડે, મનડું ડોલે છે કેડે કેડે રે. શ્રી૦
રંગડો જામ્યો છે ફૂલડાંને તોરે, ભમર ભમે છે ચહુ કોરે રે. શ્રી૦
ભાલ તિલક કેશર કેરું રાજે, મુખ જોઈ શશિયર લાજે રે. શ્રી૦
બ્રહ્માનંદ કહે સરવસ વારું, રૂપ જોઈને વ્હાલા તારું રે. શ્રી૦

### પદ—૨

તારાં લટકાં પ્યારાં મુને લાગે રે, લહેરી લટકાળા;
હું તો રીઝી સલુણા ઘેરે રાગે રે, છેલા છોગાળા. લહેરી૦
સુંદર નેણ કમળ દળ જેવી, ભ્રકુટિ ભ્રમર રહ્યા સેવી રે. લહેરી૦
ગોર કપોળ સુભગ તીલ ત્રાજુ, કોમળ નાસા કાજુ રે. લહેરી૦
અધર ઉપર જાણે કુમકુમ ઢળિયું, દાંત દાડમ કેરી કળિયું રે. લહેરી૦
બ્રહ્માનંદ કહે સામું જોઈને, મનડું લીધું છે મારું પ્રોઈને રે. લહેરી૦

## ⊛૫૧. રાગ : પરજ

**તારી મૂરતિ રે, છે જો નેણુંનો શણગાર;**
નેણુંનો શણગાર, મારા હૈડા કેરો હાર. તારી૦
વ્હાલા તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું, ગજરામાં ગુલતાન. તારી૦
માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારું રૂપ નિહાળી, નરનારીને ધીર. તારી૦

૧. કસબી ફેંટો.

બાંય જડાવું બાંધેલ બાજુ, કાજુ ધર્મકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર. તારી૦

## ૫૨. રાગ : ગરબી

### પદ—૧

**તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે, શ્રી ઘનશ્યામ હરિ.**
રૂડી ચાલ જગતથી ન્યારી રે, શ્રી ઘનશ્યામ હરિ.
ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે, શ્રી ઘનશ્યામ હરિ.
રૂડા લાગો છો શ્યામશરીર રે, શ્રી ઘનશ્યામ હરિ.
તારી છાતી ઊપડતી ઘનશ્યામ રે, શ્રી ઘનશ્યામ હરિ.
છે જો મુક્ત કેરું ધામ રે, શ્રી ઘનશ્યામ હરિ.
તારા મુખની શોભા જોઈ રે, શ્રી ઘનશ્યામ હરિ.
રાખું અંતરમાં પ્રોઈ રે, શ્રી ઘનશ્યામ હરિ.
તારાં નેણાં કમલ પર વારી રે, શ્રી ઘનશ્યામ હરિ.
મંજુકેશાનંદ બલહારી રે, શ્રી ઘનશ્યામ હરિ.

### પદ—૨

કીનખાપની ડગલી પે'રી રે, સહજાનંદ સ્વામી.
સુરવાળમાં નાડી હીર કેરી રે, સહજાનંદ સ્વામી.
માથે મોળિડું નૌતમ ભાળી રે, સહજાનંદ સ્વામી.
મોટી ભવની વેદના ટાળી રે, સહજાનંદ સ્વામી.
કેડે રેંટો કસુંબી શોભે રે, સહજાનંદ સ્વામી.
જોઈ મનડું મારું લોભે રે, સહજાનંદ સ્વામી.
ખભે ધોતી અતિ રૂપાળી રે, સહજાનંદ સ્વામી.
હાથે સોટી છે ફૂમકાવાળી રે, સહજાનંદ સ્વામી.

ભવ બૂડતાં ઝાલ્યો મારો હાથ રે, સહજાનંદ સ્વામી.
મંજુકેશાનંદના નાથ રે, સહજાનંદ સ્વામી.

### પદ—૩

પે'રી નેપૂર ચાલતાં ઠમકે રે, શોભે શ્રીહરિજી.
કેડે કંદોરો ઘુઘરી ઘમકે રે, શોભે શ્રીહરિજી.
વેઢ વીંટી છે નંગ જડાવ રે, શોભે શ્રીહરિજી.
હેમ બાજુ છે ખૂબ બનાવ રે, શોભે શ્રીહરિજી.
પેર્યાં કનક કડાં બેઉ હાથ રે, શોભે શ્રીહરિજી.
સોના સાંકળાં પેર્યાં છે મારે નાથ રે, શોભે શ્રીહરિજી.
બેઉ કાનમાં કુંડળ લળકે રે, શોભે શ્રીહરિજી.
ઉર મોતીડાંની માળા ઝળકે રે, શોભે શ્રીહરિજી.
પે'રી સાંકળી ને સોનાદામ રે, શોભે શ્રીહરિજી.
મંજુકેશાનંદના ઘનશ્યામ રે, શોભે શ્રીહરિજી.

### પદ—૪

ખોસ્યા ગુચ્છ ગુલાબી કાન રે, પ્રભુજી મનગમતા.
રૂડા લાગો છો ગુણનિધાન રે, પ્રભુજી મનગમતા.
માથે ફુલડાંનાં તોરા લટકે રે, પ્રભુજી મનગમતા.
જોઈ ભાલ તિલક મન અટકે રે, પ્રભુજી મનગમતા.
ઓઢી ફૂલની પછેડી અંગ રે, પ્રભુજી મનગમતા.
નીરખી લાજે છે કોટિ અનંગ રે, પ્રભુજી મનગમતા.
ફૂલ બાજુ ને ગજરા પે'રી રે, પ્રભુજી મનગમતા.
શોભે પંક્તિ તે ફૂલહાર કેરી રે, પ્રભુજી મનગમતા.
વા'લો ફૂલડે થયા ગરકાવ રે, પ્રભુજી મનગમતા.
મંજુકેશાનંદના નાથ રે, પ્રભુજી મનગમતા.

## ⊛૫૩. રાગ : ગરબી

તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે;
કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે. ૧
શિર અજબ કલંગી શોભતી, અલબેલા રે;
હૈડામાં રાખ્યા લાગ, રંગના રેલા રે. ૨
મોળિડું છાયું મોતીડે, અલબેલા રે;
ફૂલડાંની સુંદર ફોર, રંગના રેલા રે. ૩
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના, અલબેલા રે;
જોઈ ભ્રમર ભમે તે ઠોર, રંગના રેલા રે. ૪
તારી પાઘલડીના પેચમાં, અલબેલા રે;
મારું ચિત્તડું થયું ચકચૂર, રંગના રેલા રે. ૫
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ, અલબેલા રે;
વણદીઠે ઘેલી તૂર, રંગના રેલા રે. ૬

## ⊛૫૪. રાગ : ગરબી

**ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણ તણા આધાર; જોઈને જીવું છું.**
તન મન ધન તમ ઉપરે, લઈ વારું વાર હજાર; જોઈને જીવું છું.
સુંદર મૂર્તિ મોહની, મારા મનમાં ખૂંતી રાજ; જોઈને જીવું છું.
તમ વિના મને શ્રીહરિ, બીજું કાંઈ નવ સૂઝે કાજ; જોઈને જીવું છું.
પાંપણ પર આંટો દઈ, તમે બાંધી પાઘ અનુપ; જોઈને જીવું છું.
કોટિક કંદર્પ વારણે, લઈ વારું એવું રૂપ; જોઈને જીવું છું.
ભાલ તિલક શોભે ઘણું, જાણે ભ્રકુટિ કામકબાણ; જોઈને જીવું છું.
કમળનયન કટાક્ષમાં, મારા તાણી લો છો પ્રાણ; જોઈને જીવું છું.
મધુર મધુર હસવું જોઈને, વાધે પ્રેમ અપાર; જોઈને જીવું છું.

ત્રિભુવનમાં એવું કોણ છે, જે વશ ન થાયે આ વાર; જોઈને જીવું છું.
વામ કરણમાં શ્યામ છે, તિલ નીરખ્યા જેવો નિત; જોઈને જીવું છું.
તિલ જોઈ જમણા ગાલમાં, વાધે પ્રેમાનંદને પ્રીત; જોઈને જીવું છું.

## ⊛૫૫. રાગ : ધોળ

**પ્યારા મુજને લાગી તારી મોહની,**
રસિયા વર રે તારું જોઈને રૂપ. મુજને૦
તારાં નેણ ચપળ ચિત્તને હરે,
મીઠી મુખની રે સુણી વાણી અનુપ. મુજને૦
વાંકી પાઘમાં તોરા ઝૂકી રહ્યા,
જોતાં હૈડે રે ફૂલડાં કેરા હાર. મુજને૦
અંગોઅંગમાં આભ્રણ ફૂલનાં,
તેને નીરખી રે વાધ્યો વિરહ અપાર. મુજને૦
તારા મુખપંકજને નાથજી,
જોતાં નેણાં રે મારાં તૃપ્ત ન થાય. મુજને૦
તમને અણદીઠે થાઉં આંધળી,
જોતાં રસિયા રે હૈડે હરખ ન માય. મુજને૦
હું તો પ્રેમદીવાની થઈ રહી,
તેણે ભૂલી રે જૂઠો જગ વ્યવહાર. મુજને૦
મુક્તાનંદના પ્રીતમ નહિ તજું,
કરી રાખીશ રે મારા હૈયાના હાર. મુજને૦

## ⊛૫૬. રાગ : ગરબી

**ભજો ભાવ શું અખંડ જપમાળા રે,**
માળા ટાળે છે મન કેરા ચાળા રે. ભજો૦

હરિનું એક એક અંગ ઉર ધારો રે,
સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે. ભજો૦
જપો જુગલ ચરણ સુખકારી રે,
ઊર્ધ્વરેખાદિ ચિહ્ન સંભારી રે. ભજો૦
દશ આંગળીની માળા દશ જાણો રે,
ફણા જુગલની જુગલ પ્રમાણો રે. ભજો૦
જંઘા જુગલ જુગલ જાનુ વંદે રે,
માળા ચાર ફેરી સંત આનંદે રે. ભજો૦
ઉર જુગલની માળા જુગલ ફેરે રે,
નાભિ વર્તુલ સમાન પ્રીતે હેરે રે. ભજો૦
નાભિ ઉદર જુગલ સ્તન જોઈ રે,
માળા ચાર ફેરી રહે જન મોહી રે. ભજો૦
ભુજ જુગલ હરિના સુખકારી રે,
માળા ફેરી જાય દાસ બલિહારી રે. ભજો૦
કર આંગળીની માળા દસ કા'વે રે,
જોતાં ભક્તને આનંદ ઉપજાવે રે. ભજો૦
કંઠ ચિબુકની માળા જુગલ ફેરી રે,
મુખપંકજ ઉમંગે રહે હેરી રે. ભજો૦
મુખ નાસિકા જુગલ દશ હેરે રે,
માળા ચાર ચાર અંગ જોઈ ફેરે રે. ભજો૦
કાને કુંડલ વહાલાને જુગલ કા'વે રે,
ફેરી માળા ઉભય દાસ મન ભાવે રે. ભજો૦
જોતાં જુગલ ભ્રકુટિ ડરે કાળ રે,
પ્રેમે જોઈ દાસ જપે જુગલ માળ રે. ભજો૦
ભાલ તિલક સહિત વહાલું લાગે રે,

જપે માળા એક દાસ અનુરાગે રે. ભજો૦
માથે પાઘ તોરા સહિત રૂપાળી રે,
ફેરે માળા જન જુએ ઘાટ ટાળી રે. ભજો૦
એવી રીતે થઈ માલિકા પચાસ રે,
જપે જન્મ મરણ કરે નાશ રે. ભજો૦
સ્વામિનારાયણ દેવે માળા દીધી રે,
પ્રેમે મુક્તાનંદે ઉર ધરી લીધી રે. ભજો૦

## ૫૭. રાગ : પરજની ગરબી

**મનમાં વસી છે તારી મૂર્તિ ઘનશ્યામજી,**
સુંદર તે શોભા ધામ રે ધર્માત્મજ.
આવોને રાખું મારા નેણમાં હો નાથજી. ટેક૦
વહાલી લાગે છે તારી વાતડી વાલાજી,
સાંભળીને થઈ પૂરણકામ રે ધર્માત્મજ. આવોને૦
ચાલ ચતુરાઈ જોઈને જીવનજી,
લાજે ગજરાજ રાજહંસ રે ધર્માત્મજ. આવોને૦
કરનાં લટકાં જોઈ રીઝિયા હો રસિયા,
મુનિને નૈષ્ઠિક ધર્મવંશ રે ધર્માત્મજ. આવોને૦
કટી જોઈને લાજે કેશરી કેશરિયા,
નીરખી ત્રિવળી ઉદર માંહ્ય રે ધર્માત્મજ. આવોને૦
છાતી ઊપડતીમાં મોતી માળાયું બેવડી,
પ્રેમાનંદ નિરખી વારી જાય રે, ધર્માત્મજ. આવોને૦

## ૫૮. ઢાળ : લોકઢાળ

**મને પ્યારી લાગે મૂર્તિ તમારી,**
ઘનશ્યામજી પ્યારી લાગે મૂર્તિ તમારી. ટેક૦

કુંકુમનો ચાંદલો ને ભાલ તિલક વચ્ચે,
હાં રે તમે ભાળોને ભ્રમણા ભુલાવી. ઘનશ્યામજી૦
કાને કુંડળ હરિને માથે મુગટ શોભે,
હાં રે કંઠે ધારી માણેક જડી માળા. ઘનશ્યામજી૦
જામો ઝરિયાની પહેર્યો સોનેરી સુરવાળ છે,
હાં રે તમારી કેડે કસ્યો છે કંદોરો. ઘનશ્યામજી૦
મૂર્તિમાં મગ્ન થઈ ચરણોમાં ચિત્ત દઈ,
હાં રે જાય દાસ નારાયણ વારી. ઘનશ્યામજી૦

## ⊛૫૯. રાગ : ગરબી

### પદ—૧

**મૂર્તિ મનહર ધર્મકુમારની રે, નીરખી નયણાં ત્રપ્ત ન થાય;**
કેસર કુમકુમ ચરચેલ ભાલમાં રે, ભ્રૂકુટિ વાંકી ભમર લોભાય. મૂર્તિ૦
કાજુ કમળ સરીખી આંખડી રે, ચંચળ અણિયાળી ચિત્તચોર;
રેખા કરુણા ભરેલી રાતડી રે, નિમખ વિસરત નહીં નિશ ભોર. મૂર્તિ૦
તિલના ફૂલ સરીખી નાસિકા રે, સુંદર શોભે શીળીના ડાઘ;
ગોરે ગાલે તિલનું ત્રાજવું રે, જોઈ જોઈ વાધે અતિ અનુરાગ. મૂર્તિ૦
અધર નવિન પ્રવાલાં નાથના રે, દાડમ કળિયું જેવા દાંત;
મધુરી વાણી અમૃત વરસતી રે, સૂણતાં ભાગે મનની ભ્રાંત. મૂર્તિ૦
ચિબુક ચાર પદારથ આપશે રે, કંઠને જોતાં કપોત લજાય;
દેવાનંદ કહે દર્શન જે કરે રે, તેના તનના તાપ બુઝાય. મૂર્તિ૦

### પદ—૨

શોભા નૌતમ શ્રી ઘનશ્યામની રે, ભાળી વાધે મનમાં ભાવ;

કરના લટકાં સુંદર નાથના રે, નીરખ્યા જેવા હરિવર નાવ. શોભા૦
આંગળી સુંદર ચોળાની ફળી રે, નખ મણિ પરવાળાંની હાર;
હથેળી કોમળ રાતી હાથની રે, ભાળી વશ થઈ ગઢની નાર. શોભા૦
ઉરમાં કમળ કરત વિલાસને રે, પાસે પ્રેમ ભરેલી છાપ;
નાભિ ઊંડી નવલ કિશોરની રે, બ્રહ્મા પાર ન પામે આપ. શોભા૦
કોમળ પેટ પોયણનું પાંદડું રે, તેમાં ત્રિવળી ત્રિગુણાતીત;
કટિ પર શ્વેત વસન પેરિયું રે, લખી છબી કોટિક મદન લજ્જિત. શોભા૦
પ્રેમે ગરુડ ઉપર પ્રભુ ધારતા રે, જંઘા કોમળ કેળી થંભ;
દેવાનંદ કહે જાનુ જોઈને રે, ચિત્તમાં ચરણ ધરું તજી દંભ. શોભા૦

## ⊛૬૦. રાગ : ખમાચ

**રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે. ટેક૦**
જરકસીયો જામો હરિ પહેરી; માથે બાંધી પાઘ સોનેરી;
ગૂઢો રેંટો ઓઢી, મન લલચાવતા રે. રૂડા૦
હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે. રૂડા૦
કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને;
ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે. રૂડા૦
પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી;
હેતેશું બોલાવી તાપ શમાવતા રે. રૂડા૦

## ⊛૬૧. રાગ : ગરબી

### પદ—૧

**લટકાળો લટકંતો રે આવે, શ્રીહરિ સુખ રેલાવતો રે. લટકાળો૦**
સખાને સંગે અતિ ઉછરંગે, ગીત મધુરા ગાતો રે. લટકાળો૦

કેસરિયે વાઘે કસુંબલ પાઘે, કેસર રંગમાં રાતો રે. લટકાળો૦
ફૂલના તોરા ગજરા ને ટોપી, ફૂલના હારે ફૂલાતો રે. લટકાળો૦
નિષ્કુળાનંદનો સ્વામી રંગરસિયો, આવે અમી રસ પાતો રે. લટકાળો૦

### પદ—૨

છબીલાની છબી જોઈને, મોહી રહ્યું મન મારું રે. છબીલાની૦
નયન વિલાસ ને વાણી રસાળ, તે પર તન મન વારું રે. છબીલાની૦
વાલાનું વદન સુખનું સદન, શોભે છે સુંદર સારું રે. છબીલાની૦
જીવન જોઈ હું મનમાં મોહી, મિતે મટકું ન મારું રે. છબીલાની૦
નિષ્કુળાનંદના નાથને નીરખી, અંતરમાંહી ઉતારું રે. છબીલાની૦

### પદ—૩

શ્રીહરિનું મુખ જોવાને માટે, લાલચ અમને લાગી રે. શ્રીહરિનું૦
પ્રેમનો પ્યારો નાથ અમારો, શ્રી ઘનશ્યામ સુહાગી રે. શ્રીહરિનું૦
સુંદર વદન કમળ દળ લોચન, નીરખતાં ભાવટ ભાગી રે. શ્રીહરિનું૦
આપ્યું સુખ દુઃખ દૂર કર્યું, તે કેમ મુકાયે ત્યાગી રે. શ્રીહરિનું૦
નિષ્કુળાનંદનો નાથ નીરખતાં, આનંદ વધાઈ વાગી રે. શ્રીહરિનું૦

### પદ—૪

ભાગ્ય અમારા ભેટ્યા શ્રીહરિજી, અલબેલો અવિનાશી રે. ભાગ્ય૦
છેલ છબીલો રાજ રસીલો, ગઢપુરનો વાસી રે. ભાગ્ય૦
નિર્મળ કોમળ નાથ અમારો, રૂપાળો રૂપનો રાશિ રે. ભાગ્ય૦
મૂર્તિ સારી નિરાંતે નીરખતાં, કોટિ કર્મ જાયે નાસી રે. ભાગ્ય૦
નિષ્કુળાનંદના નાથની છું, ચરણકમળની દાસી રે. ભાગ્ય૦

### ⊛૬૨. રાગ : ગરબી

**વસ્યો છે છોગલાવાળો મારે મન, વસ્યો છે છોગલાવાળો;**
છેલ છબીલો ને અજબ રંગીલો, એનો ચપળ નેણનો ચાળો. મારે૦
જરકસી જામો ને પાઘ કસુંબી, કમર કસ્યો છે કટારો;
કાને કુંડળ કંઠે મોતીડાની માળા, એના સૂરવાળનો ઝબકારો. મારે૦
કપૂરની માળા કંઠે વિરાજે, હેમ કડાં બે હારો;
જમણી આંગળીએ વેઢવીંટી વિરાજે, એનો તોરો કસુંબી ન્યારો. મારે૦
હૈડા ઉપર હેમચંદ્ર બિરાજે, પાય પાવલી ઘુઘરીનો ઘમકારો;
અટક મટક એની ચાલ ચટક, બ્રહ્મચારી જેરામનો પ્યારો. મારે૦

### ⊛૬૩. રાગ : ગરબી

પદ—૧

**વ્હાલા મારી શુદ્ધ બુદ્ધ તેં હરિ લીધી રે,**
તારે લટકે વેરાગણ કીધી. વ્હાલા૦
તારી નવલ કલંગી દીઠી રે, મનડામાં લાગે અતિ મીઠી રે;
જાણે જબર જાદુડાની ચીઠી. વ્હાલા૦
જોયું મોલીડું આંટે ફરતું રે, પલ એક નથી વીસરતું રે;
મારું હૈડું ધીરજ નથી ધરતું. વ્હાલા૦
ભાલે આડ કેશર કેરી ભાળી રે, રેખું ત્રણ ઊપડતી રૂપાળી રે;
જાણે મન પકડ્યાની છે જાળી. વ્હાલા૦
વાંકી ભ્રકુટી ઘણી મન ભાવી રે, બ્રહ્માનંદને વસી ઉર આવી રે;
જાણે શ્યામ કબાણ ચડાવી. વ્હાલા૦

પદ—૨

પ્યારા તારી પ્યારી લાગે છે પાંપણિયાં રે,

જોઈ ભેખ લીધો મેં જોગણિયાં. પ્યારા૦
તારાં લોચન બાણ તીખડિયાં રે, ઘણાં જાદુ હથોડીનાં ઘડિયાં રે;
આવી ઓચિંતા મુજ પર પડિયાં. પ્યારા૦
તારી નાસિકા સુંદર નમણી રે, છે જો દીપક કીર લજમણી રે;
એ તો જીવન દોરી છે અમણી. પ્યારા૦
કાને કુંડળ નૌતમ ધરિયાં રે, ભારે નંગ વળી રંગ ભરિયાં રે;
આવી અંતરમાં ઊંડા ગરિયાં. પ્યારા૦
દીઠું મુખડું ચંદા કેરે ડોળે રે, તિલ દક્ષિણ ગૌર કપોળે રે;
બ્રહ્માનંદ કહે મુનિ તેને ખોળે. પ્યારા૦

## ⊛ ૬૪. રાગ : ગરબી

**શિર પાઘડલી સોનેરી રે, ઝળકે સૂરજસમ ભારી;**
તેમાં છોગું મુગટ જેવું રે, તેની શોભા અતિ સારી. ૧
શિરપેચ કલંગી નવીની રે, તે શોભા નથી કહેવાતી;
રહી વામ ભ્રૂંહપર[૧] ઢળકી રે, જેને જોઈ ઠરે છાતી. ૨
તેમાં પ્રેમી ભક્તે ધરાવ્યા રે, ફૂલતોરા અતિ ઝૂકી રહ્યા;
મદઅંધ સુગંધી લેવા રે, તે પર ભમરા આવે વહ્યા. ૩
અતિ અજબ મરોડ પેચાળી રે, પાઘડલી લાગે પ્યારી;
કૃષ્ણાનંદ કહે તેને ભાળી રે, થકીત થયાં સહુ નરનારી. ૪

## ⊛ ૬૫. રાગ : ગરબી

**શોભા શી કહું રે રૂડી, વરણન કરતાં જાય ચિત્ત બૂડી;**
હરિવર જોયા રે રંગમાં, મોહી હું તો રસિયાજીના અંગમાં. ૧

૧. ભ્રમર પર.

ઉદર અનુપમ રે નીરખી, ઉપમા પીપળપાનના સરખી;
ત્રિવળી સુંદર કે શોભે, જોઈ જોઈ ચિત્તડાં મારાં લોભે. ૨
નાભિ ઊંડી રે રૂપાળી, મુક્તો બેસે જોઈ આસન વાળી;
કટિલંક જોઈને રે મનમાં, મૃગપતિ લાજી રહ્યો મહાવનમાં. ૩
હરિએ ઉપવીત રે ધારી, મુનિનાં મનને આનંદકારી;
નીરખી આનંદ રે પામી, આવા રૂડા પ્રેમસખીના સ્વામી. ૪

## ૬૬. રાગ : ખમાચ

### પદ—૧

**સહજાનંદ હરિ રે ભજ મન, સહજાનંદ હરિ.** ભજ૦
શુક નારદ સનકાદિક શંભુ, સેવત ધ્યાન ધરી. ભજ૦
પુરુષોત્તમ પરિબ્રહ્મ પુરાતન, તેહી સંગ પ્રીત કરી. ભજ૦
પૂર્વ દેશ અવધપુર પાસે, છપૈયામેં દેહ ધરી. ભજ૦
અવધપ્રસાદ એહી હરિસંગે, જાય સબ પાપ જરી. ભજ૦

### પદ—૨

સહજાનંદ ઉર ધારી ભજ મન, સહજાનંદ ઉર ધારી. ભજ૦
સહજાનંદ પરમસુખ મૂર્તિ, નૈન નસેજુ નિહારી. ભજ૦
શ્વેત બસન ધારે તનસુંદર, જન મલેત સુખકારી. ભજ૦
શ્વેત પાઘ શિર નાથ વિરાજિત, કેસર તિલક હે ભારી. ભજ૦
અવધપ્રસાદ સહજાનંદ શરણે, લાગી લગન એક તારી. ભજ૦

### પદ—૩

સહજાનંદ સુખકારી ભજ મન, સહજાનંદ સુખકારી. ભજ૦
વામ શ્રવણ બીચ શ્યામ બિંદુ તિલ, ધ્યાન ધરત નરનારી. ભજ૦
કાનોમેં કુંડળ મકરાકૃત ધારી, ઉર પર હાર હજારી. ભજ૦

નાશિકા નિકટ તિલ એક સુંદર, ચંચળ ચિત્તવની સારી. ભજ૦
અવધપ્રસાદ નિરંતર અંતર, ઉર્ધ્વ રેખા ચિત્ત ધારી. ભજ૦

### પદ ૪

સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ભજ૦
શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ભજ૦
સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ભજ૦
શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ. ભજ૦
અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ભજ૦

## ⊛૬૭. રાગ : ગરબી

**સ્વામિનારાયણ નામની જપો માળા રે, સર્વે અંગ સંભારી રૂપાળા;**
સ્વામિનારાયણ નામની જપો માળા. ટેક૦
પગે દસે આંગળિયું દેખી રે, ફણા ઘૂંટી પેની જુગ પેખી રે;
ફેરો માળાખટ દશ લેખી. સ્વામિનારાયણ૦
જંઘા જાનુ ઊભે ઉરુ જોઈ રે, નાભિ ઉદર છે સ્તન દોઈ રે;
ફેરો માળા દશ ચિત્ત પ્રોઈ. સ્વામિનારાયણ૦
ભુજ દો કર દશ આંગળી રે, કંઠ ચિબુકને મુખ વળી રે;
તેની માળા પંચ દશ મળી. સ્વામિનારાયણ૦
નાસા નયણ શ્રવણ સંભારી રે, ભૃહભાલ શિષ પર વારિ રે;
માળા નવ ફેરો નરનારી. સ્વામિનારાયણ૦
એમ પૂરણ માળા પચાશરે, ભજતાં ભવ દુઃખનો નાશ રે;
કહે નિષ્કુળાનંદ પ્રકાશ. સ્વામિનારાયણ૦

## ⊛૬૮. રાગ : ઠુમરી

હરિ બાનક બસ ગઈ અંતરમેં, રતિવર ગરવ હરે રે. ટેક૦
એસી છબી કોઈ આ દુનિયામેં, ઓર નજર નહિ આવે રે;
અંગ અંગ સુંદર છબી છાઈ, હેરત નજર ઠરે રે. હરિ૦
જાકી ઉપમા કવિ નહિ પાવે, કહત શેષ સકુચાવે રે;
જેહી દેખી નહિ ઓર સોહાવે, દેખત પાપ જરે રે. હરિ૦
લાવણ્યસાર દયા દિલ જાને, દેખી વદન વિધુ લાજે રે;
કૃષ્ણાનંદ હરિ સુરત હેરી, ભુવન ભોગ વીસરે રે. હરિ૦

## ⊛૬૯. રાગ : ધોળ

### પદ—૧

હેલી જોને આ ધર્મકુમાર, સલુણો શોભતા;
ચાલે મદઝર ગજની ચાલ, રસિક ચિત્ત લોભતા. ૧
પ્યારી લાલ સુરંગી પાઘ, અલૌકિક બાંધણી;
છુટા પેચ ઝુક્યા ચહુકોર, અધિક શોભા બણી. ૨
રૂડી રાજે છે નલવટ રેખ, મનોહર માવને;
જોતાં કેશર તિલક અનુપ, વધારે ભાવને. ૩
ઊભા અળવ કરે અલબેલ, સખાના સંગમાં;
ખેલે બ્રહ્માનંદનો નાથ, રાજેશ્વર રંગમાં. ૪

### પદ—૨

શોભે સુંદરવરને શીશ, કલંગી વાંકડી;
પુખરાજ પિરોજા લાલ, મોતીડેથી જડી. ૧
તોરો ફૂલતણો નવરંગ, મોલીડા ઉપરે;
જોઈને શ્રી ઘનશ્યામ સ્વરૂપ, મારાં નેણાં ઠરે. ૨

સખી આંટાદર અનુપ, પિયાજીની પાઘડી;
તે તો વિસરે નહિ પલ એક, જીવડલામાં જડી. ૩
લળકે કુંડળ કાનુમાંય, મોંઘા મુલનાં;
બાંધ્યા બ્રહ્માનંદને નાથ, કે બાજુ ફૂલનાં. ૪

## પદ—૩

આંખડલી શરદ સરોજ, રસીલા લાલની;
દેખી મનડું પામે મોહ, તિલક છબી ભાલની. ૧
નાસા સુંદર દીપ સમાન, અધિક શોભી રહી;
મુખ નીરખીને શશિયર જ્યોત, ગગન ઝાંખી થઈ. ૨
લીધી લટકાળે ધર્મલાલ, કે હાથ કબાંણને;
એની ચટક રંગીલી ચાલ, હરે મન પ્રાણને. ૩
કાજુ મોતીડે જડિત કટાર, કમર કસી લીધલો;
નીરખી બ્રહ્માનંદ કહે જન્મ, સુફળ મારો કીધલો. ૪

## પદ—૪

સખી કેશરભીનો નાથ, ઠરે જોઈ છાતડી;
રૂડી આંખડલીમાં રેખ, મનોહર રાતડી. ૧
બેની સાંભળતાં ગુલતાન, થઈ એના ગીતમાં;
રસિયાવર કેરો રંગ, ચડ્યો મારા ચિત્તમાં. ૨
સમજાવી મુને ઘનશ્યામ, નેણું કેરી સાનમાં;
મુને મગન કરી મસ્તાન, અમૃત રસ પાનમાં. ૩
કાજુ[૧] રાજે છે ગૌર કપોળ, સુભગ તીલ ત્રાજવી;
શોભે બ્રહ્માનંદનો નાથ, રસીલો રાજવી. ૪

૧. સારૂં.

‘બ્રહ્મમોલના વાસી રે,
ભૂતલ નરદેહ ધારી;
મુનિમંડળ સંગે રે,
લીલા અદ્‌ભુત કરી.’

## હોળી

**⊛૭૦.** રાગ : ગરબી

**કહું વાત અલૌકિક રે, સાંભળ સૈયર મારી;**
મુક્તિના મારગની રે, ઉઘાડી દઉં બારી. ૧
બ્રહ્મમોલના વાસી રે, ભૂતલ નરદેહ ધરી;
મુનિમંડળ સંગે રે, લીલા અદ્‌ભુત કરી. ૨
ઉનમત્ત ગંગામાં રે, ના'તા વાલો જઈને;
બેસતા ખળ ખળીએ રે, અંગે ઉઘાડા થઈને. ૩
કાન નાક દાબીને રે, ડૂબકી દેતા હરિ;
ચાલતાં જળ માથે રે, જેમ ફણા શેષ ધરી. ૪
પાણી વે'તે પૂરે રે, સખા બહુ તણાતા;
તેને જોઈ જોઈને રે, જીવન રાજી થાતા. ૫
પેરતા પિતાંબર રે, નીસરી જળ બાર;
ચાલતા ધીરે ધીરે રે, ઘોડે થઈ અસવાર. ૬
શ્રીનગરમાં રે, હોળી ખેલતા હરિ;
રંગ નાખતા રસિયો રે, થાળીએ ભરી ભરી. ૭
મુનિ મંડલ સોતા રે, રંગે થઈને રાતા;
કરીને અસવારી રે, સાબર ના'વા જાતા. ૮
નારાયણ ઘાટે રે, ના'તા હરિવર જઈને;
નીર વે'તાં ગંગાનાં રે, રંગે રાતાં થઈને. ૯
એવા દીઠા તે દિને રે, હું તો આનંદ પામી;
ઘનશ્યામ સલુણો રે, ભૂમાનંદનો સ્વામી. ૧૦

### ⊛૭૧. રાગ : ગરબી

**જુઓ જુઓને હાં હાં રે જુઓ જુઓને,**

સાહેલીઓ આજ રસિયો રાસ રમે;
પંચાળામાં હાં હાં રે પંચાળામાં, શ્રીજીમહારાજ. રસિયો૦
નિર્મળ રજની છે અજવાળી, નિર્મળ વેલી વન રે;
નિર્મળ મનના નીજ સખામાં, નિર્મળ પ્રાણજીવન. રસિયો૦
દીવાની માંડવડી વચ્ચે, જાણે દીપક ઝાડ રે;
ફરફર જનમાં ફેરા ફરતાં, કરતા રસની રાડ. રસિયો૦
તાળી પાડે અંતરજામી, મુનિ સાથે મુનિનાથ રે;
ઇન્દ્રાદિક જોવાને આવ્યા, શિવ બ્રહ્મા સંગાથ. રસિયો૦
શ્યામ વર્ણને નીજ શરીરે, સોનેરી શણગાર રે;
ગગન વિશે જેમ વીજળી ઝબકે, શોભે એમ અપાર. રસિયો૦
પાઘ વિષે છોગાં છેલાને, કમર કસી કરી જોર રે;
ઊલટ સુલટ હરિવર નાચે છે, શ્રીહરિ ધર્મકિશોર. રસિયો૦
ઊંચા સ્વરથી તાન ઉપાડે, જન સંગ જીવન પ્રાણ રે;
સારો સ્વર કોઈ સુણી સખાનો, વ્હાલો કરે વખાણ. રસિયો૦
ધીમ ધીમ ધીમ ધીમ દુકડ વાગે તનનન તનનન સતાર રે;
ઝાંઝ વગાડે ઝણણણ ઝણણણ, ભેરીના ભણકાર. રસિયો૦
ધન્ય ધન્ય પંચાળાની ધરણી, ધન્ય ધન્ય ઝીણાભાઈ રે;
ધન્ય ધન્ય ધન્ય છે ધર્મકુંવરને, રાસ રમ્યા સુખદાઈ. રસિયો૦
પંચાળામાં એવા જનને, આપ્યાં સુખ અપાર રે;
વિશ્વવિહારીલાલજી કેરો, ધન્ય ધન્ય આ અવતાર. રસિયો૦

## ⊛૭૨. રાગ : કાફી

### પદ—૧

**નાના ગ્રાસ[1] લેવત મન ગમતા, નેણાં ભરી જોયા રે હરિ જમતા.** ટેક૦
ઓઢી ઉપરણી રાખી કાન ઉઘાડા, શોભાનિધિ ઘણું ગમતા. નેણાં૦
વારે વારે જલપાન કરે હરિ, રમુજ કરીને ઘણું ગમતા. નેણાં૦
એ છબી જોવા સારુ ભવબ્રહ્માદિક, ભાવસહિત કેડે ભમતા. નેણાં૦
દેવાનંદ કહે જન્મ સુફળ કરી, નિત્ય ચરણોમાં જઈ નમતા. નેણાં૦

### પદ—૨

લાડુ પીરસે પંગતમાં આઈ, સલુણી છબી સહજાનંદ સુખદાઈ. ટેક૦
ખભા ઉપર આડો ખેશ બાંધીને, જોઈ રહ્યા જન લલચાઈ. સલુણી૦
બરફી જલેબી લાડુ સુતરફેણી, બહુવિધિ પાક બનાઈ. સલુણી૦
નીજદાસન સંગ હાસ કરી કરી, જોરાવરેશું જમાઈ. સલુણી૦
દેવાનંદના નાથ દયાળુ, હસી હસી હેત જણાઈ. સલુણી૦

## ⊛૭૩. રાગ : ગરબી

### પદ—૧

**પુરુષોત્તમ પૂરણ બ્રહ્મ, સહજાનંદ સ્વામી;**
જેને ભજતાં છૂટે કરમ, સહજાનંદ સ્વામી. ૧
હરિકૃષ્ણ નારાયણ દેવ, સહજાનંદ સ્વામી.
કરીએ નિત્ય જેની સેવ, સહજાનંદ સ્વામી. ૨
જેનો અક્ષરમાં છે વાસ, સહજાનંદ સ્વામી.
સમરિયે શ્વાસો શ્વાસ, સહજાનંદ સ્વામી. ૩

---

૧. કોળિયો.

જેને નિગમ નેતિ કરી ગાયે, સહજાનંદ સ્વામી;
જેને શિવ બ્રહ્માદિક ધ્યાયે, સહજાનંદ સ્વામી. ૪
જેનો પાર ન પામે શેષ, સહજાનંદ સ્વામી;
કીધો નર નાટક વેશ, સહજાનંદ સ્વામી. ૫
થયા સદ્‌ગુરુ રૂપે આજ, સહજાનંદ સ્વામી;
હરિ પ્રેમાનંદને કાજ, સહજાનંદ સ્વામી. ૬

**પદ—૨**

પૂરવમાં ધર્યો અવતાર, સહજાનંદ સ્વામી;
કરી લીલા અનંત અપાર, સહજાનંદ સ્વામી. ૧
કર્યો પાવન પૂર્વ દેશ, સહજાનંદ સ્વામી;
હરિ ફર્યા તપસીને વેશ, સહજાનંદ સ્વામી. ૨
કૌતુકમય બાળ ચરિત્ર, સહજાનંદ સ્વામી;
સાંભળતા થઈએ પવિત્ર, સહજાનંદ સ્વામી. ૩
ધરી બાળરૂપ મહારાજ, સહજાનંદ સ્વામી;
વિચર્યા સુરમુનિ શિરતાજ, સહજાનંદ સ્વામી. ૪
કોઈ ગ્રામ નગર દરબાર, સહજાનંદ સ્વામી;
કર્યા અનંત જીવ ઓધાર, સહજાનંદ સ્વામી. ૫
ઓધાર્યા પશુ નરનાર, સહજાનંદ સ્વામી;
પ્રેમાનંદ તારણહાર, સહજાનંદ સ્વામી. ૬

**પદ—૩**

ફર્યા દેશ વિદેશ નાથ, સહજાનંદ સ્વામી;
બહુ મુનિ વૃંદ લઈ સાથ, સહજાનંદ સ્વામી. ૧
ફર્યા વન પર્વતમાં વીર, સહજાનંદ સ્વામી;
કંઈક નદી તળાવને તીર, સહજાનંદ સ્વામી. ૨

અવધૂત અલક્ષને વેશ, સહજાનંદ સ્વામી;
ઊપવિત અનુપમ કેશ, સહજાનંદ સ્વામી. ૩
એક રાખે મૃગાજીન, સહજાનંદ સ્વામી;
વલકલની કરી કોપીન, સહજાનંદ સ્વામી. ૪
હરિ ત્યાગ વૈરાગ્યે યુક્ત, સહજાનંદ સ્વામી;
જાણે કોઈ વિરલા મુક્ત, સહજાનંદ સ્વામી. ૫
હરિ જોગ કળાના જાણ, સહજાનંદ સ્વામી;
વહાલો પ્રેમાનંદના પ્રાણ, સહજાનંદ સ્વામી. ૬

## પદ—૪

એ રીતે નાથ સુજાણ, સહજાનંદ સ્વામી;
વિચર્યા હરિ જીવનપ્રાણ, સહજાનંદ સ્વામી. ૧
વય વર્ષ અગિયાર બાર, સહજાનંદ સ્વામી;
દેહે અતિ કૃશ શ્રીહરિ, સહજાનંદ સ્વામી. ૨
કરે કંદ મૂળનો આહાર, સહજાનંદ સ્વામી;
ક્યારેક રહે વાયુ આધાર, સહજાનંદ સ્વામી. ૩
ક્યારેક કરે તે જલપાન, સહજાનંદ સ્વામી;
વિચરે નહિ દેહનું ભાન, સહજાનંદ સ્વામી. ૪
નાસા પર દૃષ્ટિ નિશાન, સહજાનંદ સ્વામી;
નાનકડા ભીને વાન, સહજાનંદ સ્વામી. ૫
દીસંતા અતિ ઉદાસ, સહજાનંદ સ્વામી;
કર્યો પ્રેમાનંદ ઉર વાસ, સહજાનંદ સ્વામી. ૬

## પદ—૫

હરિ શોભાના છે પૂર, સહજાનંદ સ્વામી;

વૈરાગ્ય ત્યાગમાં પૂર, સહજાનંદ સ્વામી. ૧
હરિ જ્ઞાન તણા દરિયાવ, સહજાનંદ સ્વામી;
જાણે યોગ કળાના દાવ, સહજાનંદ સ્વામી. ૨
નાનકડાં દીસે બાળ, સહજાનંદ સ્વામી;
જોઈને અતિ કંપે કાળ, સહજાનંદ સ્વામી. ૩
હરિ શોભે સદા સ્વરાટ, સહજાનંદ સ્વામી;
ધરી સુંદર વર નર નાટ, સહજાનંદ સ્વામી. ૪
ફર્યા તિરથ બહુ મહારાજ, સહજાનંદ સ્વામી;
મુમુક્ષુ જનને કાજ, સહજાનંદ સ્વામી. ૫
એમ વિચર્યા ત્રિભુવન વૃંદ, સહજાનંદ સ્વામી;
બલિહારી પ્રેમાનંદ, સહજાનંદ સ્વામી. ૬

## પદ—૬

એની લીલાનો લવલેશ, સહજાનંદ સ્વામી;
થાકે કહી શારદ શેષ, સહજાનંદ સ્વામી. ૧
એના ગુણનો માપ ન થાયે, સહજાનંદ સ્વામી;
કવિ કોવિદ કેમ કરી ગાયે, સહજાનંદ સ્વામી. ૨
હરિ પૂરવેથી જદુરાય, સહજાનંદ સ્વામી;
પધાર્યા દક્ષિણ માંહ્ય, સહજાનંદ સ્વામી. ૩
કર્યા દક્ષિણ ચરિત્ર અપાર, સહજાનંદ સ્વામી;
કહેતાં નવ થાયે નિરધાર, સહજાનંદ સ્વામી. ૪
પધાર્યા તૈલંગ આપ, સહજાનંદ સ્વામી;
લીધી તોતા દ્રિયે છાપ, સહજાનંદ સ્વામી. ૫
દક્ષિણમાં સર્વે ધામ, સહજાનંદ સ્વામી;
ફર્યા પ્રેમાનંદનો નાથ, સહજાનંદ સ્વામી. ૬

## પદ—૭

મેલ્યો દક્ષિણનો સાથ, સહજાનંદ સ્વામી;
કરી સુરત દ્વારિકાનાથ, સહજાનંદ સ્વામી. ૧
અણલીની ને અવધૂતવેશ, સહજાનંદ સ્વામી;
પધાર્યા પશ્ચિમ દેશ, સહજાનંદ સ્વામી. ૨
કર્યો પશ્ચિમ પાવનરૂપ, સહજાનંદ સ્વામી;
પધાર્યા સુરમુનિના ભૂપ, સહજાનંદ સ્વામી. ૩
થર્યા નદિયે નિરમલ નીર, સહજાનંદ સ્વામી;
આવ્યા નારાયણ ધીર, સહજાનંદ સ્વામી. ૪
પશુ પક્ષી નર ને નાર, સહજાનંદ સ્વામી;
કરે ભક્તિ જ્ઞાન વિચાર, સહજાનંદ સ્વામી. ૫
પ્રમાનંદ કે' આવ્યા આપ, સહજાનંદ સ્વામી;
છાયો પશ્ચિમ પ્રતાપ, સહજાનંદ સ્વામી. ૬

## પદ—૮

પધાર્યા સુરત શહેર, સહજાનંદ સ્વામી;
હરિ કરતા લીલા લહેર, સહજાનંદ સ્વામી. ૧
રેવા મહિ ઊતર્યા ઘાટ, સહજાનંદ સ્વામી;
હરિ આવ્યા હરિજન માટ, સહજાનંદ સ્વામી. ૨
સાબરમતી ઊતર્યા ઘનશ્યામ, સહજાનંદ સ્વામી;
હરિ પાવન પૂરણ કામ, સહજાનંદ સ્વામી. ૩
આવ્યા ભાવપુરી ભગવાન, સહજાનંદ સ્વામી;
સર્વે સામર્થી નહિ ઊરમાન, સહજાનંદ સ્વામી. ૪
પંચ તિરથમાં એક ગામ, સહજાનંદ સ્વામી;
તેનું શહેર લોઢવા નામ, સહજાનંદ સ્વામી. ૫

ત્યાં આવ્યા પૂરણચંદ, સહજાનંદ સ્વામી;
બલિહારી પ્રેમાનંદ, સહજાનંદ સ્વામી. ૬

## ૭૪. રાગ : જંગલો

**બોલો બોલો રે જોગી બાલુડા, ક્યાંથી આવિયા;**
આપજી દેહ ધર્યો કીયા દેશમાં,
કોણ માત ને કોણ બાપજી. બોલો૦
બાળપણામાં બટુક તમે, કેમ લીધો વૈરાગ્યજી;
સગાંને સંબંધી તણો તમે,
કહો કેમ કર્યો ત્યાગજી. બોલો૦
માતપિતાએ પ્રેમ કરી, ન લડાવ્યાં શું લાડજી;
કે ભાઈથી ને ભોજાઈથી,
રિસાયા કરી રાડજી. બોલો૦
કાયા તમારી છે કોમળી, પાદુકા નથી પાયજી;
વાટમાં કાંટા ને કાંકરા,
તેમાં કેમ ચલાયજી. બોલો૦
ટાઢ ને તડકો બહુ પડે, તે કેમ સહન કરાયજી;
ઝડિયું પડે રે વરસાદની,
કહો કેમ ખમાયજી. બોલો૦
પૃથ્વી ઉપર પોઢતા હશો, પાથર્યો નહિ પલંગજી;
ખરેખર ખૂંચતું હશે,
આવું કોમળ અંગજી. બોલો૦
કોણ સેવા કરતું હશે, સાચો રાખી સ્નેહજી;
ભૂખ તરસ વેઠતા હશો,

દીસે દુર્બળ દેહજી. બોલો૦

કમળ કે પુષ્પ ગુલાબનું, એવું શોભે શરીરજી;
દેખી દયા અમને ઊપજે,
આવે નયનમાં નીરજી. બોલો૦

ચંદ્ર કે ઇન્દ્ર દિનેશ છો, કે શું શંભુ સ્વરૂપજી;
કાં તો અક્ષરપતિ આપ છો,
કોટિ ભુવનના ભૂપજી. બોલો૦

છત્ર ચમર ધારવા યોગ્ય છો, ભાગ્યવંત છો ભ્રાતજી;
તે જોગી થઈ જગતમાં ફરો,
એ તો આશ્ચર્ય વાતજી. બોલો૦

હાથી ઘોડા રથ પાલખી, તમને વિમાન હોયજી;
તે તમે વિચરો છો એકલા,
કેમ કળી શકે કોયજી. બોલો૦

જે તન ઉપર જોઈએ, હીરા મોતીના હારજી;
તે તન ઢાંક્યું મૃગચર્મથી,
નથી સજ્યો શણગારજી. બોલો૦

જે શિર ઉપર જોઈએ, મણિ જડિત મુગટજી;
તે શિર ઉપર જણાય છે,
જોતાં આજ જટાજુટજી. બોલો૦

કંચન કેરી કટોરીઓ, જળ પીવાને જોગજી;
તે તમે રાખી છે તુંબડી,
તેવા ભોગવો ભોગજી. બોલો૦

વર્ણી લાગો છો વહાલા ઘણા, આવો અમારે ઘેરજી;

જુગતે કરીને જમાડીએ,
રસોઈયું રૂડી પેરજી. બોલો૦
આશિષ અમને આપીએ, ધરી ઉરમાં વહાલજી;
નિત્ય અમારું રક્ષણ કરો,
વિશ્વવિહારી લાલજી. બોલો૦

## ⊛૭૫. રાગ : માઢ

### પદ—૧

**માણકીએ ચડ્યા રે ઘનશ્યામ સુખકારી,**
શોભે રૂડી કરમાં લગામ અતિ સારી;
માણકીએ ચડ્યા રે ઘનશ્યામ સુખકારી. ટેક૦
માણીગર સૌને કહે છે થાઓ ત્યાર,
મુનિ વરણી પદાતી ને અસવાર; માણકીએ૦
વ્રતપુરી જાવા કર્યો નિરધાર.
કેસર[૧] બેરી[૨] બોદલી[૩] ને ફૂલમાળ[૪],
તાજણ[૫] તીખી[૬] વાંગળીનો[૭] ઘણો તાળ;
શોભે ઘણા વા'લા લાગે છે મરાળ. માણકીએ૦
પ્રેમીભક્ત વિનંતી કરે દોડીદોડી,
લોહચમકતુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી. માણકીએ૦
આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી,
જાઓ પ્રભુ હરિનવમી નથી દૂરી;
સેવક દાસ પ્રેમાનંદ હજૂરી. માણકીએ૦

૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭. ઘોડીની જુદી જુદી જાતો.

## પદ—૨

વાલમજી વે'લા વળજો ગઢપુર,
  વ્રતપુરી નથી દેશાંતર દૂર;
    વાલમજી વે'લા વળજો ગઢપુર. ટેક૦
માણકીનો વેગ દેખ્યો સૂણ્યો કોઈ,
  આકાશેથી તારો ખર્યો જાણું જોઈ;
    ગરુડ લાજ લોપી માણકીએ સોઈ. વાલમજી૦
મન વેગે ગાંફ જઈ રહ્યા રાત,
  સીંજીવાડે સ્વામી ગયા પરભાત;
    હાં હાં કરતાં વડતાલમાં ગઈ વાત. વાલમજી૦
વ્રતપુરી હાલ કિલોલ આનંદ,
  સમૈયે ચાલો આવ્યા જગવંદ;
    ભલે ભલે સ્વામી તમે સહજાનંદ. વાલમજી૦
વાજાં વાગે આવ્યા નારાયણસ્વામી,
  સભા મધ્યે શોભે હેલી બહુનામી;
    પ્રેમાનંદ કહે અક્ષરધામના ધામી. વાલમજી૦

## પદ—૩

ડોલરિયો જમવા ઊઠ્યા રંગરેલ,
  માણીગર અળવ ભર્યો અલબેલ;
    ડોલરિયો જમવા ઊઠ્યા રંગરેલ. ટેક૦
જમ્યા વ્હાલો સંતને પીરસવા આવ્યા,
  મોતીચૂર થાળ ભરીને મંગાવ્યા;
    પંચ વાર ફર્યા સંતને હરાવ્યા. ડોલરિયો૦
પોઢ્યા વ્હાલો બંગલે જઈને સુખકારી,
  જાગ્યા સાંજે સભા કરી બહુ સારી;

ધન્ય ધન્ય બે આંબા અઘહારી. ડોલરિયો૦
જુગલ કુંડ રંગના કરાવેલ તાલ,
ત્યાં તો શોભે ઉર્વી[૧] ઘણી રે વિશાળ;
આવ્યા સંઘ ઘણા ઘણા સાયંકાળ. ડોલરિયો૦
દર્શન બહુ આપ્યાં તમે સુખધામ,
ઘોડે ચડી સંઘમાં ફર્યા ઘનશ્યામ;
પ્રેમાનંદ કહે બંગલે ગયા ભગવાન. ડોલરિયો૦

## પદ—૪

સવારે ગોમતી ગયા ભગવાન,
રટે ત્રણ લોક નારાયણ નામ;
સવારે ગોમતી ગયા ભગવાન. ટેક૦
આજ હરિનવમી જનનો હિલોળ,
સત્સંગી સર્વે કરે છે કિલોલ;
માન તાન ઉત્સવ ઝાંઝ ઝકોળ. સવારે૦
આવ્યા હેલી મંદિરમાં મતવાલો,
સંતસભા મધ્યે શોભે ધર્મલાલો;
સત્સંગી પૂજા કરવાને ચાલો. સવારે૦
પૂજા કરી આરતી ભક્ત ઉતારે,
સંત સભા મૂર્તિ અંતરમાં ધારે;
રઢિયાળો લટકાં કરીને રીઝાવે. સવારે૦
દસ દિવસ જમી જમાડી સીધાવ્યા,
વ્રતપુરીવાસી ગઢપુર આવ્યા;
પ્રેમાનંદ કહે મોંઘે મોતીડે વધાવ્યા. સવારે૦

૧. પૃથ્વી, જમીન.

## ७६. राग : पीलु

લોજની વાવ ઉપર અવતારી,
બેઠા આવી બટુક બ્રહ્મચારી. લોજ૦
નારી નગરની આવી જળ ભરવા,
તેણે નિરખ્યાં નવલવિહારી. લોજ૦
દુર્બળ દેહ દેખી દયા ઊપજી,
નાથજી પ્રત્યે ખોલી સર્વે નારી. લોજ૦
બટુક તમે કીયે દેશ વસો છો,
કોણ પિતા કોણ માત તમારી. લોજ૦
કેમ ત્યજ્યું ઘરબાર કહોજી,
રીસથી કે વૈરાગ્યથી વિચારી. લોજ૦
કોમળ કમળ સમાન તનુ છે,
દેખી દયા ઊપજે ઉર ભારી. લોજ૦
વિચર્યા હશો કેમ કરી વનમાં,
જેમ વાઘ વરુ ભય કારી. લોજ૦
ભૂખડીમાં કોણ સુખડી દેતું,
નિર્મળ કોણ પાતું હશે વારિ. લોજ૦
ઝડિયો પડે વરસાદની જ્યારે,
કોણ ધરતું હશે છત્રી સંભારી. લોજ૦
આ તનને ઘટે શાલ દુશાલ,
તે તમે વલ્કલ લીધાં છે ધારી. લોજ૦
કંચન ઝારી ઘટે જળ પીવા,
તે તમે કરમાં ધરી છે કટારી. લોજ૦
જે શિર ઉપર મુગટ શોભે,
તે શિર ઉપર જટા આપે વધારી. લોજ૦

વાહન હાથી ઘોડા ઘટે છે,
મોજડી પણ તમે મેલી વિસારી. લોજ૦
વર્ણીજી વ્હાલા વિશેષ લાગો છો,
જોઈ મૂર્તિ ઠરે વૃત્તિ અમારી. લોજ૦
બોલો બોલો બાળ બ્રહ્મચારી,
આપ તણી છબી વિશ્વથી ન્યારી. લોજ૦
સૂરજ છો કે સદાશિવ છો જી,
કે અક્ષરપતિ આવ્યા શ્રીહરિ. લોજ૦
જે પિતામાતા થકી તમે પ્રગટ્યા,
ધન્યધન્ય તે જગમાં જયકારી. લોજ૦
ચાલો બટુક તમે ભવન હમારે,
જુગતે રસોઈ જમાડીશું સારી. લોજ૦
શોભા જોઈ તમારા શરીરની,
કોટિક કામ તણી છબીહારી. લોજ૦
શાલીગ્રામનો બટવો ગળામાં,
જમણા કરમાં જપમાળા. લોજ૦
વિશ્વવિહારી લાલ અમારું,
રક્ષણ કરજો સદા સુખકારી. લોજ૦

## ✪૭૭. રાગ : ભૈરવ-પ્રભાતી

શ્રી ઘનશ્યામ છબીલે છેલે, ગઢડું ઘેલું કીધું રે;
સમૈયા રંગ ઉત્સવ કરીને, દિવ્ય સુખડું દીધું રે. શ્રી૦
હૈયાં હરખ્યાં અંતર નાચ્યાં, રાચ્યાં ઘનશ્યામને રંગે રે;
શુધ બુધ શરીરની ભૂલી, રમતા રસિયા સંગે રે. શ્રી૦

રંગે રમાડ્યા ને જુગતે જમાડ્યા, લાવ અલૌકિક દીધો રે;
કોટિ ભૂવનનો કર્તા હર્તા, ભક્તજને વશ કીધો રે. શ્રી૦
આ સમાની વાત અલેખે, શેષ પાર કેમ પાવે રે;
ગઢડા તોલે ગોકુળ મથુરા, કાશી કેદાર નાવે રે. શ્રી૦
ગઢડું મારું હું ગઢડાનો, નથી કેદી મટવાનો રે;
'લક્ષ્મીનારાયણદાસે' સુણ્યો, હૃદયગત મત માવાનો રે. શ્રી૦

## ૭૮. રાગ : ધોળ

**સર્વે સખી જીવન જોવાને ચાલો રે,**
શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે. સર્વે૦
એની શોભા મુખે વર્ણવી ન જાય રે,
જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે. સર્વે૦
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે,
છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે. સર્વે૦
મળ્યાં આવે મહામુનિના વૃંદ રે,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ રે. સર્વે૦
ભક્તો ને મુક્તો ઉત્તમ જશ ગાવે રે,
નૃત્ય કરે સંતો વાજિંત્રો બજાવે રે. સર્વે૦
નિજ સખા ચમર કરે લઈ હાથ રે,
આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે. સર્વે૦

## ૭૯. રાગ : ગરબી

**સ્નેહભર્યાં નયને નિહાળતા હો,**
વંદન આનંદ ઘનશ્યામને;

અમીમય દૃષ્ટિએ નિહાળતા હો,
વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહભર્યાં૦
છપૈયાપુરમાં વાલો આપે પ્રગટ થયા,
ધર્મ ભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા;
સંતોને આનંદ ઉપજાવતા હો,
વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહભર્યાં૦
બાળ ચરિત્ર કરી આપે વન વિચર્યા,
તીર્થોમાંહી ફરી જીવો પાવન કર્યા;
નીલકંઠ નામ ધરાવતા હો,
વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહભર્યાં૦
વલકલ[૧] વસ્ત્ર ધરી પુલહાશ્રમે રહ્યા,
બ્રહ્મરૂપ તેજ જોઈ મોટા જોગી થયા;
નિજ સ્વરૂપ સમજાવતા હો,
વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહભર્યાં૦
લોજપુર ધામ રહી સર્જુદાસ કા'વિયા,
સર્વોપરી જ્ઞાન કહી સંતોને રીઝાવિયા;
મુક્તાનંદ પ્રેમથકી પૂજતા હો,
વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહભર્યાં૦

૧. પાંદડા તથા ઝાડની છાલમાંથી બનેલાં વસ્ત્ર.

‘આવો રૂડો અવસર રે,
ઓળખવા એક હરિ;
મોંઘો મનુષ્યતન રે,
નાવે તારે ફરી ફરી.’

## ૮૦. રાગ : ગરબી

**અભાગી અંધ માનને શિખામણ માહરી,**

બુદ્ધિ તો ફરે છે તારી બાહરી. અ૦
અમૂલખ અવસર જાય છે, શાને તું ખોટ ખરી ખાય છે. અ૦
પારસ જાય છે ગુંજા પાડમાં, વાટ તું મૂકીને ચાલ્યો વાડમા. અ૦
આડું બોલતાં કેમ આવડે, મોહચકડોળે ચિત્ત કાં ચડે. અ૦
જાણીને જાય છે જમ હાથમાં, લખ ચોરાશીના સાથમાં. અ૦
સમજી ન શક્યો સુખ પેરને, જાણીને ખાધું તેં જઈ ઝેરને. અ૦
વચન ન માન્યાં સંતશીખના, ખોળીને ખાધાં ફળ વિખના. અ૦
નિષ્કુળાનંદ કહે તને, ચેતી જો શકે તો હજુ ચેતને. અ૦

## ૮૧. રાગ : ગરબી

### પદ—૧

**અવસર આવ્યો રે સારો, વરીએ હરિવર ધર્મ દુલારો.** અવસર૦
અંતર વિચારી રે જોવું, ખોટા સંગ ન જીવતર ખોવું. અવસર૦
તુચ્છ જગસુખને રે તજીએ, ભવદુ:ખ મેટણ હરિવર ભજીએ. અવસર૦
ધડક ન મનમાં રે ધરીએ, સગપણ શ્રીહરિજી સાથે કરીએ. અવસર૦
વહાલો બ્રહ્માનંદનો રે વરતાં, છોને દુરિજન દાઝી મરતાં. અવસર૦

પદ—૨

સગપણ કીધું રે સાચું, હવે હું રંગ બીજે નવ રાચું. સગપણ૦
અખંડ એવાતન રે મારું, હરિ વિના ધણી નવ બીજો ધારું. સગપણ૦
માથું જાતાં રે કેમ મેલું, બાંધ્યું મારે ધર્મ કુંવરથી બેલું. સગપણ૦
એ સુખ ન શકું રે વરણી, પૂરણ પુરુષોત્તમને પરણી. સગપણ૦
બ્રહ્માનંદ ઉપર રે હરિ રાજી, દુરિજન છોને મરતાં દાઝી. સગપણ૦

⊛૮૨. રાગ : ધોળ

**અવિદ્યા છે નકટી નાર, પ્રભુથી પાછી ભાગે જો;**
એનું કહ્યું કરે તેને સાથ, જમનું લારૂં લાગ જો. ૧
જમનું છે જબરૂં જોર, મારશે મોઢું બાંધી જો;
બોલો છો ફાટ્યા બોલ, આવડી શું આવી આંધી જો. ૨
બુડી મરો લાગે છે લાજ, વેણ શું વાંકાં કાઢો જો;
પ્રભુ વિના કાઢે જો બોલ, જીભડીને ઘસી વાઢો જો. ૩
હરિ ભજે લાગે છે લાજ, કૂડમાં કેવા રાજી જો;
મુક્તાનંદ કહે મૂરખ લોક, પાધરાં દીસે પાજી જો. ૪

⊛૮૩. રાગ : ચાબખો

**આવું તારું ધન રે જોબન ધૂળ થાશે,**
કંચન જેવી કાયા તે રાખમાં રોળાશે. આવું૦
ટાઢા ઉના રે તુને તાવ જ આવશે,
ને વસમું થઈને વિતાશે;
દાતણ પાણી ને નાહ્યા વિના તારી,
દેહ બધી ગંધાશે રે. આવું૦

બોલવા ચાલવા નહિ દીએ પ્રાણી,
તારી જીભલડી ઝલાશે;
શ્વાસ ચડશે, ને આંખો ફરકશે,
નાકની તે ડાંડી નમી જાશે રે. આવું૦
વૈદ્ય તેડાવે એની નાડી જોવરાવે,
કડવાં તે ઔષધ પાશે;
તૂટી એની બૂટી નહિ મળે,
એના જીવની શી ગતિ થાશે રે. આવું૦
એક બીજા વિના ઘડીએ ન ચાલે,
તે તારી ત્રિયા તો રંડાશે;
જુગો રે જુગનું છેટું પડ્યું પ્રાણી,
તારા નામની તે ચૂડીઓ ભંગાશે રે. આવું૦
ખોખરી દોણીમાં તારી આગ જ કાઢશે,
ને મસાણે લાકડા લેવાશે;
સઘળું કુટુંબ તને સળગાવી દઈ,
પછી બારમાના કાગળો લખાશે રે. આવું૦
દશ દિવસ તારું સુતક પાળશે,
ને દાઢી ને મૂછ મુંડાશે;
સઘળું સુતક કાઢી નાખીને,
પછી બારમાના સુખડાં ખવાશે રે. આવું૦
દયા ધર્મ ને ભક્તિ વિના તારું,
સઘળું દ્રવ્ય લુંટાશે;
દેવાનંદ કહે હરિ ભજ્યા વિના,
જમ છોટા મોટાને લઈ જાશે રે. આવું૦

## ⊛૮૪. રાગ : ગરબી

**આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ;**
મોંઘો મનુષ્યતન રે, નાવે તારે ફરી ફરી. આવો૦
ધન જોબન તન રંગ પતંગી, વણસે વારમવાર;
તે સારું તું જતન કરે છે, સ્વપ્નસમ સમજો આ સંસાર;
મેલી એને મરવું રે, ડરવું દિલ દોષ ધરી. આવો૦
વાસ કરે નિત્ય હરિના જનમાં, મનમાં માને વાત;
દાસપણું દેવતાને દુર્લભ, ભજેથી જન્મ મરણ દુઃખ જાય;
ભક્તિ કરજો ભાવે રે, ધર્મની ટેક ધરી. આવો૦
સૌમ્ય સ્વભાવ પરમ સુખ સંપત્તિ, એહ પામ્યાનો ઉપાય;
પ્રગટ સ્વરૂપને ઓળખજે, એવું દુર્લભ દેવ ગવાય;
એવું તન આવ્યું રે, લેજે મહારાજ વરી. આવો૦
માયાની મોટપ મિથ્યા, નથી ઘડીનો નિરધાર;
દેવાનંદ કહે ભજ દુઃખભંજન, કરુણાનિધિ એવા કિરતાર;
કઠણ વેળા માહે રે, લેશે તારા કારજ સરી. આવો૦

## ⊛૮૫. રાગ : ગરબી

**કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધનમાલ;**
અંતકાળે સગું નહિ કોઈનું રે. ટેક૦
સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે, એ છે જૂઠી માયા કેરી જાળ. અંત૦
મારું મારું કરીને ધન મેળવ્યું રે, તેમાં તારું નથી તલભાર. અંત૦
સુખ સ્વપ્ના જેવું છે સંસારનું રે, તેને જાતાં ન લાગે વાર. અંત૦
માટે સેવે તું સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધના તાપ. અંત૦
અતિ મોટા પુરુષને આશરે રે, બળે પૂર્વ જન્મનાં પાપ. અંત૦

એવું સમજીને ભજ ભગવાનને રે, સુખકારી સદા ઘનશ્યામ. અંત૦
દેવાનંદનો વહાલો દુ:ખ કાપશે રે, મનવાંછિત પૂરણ કામ. અંત૦

## ૮૬. રાગ : ગરબી

### પદ–૧

**કહું છું શિખામણ સારી રે, કે લેજે અંતરમાં ધારી. ૧**
પરત્રિયા માત સમ માને રે, કે કથા હરિની સુણજે કાને રે. ૨
પથર સમ પરધનને જાણે રે, કે અંતરમાં દયા ધરમ આણે રે. ૩
દારૂ ને માંસ થકી ડરજે રે, કે સોબત સંતતણી કરજે રે. ૪
કરમા વેર કોઈ સાથે રે, કે મરવું છે જાણે માથે રે. ૫
બ્રહ્માનંદ કહે સાચું પ્રાણી રે, કે ભૂખ્યાને દેજે અન્ન-પાણી રે. ૬

### પદ–૨

કહેજેમા કઠણ વચન કોઈને રે, કે ભરજે પગલાં તું જોઈને રે. ૧
કરે કાંઈક જીવતણું રૂડું રે, કે જગમાં રહેવાનું કુડું રે. ૨
કપટ છળ કોઈ દિન મત કરજે રે, કે ખોટી સાખ્યુંમા ભરજે રે. ૩
ફેલીને સંગ થાયમા ફેલી રે, કે જાવું છે જમડાંની ડેલી રે. ૪
તું અનર્થથી ડરતો રહેજે રે, કે શરણું સદ્ગુરુનું લેજે રે. ૫
બ્રહ્માનંદ કહે માને સાચું રે, કે કાયા તો રહેવાનું કાચું રે. ૬

### પદ–૩

તનડાની મમતા તું તજજે રે, કે હેતે હરિવરને ભજજે રે. ૧
વિચારી જો કાયા તારી રે, કે એમાં કઈ વસ્તુ સારી રે. ૨
રુધિર ને માંસ ભર્યું સારે રે, કે મળ ને મૂત્ર ઝરે બારે રે. ૩
અંતરમાં જોને તું ઊંડું રે, કીડા ને પાચ તણું કુંડું રે. ૪

ઉપરથી ચામ મઢ્યું આળુ રે, કે તેને માને છે રૂપાળું રે. ૫
બ્રહ્માનંદ કહે તન છે ખોટું રે, લેને તું હરિ શરણું મોટું રે. ૬

### પદ—૪

તપાસી જો થીર ન મળે તારું રે, કે વણ સમજે કહે છે મારું રે. ૧
મનોહર સુત ધન ને મેરી રે, કે છે જો તારા જીવતણાં વેરી રે. ૨
મેલી સરવેને અધવચ મરવું રે, કે જમડાને લેખું ભરવું રે. ૩
કરશે લેખાં કાગળિયા કાઢી રે, કે પીલશે ચીંચુડે પાડી રે. ૪
તે માટે જોઈને કર્મ કરજે રે, કે દિલમાં શ્રીહરિથી ડરજે રે. ૫
બ્રહ્માનંદના સ્વામીને રટજે રે, કે હીણા મારગથી હઠજે રે. ૬

## ⊛૮૭. રાગ : ધોળ

ઘડપણ કોણે મોકલ્યું;
જાણ્યું જોબન રહે સહુ કાળ. ઘડપણ૦
ઉંબર તો ડુંગર થયા રે,
પાદર થયા પરદેશ;
ગોળી તો ગંગા થઈ રે,
અંગે ઉજળા થયા છે કેશ. ઘડપણ૦
નહોતું જોઈતું તે શીદ આવીયું રે,
નહોતી જોઈ તારી વાટ;
ઘરમાંથી હળવા થયા રે,
કહેશે ખૂણે ઢાળો એની ખાટ. ઘડપણ૦
નાનપણે ભાવે લાડવા રે,
ઘડપણે ભાવે સેવ;
રોજ ને રોજ જોઈએ રાબડી રે,

એવી બળી રે ઘડપણની એ ટેવ. ઘડપણ૦

આંખે તો સૂઝે નહિ રે,
થરથર ધ્રૂજે કાય;
ખાધું તો અન્ન પચે નહિ રે,
વળી બેઠા તો નવ રહેવાય. ઘડપણ૦

પ્રાત: કાળે પ્રાણ માહરા રે,
અન્ન વિના અકળાય;
ઘરના કહે છે મરતો નથી રે,
તને બેસી રહેતા શું થાય. ઘડપણ૦

દીકરા તો જુજવા થયા રે,
વહુઅર દે છે ગાળ;
દીકરીઓને જમાઈ લઈ ગયા રે,
હવે ઘડપણના શ્યા રે હાલ. ઘડપણ૦

નવનાડીઓ જુજવી પડી રે,
આવી પહોંચ્યો કાળ;
બઈરાં છોકરાં ફટ ફટ કરે રે,
નાના મોટા મળી દે છે ગાળ. ઘડપણ૦

આવી વેળા અંતકાળની રે,
ત્યારે દીકરા પધાર્યા દ્વાર;
પાંસળીએથી છોડી વાંસળી રે,
તેણે લઈ લીધી તેણી વાર. ઘડપણ૦

એવું જાણી સહુ હરિ ભજો રે,
સાંભળજો સહુ સાથ;
પર ઉપકાર કરી પામશો રે,
જે કાંઈ કીધું હશે જમણે હાથ. ઘડપણ૦

એવું નફટ છે આ વૃદ્ધપણું રે,
મૂકી દો સહુ અહંકાર;
ધર્મના સત્ય વચન થકી રે,
મહેતા નરસિંહ ઊતર્યો ભવપાર. ઘડપણ૦

## ⊛૮૮. રાગ : જંગલો

**જગતમેં મત કીજો અભિમાન.** ટેક૦
પેટ અર્થ કૌ પાપ ન કીજો, દો દિનકે મીજબાન. જગતમેં૦
બાજત શિર પર કાલ દદામાં, સુનતા નહી અજાન. જગતમેં૦
પળ છન ઘડી પ્રહર દિન કરકે, લેતહે આયુષ તાન. જગતમેં૦
બ્રહ્માનંદ કહત હે સાચી, લેજો નિજ કાન. જગતમેં૦

## ⊛૮૯. રાગ : જંગલો

પદ—૧

જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી;
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી. જનની૦
ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યા કઠણ વચનજી;
રાજ સાજ સુખ પરહરી, વેગે ચાલિયા વનજી. જનની૦
ભલો ત્યાગ ભરથરી તણો, તજી જેણે સોળસેં નારજી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં બા'રજી. જનની૦
ઊઠી ન શકે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી;
તેને દેખીને ત્રાસ ઉપન્યો, લીધી ફકીરી છોડ્યા ફંદજી. જનની૦
એવા વૈરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયા અનેકજી;
ભલા ભૂંડા અવનિ ઉપરે, ગણતાં નાવે છેકજી. જનની૦

ક્યાં ગયું કુળ રાવણ તણું, સગર સુત સાઠ હજારજી;
ન રહ્યું નાણું રાજા નંદનું, સરવે સુપન વ્યવહારજી. જનની૦
એવા છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજનજી;
દેવ દાનવ માનવ મુનિ, સરવે જાણો સુપનજી. જનની૦
સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મુકાવશે જમજી;
નિષ્કુળાનંદ કહે નહિ મટે, સાચું કહું ખાઈ સમજી. જનની૦

## પદ—૨

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટિ ઉપાયજી;
અંતર ઊંડી જે ઇચ્છા રહે, તે તો કેમ તજાયજી. ત્યાગ૦
વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂરજી;
ઉપરનો અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂરજી. ત્યાગ૦
કામ ક્રોધ મદ લોભનું, જ્યાં લગી મૂળ ન જાયજી;
સંગ પ્રસંગે તે ઉપજે, જ્યારે જોગ ભોગનો થાયજી. ત્યાગ૦
ઉષ્ણ રતે અવનિ ઉપરે, બીજ ન દીસે બહારજી;
ઘન વરસે વન પાંગરે, એમ ઇંદ્રિય વિષય વિકારજી. ત્યાગ૦
ચમક દેખીને લોહ ચળે, ઇંદ્રિય વિષય સંજોગજી;
અણભેટે અભાવ છે, ભેટે ભોગવશે ભોગજી. ત્યાગ૦
ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અર્થજી;
તે વરણ ને આશ્રમથી, અંતે કરશે અનર્થજી. ત્યાગ૦
ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જેમ બગડ્યું દૂધજી;
ગયું તે ઘૃત મહિ માખણથી, આપે થયું અશુદ્ધજી. ત્યાગ૦
પળમાં જોગી પળમાં ભોગી, પળમાં ગૃહી ને ત્યાગીજી;
નિષ્કુળાનંદ કહે એ નરનો વણસમજ્યો વૈરાગ્યજી. ત્યાગ૦

## ⊛૯૦. રાગ : કાફી

**જાઓગે જનમ સબ હારી હો નર. ટેક૦**

ઘર ધંધા મહી ઘૂસી રહે હો,
પ્રભુ નહિ ભજે પરવારી. હો નર૦
ધામ ધરા ધન મેરો હે યું માન કે,
મગન ફીરે હો દેખ નારી. હો નર૦
સુતદારાદિ મેં મો'બત જોરી,
કેવળ વ્હલોયે તુમ વારી. હો નર૦
ભૂમાનંદ કહે હજુ નહિ બિગરો,
રખો મન નાથ ઉર ધારી હો. હો નર૦

## ⊛૯૧. રાગ : ગરબી

**તુંને સાંભળ આપું શીખ એક, મોટા મારી માનને રે;**
તારે નથી રેવાનું ઠીક, માટે ભજી લે ભગવાનને રે. ૧
આજ઼ કાલમાં આવશે કાળ, ઠાલો બાંધી રહ્યો થોકમાં રે;
જોને જોબન બુઢા બાળ, ઝાલી જાય છે જમલોકમાં રે. ૨
તારા મનમાં મંદિર માલ, ઘણી ધનની છે ધાંખડી રે;
જોને હાલતી વેળાના હાલ, કાંરે ફુટી તારી આંખડી રે. ૩
શીદ માથડે બાંધે છે મોટ, પોટ પૂરણ પાપનો રે;
તારે ખરી જાય છે ખોટ, સોદો શાને કરે છે સાપનો રે. ૪
માન માન હો મતિ મંદ અંધ, ઘણી થાય છે ઘાતડી રે;
એમ કહે નિષ્કુળાનંદ, વહાલી વાલપની વાતડી રે. ૫

## ⊛૯૨. રાગ : ધોળ

### પદ–૧

દાટ્યો રે'ને ચોર દૈવના, શું મુખ લઈને બોલેજી.
સ્વારથ કારણ શ્વાનતણી પેરે, ઘેર ઘેર ફરતો ડોલેજી. ૧
આતમ સાધન કાંઈ ન કીધું, માયામાં ભરમાણોજી;
લોક કુટુંબની લાજે લાગ્યો, સઘળેથી લુંટાણોજી. ૨
પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જોયુંજી;
કોડી બદલે ગાફલ કુબુદ્ધિ, હરિરતન ધન ખોયુંજી. ૩
વિષય વિકાર હૈયામાં ધારી, વિસાર્યા સુખકારીજી;
મૂરખ તેં આમે દસ મહિના, જનની ભારે મારીજી. ૪
સંત પુરુષની સોબત ન ગમે, ભાંડ ભવાઈમાં રાજીજી;
બ્રહ્માનંદ કહે નર તન પામી, હાર્યો જીતી બાજીજી. ૫

### પદ–૨

પ્રભુ ભજ્યા વિના ગાફલ પ્રાણી, આમે ઉંમર ખોઈજી;
મેડી મંદિર માલ ખજાના, કામ ન આવે કોઈજી. ૧
માયા માયા કરતો મૂરખ, તૃષ્ણામાંહી તણાણોજી;
લોક તણી લજ્જાનો લઈને, કોટે બાંધ્યો પાણોજી. ૨
ઊંચે કુળ અવતાર ધરીને, તેં શું સારું કીધુંજી;
લખ ચોરાશી કેરું લગડું, માથે તાણી લીધુંજી. ૩
જીવ તણું કાંઈ જતન ન કીધું, મન માયામાં મોહ્યુંજી;
રાત દિવસ તત્પર થઈ રળિયો, ઠાલું નીર વલોવ્યુંજી. ૪
લોક-કુટુંબમાં મોટો થાવા, કામ બગાડ્યું તારુંજી;
બ્રહ્માનંદ કહે તું પ્રાણી, હજી સમજ તો સારુંજી. ૫

## પદ–૩

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી;
અસંખ્ય ગયા ધન સંપત્ત મેલી, તારી નજરું આગેજી. ૧
અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી;
જોબન-ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી. ૨
જેમ ઊંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલેજી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી. ૩
મનમાં જાણે મુજ સરીખો, રસિયો નહિ કોઈ રાગીજી;
બારે તાકી રહી બિલાડી, લેતા વાર ન લાગીજી. ૪
આજકાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશેજી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંતે ફજેતી થાશેજી. ૫

## પદ–૪

મનુષ્ય દેહ ધરીને મૂરખ, તેં શું કરી કમાણીજી;
શ્વાનતણી પેર ફરતો ડોલે, બોલે મિથ્યા વાણીજી. ૧
પેટ ભર્યાનો ઉદ્યમ કીધો, રાત દિવસ ધન રળિયોજી;
નરતનનું મહાતમ નવ જાણ્યું, પશુ જાતિમાં ભળિયોજી. ૨
માત પિતા સુત બંધવ મેડી, અંતે નહીં કોઈ તારાજી;
આવરદા હરવાને કાજે, સર્વે મળ્યાં ધુતારાજી. ૩
સગાં કુટુંબી સૌ મળીને, લુસી ચુશી લીધોજી;
છેલ્લી વારે સ્વારથ સાધી, જમને આગે દીધોજી. ૪
કાગળ ઘડી ઘડીના કાઢી, લેખાં જમડાં લેશેજી;
બ્રહ્માનંદ કહે સૌ વાંસેથી, કાંઈ ન માણ્યો કે'શેજી. ૫

## પદ—૫

દશ મહિના માના ઉદરમાં, ઊંધે માથે ઝૂલ્યોજી;
જઠરાગ્નિની ઝાળે દાઝ્યો, તે દા'ડા કેમ ભૂલ્યોજી. ૧
આળા ચર્મતણા ઉદરમાં, આઠ પહોર અકળાતોજી;
રાત દિવસ મળ ભીંતર રહેવું, મળનો રસ તું ખાતોજી. ૨
ખાટું ખારું માતા ખાતી, તેની થાતી પીડાજી;
કોમળ જાણી બહુ કરડતાં, કરમિયાં ને વળી કીડાજી. ૩
ગર્ભતણા દુઃખમાં ઘેરાણો, ત્રાહિ ત્રાહિ તું કરતોજી;
કોલ દઈને બહારે આવ્યો, ત્રાસ હૈયે નથી ધરતોજી. ૪
છેલ થઈ મરડાતો ચાલ્યો, જેમ કીધું તેમ ફાવ્યુંજી;
બ્રહ્માનંદ કહે હરિ ભજ્યા વિના, એ દુઃખ આગે આવ્યુંજી. ૫

## પદ—૬

જે તન દેખી છાક્યો ડોલે, તે તું દેખ વિચારીજી;
નખશિખ સુધી નિંદ્યા જેવું, શી માંહી વસ્તુ સારીજી. ૧
માંસ રુધિરને માંહી ભરીને, ઉપર મઢિયું આળુંજી;
મોહ તણે વશ થઈને મૂરખ, દેખે છે રૂપાળુંજી. ૨
હાડ તણા પગ હાથ બનાવ્યા, કટકા કટકા સાંધીજી;
તે માંહી દૃઢ મમતા તુજને, એ શી આવી આંધીજી. ૩
ઉદરમાં આંતરડા ભરિયાં, આવે ગંધ નઠારીજી;
રગરગમાં રોગે વીટાણું, મળમૂત્રની ક્યારીજી. ૪
ટળતાં એને વાર ન લાગે, આદિ અંતનું ખોટુંજી;
બ્રહ્માનંદ કહે એ સારું તેં, કામ બગાડ્યું મોટુંજી. ૫

## પદ–૭

બાળપણું તેં જીવ અજ્ઞાની, ખબર વિનાનું ખોયુંજી;
સારું ભૂંડું કાંઈ ન સૂઝ્યું, રમતમાં મન મોયુંજી. ૧
જુવાનપણું જુવતીમાં ખોયું, ધનને અરથે ધાયોજી;
મનમાં જાણે મુજ સરીખો, નથી જગતમાં ડાહ્યોજી. ૨
વૃદ્ધપણામાં ચિંતા વાધી, હાથ પાવ નવ ચાલેજી;
ઘરનાં માણસ કહ્યું ન માને, એ દુઃખ અંતર સાલેજી. ૩
ભાળે નહિ રોગે ભેળાણો, પડ્યો લાંબો થઈનેજી;
જમના કિંકર ગરદન ઝાલી, ચાલ્યા જોરે લઈનેજી. ૪
ઠાલો આવ્યો ભૂલો વૂઢો, કાંઈ ન લઈ ગયો સાથેજી;
બ્રહ્માનંદ કહે જમપુરી કેરું, મહા દુઃખ લીધું માથેજી. ૫

## પદ–૮

પશુ તણી પંક્તિ મેલાવી, દેહ મનુષ્યની દીધીજી;
અનંતકાળ રળવડતો જોઈને, કરુણા અતિશે કીધીજી. ૧
જળ્યો નહિ જઠરા અગ્નિમાં, રાખ્યો તાપ નિવારીજી;
તે હરિને તું ભૂલ્યો પામર, ધિક ધિક સમજણ તારીજી. ૨
જિવાડ્યો જેનો જીવે છે, અન્નજળ જેણે દીધું જી;
જ્યાં ત્યાં તારી રક્ષા કીધી, તેનું ભજન ન કીધુંજી. ૩
કૂડ કપટ અતિ તૃષ્ણા કરી કરી, માયા કષ્ટે મેળી જી;
પામર હૈયે વિચારી જોને, કોડી નાવે ભેળીજી. ૪
સમજુને અરથે શિખામણ, કહી છે હેત કરીનેજી;
બ્રહ્માનંદ કહે નિશદિન સમરો, શ્વાસોશ્વાસ હરિનેજી. ૫

## ⊛૯૩.　　　રાગ : જંગલો

દુઃખ છે અધિક આ સંસારમાં, મુખે કહ્યાં તે ન જાયજી;
　　આધિ વ્યાધિની અંતર થકી, હોળી પલ ન હોલાયજી.　　દુઃખ૦
ત્રિવિધિ તાપે તપી રહ્યો, સઘળો આ સંસારજી;
　　કાયા માયાને કારણે, વેઠે વેદના અપારજી.　　દુઃખ૦
કામ ક્રોધ મદ લોભની, લાગી ઘેર ઘેર લાયજી;
　　ધરતી ધનને ત્રિયા તણો, ઝઘડો ઘેર ઘેર થાયજી.　　દુઃખ૦
વિના વિવેક વઢી મરે, કોડી બદલે કુટાયજી;
　　મોહ મમતાને મારગે, મૂડી ઘરની લૂંટાયજી.　　દુઃખ૦
શ્રીહરિના ચરણ વિના, નથી શાંતિ લગારજી;
　　નારાયણદાસનો નાથજી, સદા સુખનો ભંડારજી.　　દુઃખ૦

## ⊛૯૪.　　　રાગ : સોરઠ

નર અજ્ઞાની, સાંભળને શિખામણ મૂરખ મારી,
　　　　કહું હેત કરી, સત્ય માની અંતરમાં લેજે ધારી.　　નર૦
પ્રભુ નવ ભજ્યા નર દેહ ધરી, આણી ખોટામાં પરતીત ખરી;
　　　　તું મહાદુઃખ પામીશ મૂઢ મરી.　　નર૦
સુત નારી કુટુંબી જે કાવે, તે તારા ભેળાં નહિ આવે;
　　　　તો ય મૂરખ તારે મન ભાવે.　　નર૦
તું ઘર દોલત સાચાં જાણી, તેમાં બંધાણો અતિશે પ્રાણી;
　　　　ન ઓળખ્યા હરિ મનુષ્ય જાણી.　　નર૦
તારું ધન જોબન સરવે કાચું, જમ લઈ જાશે મરડી ડાચું;
　　　　કહે મંજુકેશાનંદ સાચું.　　નર૦

## ૯૫. રાગ : ધોળ

**પ્રગટ પુરુષોત્તમનો મહિમા, ધારો ને વિચારોજી;**
અહો ધન્ય આ હરિ ભજવાનો, અવસર આવ્યો સારોજી. ૧
મંગળ મૂરતિ શ્રીહરિવરની, અંતરમાં ઉતારોજી;
જાણપણા રૂપ દરવાજે રહી, કામ ક્રોધને મારોજી. ૨
સમજીને સત્સંગી થઈએ, લાભ અલૌકિક લેવાજી;
હરિકથા ને કીર્તન કરીએ, સદાય સુખના મેવાજી. ૩
તન મન અંતર સ્વચ્છ કરીને, સાચા સેવક થઈએજી;
દાસ નારાયણ હરિ ભજીને, હરિ સમીપે જઈએજી. ૪

## ૯૬. રાગ : ગરબી

### પદ—૧

**ભજ્યો નહિ ભગવાનને રે, મળ્યો માણસનો દેહ;**
પ્રીત કરી પરનારમાં, હાં રે નીચં સોબત સનેહ. ભજ્યો૦
મિથ્યા માયાના જોરમાં રે, થયો અંધ અજાણ;
લાજે વીંટાણો લોકની, હાં રે કરે આપ વખાણ. ભજ્યો૦
ચિંતા ઘણી ચિત્તમાં ભરી રે, હાલ ભૂંડા હેરાન;
ફુટેલ હૈયું ને ફેલ આવડે, હાં રે મિથ્યા મોટપનું માન. ભજ્યો૦
જુઠાબોલો નથી જાણતો રે, માથે મરવાની ઘાત;
દેવાનંદ કહે જમ આવશે, હાં રે માર મૂરખ ખાત. ભજ્યો૦

પદ—૨

અંતે જાવું છે એકલાં રે, સંગે આવે નહિ કોઈ;
માતાપિતા ને ભાઈ દીકરા, હાં રે નારી કુટશે રોઈ. અંતે૦
ભૂખે મરીને ભેળી કરી રે, માયા લાખ કરોડ;
દાટી રહેશે દરબારમાં, હાં રે જોને આંખ્યું કાં ફોડ. અંતે૦
જીવ સંગાથે જાય છે રે, પુણ્ય પોતાનાં પાપ;
સુખદુઃખ ફળ તેનાં ભોગવે, હાં રે જમપુરીમાં આપ. અંતે૦
રાજા ધર્મની આગળે રે, ખાશો મૂરખ માર;
દેવાનંદ કહે દેહ ધારશો, હાં રે લાખ ચોરાશી વાર. અંતે૦

⊛૯૭. રાગ : પરજ

**મનની વાતો મનમાં, રહી રહી ગઈ રહી રે,**
માલમી[૧] વિના મનની, કેની આગે દેખાડું કહી રે. ટેક૦
અરધી વાત ઉચ્ચારતાં, આવે અંતર વિચાર થઈ રે;
પછે પૂરું પ્રકાશતાં મારું હૈડું હાલે નહિ રે. મનની૦
સાચું કહેતાં સંતાપ છે, કહોને કેમ કરીએ ભઈ રે;
જીભાને રાખું જાળવી રે, રખે વધુ જાતી તું વઈ રે. મનની૦
વણખપવાળાને વારતા, જે દાખીએ દિલ દઈ રે;
શ્રદ્ધા વિનાનાં સાંભળી ઊઠે, આપે અવળું લઈ રે. મનની૦
જેને દેહને સુખે સુખ છે, તેને દઈએ શિખામણ સહી રે;
નિષ્કુળાનંદ ન બોલવું, રહેવું મને મૌન ગ્રહી રે. મનની૦

૧. જાણકાર.

## ⊛૯૮. રાગ : ગરબી

**માયાને મેલીને મરવું, પ્રભુ ભજી કામ નક્કી કરવું.**

સાચા હરિ સંતોની સેવા, અલૌકિક લાભ અતિ લેવા;
નીચના તો સંગ તજી દેવા, માયાને મેલીને મરવું. ૧
કળિમાં ભક્તિ કરે કુડી, ચલાવે પાપ તણી હુંડી;
મૂરખ તે તો ખોવા બેઠો મૂડી, માયાને મેલીને મરવું. ૨
વિવેકી વાત કરે સારી, તજાવે પરધન પરનારી;
એ વાણીને લેવી ઉર ધારી, માયાને મેલીને મરવું. ૩
વિષય થકી મન પાછું વાળી, કામાદિક શત્રુ દેજો ત્યાગી;
બ્રહ્માનંદ કહે ભ્રમણા ભાંગી, માયાને મેલીને મરવું. ૪

## ⊛૯૯. રાગ : મલાર

**મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે;**
તેનો સંગ શીદ તજીએ, તે વિના કેને ભજીએ.

સન્મુખ જાતાં શંકા ન કીજે, મર ભાલા તણા મે' વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી કાયા પડશે રે. ૧
શૂળી ઉપર શયન કરાવે, તો ય સાધુની સંગે રહીએ રે;
દુરજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. ૨
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિના ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવાં, જેનાં દર્શન કરવાને આવે રે. ૩
નરક કુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. ૪

## ⊛૧૦૦. રાગ : મલાર

**મારા હરજી શું હેત ન દીસે રે,**
તેને ઘેર શીદ જઈએ, તેને સંગ શીદ રહીએ.

હેત વિના હુંકારો ન લેવો, જેનું હરખેશું હૈયું ન હીસે[1] રે;
આગળ જઈ વાત વિસ્તારે, જેની આંખ્યુમાં પ્રેમ ન દીસે રે. ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ને ભુરાયો થઈ ભાળે રે;
લલિત લીલાને રંગ ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે. ૨
નામ તણો વિશ્વાસ ન આવે, તે ઊંડું ઊંડું ને શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે. ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતિયાં કહે છે માયા રે. ૪

## ૧૦૧. રાગ : ધોળ-જંગલો

**મુને કરી કૃતારથ નાથ, સહજાનંદ શ્રીહરિ;**
શ્રીહરિ મુને સ્હેજે મળ્યા, અક્ષરાતીત અલબેલ. સહજાનંદ૦
બૃહદ વૈરાગ્ય ઉર પ્રગટ્યો, હરિ અળગા નવ થાય;
પયમાં પડી જેમ માછલી, તલખી જીવડો જાય. સહજાનંદ૦
રીઝી રસબસ હો રહી, રસિયા સંગ એકતાર;
નિરવેદ ઉર પ્રગટ ભયો શ્રીહરિ ધર્મકુમાર. સહજાનંદ૦
જીવન મુક્તના જોગમાં, વૈદેહી રે વૈરાગ્ય;
આધિ વ્યાધિ મટી આ સમે, અનાદિ મુક્તનો મેળાપ. સહજાનંદ૦
રોમ રોમ રાચી રહી, સહજાનંદ સ્વરૂપ;
નિષ્કુળાનંદ રીઝ્યા હરિ, તીવ્ર વૈરાગ્યની તોપ. સહજાનંદ૦

## ૧૦૨. રાગ : ધોળ-જંગલો

**મુને મળિયા પુરુષોત્તમરાય, રોક્યો કેનો નહિ રહું;**
કઠણ વેળા અંતકાળની, વિષસમ વિષય વિક્રાળ. રોક્યો૦

---
૧. આતુર થાય, હર્ષ પામે.

સદ્‌ગુરુ શબ્દની સારડી, ઊતરી આરમપાર;
આતમરામ ઓળખાવિયા, અક્ષરાતીત આ વાર. રોક્યો૦
ઇંદ્રિયારામ મટી આ સમે, થઈ ગયા આતમરામ;
બ્રહ્મવિદ્યા ભણી ભેટિયા, સહજાનંદ સુખધામ. રોક્યો૦
ધામ સ્વરૂપ પોતાતણું, શ્રીહરિ પોતે સાકાર;
પ્રભુપદ પ્રીત ઉપાસના, પય મીસરી એકતાર. રોક્યો૦
ક્યાં મુક્ત ક્યાં શ્રીહરિ, કીડી કુંજર મેળાપ;
નિષ્કુળાનંદ ચેતી ગયા, મટે ભવના તાપ. રોક્યો૦

## ✪૧૦૩. રાગ : જંગલો

**મુને સુપને ન ગમે રે સંસાર, કો'ને કેમ કીજીએ;**
વમન[૧] થયું મન ઊતર્યું, એવો લાગ્યો રે સંસાર. કો'ને૦
પલંગ પાથરણાં ને પોઢણાં, કોઈ તળાંસે પાવ;
પતંગ પડ્યો તે ઉપરે, માથે જમ કેરો દાવ. કો'ને૦
મૃગરાજના મુખમાં, જે કોઈ જાયે જરૂર;
ખાનપાન સર્વે વીસરી, મરવું દેખે હજૂર. કો'ને૦
સ્વારથે સહુ કોઈ મળી, વિધ વિધ કરે વાત;
અંતરમાં કેમ ઊતરે, નજરે દીઠેલ ઘાત. કો'ને૦
સમજી વિચારી જે કરો, તજો ખલકની[૨] આશ;
નિષ્કુળાનંદ નિશ્ચે કર્યું, સુખ તો સદ્‌ગુરુ પાસ. કો'ને૦

## ✪૧૦૪. રાગ : કલ્યાણ

**રટ રટ રાજીવ નેણકું, હોવે કલ્યાણ તેરો. ટેક૦**
મા બાપ બેટા રૂપે હે માયા, જીવ જુદો સુખ સેણકું. હોવે૦

૧. ઊલટી; ૨. સંસાર; જગત.

ધન રાજ આવે ત્રુપ્તિ ન પાવે, જેસે જમી દૂધ ફીણકું. હોવે૦
ધામ ધરા ધન દોલત દારા, તજી સબે દુઃખદેણકું. હોવે૦
ભૂમાનંદ કો વાલો મુખસેં, બોલી મનોહર વેણકું. હોવે૦

### ⊛૧૦૫. રાગ : ખમાચ

**રૂડું સ્વામિનારાયણ નામ, નિત્ય સંભારીએ રે;**
વળી કરતાં ઘરનું કામ, ઘડી ન વિસારીએ રે. રૂડું૦
ધર્મસુતનું ધ્યાન જ ધરતાં, વાર નહિ ભવસાગર તરતાં;
હરતાં ફરતાં હરિને, હૈયેથી ધારીએ રે. રૂડું૦
દુઃખ પડે દિલગીર ન થાવું, સુખ વડે હરખાઈ ન જાવું;
સદાય હિંમત હૈયેથી, નવ હારીએ રે. રૂડું૦
સંસાર છે સુખ-દુઃખનો દરિયો, તેમાં તરી શકે કોય જ તરિયો;
સંત સમાગમ કરીને, મનને મારીએ રે. રૂડું૦
સ્મરણ કરતાં સુખ જ થાશે, ફોગટનો ફેરો ટળી જાશે;
મૂળજી કહે મહારાજ, મુજને તારીએ રે. રૂડું૦

### ⊛૧૦૬. રાગ : ગરબી

**રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું;**
**રે સગપણ હરિવરનું સાચું.** ટેક૦
રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા હરિ લે જાણી. રે૦
રે સ્થિર નહિ આવરદા થોડી, રે તુચ્છ જાણી આશા છોડી;
મેં જગના જીવન સાથે જોડી. રે૦
રે ફોગટ ફેરા નવ ફરીએ, રે પરઘેર પાણી શું ભરીએ;
વરીએ તો હરિવરને વરીએ. રે૦

રે શ્રીજી ભેટ્યા ભય ભાગ્યો, રે સહુ સાથે તોડ્યો ધાગો,
એ રસિક રંગીલાથી રંગ લાગ્યો. રે૦
રે એવું જાણીને સગપણ કીધું, રે મેંણું તો શિર ઉપર લીધું;
બ્રહ્માનંદનું કારજ સીધું. રે૦

## ✪૧૦૭. રાગ : સામેરી

**વચન વિચારી રે શ્રી ઘનશ્યામના રે,**
હૈડામાં વાધે હરખ વિશાળ;
ઉપદેશ રૂપી રે અમૃત પાઈને રે,
કીધા વાલે નીજજનને બહુ ન્યાલ. વચન૦
માયાના બંધન રે મોટા તોડવા રે,
સાધન બતાવ્યાં વાલે ચાર;
જ્ઞાન ને વૈરાગ્ય રે ભક્તિ ધર્મને રે,
આપણે સિદ્ધ કરવા ઉદાર. વચન૦
દ્રોહ ન કરવો રે કોઈ હરિજનનો રે,
તેનું પાપ કહ્યું અતિશે અપાર;
અધિકાર થકી રે પડે એ પાપથી રે,
સંત સેવા કર્યે થાય સુખસાર. વચન૦
દોષ દાસના રે ટાળવા કારણે રે,
દયા કરી પધાર્યા દયાળ;
મુક્ત કરીને રે રાખવા પાસલે રે,
એવું ધાર્યું અલબેલે આ કાળ. વચન૦
બ્રહ્માનંદ સ્વામી રે કહે સંતો સાંભળો રે,
વરતવું વચનમાં થઈ શૂર;
દયાનંદનો વાલો રે રાજી થઈને રે,
રાખશે નિરંતર હજૂર. વચન૦

## ⊛૧૦૮. રાગ : ધોળ

### પદ—૧

**શીલવંતા સાધુ, સાંભળજો કરી પ્રીતિ;**

આઠ પ્રકારે અબળા તજવી, મન ઇંદ્રિને જીતી રે. શીલ૦

નારીકથા શ્રવણ ન ધરવી, તે વીખવેલી[1] કા'વે;

તેની કીરતિ તે નવ કરવી, ભૂલે મન ભરમાવે રે. શીલ૦

વનિતા હાસવિનોદ કરીને, રાત દિવસ જ્યાં રે'વે;

તે ઠેકાણે સાચા મુનિવર, જાણી પાવ ન દેવે રે. શીલ૦

અબળા અંગે કાળી ગોરી, નેણ ભરી નહિ દેખે;

બાળ વૃદ્ધ નવ જોબનવાળી, તે માદક સમ લેખે રે. શીલ૦

છેટે રહીને છાની વાતો, કામનીઓને કહાવે;

દેવાનંદ કહે તે પોતાનું, હાથે નાક કપાવે રે. શીલ૦

### પદ—૨

નિષ્કામી નરને, વનિતાની વાત ન કરવી;

માયાની મૂરતિયું જાણી, નાગણ જ્યું પરહરવી રે. નિષ્કામી૦

માનનીઓને મળવા, મનમાં કૂડો ઘાટ ન કરવો;

મનસા પાતક મોટું લાગે, એ અધર્મથી ડરવો રે. નિષ્કામી૦

ભામનીઓ તે ભેળી થઈને, જે ઠેકાણે જાવે;

શૌચવિધિ કરવાને સારુ, હરિજન ત્યાં નહિ આવે રે. નિષ્કામી૦

આઠ પ્રકારે અબળા કેરો, ત્યાગ કરે તે ત્યાગી;

વિષય થકી વૈરાગ્ય જે પામ્યા, તે સાચા વૈરાગી રે. નિષ્કામી૦

ભેખ ધરીને ભામિની ભેળો, બેસે ઊઠે ગાવે;

દેવાનંદ કહે એવા સાધુ, નિશ્ચે નરકમાં જાવે રે. નિષ્કામી૦

---

૧. વિષની-ઝેરની વેલી.

## ⊛૧૦૯. રાગ : રામગ્રી

**શુદ્ધ વૈરાગ્યે કરી સેવીએ, પ્રેમે પ્રભુના પાય;**
માયિક સુખ ન માગીએ, મોહે કરી મનમાંય. શુદ્ધ૦
નિષ્કામી જનની નાથને, સારી લાગે છે સેવ;
જે મોક્ષ આદિ નથી માગતા, નથી તજતા તે ટેવ. શુદ્ધ૦
સકામ ભક્તની શ્રીહરિ, પૂજા પરહરે દૂર;
જાણે માયિક સુખ માગશે, જડબુદ્ધિ જરૂર. શુદ્ધ૦
શુદ્ધ વૈરાગ્ય વિના સમઝો, નર ન હોય નિરાશ;
નિષ્કુળાનંદ નિષ્કામથી, રીઝે શ્રી અવિનાશ. શુદ્ધ૦

## ⊛૧૧૦. રાગ : કાફી

**શ્રીજીને કેડે ફરવું રે, કોઈથી ન ડરવું રે. કોઈ૦**
દુરીજન લોક દુભંકર[૧] બોલે, તે હૈડે નવ ધરવું રે. કોઈ૦
સગા કુટુંબી સર્વે સંગાથે, હેતલડું પરહરવું રે. કોઈ૦
સંસારીથી સગપણ તોડીને, ધર્મકુંવરથી કરવું રે. કોઈ૦
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને, પ્રાણજીવનને વરવું રે. કોઈ૦

## ⊛૧૧૧. રાગ : ગરબી

પદ—૧

**શ્રીહરિને ગમવાને ઇચ્છો માનની,**
ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો;
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો,
હરિચરણે રહેજો અબળા થઈ છેક જો. શ્રીહરિને૦

---
૧. અપશબ્દો.

વળી એક વાત કહું છું અધિક વિવેકની,
સાંભળ બેની તારા સુખને કાજ જો;
હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી,
ત્યાગો મદ મત્સર જૂઠી કુળ લાજ જો. શ્રીહરિને૦
સુખદાયક તું જાણે શ્રી ઘનશ્યામને,
અતિ દુઃખદાયક મન પોતાનું જાણજો;
મુક્તાનંદનો નાથ મગન થઈ સેવજો,
સમજી વિચારી બોલો અમૃત વેણ જો. શ્રીહરિને૦

## પદ—૨

સાંભળ બેની હરિ રિઝયાની રીતડી,
ધર્મકુંવરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળિયું પયસાકરમાં અહિ[1] ઝેર જો. સાંભળ૦
દાસી થઈ તું રહેજે દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો;
ભવબ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો. સાંભળ૦
પ્રીત કરે પુરુષોત્તમ સાથે નિત્ય નવી,
દાઝીશમાં દેખી કે'નું સન્માન જો;
મુક્તાનંદના નાથ મગન થઈ સેવજો,
તો રીઝે રસિયો સુંદર ઘનશ્યામ જો. સાંભળ૦

## પદ—૩

ધર્મકુંવરની રીત સુણી મનમાં ધરો,

---

૧. સાપ.

તો તમે રહેશો મગન સદા હરિ સંગ જો;
પુરુષોત્તમને નથી કોઈ પર પોતાતણું,
પૂરણકામ ન રાચે કેને રંગ જો. ધર્મ૦
કરુણાનિધિમાં કામાદિક વ્યાપે નહિ,
ઇર્ષ્યા માન તણો નહિ અંતર લેશ જો;
કડવાં વેણ કહે પોતાના દાસને,
ઔષધસમ આપે ઉત્તમ ઉપદેશ જો. ધર્મ૦
જે જે વચન કહે સુંદરવર છોગાળો,
સુખ ઊપજે તેમ કરવો શુદ્ધ વિચાર જો;
મુક્તાનંદનો નાથ સદા સુખદાઈ છે,
એવું જાણી કરજો પૂરણ પ્યાર જો. ધર્મ૦

### પદ–૪

સુખસાગર હરિવર સંગે સુખ માણજો,
અતિ ઘણી મહેર કરી છે શ્રી મહારાજ જો;
પુરુષોત્તમ સાથે પૂરણ સગપણ થયું,
આપણ તુલ્ય નહિ કોઈ બીજું આજ જો. સુખસાગર૦
રવિમંડળમાં રાતતણું દુઃખ નવ નડે,
પારસ પામ્યે ધન-દુર્બળતા જાય જો;
તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,
તેનો મહિમા ભવબ્રહ્માદિક ગાય જો. સુખસાગર૦
તન અભિમાન તજે પૂરણ સુખ પામીએ,
શ્રી હરિવર સંગ વાધે સાચી પ્રીત જો;
મુક્તાનંદ કહે મર્મ ઘણો છે વાતમાં,
જાણી લેજો અતિ ઉત્તમ રસરીત જો. સુખસાગર૦

## ૧૧૨. રાગ : સારંગ

### પદ—૧

**શ્રીહરિ સહજાનંદ, ભજ મન શ્રીહરિ સહજાનંદ. ટેક૦**
ભવજળતારણ અધમઉધારણ, ગાવત જેહી ગુણ છંદ. ભજ૦
અક્ષરપર અવતારી ચરનમેં, વંદે સકલ મુનિવૃંદ. ભજ૦
મૂર્તિ મનોહર મહાપ્રભુકી, જાની સદા સુખકંદ. ભજ૦
સબ સુખકંદન શ્રી ધર્મનંદન, ટાલત હે દુઃખદ્વંદ. ભજ૦
જગદીશાનંદ કહે મમ ઉર સતત, બસહું મુનિગણચંદ. ભજ૦

### પદ—૨

શ્રીહરિ ધર્મકુમાર, ભજ મન શ્રીહરિ ધર્મકુમાર. ટેક૦
નિશદિન ગુન કો ગાન કરે તોય, શેષ ન પાવત પાર. ભજ૦
એહી છબી અવલોકી કે અંતર, પુરન વાધત પ્યાર. ભજ૦
ઇનચરને જબ પ્રિય લગે તબ, હોત સફલ અવતાર. ભજ૦
જાકે ભજન તેં પાપ ઓઘકે[1], હોવત સદ્ય[2] સંહાર. ભજ૦
કહે જગદીશ રહો મમ વદને, અહોનિશ એહ ઉચાર. ભજ૦

## ૧૧૩. રાગ : જંગલો

**સબે હો મીજમાન વે દો દીન કેરા. સબે૦**
દેહ રૂ ગેહ દારા સુત દોલત, છોડ ચલેંગે સારી જાન વે. સબે૦
યા જગમેં કોઉ રહેન ન પાવે, છોડ ઘર જાવે સમશાન વે. સબે૦
દુર્લભ દેહ ફેરી નહિ આવે, હરિ ગુન ગાઓ સુનો કાન વે. સબે૦
ભૂમાનંદ કહે હોઈ મુસાફર, ફેર ફીરોગે ચહુ ખાન વે. સબે૦

૧. સમૂહ, ઢગલો; ૨. તરત.

## ⊛૧૧૪. રાગ : કાફી

### પદ—૧

**સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ. ટેક૦**
વ્યાસ મુનિએ પૂર્વે જે કહી'તી, તે વાત સાચી કરી. પ્રગટ૦
કૌશલ દેશમાં પ્રગટ્યા પોતે, દ્વિજકુળ દેહ ધરી. પ્રગટ૦
અધર્મ કેરાં મૂળ ઉખાડી, સદ્ધર્મ સ્થાપ્યો ફરી. પ્રગટ૦
નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા, નીરખ્યા મેં નેણાં ભરી. પ્રગટ૦

### પદ—૨

સહજાનંદ હરિ, ભજી લ્યોને સહજાનંદ હરિ. ટેક૦
દારૂ માટી ચોરી અવેરી, એ ચારેનો ત્યાગ કરી. ભજી૦
જન્મમરણનું સંકટ મોટું, તે થકી મનમાં ડરી. ભજી૦
નારાયણનું નામ જ લેતા, ભવજળ જાશો તરી. ભજી૦
નિષ્કુળાનંદ કહે નિઃશંક થઈને, માનજો વાત ખરી. ભજી૦

### પદ—૩

જાવું જરૂર મરી, મેલીને સર્વે જાવું જરૂર મરી. ટેક૦
રાત દિવસ રળ્યો ધનને કાજે, સમર્યા નહિ ઘડીએ હરિ. મેલીને૦
મેડી મંદિર માલ ખજાના, સંપત્ત રહેશે ધરી. મેલીને૦
સગાં સંબંધી સહુ જોઈ રહેશે, કેનું ન ચાલે જરી. મેલીને૦
નિષ્કુળાનંદ કહે જોને વિચારી, રહે નહિ દેહ ધરી. મેલીને૦

### પદ—૪

મનમાં વિચારી જરી, જોયું નહિ મનમાં વિચારી જરી. ટેક૦
સાધુ જનની વાત ન માની, પાપીની સોબત કરી. જોયું૦
નારાયણનું નામ ન લીધું, મનુષ્ય દેહ ધરી. જોયું૦
જુવાનીમાં જોરે ભરિયો, ચોરી અવેરી કરી. જોયું૦
નિષ્કુળાનંદ કહે માગીને લીધી, માથે ચોરાશી ફરી. જોયું૦

## ૧૧૫. રાગ : ધોળ

**સંગત તેને શું કરે, જઈને કુબુદ્ધિમાં ધરે કાન. ટેક૦**

મરી કપૂર બેઉ ભેગાં રે રહેતાં, નિરંતર કરી એક વાસ;
તોય તીખાશ એની ન ટળી રે, એની બુદ્ધિમાં ના'વ્યો બરાસ.[1] સંગત૦
ચંદન ભેળો વીંટીને રે'તો રે, રાત દિવસ ભોયંગ;
તોય કંઠેથી વિષ ન ગયું રે, એને ન આવી શીતળતા અંગ. સંગત૦
રાણી ને દાસી ભેગાં રહેતાં રે, જમતાં નિત્ય કરી પ્રીત;
તોયે શાણી સમજી નહિ રે, એને ન આવી રાજકુળની રીત. સંગત૦
મોટો ખર[2] એક બાંધિયો રે, રાજતણી ઘોડશાળ;
બોલી ઠોલી તો બદલી નહિ રે, ચંદી ખાતો તો હારોહાર. સંગત૦
દાદુર રહેતો તળાવમાં રે, નિત્ય કમળ સુપાસ;
કલબલ કરતો કીચમાં રે, એને ન આવી કમળની સુવાસ. સંગત૦
પથ્થર રહેતો પાણીમાં રે, ઊંડો કરીને નિવાસ;
પ્રીતમ કહે ટાંકણે તણખાં ઝરે રે, એને ન લાગ્યો પાણીનો પાસ. સંગત૦

## ૧૧૬. રાગ : સોહિની

**સંતો વિમુખ થકી રહીએ વેગળા, ડરીએ દિવસ ને રાત રે;**
સંતો વિશ્વાસ કરતાં વિમુખનો, વણસી જાય જો વાત રે. સંતો૦
સંતો વિમુખ વિખ આપે વાતમાં, કરી હેત અપાર રે;
સંતો રગ રગમાં તે રમી રહે, ન રહે વચનનો ભાર રે. સંતો૦
સંતો સોબત ના ગમે પછી સંતની, વા'લા લાગે વિમુખ રે;
સંતો નિયમ ન ગમે પછી નાથના, માને મોકળે સુખ રે. સંતો૦
ત્યારે કરવાનું છે તે ક્યાંથી કરે, થાય ન કરવાનું કામ રે;
કહે નિષ્કુળાનંદ નિશ્ચે નર, ન પામે સુખ ઠામ રે. સંતો૦

૧. કપૂરની ઠંડક; ૨. ગધેડો.

## ⊛૧૧૭. રાગ : સામેરી

**સુણો સત્સંગી, ધર્મકુંવર સાથે પ્રીત નહિ જેને;**
હોયે વહાલો તો યે શત્રુસમ જાણીને તજવો તેને. ટેક૦
જુઓ પ્રહ્‌લાદે પિતા ત્યાગ્યો, નિજબંધુ તજીને વિભીષણ ભાગ્યો;
બલી ગુરુ તજીને હરિપદ લાગ્યો. સુણો૦
જાણી ભરતે તજી નિજ મહતારી[૧], પતિ તજી ભજ્યા હરિ વ્રજનારી;
સહુ જગમાં કે'વાયા મંગળકારી. સુણો૦
માટે તે જ પૂજ્ય પ્રીતમ ભાઈ, જેને મળતાં સાંભરે હરિ સુખદાઈ;
હરિ હેતે આવે હૈયું ભરાઈ. સુણો૦
જેને હરિ હરિજન સાથે પ્રીતિ, તે તો જાશે આ જગમાં જીતી;
પ્રેમાનંદ કહે થાશે નહિ તો ફજીતી. સુણો૦

## ⊛૧૧૮. રાગ : ધોળ

**સુણો સમજુ સકળ નરનારીઓ,**
મોટો શિયળ[૨] તણો મહિમાય;
શિયળ પાળો સ્નેહથી. શિયળ૦
જે કોઈ શિયળ સારી રીતે સાચવે,
સર્વે સુફળ મનોરથ થાય. શિયળ૦
સોનારૂપાની શોભા ન સમજીએ,
શોભા સરસ શિયળ શણગાર. શિયળ૦
જેવા નકટાને ભૂષણ નાખીએ,
એવા શિયળ વિના નરનાર. શિયળ૦
સુખ સંપત્તિ શિયળથી સેવીએ,
રીઝે જગકર્તા જગરાય. શિયળ૦

૧. માતા; ૨. ચારિત્ર્ય.

જરીએ ડરીએ નહિ મરણના ડરથી,
ભારે ડગીએ શિયળ પડતાંય. શિયળ૦
તજી લાજ બેઅદબી ન બોલીએ,
નહિ ડોલીએ મદછકમાંય. શિયળ૦
નીચી નજરે સરળ ચિત્તે ચાલીએ,
હાંસી મશ્કરી કરે ન મુખ. શિયળ૦
તજવી તજવી સોબત નિત્ય તેહની,
જેણે લજવી જનેતાની કુખ. શિયળ૦
ભણવું ગણવું તો તેહનું ધન્ય છે,
જેણે કુળને ન લગાડ્યો ડાગ. શિયળ૦
ભણી ગણીને શિયળ ન સાચવે,
એના ભણતરમાં ઊઠી આગ. શિયળ૦
હૈયાકુટા બોલે બોલે હાંસીએ,
દેખી હાંસીને નાસીએ દૂર. શિયળ૦
શિક્ષા સુંદર દલપતરામની,
ભણી કામની શીખો જરૂર. શિયળ૦

## (★)૧૧૯. રાગ : જંગલો

**સુપનું સમજો રે આ સંસારને, દુઃખ દરિયો વિશાળજી;**
પડ્યા પાછા નવ નીસરે, કોટિ વાર ગળે કાળજી. સપનું૦
માત તાત સુત જુવતી, સૌ સ્વારથીઓ સાથજી;
કામ સાધી કોરે રહે, દેખે જમડાને હાથજી. સપનું૦
સગા સંબંધી સહુ મળી, મોટો કીધો દૈ માનજી;
વેગે ચડ્યો વેવારને, ભૂલ્યો મુક્તિનું ભાનજી. સપનું૦

અશ્વ વહેલ્યું પલંગ પાલખી, હાથી હીંડોળા ખાટજી;
મેલી જાવું જીવને એકલા, મારું માનો એ માટજી. સપનું૦
મહોલ જરૂખા માળિયાં, રૂડી રંગીન મેડીજી;
તેને મેલાવી જમ મારતા, તુરત લૈ જાએ તેડીજી. સપનું૦
ખાન પાન સુખ સેજમાં, રહેતા હૈયે વિલાસજી;
દયાનંદ કહે હરિ ન ભજ્યા, થયા નરક નિવાસજી. સપનું૦

## ૧૨૦. રાગ : નટમાઢ—ત્રિતાલ

**સુમરે સુખ હોય હો મન મેરે, શ્રી ઘનશ્યામ ચરન;**
જીન સુમરે તીન મહા સુખ પાયા, છૂટે જનમ મરન. સુમરે૦
સમજ સવેરો માન શીખ મેરી, જો હિત ઇચ્છો અપનો કરન;
પ્રેમાનંદ કહે હરિપદ પંકજ, અશરનકો હે શરન. સુમરે૦

## ૧૨૧. રાગ : સોરઠ

**હરિગુણ ગાતાં દુરિજનિયાનો, ધડક ન મનમાં ધારીએ;**
શિરને સાટે શ્વાસઉચ્છ્વાસે, સુંદરવર સંભારીએ. હરિ૦
જે સાચું સ્મરણ આદરે, તેનો મૂરખ માણસ દ્રોહ કરે;
તે ઊલટો નિજ શિર ભાર ભરે. હરિ૦
જે સૂરજ સામી રજ નાખે, તે ઊલટી આવી પડે આંખે;
રવિ રોષ રાગ મન નવ રાખે. હરિ૦
એમ સમજી મન દૃઢ રાખીએ, મુખ કાયરતા નવ ભાખીએ;
જે તન પ્રભુ પર વારી નાખીએ. હરિ૦
આ તન મન ધન હરિ ચરણે ધરે, તેની શ્રી ઘનશ્યામ સહાય કરે;
કહે મુક્તાનંદ તે તારે ને તરે. હરિ૦

## ⊛૧૨૨. રાગ : ગરબી

### પદ—૧

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે;
વિપતે વરચી રે, કેદી દીન વચન નવ ભાખે. ૧
જગનું સુખદુઃખ રે, માયિક મિથ્યા કરી જાણે;
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે. ૨
પર ઉપકારી રે, જન પ્રેમનિયમમાં પૂરા;
દૈહિક દુઃખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા. ૩
હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરિયા;
સર્વ તજીને રે, હરિવરને વહાલા કરિયા. ૪
બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી;
મસ્તક જાતાં રે, નવ મેલે ટેક વિસારી. ૫

### પદ—૨

ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી;
ત્રિવિધ તાપે રે, કેદી અંતર ડોલે નાહિ. ૧
નિધડક વરતે રે, દૃઢ ધીરજ મનમાં ધારી;
કાળકર્મની રે, શંકા તે દેવે વિસારી. ૨
મોડું વહેલું રે, નિશ્ચે કરી એક દિન મરવું;
જગ સુખ સારુ રે, કે'દી કાયર મન નવ કરવું. ૩
અંતર પાડી રે, સમજીને સવળી આંટી;
માથું જાતાં રે, મેલે નહિ તે નર માટી. ૪
કોઈની શંકા રે, કે'દી મનમાં તે નવ ધારે;
બ્રહ્માનંદના રે, વહાલાને પળ ન વિસારે. ૫

## પદ—૩

જો હોય હિંમત રે, નરને ઉરમાંહી ભારી;
દૃઢતા જોઈને રે, તેની મદદ કરે સુખકારી. ૧
બીક તજીને રે, નિત્ય હિંમત સોતા બોલે;
મસ્તક માયા રે, સર્વે તૃણ જેવું તોલે. ૨
કેસરી સિંહને રે, જેમ શંકા મિલે નહિ મનમાં;
એકાએકી રે, નિરભે થઈ વિચરે વનમાં. ૩
પંડે છોટો રે, મોટા મેગળને[1] મારે;
હિંમત વિનાનો રે, હાથી તે જોઈને હારે. ૪
બ્રહ્માનંદ કહે રે, એમ સમજે તે જન શૂરા;
તન કરી નાખે રે, ગુરુ વચને ચૂરા. ૫

## પદ—૪

પેટ કટારી રે, પહેરીને સનમુખ ચાલ્યા;
પાછા ન વળે રે, કોઈના તે ન રહે ઝાલ્યા. ૧
આમાસામા રે, ઊડે ભાલા અણિયાળાં;
તે અવસરમાં રે, રહે રાજી તે મતવાલા. ૨
સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે;
જીવિત જૂઠું રે મરવું તે મંગળ જાણે. ૩
તેની પેરે રે, હરિજન પણ જોઈએ તીખા;
અંતર શત્રુને રે, લાગે અતિ વજ્ર સરીખા. ૪
માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે;
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિ મન ભાવે. ૫

---

૧. હાથી.

## ✪૧૨૩. રાગ : ગોડી

**હરિ બિન કોઈ ન તેરા, સમજ નર હરિ બિન કોઈ ન તેરા;**
ચાર દિન કી ચાંદની બીતે, આગે બોત અંધેરા. સમજ૦
મનુષ્ય દેહ દયા કરી દીની, તાતે ચેત સવેરા;
અબકો અવસર ભૂલ જાયેગો, સહેગો દુઃખ ઘણેરા. સમજ૦
ભરતખંડ મધ્ય જન્મ દીયો હે, જહાં પ્રભુ પ્રગટ બસેરા;
સ્વામિનારાયણ નામ રટણ કરી, પાર કરો ભવ ફેરા. સમજ૦
કામ ક્રોધ મદ લોભ માન તજી, હો સંતનકા ચેરા;
મુક્તાનંદ કહે મહાસુખ પાવે, માન બચન દૃઢ મેરા. સમજ૦

## ✪૧૨૪. રાગ : સામેરી

### પદ—૧

**હરિ ભજતાં સહુ મોટપ પામે, જન્મ મરણ દુઃખ જાય રે;**
પારસ પરસી લોહ કંચન થઈ, મોંઘે મુલે વેચાય રે. હરિ૦
મુનિ નારદની જાત ના જાનું, દાસીપુત્ર જગ જાણે રે;
હરિને ભજી હરિનું મન કેવાણા, વેદ પુરાણ વખાણે રે. હરિ૦
રાધાજી અતિ પ્રેમ મગન થઈ, ઉર ધાર્યા ગિરધારી રે;
હરિવર વરી હરિ તુલ્ય થયા, જેનું ભજન કરે નરનારી રે. હરિ૦
શ્રી ઘનશ્યામને શરણે જે આવે, તેના તે ભવદુઃખ વામે રે;
મુક્તાનંદના નાથને મળતાં, અખંડ એવાતન પામે રે. હરિ૦

### પદ—૨

પ્રેમ રસાયન જે જન પામે, તેનો તે મારગ ન્યારો રે;
પીંડ બ્રહ્માંડમાં પ્રીત ન રાખે, ઉર ધારે પ્રભુ પ્યારો રે. પ્રેમ૦
લોકલાજ મરજાદ ન માને, રહે હરિવર રંગ રાચી રે;

ત્રિભુવનમાં તે ધન્ય ધન્ય હરિજન, તેની તે ભક્તિ સાચી રે. પ્રેમ૦
હરિજનને આધીન વાલમજી, આ પ્રીત એ પાખે રે;
પ્રેમીજન એ મરમને પ્રીછે, હરિસંગ માન ન રાખે રે. પ્રેમ૦
કામ ક્રોધ મદ મોહતણા દળ, પ્રેમીની પાસ ન આવે રે;
મુક્તાનંદ પ્રગટ પ્રભુ ઉર ધરી, લટકે શું લાડ લડાવે રે. પ્રેમ૦

## ⊛૧૨૫. રાગ : કેદારો પ્રભાતી

### પદ ૧

**હેત કર હેત કર પ્રગટ ઘનશ્યામશું,**
રાખો હરિમૂર્તિ ઉરમેં પ્યારી;
કોટિ બ્રહ્માંડકે કારણ શ્રીહરિ,
એવા ઘનશ્યામ અંતરમાં ધારી. હેત૦
શિર પર પાઘ ગુલાબી ધારી હરિ,
કાનોમેં કુંડળ શોભે ભારી;
ભાલ વિશાળમેં તિલક કેસર કેરું,
નીરખતાં વશ થાય નરનારી. હેત૦
સુંદર કંઠમેં હાર ગુલાબકે,
બાંયે બાજુ બંધ પુષ્પ કેરે;
ઉર વિષે શ્રીવત્સચિહ્ન શોહે ઘણું,
નીરખતાં સુખ ઉર થાય તેરે. હેત૦
શ્વેત વસ્ત્ર નિત ધારત શ્રીહરિ,
ચંચળ મૂરતિ અતિ શોભે સારી;
અવધપ્રસાદ કે નાથકું લે ભજી,
મુક્ત કરે સબ કષ્ટ ટારી. હેત૦

### પદ—૨

ભજન કર ભજન કર પ્રગટ ભગવાન કો,
છુટી જાય દુઃખ સબ સુખ પામી;
કોટિ જનમકે પાપ હે શિર પર,
નાશ કરી ડારે અંતર જામી. ભજન૦
પ્રગટ હરિ ભજનસે દુષ્ટજન તરી ગયે,
સવરી ગીધ અરું રીંછ કોટિ;
તેમ હરિ પ્રગટશે પરમ પદ પામિયાં,
કાઠી કોળી સહુ પદવી મોટી. ભજન૦
પ્રગટ ભગવાન વિના મુક્ત નહિ હોત હે,
પરોક્ષથી દુઃખ નહિ ટળત ભારી;
જીવ કલ્યાણ હોત અક્ષર ધામસે,
પ્રગટ ભયે હરિ સુખકારી. ભજન૦
પ્રગટ ભગવાન પહેચાનીને જે જન,
કરે સત્સંગ સહુ મોક્ષ પામે;
અવધપ્રસાદ કે ઇષ્ટ કે ભજનસે,
ભ્રાંતિ ભાંગે જન જાય ધામે. ભજન૦

### પદ ૩

શરણ કર શરણ કર પ્રગટ મહારાજકો,
આંતર તાપ સબે પાપ ટાળે;
જે જન પ્રગટ હરિ શરણે તે આવિયા,
તેહિ જન સુખ પામ્યાં અપારે. શરણ૦
પ્રગટ હરિ તજી પરોક્ષને જે ભજે,

તે જન મૂર્ખ હે નરનારી;
જાહ્નવી નીર તજી કૂપ ખોદે તીંહા,
પ્યાસ ન જાવે તે પાવે ખુવારી. શરણ૦
શ્રીહરિકૃષ્ણ વિના ઓરકો આશરો,
કરત હરિજન વ્યભિચારી જાણો;
કહત હરિ સંગ એક ઇષ્ટ ધારો હરિ,
પૂર્ણ ભક્ત તેહી પ્રમાણો. શરણ૦
પ્રેમભક્તિ વિના રીઝત નહિ શ્રીહરિ,
વચનામૃત કહે સત્યવાણી;
અવધપ્રસાદ નાથકું સમરલે,
જાય સબ દુ:ખ સુખ પામે પ્રાણી. શરણ૦

### પદ ૪

સ્વામિનારાયણ પ્રગટ પુરુષોત્તમ,
ઇષ્ટ ધારી ભજો નરનારી;
શુક નારદ બ્રહ્માદિ દેવ સબ,
ધ્યાન ધરે જેહિ ત્રિપુરારિ. સ્વામિ૦
શ્રી ઘનશ્યામકી મૂર્તિ શોભે ઘણી,
નીરખતાં પાપ સંતાપ ટારે;
શીત પોયણ સમ ઉદરમેં ત્રિવળી,
નીરખતાં મુનિવર ધ્યાન ધારે. સ્વામિ૦
શ્રી ઘનશ્યામ કે ચરણમેં ચિહ્ન હે,
ધ્યાન કરે જેહિ ભક્ત સારે;
તેહિરિ ભક્ત ઉરવાસ કરીને હરિ,

જ્ઞાન વૈરાગ્ય ભક્તિ વધારે. સ્વામિ૦
ભક્ત આધિન ભગવાન પોતે હરિ,
પરમ પ્રીતે કરી નીત સેવે;
અવધપ્રસાદકે નાથ તે ભક્તકું,
ધામ અક્ષર માંહી વાસ દેવે. સ્વામિ૦

## ⍟૧૨૬. રાગ : ગરબી

**હૈયાના ફૂટ્યા હરિ સંગ હેત ન કીધું;**
લખ ચોરાશી કેરું લગડું માથે તાણી લીધું રે. હૈયાના૦
પેટને અર્થે પાપ કરતા, પાછું ફરી નવ જોયું;
ચાર દિવસના જીવતર સારુ, મન માયામાં મોહ્યું રે. હૈયાના૦
જન્મમરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકિયો ટાળી;
માતપિતા જુવતી સુત સંગે, વિસાર્યા સુખકારી રે. હૈયાના૦
આળસ ને અજ્ઞાન અતિશે, કામ બગાડ્યું તારું;
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારું રે. હૈયાના૦

'તે સૌ નારાયણનો હું સ્વામી,
સહુ રહ્યા મને કર ભામી;
માટે સ્વામિનારાયણ રટે જેહ,
પામે અલૌકિક સુખ તેહ.'

## ✪૧૨૭. રાગ : પંચમ

**અજ્ઞાન અંધારું રે સખી સરવે ટળ્યું રે,**
આવ્યો અતિ ઘોર નિશાનો અંત;
સર્વે સુખકારી રે સૂરજ ઉદય થયા રે,
પ્રભુ મારો અક્ષરાતીત અનંત. અજ્ઞાન૦
ભક્ત કમળ ફૂલ્યા રે જીવન જોવા કારણ રે,
કરમાઈ ગયા કુમતિ કુમુદની પેર;
ઉલુ મીંચી બેઠા રે ઠારો ઠાર આંખને રે,
આજ મારે થઈ છે લીલાલહેર. અજ્ઞાન૦
દિવ્ય ચક્ષુ થયા રે સંશય સર્વે ટળ્યા રે,
મળ્યા વાલો મૂર્તિમાન મહારાજ;
ભૂમાનંદનો સ્વામી રે પ્રગટ મેં પૂજિયા રે,
મળ્યું ફળ દેહ ધર્યાનું આજ. અજ્ઞાન૦

## ✪૧૨૮. રાગ : ધોળ

**આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ,**
પુરુષોત્તમ પ્રગટી રે. ટેક૦
અમૃતના સિંધુ ઊલટ્યા રે, રંગડાની વાળી છે રેલ. પુ૦ ૧
નિરભેની નોબત્યું વાગિયું રે, મળિયા શ્રીહરિરાય. પુ૦ ૨
વિધવિધ થયાં વધામણાં રે, કસર ન રહી કાંય. પુ૦ ૩

ખોટ ગઈ છે ખોવાઈને રે, જીત્યાના જાંગી ઢોલ. પુ૦ ૪
દુઃખ ગયું બહુ દિનનું રે, આવિયું સુખ અતોલ. પુ૦ ૫
કળશ ચઢાવ્યો કલ્યાણનો રે, સૌના મસ્તક પર મોડ. પુ૦ ૬
ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહિ જોડ. પુ૦ ૭
સહુની પારે સહુ ઉપરે રે, એવી ચલાવી છે રીત. પુ૦ ૮
નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત. પુ૦ ૯
સર્વના સ્વામી શ્રીહરિ રે, સર્વેના કહાવિયા ઘનશ્યામ. પુ૦ ૧૦
સર્વેના નિયંતા નાથજી રે, સર્વેના કરિયાં કામ. પુ૦ ૧૧
સ્વામિનારાયણ નામનો રે, સિક્કો બેસાડ્યો આપ. પુ૦ ૧૨
એ નામને જે આશર્યાં રે, તેના તે ટાળ્યા તાપ. પુ૦ ૧૩
ધામી જે અક્ષરધામના રે, તેણે આપ્યો છે આનંદ. પુ૦ ૧૪
અખંડ આનંદ આપી જીવને રે, કાપ્યા ભારે ભવફંદ. પુ૦ ૧૫
ખાતાં વળાવ્યાં ખોટનાં રે, ખરી કરાવી છે ખાટ્ય. પુ૦ ૧૬
બંધ કીધાં બીજાં બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ. પુ૦ ૧૭
તમ ટાળ્યું ત્રિલોકનું રે, પ્રકાશી પૂરણબ્રહ્મ. પુ૦ ૧૮
અંધારું રહ્યું'તું આવરી રે, તે ગયું થયું સુગમ. પુ૦ ૧૯
સૂરજ સહજાનંદજી રે, આપે થયા છે ઉદ્યોત[૧]. પુ૦ ૨૦
પૂર્વની દિશાએ પ્રગટ્યા રે, ખોટા મોટા કર્યા ખદ્યોત[૨]. પુ૦ ૨૧
અષાઢી મેઘે આવી કર્યાં રે, ઝાઝાં બીજા ઝાકળ. પુ૦ ૨૨
પૂર ચાલ્યાં પૃથ્વી ઉપરે રે, ધોયા ધરતીના મળ. પુ૦ ૨૩
ગાજવીજ ને વરસવું રે, અગમ સુગમ કર્યું સોય. પુ૦ ૨૪
સહુ જનને સુખ આપિયું રે, દુઃખી રહ્યું નહિ કોઈ. પુ૦ ૨૫
ધર્મનો ઢોલ સુણવિયો રે, દેવા લાગ્યા પોતે દાત. પુ૦ ૨૬
દુર્બળનાં દુઃખ કાપિયાં રે, ન જોઈ જાત કજાત. પુ૦ ૨૭

૧. પ્રકાશિત; ૨. સૂર્ય.

ધન્ય ધન્ય મારા નાથજી રે, ધન્ય ઉધારિયા જન. પુ૦ ૨૮
ધન્ય ધન્ય આ અવતારને રે, ભલે મળ્યા ભગવન. પુ૦ ૨૯
વારી વારી જાઉં વારણે રે, કર્યાં અમારા કાજ. પુ૦ ૩૦
ઘણે હેતે ઘનશ્યામજી રે, મળ્યા અલબેલો આજ. પુ૦ ૩૧
કહીએ મુખેથી કેટલું રે, આપ્યો છે જે આનંદ. પુ૦ ૩૨
નિષ્કુળાનંદ જાય વારણે રે, સહેજે મળ્યા સહજાનંદ. પુ૦ ૩૩

## ૧૨૯. રાગ : ધોળ

**કરુણાના સિંધુ રે, કે' સૌને સુખ કાજે;**
શિક્ષાની પત્રી રે, કે' કીધી મહારાજે. ૧
પત્રી જો સુંદર રે, કે' સર્વે વાત લખી;
સુધ જાણી કીધી રે, કે' નિજ મૂર્તિ સરખી. ૨
ઉધ્ધવના મતનું રે, સ્થાપન અધિક કર્યું;
જેણે શરણે આવ્યો રે, કે' તેનું કારજ સર્યું. ૩
જે અંતર ધરિયાં રે, તે સર્વે થયાં સુખીઆ;
નરત્રિય બડ ભાગી રે, કે' તેમણે ઓળખીઆ. ૪
બ્રહ્માનંદ કહે મમ ગુરુ રે, સહજાનંદ ભણું;
કરે પત્રી કરવા રે, મંગળ ઇષ્ટતણું. ૫

## ૧૩૦. રાગ : ધોળ

**કરું પ્રથમ પ્રણામ સંભારી રે સહજાનંદ સ્વામી.** ૧
વંદુ જુગલ ચરણ ઉર ધારી રે સહજાનંદ સ્વામી. ૨
તમે ભલે પ્રગટ્યા ભવ મોચન રે સહજાનંદ સ્વામી. ૩
તમે નિજ જન આનંદ લોચન રે સહજાનંદ સ્વામી. ૪

થયા કરુણા કરી દ્રગ ગોચર રે સહજાનંદ સ્વામી. ૫
સહુ જાણે ખેચર ભૂચર રે સહજાનંદ સ્વામી. ૬
તમે પુરુષોત્તમ સુખકારી રે સહજાનંદ સ્વામી. ૭
સદા અક્ષરધામ આધારી રે સહજાનંદ સ્વામી. ૮
તમે સર્વોપરી સુખકંદ રે સહજાનંદ સ્વામી. ૯
તમને સેવે મુક્ત મુનિવૃંદ રે સહજાનંદ સ્વામી. ૧૦
તમે ક્ષર અક્ષરના સ્વામી રે સહજાનંદ સ્વામી. ૧૧
સર્વ વ્યાપક અંતરજામી રે સહજાનંદ સ્વામી. ૧૨
તમે કૈવલ્યપતિ સુખરૂપ રે સહજાનંદ સ્વામી. ૧૩
સર્વ મુક્ત તણા છો ભુપ રે સહજાનંદ સ્વામી. ૧૪
તમે દિવ્ય તનુ સાકાર રે સહજાનંદ સ્વામી. ૧૫
મહાતેજ તણા અગાર[૧] રે સહજાનંદ સ્વામી. ૧૬
એક બેઠક નાથ તમારી રે સહજાનંદ સ્વામી. ૧૭
એક તેજ સમૂહ અતિ ભારી રે સહજાનંદ સ્વામી. ૧૮
અતિ દિવ્ય ને આચરજકારી રે સહજાનંદ સ્વામી. ૧૯
અધો ઉર્ધ્વ મધ્ય દિશી ચારી રે સહજાનંદ સ્વામી. ૨૦
અવિતર્ક્ય[૨] અતિ અપ્રમાણ રે સહજાનંદ સ્વામી. ૨૧
એ તેજસમૂહ સુજાણ રે સહજાનંદ સ્વામી. ૨૨
એ તેજમાં એક છબી ધામ રે સહજાનંદ સ્વામી. ૨૩
દિવ્ય રત્નમંડપ અભિરામ રે સહજાનંદ સ્વામી. ૨૪
તેમાં દિવ્ય પલંગ છબી ન્યારી રે સહજાનંદ સ્વામી. ૨૫
નિજજન લોચન અઘહારી[૩] રે સહજાનંદ સ્વામી. ૨૬
તેમાં આપ બિરાજો છો રાજ રે સહજાનંદ સ્વામી. ૨૭

૧. ઘર, સ્ત્રોત; ૨. સંદેહ વગરનું; ૩. પાપ હરનારી.

ચારે પાસ મહામુક્ત સમાજ રે સહજાનંદ સ્વામી. ૨૮
લઈ ષોડશ પૂજા પ્રકાર રે સહજાનંદ સ્વામી. ૨૯
તમને પૂજે છે કરી પ્યાર રે સહજાનંદ સ્વામી. ૩૦
પઢી પુરુષ સુક્ત મહામંત્ર રે સહજાનંદ સ્વામી. ૩૧
કરે સ્તવન સર્વે સ્વતંત્ર રે સહજાનંદ સ્વામી. ૩૨
એ ધામ છે સૌથી આઘું[૧] રે સહજાનંદ સ્વામી. ૩૩
નહિ કાલ માયાનું ત્યાં લાગુ રે સહજાનંદ સ્વામી. ૩૪
સર્વ ધામથી શ્રેષ્ઠ વિશેખે રે સહજાનંદ સ્વામી. ૩૫
સુર મુનિ સ્વપ્ને નવ દેખે રે સહજાનંદ સ્વામી. ૩૬
એ તો અક્ષરમાંહી છબી નોખી રે સહજાનંદ સ્વામી. ૩૭
ત્યાં આપ બિરાજો છો શોખી રે સહજાનંદ સ્વામી. ૩૮
મહાદુર્લભ દર્શન દેવ રે સહજાનંદ સ્વામી. ૩૯
જાણે વીરલા કોઈક ભેવ રે સહજાનંદ સ્વામી. ૪૦
શું વર્ણવું મહિમા અગાધ રે સહજાનંદ સ્વામી. ૪૧
નવ પહોંચે મનવાણી વિવાદ રે સહજાનંદ સ્વામી. ૪૨
બીજાં અસંખ્ય ધામ ઓરા એથી રે સહજાનંદ સ્વામી. ૪૩
તે સારુ નિગમ કહે નેતિ રે સહજાનંદ સ્વામી. ૪૪
ત્યાંથી આપ પધાર્યા નાથ રે સહજાનંદ સ્વામી. ૪૫
મોટી કૃપા કીધી અમ માથ રે સહજાનંદ સ્વામી. ૪૬
જડ ચીદ પ્રકૃતિ બે કહાવે રે સહજાનંદ સ્વામી. ૪૭
અપાર છે પાર ન પાવે રે સહજાનંદ સ્વામી. ૪૮
તેના આત્મા છો અંતરજામી રે સહજાનંદ સ્વામી. ૪૯
કર્તાહર્તા પાળક બહુનામી રે સહજાનંદ સ્વાંમી. ૫૦

૧. ઉપર, મોટું.

કાળ માયા પુરુષ પ્રધાન રે સહજાનંદ સ્વામી. ૫૧
તેના કારણ અતિ ગુણવાન રે સહજાનંદ સ્વામી. ૫૨
મહતત્ત્વ થકી ત્રણ ગુણ રે સહજાનંદ સ્વામી. ૫૩
સર્ગ[1] કારણ અતિ નિપુણ રે સહજાનંદ સ્વામી. ૫૪
ત્રણ ગુણ થકી તત્ત્વ ચોવીસ રે સહજાનંદ સ્વામી. ૫૫
વ્યષ્ટિ સમષ્ટિ દેહ જગદીશ રે સહજાનંદ સ્વામી. ૫૬
એમ ઉત્પત્તિ સ્થિતિ લય રૂપ રે સહજાનંદ સ્વામી. ૫૭
એવી લીલા તમારી અનુપ રે સહજાનંદ સ્વામી. ૫૮
સર્વકારણ કર્તા આધાર રે સહજાનંદ સ્વામી. ૫૯
એક તમે છો ધર્મકુમાર રે સહજાનંદ સ્વામી. ૬૦
મહાદિવ્ય ઐશ્વર્ય જુક્ત ઘનશ્યામ રે સહજાનંદ સ્વામી. ૬૧
આ મૂર્તિ તમારી સુખધામ રે સહજાનંદ સ્વામી. ૬૨
સર્વે દિવ્ય સામર્થીને છુપાવી રે સહજાનંદ સ્વામી. ૬૩
પ્રેમાનંદ કહે પ્રગટ થયા આવી રે સહજાનંદ સ્વામી. ૬૪

## ⊛૧૩૧. રાગ : કલ્યાણ

કૃપા કરી રે કૃપા કરી રે અલબેલો,
આવ્યા કૃપા કરી રે. અલબેલો૦
થાળ ભરી મોતીનો શ્રીહરિને વધાવ્યા,
ઉર હરખ ભરી રે. અલબેલો૦
આંખડલીનું ફળ આજ આવ્યું,
જોતાં જીવનને રહી હું ઠરી રે. અલબેલો૦
મનુષ્ય દેહનો લ્હાવ મેં લીધો,
પ્રાણ પિયાને ઉરમાં ધરી રે. અલબેલો૦

૧. ઉત્પત્તિ.

ભૂમાનંદ કહે શિર સાટે,
શ્રી ઘનશ્યામને વેગે વરી રે. અલબેલો૦

## ⊛૧૩૨. રાગ : ચોપાઈ

**(હરિલીલામૃત : કળશ-૫, વિશ્રામ-૩; કર્તા : આ. વિહારીલાલજી)**

**જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;**
છે નામ મારા શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક. ૧
જો સ્વામિનારાયણ એકવાર, રટે બીજા નામ રટ્યાં હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું. ૨
ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે. ૩
ગાયત્રીથી લક્ષ ગુણો વિશેષ, જાણે જેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહા મુક્તજનો વસાય, આ કાળમાં તો જપ એ જ થાય. ૪
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ જાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે. ૫
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે. ૬
ષડક્ષરો છે ષટ શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવ સિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વ ક્રિયામાં સમરો સદાયે. ૭
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્ય સમરવું સ્નેહે;
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય. ૮
જેણે મહા પાપ કર્યાં અનંત, જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનું સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતા. ૯
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહે જ તેનું. ૧૦

## ૧૩૩. રાગ : ગરબી

ધન્ય ધન્ય ધન્ય ગઢપુર ધામને જો,
ઘણું વ્હાલું છે શ્રી ઘનશ્યામને જો. ધન્ય૦
જેનો મહિમા અક્ષરધામ જેટલો જો,
અવિનાશીએ ઉચાર્યો મુખ એટલો જો. ધન્ય૦
દાદાખાચરના ધન્ય દરબારને જો,
જેણે રાખ્યા જગત આધારને જો. ધન્ય૦
દીનબંધુ દયાસિંધુએ દયા કરી જો,
મુનિનાથ ગોપીનાથને રૂપે રહ્યા જો. ધન્ય૦
ઉન્મત્ત સરિતા વહે છે સમીપમાં જો,
એવું શ્રેષ્ઠ તીર્થ નથી જંબુદ્વિપમાં જો. ધન્ય૦
ઘણીવાર મહારાજે મંજન કર્યું જો,
તેથી તેનું માહાત્મ્ય મોટું ઠર્યું જો. ધન્ય૦
ગંગા ગોમતી કાલિંદી ગોદાવરી જો,
ઉન્મત્ત ગંગા એથી અદકી ઠરી જો. ધન્ય૦
પાપી પ્રાણીઓના પ્રૌઢ પાપ નાશની જો,
પરીપૂરણ પુન્ય પાવની પ્રકાશની જો. ધન્ય૦
કરે વ્રત તપ જપ જે આહીં રહી જો,
ફળ કોટિ સંખ્યા ઘણું પામે સહી જો. ધન્ય૦
પાવન પરમ ચોક શેરીયું બઝાર છે જો,
હરિના ચરણની ઠારોઠાર છે જો. ધન્ય૦
શિવ બ્રહ્મા ઇંદ્રાદિક ઘણા સ્નેહથી જો,
યાત્રા કરવા આવે છે દિવ્ય દેહથી જો. ધન્ય૦
ધરી જન્મ આહીં યાત્રાએ ન આવિયો જો,

અવતાર એણે વૃથા ગુમાવીઓ જો. ધન્ય૦
શીખે સાંભળે જે મહિમા એ ધામનો જો,
તે પર રીઝે દેવ દલપતરામનો જો. ધન્ય૦

## ㊌૧૩૪. રાગ : ધોળ

**ધન્ય મુને મળ્યા સહજાનંદજી, જેને કહે છે અક્ષરધામના ધામી. ૧**
ભલે વહાલે ભૂતળ અવતાર લીધો, કૃપા કરી સતસંગ આવો કીધો. ૨
ધન્ય અમો સતસંગનાં નિવાસી, જેમાં આવ્યા અલખ પુરુષ અવિનાશી. ૩
ધન્ય મુને સહજાનંદની કહાવી, થઈ હવે સર્વે લોકમાં છાવી. ૪
ભલે મળ્યા ભૂમાનંદના સ્વામી, ધન્ય હું તો પૂરણ પદવી પામી. ૫

## ㊌૧૩૫. રાગ : પ્રભાતી

**ધર્મસુત નામ ઘનશ્યામ નિર્મળ છબી,**
જેહ નવ રસ તણી છે ભરેલી;
નવ રસે નૌતમ ભિન્ન ચેષ્ટા કરી,
સહુની ચિત્ત ચોરે વૃત્તિ હરેલી. ધર્મ૦
સુખદ શૃંગાર ધરી ચિત્ત ચોરે હરિ,
મદન મદ હારી શોભા ધરેલી;
મંદ મુખહાસ અવિનાશ કરી દાસની,
પાસ રંજન ગીરા ઉચ્ચરેલી. ધર્મ૦
દુઃખી કદી કોઈને દેખી કરુણાનિધિ,
નેણથી નેક વૃષ્ટિ ખરેલી;
સંતસુર કષ્ટ સુણી રૌદ્ર ધરી રૂપને,
કોપથી દૃષ્ટિ કરડી કરેલી. ધર્મ૦

કામ ને ક્રોધ મદ વીરને વશ કર્યા,
પગ તણી ઠોકરે ઠીક ઠેલી;
કનક કાંતા તણી ખૂબ નિંદા કરી,
જાણી બિભત્સ વૃત્તિ કરેલી. ધર્મ૦
અધિક ઉરમાંહી ભય પામી પશુ પક્ષીથી,
મનુષ્ય લીલા અતિ આદરેલી;
આપી પરચા અતિ ભક્તરક્ષણ કર્યું,
એહ અદ્ભુત છટા વાપરેલી. ધર્મ૦
જ્ઞાન આપી અતિ શાંત અગણિત કર્યાં,
જ્ઞાનની વૃષ્ટિ મુખથી ઝરેલી;
જોઈ જગદીશ કહે મૂર્તિ નવ રસમયી,
વીસરે કેમ ઉર ઊતરેલી. ધર્મ૦

**૧૩૯. રાગ : સોલા**

**નેતિ નેતિ કહી ગાયે નિગમ પુરાણ,**
તે નારાયણ દ્વિજકુલ પ્રગટ થયાજી માણારાજ;
મોટા મોટા મુનિ કરે રે વખાણ,
અક્ષરના નિવાસી હરિ એને કહ્યાજી માણારાજ. ૧
વંદે વંદે શિવ બ્રહ્મા શેષ,
ધર્મકુંવર શ્રી ઘનશ્યામનેજી માણારાજ;
લીધો લીધો માનવનો વેશ,
લજ્યાને પમાડતા કોટિ કામનેજી માણારાજ. ૨
મોડ્યા મોડ્યા મહિપતિના માન,
સર્વ જે દેશિકને શિર શોભતાજી માણારાજ;

ધરે ધરે મુનિ જેનું ધ્યાન,
તે પુરુષોત્તમ રાજે જન મન લોભતાજી માણારાજ. ૩
ધન્ય ધન્ય ધર્યો અવતાર,
વારે વારે જાઉં હું તો વારણેજી માણારાજ;
ભલે ભલે આવ્યા અધમ ઓધાર,
ધર્માત્મજ પ્રગટ્યા પ્રેમાનંદ કારણેજી માણારાજ. ૪

## ૧૩૭. રાગ : ચોપાઈ

**(સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત પુરુષોત્તમ પ્રકાશમાંથી)**

**પણ મુખ્ય અમારું જે નામ, તે તો ભૂલી ગયા છે તમામ;**
કોઈને હાથ તે આવ્યું નહિ, એહ સારુ નામ ગયું રહી. ૧
હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો તે સહુ દાસ;
સ્વામિનારાયણ મારું નામ, સંભારતાં સૌને સુખ ધામ. ૨
બીજાં નામ લે કોઈ હજાર, તોયે આવે નહિ એની હાર;
સ્વામિનારાયણ નામ સાર, લીએ એકવાર નિરધાર. ૩
તેને હજાર નામનું ફળ, મળે તરત જાણો એ પળ;
માટે સજન લેજો વિચારી, આ છે નામ અતિ સુખકારી. ૪
સ્વામિનારાયણ નામ સાર, રટજો સહુ તે નરનાર;
સર્વે નારાયણનો હું સ્વામી, માટે રહેજો મને કર ભામી. ૫
બીજા નારાયણ નામ ઘણાં, કહું નામ થોડાંક તે તણાં;
સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટનારાયણ તે લેવાય. ૬
લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લહે છે;
વાસુદેવનારાયણ સાર, એવા નારાયણ નામ અપાર. ૭
તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કર ભામી;
માટે સ્વામિનારાયણ રટે જેહ, પામે અલૌકિક સુખ તેહ. ૮

એમ હરિએ નિજ નામ તણો, કહ્યો મહિમા મુખેથી ઘણો;
પછી નરનારી મળી સહુ, લહે એ નામ હરિનું બહુ. ૯
સ્વામિનારાયણ નારાયણ, કરે સહુ જન તેજ રટણ;
પછી સ્વામી શ્રી સહજાનંદ, સહુજનને દેતા આનંદ. ૧૦
અલૌકિક પ્રતાપ જણાવે, બ્રહ્મવિદ્યા સહુને ભણાવે;
ધ્યાન ધારણા ને જે સમાધિ, તેની પકવ દશા અતિ સાધી. ૧૧
સમાધિમાં ઇષ્ટદેવ સહુના, દેખાડે છે દયા કરી બહુના;
જોઈ એવા એવા ચમત્કાર, શરણે આવ્યા મુમુક્ષુ અપાર. ૧૨
તેના ચિત્તને તે તાણી લીધા, બહુ સુખિયા સહુને કીધા;
તેને સાથે લઈ ઘનશ્યામ, ફર્યા દેશોદેશ સુખધામ. ૧૩

**☆૧૩૮. રાગ : ગરબી**

**પદ—૧**

**પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ,**
કાંઈ કહ્યામાં ના'વે વાત, મારી બેની! પ્રગટ૦
આજ દીનબંધુ અઢળક ઢળ્યા રે લોલ,
પોતે પુરુષોત્તમ સાક્ષાત્, મારી બેની! પ્રગટ૦
એ તો પ્રકૃતિ પુરુષ થકી પર છે રે લોલ,
એ તો અક્ષર તણા આધાર, મારી બેની! પ્રગટ૦
એ તો અનંત મુક્તોના નાથ છે રે લોલ,
એનો નિગમ ન પામે પાર, મારી બેની! પ્રગટ૦
એ તો રાજાધિરાજપણે રાજતા રે લોલ,
એ તો ત્રિભુવનપતિ ભગવાન, મારી બેની! પ્રગટ૦
એ તો સુરનર મુનિ શીર છાજતા રે લોલ,
હરિ સકળ રૂપ નિધાન, મારી બેની! પ્રગટ૦

મહામુક્ત પૂજે જેની પાદુકા રે લોલ,
એવા પરમ પુરુષ મહારાજ, મારી બેની! પ્રગટ૦
જેને ઘડીએ ન મેલે દિવ્ય મુક્તો રે લોલ,
એવા દુર્લભ સુલભ થયા આજ, મારી બેની! પ્રગટ૦
નર વિગ્રહ ધર્યો કરુણા કરી રે લોલ,
લીધો દ્વિજકુળે અવતાર, મારી બેની! પ્રગટ૦
પ્રેમાનંદનો સ્વામી આજ શ્રીહરિ રે લોલ,
મુક્તિ આપી કરે ભવપાર, મારી બેની! પ્રગટ૦

## પદ—૨

પ્રભુ પ્રગટ થયા છે આ સમે રે લોલ,
હરિકૃષ્ણ કમળ દળ નેણ, અવિનાશી! પ્રભુ૦
જેને સુરપતિ નરપતિ સહુ નમે રે લોલ,
એવા ધરમકુંવર સુખદેણ, અવિનાશી! પ્રભુ૦
જે સર્વોપરી ભગવાન છે રે લોલ,
તે જ ધર્મ સુત ઘનશ્યામ, અવિનાશી! પ્રભુ૦
તેણે મુક્તિનાં દ્વાર ઉઘાડિયાં રે લોલ,
નરનારીને દેવા નિજ ધામ, અવિનાશી! પ્રભુ૦
શુદ્ધ ધર્મ ધરા પર સ્થાપવા રે લોલ,
ઉખાડવા અધર્મનાં મૂળ, અવિનાશી! પ્રભુ૦
નિજ જનને અખંડ સુખ આપવા રે લોલ,
પાવન કરવા ભક્તિ ધર્મ કુળ, અવિનાશી! પ્રભુ૦
આજ આત્યંતિક મોક્ષ દેવા આવિયા રે લોલ,
બ્રહ્મમહોલ વાસી હરિરાય, અવિનાશી! પ્રભુ૦
મોટા મુક્ત મુનિ સાથે લાવિયા રે લોલ,

જેનાં દર્શન કર્યે પાપ જાય, અવિનાશી! પ્રભુ૦
મોક્ષપતિ કુંવર ભક્તિ ધરમના રે લોલ,
હરિકૃષ્ણ નારાયણ નામ, અવિનાશી! પ્રભુ૦
વા'લો તરત કાપે છે બંધ કર્મના રે લોલ,
પ્રેમાનંદનો સ્વામી ઘનશ્યામ, અવિનાશી! પ્રભુ૦

### પદ—૩

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર, નરનારી! જેને૦
આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,
વહાલો તરત ઉતારે ભવપાર, નરનારી! જેને૦
જન્મ મૃત્યુના ભય થકી છૂટવા રે લોલ,
શરણે આવો મુમુક્ષુ જન, નરનારી! જેને૦
શીદ જાઓ છો બીજે શિર કૂટવા રે લોલ,
હ્યાં'તો તરત થાશો પાવન, નરનારી! જેને૦
ભૂંડાં શીદને ભટકો છો મતપંથમાં રે લોલ,
આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ, નરનારી! જેને૦
આણો પ્રેમે પ્રતીત સાચા સંતમાં રે લોલ,
થાશે મોક્ષ અતિશે અનુપ, નરનારી! જેને૦
જુઓ આંખ ઉઘાડીને વિવેકની રે લોલ,
શીદ કરો ગોળ ખોળ એક પાડ, નરનારી! જેને૦
લીધી લાજ બીજા ગુરુ ભેખની રે લોલ,
કામ ક્રોધે વજાડી છે રાડ, નરનારી! જેને૦
એવા અજ્ઞાની ગુરુના વિશ્વાસથી રે લોલ,
જાશો નરકે વગાડતાં ઢોલ, નરનારી! જેને૦

વાલો તરત છોડાવે કાળ પાશથી રે લોલ,
પ્રેમાનંદ કે' છે આપે છે હરિ કોલ, નરનારી! જેને૦

## પદ–૪

ધર્મકુંવરને જાઉં વારણે રે લોલ,
ભવ બુડતાં ઝાલી મારી બાંય, અલબેલે! ધર્મ૦
બાંય ઝાલીને કાઢી લીધી બારણે રે લોલ,
નહિ તો વહી જાત ક્યાંયની ક્યાંય, અલબેલે! ધર્મ૦
વા'લે ઘોર કળિમાં કરુણા કરી રે લોલ,
લીધો ધર્મ ઘરે અવતાર, અલબેલે! ધર્મ૦
પોતે અક્ષરપતિ આવ્યા શ્રીહરિ રે લોલ,
કરવા અધમ તણો ઓધાર, અલબેલે! ધર્મ૦
વા'લે પ્રગટ પ્રતાપ જણાવિયો રે લોલ,
મેટ્યા લખ્યા વિધાતાના લેખ, અલબેલે! ધર્મ૦
જીવ જમના તે હાથથી છોડાવિયા રે લોલ,
મારી કર્મની રેખ પર મેખ, અલબેલે! ધર્મ૦
ચાર વર્ણ ને આશ્રમ ચારના રે લોલ,
સ્થાપ્યા અચળ ધરાપર ધર્મ, અલબેલે! ધર્મ૦
મદ્ય માંસ ચોરી ફેલ જારનાં રે લોલ,
નરનારીનાં મેલાવ્યાં કર્મ, અલબેલે! ધર્મ૦
કીધાં શુદ્ધ અંતર નરનારીનાં રે લોલ,
ધર્મ ભક્તિ પધરાવ્યાં માંહ્ય, અલબેલે! ધર્મ૦
એવા દિવ્ય ચરિત્ર ઘનશ્યામના રે લોલ,
પ્રેમાનંદ જોઈને વારી જાય, અલબેલે! ધર્મ૦

## ⊛૧૩૯. રાગ : સામેરી

**પ્રતાપ આ નિલકંઠ યોગીનો, કળ્યામાં કોયને નાવે રે;**
માનુષ જેવા જણાય છે જોતા, સામર્થ્ય અધિક દેખાવે રે. પ્રતાપ૦
નાડીપ્રાણ ખેંચી જન કેરા, ધામ અલોકિ દેખાડે રે;
દેહમાં પાછા લાવીને મેલે, પ્રયાસ કાંઈ ન પાડે રે. પ્રતાપ૦
ક્રોધ દૂર થકી દેખીને ભાગે, કામ આવે કેમ પાસે રે;
લોભ મોહ મદ માન મેવાસિ, નામ સુણિને નાસે રે. પ્રતાપ૦
પ્રસંગ એનો જે કોઈ કરશે, તેનાં તે કારજ સરસે રે;
દયાનંદના નાથ પ્રતાપે, સંસાર સેજે તરશે રે. પ્રતાપ૦

## ⊛૧૪૦. રાગ : સામેરી

**મહિમા તમારો રે અગમ અપાર છે રે,**
તેનો કોણ કરી શકે નિરધાર;
નિગમ નિત ગાય રે નેતિ નેતિ કહી રે,
તોય નવ પામે જેહનો પાર. મહિમા૦
અનંત કોટિ રે બ્રહ્માંડ ઉપજે રે,
કરો જ્યારે નેત્ર કટાક્ષને આપ;
પાલન કરો રે હરો વળી તેહને રે,
એવા તમે સમર્થ અતિશે અમાપ. મહિમા૦
અક્ષર વિષે રે દિવ્ય મૂરતિ થકા રે,
બિરાજો છો સદા શ્રી ઘનશ્યામ;
અનંત મુક્ત રે આજ્ઞામાં રહે રે,
એવા તમે પ્રીતમ પૂરણ કામ. મહિમા૦
સૂર્ય ચંદ્રાદિ રે દેવ નભે છૈયે રે,

તેમને તે તેજના દેવન હાર;
એવા ઐશ્વર્ય રે અલૌકિક આપમાં રે,
એવો અમે નિશ્ચે કર્યો નિરધાર. મહિમા૦
ધર્મ એકાંતિ રે સ્થાપવા કારણે રે,
કરવાને અધર્મ કેરો નાશ;
સાધુજનને રે સુખડું આપવા રે,
પ્રગટિયા ભૂમિ પર અવિનાશ. મહિમા૦
અસુર અહંકારી રે જીવ જે જકતમાં રે,
તેનું પ્રભુ ઉતારવા અભિમાન;
દયાનંદના વાલા રે દૈવી જીવુંને રે,
દેવાને દુર્લભ દર્શન દાન. મહિમા૦

## ⊛૧૪૧. રાગ : લાવણી

**મળી બુટોલપુરની માંહી કહે મયારાણી,**
સુણો નીલકંઠ વર્ણીન્દ્ર સુખદ મમ વાણી. મળી૦
કેમ ત્યાગ્યું તમે ઘરબાર ઉંમર છે છોટી,
નથી જાણી મારા નાથ વાત છે મોટી. મળી૦
શોભે સુંદર માથે કેશ કોમળ છો અંગે,
કેમ વિચરો મહાવનમાંહી નથી કોઈ સંગે. મળી૦
કર્યું બંધુવર્ગે અપમાન ભોજાઈએ મેણું દીધું,
થયો નાની વયમાં વૈરાગ્ય કુટુંબ તજી દીધું. મળી૦
લીધો બાળપણમાં ભેખ જુવાની છે ભારી,
તમે પરણો ઘનશ્યામ કે નૌતમ નારી. મળી૦
થયા તેના સારુ ખુવાર ઋષિ મુનિરાયા,

પડ્યા દેવ તપસ્વી સિધ્ધિ એવી એ માયા. મળી૦
ગયો સૌભરી કેરો ત્યાગ એકલસૃંગી લૂંટ્યા,
પડ્યો નહુષ સ્વર્ગથી સોમ ગુરુ પણ ખુટ્યા. મળી૦
શિવ બ્રહ્મા ને સુરરાય નારદ મુખ કાળું,
દશ મસ્તક કેરું કુળ રામે સંહાર્યું. મળી૦
એમ જાણી પ્રીતમ પ્રાણ કેમ ન વિચારો,
મુજ વિનતિને અલબેલ કરણમાં ધારો. મળી૦
ગ્રહો કુંવરી મારી દોય રાજા કરી સ્થાપું,
ઘણાં ગામ દંતી ને અશ્વ પેદલ હું આપું. મળી૦
જ્યારે થાશે જોબન જોર પછે પસ્તાશો,
મળી કોઈ વેરાગણ નાર લઈ ભાગી જાશો. મળી૦
મહા મર્મ ભરેલાં વાક્ય સુણી સુખધામી,
બોલ્યા શુકજી જેવા કૈક કરું નિષ્કામી. મળી૦
નવ આવે જોબન જોર પાસ પસીનો અંગે,
કરું વ્રત દૃઢ તપ હું એમ અતિશે ઉમંગે. મળી૦
છે બંધુવર્ગમાં સ્નેહ ભોજાઈ પણ તેવી,
થયો નાની વયમાં વૈરાગ્ય માયા તજ્યા જેવી. મળી૦
કર્યા અસંખ્ય જીવને નાથે બહુ નિષ્કામી,
કહે નારાયણમુનિદાસ ભજો બહુનામી. મળી૦

## ⊛૧૪૨. રાગ : ધોળ-જંગલો

**મુને શ્રી ઘનશ્યામ સ્વરૂપ જોગ સધાવિયો;**
જોગન ભઈ રહી ચરણમાં, આવ્યું ટાણું અમૂલ્ય. મુને૦
દુર્લભ જાણું દેહધારીને, મન વાણી પર મહારાજ;

અકળ અગોચર શ્રીહરિ, ગોચર પ્રગટ્યા આજ. મુને૦
નયનગોચર શ્રીહરિ, બ્રહ્મમોહોલના ભૂપ;
એહી કારણ મૈં તન ધર્યું, સેવવા નવલ સ્વરૂપ. મુને૦
કોટિ મુક્ત સેવા કરે, રોમ રોમ રસરૂપ;
અંગ પ્રકાશ અગમ અતિ, અક્ષરાતીત સ્વરૂપ. મુને૦
કોટિ અવતારના કારણ કહી, કોટિ કૃષ્ણ કરજોડ;
નિષ્કુળાનંદ રહે ચરણમેં, મેરે ઇષ્ટકી હજુર. મુને૦

## ૧૪૩. રાગ : ધોળ

**વારી જાઉં વ્હાલાજીને વારણે, સુખદાયક વ્હાલો શ્રી ઘનશ્યામ;**
મારા ઊરમાં વસ્યો અલબેલડો, મુને કીધી રે વ્હાલે પૂરણકામ. વારી૦
હું તો ન ગઈ ગંગા ગોદાવરી, હું તો ન ગઈ રે કાશી કેદાર;
ઘર બેઠા મળ્યા મુને માવજી, મારા પુણ્યનો રે નહિ વાર ને પાર. વારી૦
મારે અડસઠ તીરથ સર્વે મળ્યાં, વર પામી રે પુરુષોત્તમ નાથ;
મારે પાર આવ્યો ભવ પંથનો, મારો સાયો રે શ્રીહરિજીએ હાથ. વારી૦
સુખ આપ્યું અખંડ અલબેલડે, પધાર્યા રે મારે મંદિર આજ;
પ્રેમાનંદના નાથને ભેટતાં, મારાં સરિયાં રે બેની સર્વે કાજ. વારી૦

## ૧૪૪. ઢાળ : લોકઢાળ

**વાલી લાગે છે મને મૂર્તિ શ્રીજીમહારાજની,**
ચોંટી છે ચિત્તડાની માંય રે... મૂર્તિ શ્રીજીમહારાજની ૧
અક્ષરધામમાં આપ બિરાજો,
મુક્ત સભાની માંય રે... મૂર્તિ શ્રીજીમહારાજની ૨
દિવ્ય સભામાં શોભે દયાળુ,

દિવ્ય દિવ્ય દેખાય રે... મૂર્તિ શ્રીજીમહારાજની ૩
પરમ એકાંતિક બેઠા સમીપમાં,
અનાદિ મૂર્તિમાંયં રે... મૂર્તિ શ્રીજીમહારાજની ૪
હાલતાં ને ચાલતાં સૂતાં ને જાગતાં,
સાંભરે ઊરમાં સદાય રે... મૂર્તિ શ્રીજીમહારાજની ૫
આગળ પાછળ ને અંતરમાં મૂરતિ,
ચારે તરફ દેખાય રે... મૂર્તિ શ્રીજીમહારાજની ૬
સર્વત્ર મૂર્તિ ને મૂર્તિમાં હું ય છું,
સુખ કહ્યું નવ જાય રે... મૂર્તિ શ્રીજીમહારાજની ૭
વાત કહું શી અલૌકિક સુખની,
ઉપમા નવ અપાય રે... મૂર્તિ શ્રીજીમહારાજની ૮
અક્ષર જેવા એ સુખ ઇચ્છે પણ,
દર્શન તેને નવ થાય રે... મૂર્તિ શ્રીજીમહારાજની ૯
કેશવ કહે મને એ જ મૂર્તિમાં,
શ્રીજીએ રાખ્યો સદાય રે... મૂર્તિ શ્રીજીમહારાજની ૧૦

### ૧૪૫. રાગ : હરિગીત છંદ

**વિજ્ઞાનનો વિલય થયો, અજ્ઞાન વ્યાપ્યું અવનિમાં;**
મુમુક્ષુઓ દિગ્મૂઢ થઈ, ભટક્યા અનેક ભવાબ્ધિમાં.
ત્યારે પ્રભુ અક્ષરપતિ, આવ્યા અહીં કરુણા કીધી;
સાક્ષાત્ મોક્ષકારી શુભ, શિક્ષાની પત્રી છે દીધી. ૧
છે મલિન મન બહુધા થયાં, સંસાર કર્દમમાં મચી;
તેઓની શુદ્ધિ કારણે, શિક્ષાની પત્રી છે રચી.
અજ્ઞાન હરવા શક્તિ છે, જે શ્રીજીના આદેશથી;

ઓ માત હું તુજને નમું, છોડાવજે ભવ પાશથી. ૨
અંજન સળી તો આંખના, દોષો હરે છે સર્વદા;
પ્રજ્ઞા તણા દોષો હરે છે, જેહ પત્રી સર્વદા.
જે રૂપ છે શ્રીજીતણું, જે મુક્તિનું દાતાર છે;
તે માત શિક્ષાપત્રીને, પ્રેમે પ્રણામ હજાર છે. ૩
નાના વિદેશ વસી રહેલા, શિષ્યને સંબોધીને;
શિક્ષાની પત્રી છે કહી, સત્શાસ્ત્રોમાંથી શોધીને.
અક્ષરપતિ પુરુષોત્તમે, જનતાની મુક્તિ કારણે;
તેને રચી છે પદ્યમાં, આદેશથી સાધુજને. ૪
તે છે ધરી સત્સંગીજીવન, ગ્રંથના તો મધ્યમાં;
શું છે હૃદય શ્રીજીતણું, આત્મા તણી સાનિધ્યમાં.
તેનું સદા પૂજન પઠન, ને સ્તવન જપ પ્રેમે કરું;
ઓ માત શિક્ષાપત્રી, હું તો ધ્યાન પણ તારું ધરું. ૫
જે સર્વશાસ્ત્રનો શિરોમણિ, ને સર્વનો પણ સાર છે;
બ્રહ્માદિ દેવોનેય પણ, દુર્લભ સદા નિર્ધાર છે.
શ્રી સ્વામિનારાયણ પ્રભુજી, પાય છે તે આ સમે;
ઓ ધન્યભાગી પાન કરજો, પ્રેમથી નિત્ય તમે. ૬
જે સંતજનના શરણ, સહજાનંદ સ્વામી સર્વદા;
મુકુંદ વર્ણી આદિ સૌને, પાન નિત્ય કરાવતા.
જે પાન કરવાથી કુસંગી, બળ નહિ હૃદય રહે;
તે પત્રીની ઉપાસના, સત્સંગીઓ સર્વ ચહે. ૭
સંસાર સાગરમાં પડેલા, જીવને ઉદ્ધારવા;
આદેશ પત્રી છે લખી, નિજ ધામમાં પહોંચાડવા.
તે વર્ણી વેષ પ્રભુજીના, હું ચરણમાં મસ્તક ધરું;
કલ્યાણ મંગળ મૂર્તિને, પ્રેમે પ્રણામ ઘણા કરું. ૮

જે મંદ હસતા મુખથી, ઉપદેશ સૌને આપતા;
કષ્ટો અહીંનાં મોક્ષ માર્ગ, તણાંય સર્વ કાપતા.
શિક્ષાની પત્રી આપનારા, ધર્મના સુત હે હરિ;
નિત્યે વસો મુજ હૃદયમાં, માગું મુખે હું કરગરી. ૯
શ્રી સ્વામિનારાયણ પ્રભુનું, એ જ બીજું રૂપ છે;
શિક્ષાની પત્રી શ્રીજીની, જે શાસ્ત્ર રૂપ અનુપ છે.
મંગળ કરો ઓ માત!, તે સત્સંગીઓનું સર્વદા;
જે પ્રીતિથી આદેશ ત્હારા, પાળતા હોયે સદા. ૧૦
શ્રીજી કહે છે સર્વના, હિત કારણે આ આપી છે;
શિક્ષાની પત્રી રૂપ આ, સુધા ભૂમિ પર સ્થાપી છે.
સર્વે અમારા શિષ્ય તેઓ, પ્રેમથી એ સેવજો;
એમાં કહ્યું છે તેમ વર્તી, સર્વજન સુખિયા થજો. ૧૧

## ⊛૧૪૬. રાગ : ગરબી

**વ્હાલો અક્ષરધામના વાસી, સર્વોપરી સુખના રાશિ. સ્વામિનારાયણ.**
જેના રોમ રંધ્રની માંહી, રહે છે બ્રહ્માંડો બહુ છાઈ. સ્વામિ૦
દ્વિભુજ મૂર્તિ છે ઘનશ્યામ, સર્વે સદ્‌ગુણનાં છે ધામ. સ્વામિ૦
સુંદર ચિહ્‌ન ચરણમાં શોભ, જોતાં ભક્તોનાં મન લોભે. સ્વામિ૦
માથે મુકૂટ પિતાંબર ધારી, કાને કુંડળ મકરાકારી. સ્વામિ૦
કંઠે કૌસ્તુભઃ મણિ બિરાજે, ઉરમાં ભૃગુલાંછન શુભરાજે. સ્વામિ૦
મણિમય છે બે બાજુ ધાર્યા, ઉર પર શોભે મોતી માળા. સ્વામિ૦
કટીએ કનક મેખલા શોભે, જોતાં વિશાળ ભાલ મન મોહે. સ્વામિ૦
કરમાં કડાં કનકના ઝળકે, ચરણે નેપુર સુંદર ખળકે. સ્વામિ૦
જેની સેવા સજે સહુ મુક્ત, એવા અપાર શક્તિ સંયુક્ત. સ્વામિ૦

સર્વ કારણના પણ કારણ, સર્વ જગતના છે ધારણ. સ્વામિ૦
એ છે અનાદિ સર્વાધાર, કોટી ભુવનના કર્તાર. સ્વામિ૦
તે શ્રી પુરુષોત્તમ જગદીશ, અક્ષર પર અક્ષરના ઈશ. સ્વામિ૦
સદા સાકાર સદા નિયંતા, અંતર્યામી અખિલ વક્તા. સ્વામિ૦
જેને સહસ્ત્ર મુખ ગાવે, નારદ શારદ પાર ન પાવે. સ્વામિ૦
સહુ અવતાર તણા અવતારી, જેનું ધ્યાન ધરે ત્રિપુરારી. સ્વામિ૦
તે પ્રભુ ધર્મ સ્થાપવા કાજ, પ્રકટિયા અવનિ પર મહારાજ. સ્વામિ૦
કળીમાં કરવા જન નિષ્પાપ, આવ્યા અધર્મ હરવા આપ. સ્વામિ૦
ધર્યો ધરણી પર નર દેહ, વ્હાલો ઇશાનંદનો નેહ. સ્વામિ૦

## ㊌૧૪૭. રાગ : રામગ્રી

### પદ–૧

**શી કહું સુખની વારતા હરિ હસીને બોલાવે,**
મનુષ્ય દેહનું ફળ એ વિના અન્ય નજરે ન આવે. શી૦
મહાજોગી જેને કારણે તપ કરે જઈ વનમાં,
તે પ્રભુ પ્રગટ મુને મળ્યા ભુજ ભરીને તનમાં. શી૦
યજ્ઞ કરે જેને પામવા શાસ્ત્ર જશ જેના ગાવે,
તે તો મનોહર મૂરતિ કર ગ્રહીને બોલાવે. શી૦
સુખની તો સીમા એ જ છે પ્રાપ્તિનો એ પાર,
ભૂમાનંદના નાથને નીરખું વારંવાર. શી૦

### પદ–૨

સ્વામી સમીપે જે ઘડી તે તો લેખાતી જાય,
મુખ જોતાં મહારાજનું સુખ શાંતિ થાય. સ્વામી૦

જે મુખ જોવા કારણે મુક્ત ધરી અવતાર,
મધુકર રૂપે થઈને સેવે સુંદર હાર. સ્વામી૦
નયનનું ફળ હરિ નીરખવા દેહનું ફળ મળવું,
હસ્તનું ફળ સેવા ચરણની વાલો વાળે ત્યાં વળવું. સ્વામી૦
મન કર્મ વચને તે કરું મારો નાથ રહે રાજી,
ભૂમાનંદ કહે બ્રહ્માંડમાં એને સાથે છે સાજી. સ્વામી૦

## ૧૪૮. રાગ : ઠુમરી

**સબહી બરન મેં વોહી બડે જીન, સ્વામિનારાયણ રટા રટા રે.** ૧
સ્વામિનારાયણ જેહી મન રાચે, સંસાર તિનકો ખટા ખટા રે. ૨
સહજાનંદ કો' દર્શન જીન કીનો, ત્રિવિધતાપ સો કટા કટા રે. ૩
સ્વામિનારાયણ કો' મુખ ગાવે, પંડિત જોગી ભટા ભટા રે. ૪
સહજાનંદ કો ધ્યાન ધરી મુનિ, શિર ધરી કે બડી જટા જટા રે. ૫
સ્વામિનારાયણ આશ્રય જીન કીનો, તિનકી ઔર હે છટા છટા રે. ૬
શ્વેતવૈકુંઠદાસ શ્રીહરિ કે, પડત ચરનમેં લટા લટા રે. ૭

## ૧૪૯. રાગ : ગરબી

**સર્યું સર્વે મારું કાજ રે, મળ્યા મુક્ત સહિત મહારાજ રે.** ૧
પ્રીત પ્રગટ પ્રભુ સંગે જોડી રે, તરત ત્રિલોકમાંથી તોડી રે. ૨
આજ અવસર રૂડો આવ્યો રે, પ્રભુ પ્રગટ મળ્યા ફેરો ફાવ્યો રે. ૩
કંઈક કુસંગી કટુવેણ બોલે રે, શિલા ચિંતામણિ ગણી એકતોલે રે. ૪
અતિ દુર્લભ દેહ એ જ કહાવે રે, ભૂમાનંદ કહે ભરતખંડે આવે રે. ૫

## ⊛૧૫૦. રાગ : કલ્યાણક સોહિણી

### પદ—૧

**સલુણી છબી સુંદર સહજાનંદ, સલુણી છબી સુંદર સહજાનંદ.** ટેક૦
જન અંતરકી જાનત સબે વિધ, કરુણાનિધિ સુખકંદ. સલુણી૦
ભાલ વિશાલ ચાલ પગઠવની, માનું હું મત ગયંદ[1]. સલુણી૦
જાકે ધ્યાન અજ્ઞાન વિનાશત, ત્રાસત હે ભવ ફંદ. સલુણી૦
એ છબી આય વસો ઉર અંતર, નિશ દિન બ્રહ્માનંદ. સલુણી૦

### પદ—૨

વસે ઉર સહજાનંદ સુજાન, વસે ઉર સહજાનંદ સુજાન. ટેક૦
નવલકિશોર ચોર હે મનકે, જનકે જીવન પ્રાણ. વસે૦
દયાનિધાન સબ સુખદાયિક, માયિક તમ કે ભાન. વસે૦
ચરિત્ર અનુપ ભૂપ ભૂપન કે, અદ્‌ભુત રૂપ બખાન. વસે૦
બ્રહ્માનંદ રહો ઉર અંતર, નિશદિન યાકો ધ્યાન. વસે૦

### પદ—૩

વસો દગ સહજાનંદ સ્વરૂપ, વસો દગ સહજાનંદ સ્વરૂપ. ટેક૦
નૌતમ લાલ પાલ સંતન કે, અદ્‌ભુત ખ્યાલ અનુપ. વસો૦
સબવિધિ જાણ સદા સર્વે સામર્થ્ય, ભૂપન કે મહાભૂપ. વસો૦
જાકો રૂપ ધરે ઉર જો નર, પરત નહિ ભવ કૂપ. વસો૦
બ્રહ્માનંદ રહો દિલ મેં નિત, છબી સલુની ખૂંપ. વસો૦

### પદ—૪

મનોહર સહજાનંદ સુખધામ, મનોહર સહજાનંદ સુખધામ. ટેક૦
સકલ સુહાવ ભાવન મન કે, સંતન કે વિશ્રામ. મનો૦

૧. હાથી.

નર નાયક લાયક હરિ સુખનિધિ, સબ વિધિ પુરન કામ. મનો૦
શરણાગત વત્સલ જન સૌહૃદ, નિગમ રટત તેહી નામ. મનો૦
બ્રહ્માનંદ કહે એહી મૂર્તિ, આય વસો સબ જામ. મનો૦

## ૧૫૧. રાગ : લાવણી

**સહજાનંદકે દર્શન કરકે, મગન ભયે સબ ગુરુજ્ઞાની;**
અદ્‌ભુત રૂપ વિચારત મનમેં, નહિ આવે મુખસે બાની. સહજાનંદ૦
અનંત કોટિ જાકે ચરન પરત હે, બ્રહ્મ મહોલ કે સુખયાની;
સો હરિ કો હમ પ્રગટ બતાવે, ભેદ વિના ભટકત પ્રાની. સહજાનંદ૦
કોટિ વિષ્ણુ બ્રહ્મા કર જોડી, શંકર કોટિ સુરત આની;
શારદ શેષ નારદ યું પ્રણમે, નહિ માનત નર અભિમાની. સહજાનંદ૦
નિઃસ્વાદી નિઃસ્પૃહી નિર્લોભી, નિષ્કામી જન નિર્માની;
પાયો ભક્તિ પદારથ મોટો, તન મન કીનો કુરબાની. સહજાનંદ૦
પરબ્રહ્મ પૂરણ પુરુષોત્તમ, સ્વામિનારાયણ સુમરાની;
સુખાનંદ શરણે સુખ પાયો, ભજન ભરોસો ઉર આની. સહજાનંદ૦

## ૧૫૨. રાગ : ગોડી

પદ—૧

**સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;**
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ. સહજાનંદ૦
બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહધરી આઈ;

જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ. સહજાનંદ૦
કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ. સહજાનંદ૦
અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ. સહજાનંદ૦

## પદ—૨

હરિક્રષ્ન ભજ પ્રાની નિરંતર, હરિક્રષ્ન ભજ પ્રાની;
હરિક્રષ્નકો ધ્યાન ધરીકે, હોવત દુઃખકી હાનિ. હરિક્રષ્ન૦
હરિક્રષ્ન મહારાજકી છબીકું, શિવ બ્રહ્મા ઉર આની;
પ્રગટ હરિકું ભજત નિરંતર, વેદ કરત હે વખાની. હરિક્રષ્ન૦
શ્રી ઘનશ્યામ પ્રગટકો મહિમા, ગાવત હૈ ગુની જ્ઞાની;
શુક નારદ સનકાદિક મુનિવર, પ્રીત કરત મન માની. હરિક્રષ્ન૦
જ્ઞાન વિરાગ સ્વધર્મ સનાતન, ભક્તિ ભેદ જગ જાની;
અવધપ્રસાદ કહે અવનિ પર, સુગમ કરે સુખ દાની. હરિક્રષ્ન૦

## પદ—૩

નિલકંઠ ઉરધારી સમર મન, નિલકંઠ ઉરધારી;
નિલકંઠ મહારાજ ભજનસે, હોવત ભવજલ પારી. નિલકંઠ૦
નિલકંઠ મહારાજ ભજ્યા વિના, હોત હે જનમ ખુવારી;
પ્રગટ પ્રમાન હરિકું ભજી લે, ટારત ભવ ભયભારી. નિલકંઠ૦
આ જગમેં પિતુ માત ભ્રાત સુત, નેહ કરત અતિ નારી;
તાકો સંગ જાત જમપુર લે, દેવત નરકમેં ડારી. નિલકંઠ૦
સુખકારી ઘનશ્યામ ભજનસેં, કામ ક્રોધ ભય ટારી;
અવધપ્રસાદ કહત હરિશરને, તરી જાવત નરનારી. નિલકંઠ૦

પદ—૪

ઘનશ્યામ હમારે જીવન ધન, ઘનશ્યામ હમારે જીવન;
શ્રી ઘનશ્યામ બદનકી શોભા, નીરખી હરખી ઉર ધારે. ઘનશ્યામ૦
કેશર તિલક ભાલ બીચ સોહે, કાનુ મેં કુંડલ ભારે;
નીરખી ગુમાની ભઈ હું દીવાની, જીવકે જીવન પ્યારે. ઘનશ્યામ૦
શોભા ધામ સદા સુખ સાગર, પતિ બસન તનુ ધારે;
પ્રેમ મગન ભયે દેખી મુનિવર, સુંદર ધર્મ દુલારે. ઘનશ્યામ૦
જેહી જન આઈ રહે હરિ શરને, તાહિ મુક્ત કરી ડારે;
અવધપ્રસાદ નીરખી યહ મૂરતિ, ચરન કમલ ઉર ધારે. ઘનશ્યામ૦

## ⊛૧૫૩. રાગ : ગરબી

પદ—૧

**સહજાનંદજી સનેહી સુખધામ છે જો,**
સત ચિદ આનંદ જેનું નામ છે જો. સહજાનંદજી૦
દિવ્ય ચૈતન્ય અક્ષર જેનું ઘર છે જો,
ક્ષર અક્ષર થકી એ તો પર છે જો. સહજાનંદજી૦
દિવ્ય દ્વિભુજ સદા સાકાર છે જો,
સર્વ કર્તા પ્રેરક ને આધાર છે જો. સહજાનંદજી૦
મેઘશ્યામ સુંદર નરવેશ છે જો,
કોટિ કંદર્પ લાવણ્યતા ઉદ્દેશ છે જો. સહજાનંદજી૦
નવ રસમય મૂરતિ અનુપ છે જો,
રૂપ શીલ ને સ્વભાવ સુખરૂપ છે જો. સહજાનંદજી૦
એવા પ્રગટ થયા જન કારણે જો,
પ્રેમાનંદ જાય વારમવાર વારણે જો. સહજાનંદજી૦

## પદ—૨

કરુણાના સાગર કુંવર ધર્મના જો,
કરી કરુણા કાપ્યા બંધ કર્મના જો. કરુણાના૦
વહાલો કરુણા કરીને હરિ અવતર્યા,
જો કરી કરુણા વહાલેજી ભવદુઃખ હર્યાં જો. કરુણાના૦
અતિ કરુણામય છે એની મૂર્તિ જો,
પ્રેમીજન નવ મેલે ઘડી ઉરથી જો. કરુણાના૦
અતિ કરુણામય છે એની વાતડી જો,
સાંભળીને ઠરે છે મારી છાતડી જો. કરુણાના૦
અતિ કરુણામય છે એની આંખડી જો,
જાણે શરદ કમલ કેરી પાંખડી જો. કરુણાના૦
અતિ કરુણામય વહાલાની ચાલ છે જો,
પ્રેમાનંદ નિત્ય નીરખીને નિહાલ છે જો. કરુણાના૦

## પદ—૩

સહજાનંદજી સનેહી જીવન પ્રાણ છે જો,
ભક્ત પ્રાણ પતિ પરમ સુજાણ છે જો. સહજાનંદજી૦
ભક્તનાથ ભક્તજીવન ભગવાન છે જો,
ભક્ત વત્સલ હરિ કરુણાના નિધાન છે જો. સહજાનંદજી૦
ભક્ત નેણ રવિ ભક્ત ઉર ભૂષણ છે જો,
ભક્ત લોચન હરે ભવ દૂષણ જો. સહજાનંદજી૦
ભક્ત કલ્પતરુ કામધેનુ છે હરિ જો,
ભક્ત અર્થે આવીને આજ દેહ ધરી જો. સહજાનંદજી૦
ભક્ત તેજ તપ દૈવત નિવાસ છે જો,
ભક્ત આનંદ સુખ સદા અવિનાશ છે જો. સહજાનંદજી૦

ભક્ત વલ્લભ ને ભક્ત પૂરણકામ છે જો,
પ્રેમાનંદ કહે એવા સહજાનંદ ઘનશ્યામ છે જો. સહજાનંદજી૦

### પદ—૪

ઘનશ્યામ નામને હું જાઉં વારણે જો,
પુરુષોત્તમ પ્રગટ્યા અમ કારણે જો. ઘનશ્યામ૦
આવ્યા દીનતણા દુઃખ કાપવા જો,
નીજ જનને વાંછિત સુખ આપવા જો. ઘનશ્યામ૦
આવ્યા અધર્મનાં મૂળ ઉખાડવા જો,
કલિમળ રૂપ મતને પાછો પાડવા જો. ઘનશ્યામ૦
ધરી મૂર્તિ મુનિ મન મોહની જો,
જાદુગરી વાલાજીની જોહની જો. ઘનશ્યામ૦
વશીકરણભર્યાં એનાં વેણ છે જો,
સ્નેહ કરુણાભર્યાં એનાં નેણ છે જો. ઘનશ્યામ૦
અધમ ઓધારણ ભક્ત વત્સલ ટેક છે જો,
પ્રેમાનંદના સ્વામી એવા એક છે જો. ઘનશ્યામ૦

### ૧૫૪. રાગ : ગરબી

**સહજાનંદ રે સહજાનંદ રે, સહજાનંદ સુખકારી;**
ભજો નરનારી રે. સ્વામી સહજાનંદ રે૦
કૃપાના નિધાન, ભજો ભગવાન રે. સ્વામી સહજાનંદ રે૦
સદા આનંદ સિંધુ, દીનના બંધુ રે. સ્વામી સહજાનંદ રે૦
સદા સુખનું ધામ, પુરણ કામ રે. સ્વામી સહજાનંદ રે૦
અનંત નામના નામી, પ્રેમાનંદના સ્વામી રે. સ્વામી સહજાનંદ રે૦

## ⊛૧૫૫. રાગ : સામેરી

### પદ—૧

સહજાનંદ સિંધુ રે આજ મારે ઊલટ્યા રે,
ભાંગી મારી ભવો ભવની રે ભૂખ;
કંગાલપણું રે બાઈ મારું કાઢિયું રે,
દૂર કીધું દારિદર ને દુઃખ. સહજાનંદ૦
આનંદની લેર્યું રે એમાં અતિ ઘણી રે,
મરજીવા કરે છે માંહી મોજ;
મૂઠડીને ભરી રે એણે મુક્તાફળની રે,
ભાંગી બેઠા જન્મ મરણની ભોજ. સહજાનંદ૦
નવનિધિની રે નથી મારે વંછના રે,
સિધ્ધિને સામું શીદ હવે જોય;
સર્વેનું કારણ રે મળિયા ચિંતામણિ રે,
હવે જે ચિંતવિયે તે હોય. સહજાનંદ૦
અનાથ અભાગી રે બાઈ એ અમે નહિ રે,
અમે છૈયે સભાગિયા શાહુકાર;
રાંક ટાળીને કિધાં અમને રાજવી રે,
દીન ટાળી કીધાં છે દાતાર. સહજાનંદ૦
માલ અતોલ રે બાઈ અમ પાસ છે રે,
જેણે હું તો મગન રહું મનમાંય;
નિષ્કુળાનંદને આનંદ અતિ ઘણો રે,
શી કહું સુખતણી સીમાય. સહજાનંદ૦

### પદ—૨

સહજાનંદ સિંધુ રે દયાળુ દયા તણા રે,

ઊલટયા આજ ન રાખી ઓછ;
ન્યાલ જો  કીધાં રે કાંઈક કંગાળને રે,
આપી આપી અધમ જનને મોજ. સહજાનંદ૦
જે નર પાસે રે નો'તી એક નાસરી[૧] રે,
જેમ તેમ કરીને ભરતા જો પેટ;
ભૂખ તેની ભાગી રે લાગી હુંડી હાલવા રે,
થયા થયા સુખી સભાગિયા શેઠ. સહજાનંદ૦
કણકણ કાજે રે જણ જણ જાચતા રે,
રહેતા રહેતા આઠે પહોર જો આધીન;
તેને જઈ સોંપી રે સદાવ્રત સુખડી રે,
ભાંગી ભાંગી ભુખ થયું સુખ ચેન. સહજાનંદ૦
પરિશ્રમ વિના રે પારસમણિ મળી રે,
રળી રળી વળી ન મળે જે મૂલ્ય;
આનંદ અતોલ રે અવર મારા અંગનો રે,
ટળી ટળી ભુખ બુદ્ધિની ભૂલ્ય. સહજાનંદ૦
ઉદધિ ઊલટે રે નવ નિધિ માંય છે રે,
જેને સેવતાં થાયે છે જો સુખ;
નિષ્કુળાનંદને આનંદ અતિ ઘણો રે,
મહિમા તે મોટો ન કહેવાયે મુખ. સહજાનંદ૦

## પદ—૩

સહજાનંદ સિંધુ રે સખી સદા સેવીએ રે,
જો સુખ ઇચ્છીએ મનમાંય;
ડગમગ કરી રે દિલ ન ડોલાવીએ રે,

૧. બાર બદામ જેટલી કિંમતની વસ્તુ.

જેણે કરી જીત્યો અવસર જાય. સહજાનંદ૦
અવસર આવો રે અવર આવે નહિ રે,
જેમાં કાંયે મળિયા શ્રી ઘનશ્યામ;
એવાને મેલીને રે અન્ય ન આરાધીએ રે,
જેણે કરી જીવત થાય હરામ. સહજાનંદ૦
સ્વપ્ન સરીખાં રે સુખ આ સંસારના રે,
પશુ વિના બીજાં ન કરે પરતીત;
વણસીને જાતાં રે વાર લાગે નહિ રે,
દેહ ગેહ દારાદિક સુત વિત. સહજાનંદ૦
ઇચ્છ્યું નવ આવે રે હાથ હરિ તણે રે,
આપ્યા વિના લેવાય નહિ તે લેશ;
પરિશ્રમ કરીને જાય કોઈ પામવા રે,
કરે ઉપજાવી ઊલટો કલેશ. સહજાનંદ૦
અન્ય ભરોસો રે અંતરથી ઉવેખીએ રે,
દેખીએ કાંઈ દિલમાં કરી વિચાર;
નિષ્કુળાનંદ રે સખી તે સભાગણી રે,
જેને ઉપર પ્રસન્ન પ્રાણ આધાર. સહજાનંદ૦

## પદ—૪

સહજાનંદ સિંધુ રે સખી જો સભર ભર્યા રે,
એક રસ અખંડ ને અવિનાશ;
અંતરની આંખેથી રે જે જોશે તે જાણશે રે,
આવે ન જાય જેમ આકાશ. સહજાનંદ૦
લેર્ય તરંગ રે બુદબુદા[1] બહુ થયાં રે,

૧. પરપોટા.

દેવ દુનિ મુનિ નર ને નાર્ય;
સ્થાવર જંગમ રે દીસે જોતાં જુજવાં રે,
આદ્યે અંતે મદ્યે વિલસ્યું ને વાર્ય. સહજાનંદ૦
હિમ કરાને રે લૂણ બહુ લેખતા રે,
જોતાં દીસે જુજવી તેહની જાત;
ઉત્તમ મધ્યમ રે એથી અળગું નહિ રે,
પોત એક પાડી ભીન ભીન ભાત. સહજાનંદ૦
ભાજન ભરીએ રે જેમ કોઈ જળનું રે,
રાખીએ રતનાકરની માંય;
ભીતર બાહિર રે ભર્યું જળ ભાળીએ રે,
ભાજન ભાંગે તોય રહ્યું ત્યાંય. સહજાનંદ૦
આવે ન જાય રે અખંડ એ આત્મા રે,
જેહ સ્થિર અસ્થિર નવ થાય;
નિષ્કુળાનંદ રે લેર્ય આનંદની રે,
ઉપની તે સાગરમાંય સમાય. સહજાનંદ૦

**૧૫૯. રાગ : મેવાડી**

**સહજાનંદ સુખકારી (૨), સહજાનંદ સુખકારી;**
સલુણી છબી સહજાનંદ સુખકારી રે. સહજાનંદ૦
વેદાંતી અરૂપી કે' છે, ન્યાય અનુમાને લે છે;
તે વહાલો સંતોમાં રે'છે રે. સહજાનંદ૦
નિગમ કહે અનુમાને, મુનિવરને નાવે ધ્યાને;
વહાલો તે આ ભીને વાને રે. સહજાનંદ૦
સર્વ કરતાં સર્વાધારો, સર્વ માંહિ સર્વથી ન્યારો;
પ્રગટ રૂપ તે આ પ્યારો રે. સહજાનંદ૦

જગજીવન અંતરજામી, નામ સર્વનો છે નામી;
તે આ બ્રહ્માનંદનો સ્વામી રે. સહજાનંદ૦

## ⊛૧૫૭. રાગ : ગરબી

### પદ—૧

**સહજાનંદ સ્વામી રે ન પ્રગટત આ સમે રે,**
પ્રાણી કોઈ પામત નહિ ભવપાર રે;
મતિયાં ને પાખંડી રે શબ્દની જાળમાં રે,
બાંધી બાંધી બોળત જીવ અપાર રે. સહજાનંદ૦
કામી ક્રોધી લોભી રે ગુરુ થઈ બેસતા રે,
જતિ સતી જડત નહિ જગમાંય રે;
જ્ઞાન ને વૈરાગ્ય રે ભક્તિ ઝુરીને રે,
મરી ઝરી જાત ન લાધત ક્યાંય રે. સહજાનંદ૦
કાળિંગાની ફોજું રે કરત અતિ જોરને રે,
કરી ગુરુ પંડિતમાં પ્રવેશ રે;
માંસ ને મદિરા રે પરત્રિયા સંગથી રે,
ધર્મ તો રહેત નહિ લવલેશ રે. સહજાનંદ૦
વધત વટાળ[૧] રે ઘણો આ સંસારમાં રે,
વર્ણ અઢારે થઈ એક તાર રે;
સંત ને અસંતમાં રે કોઈ સમજત નહિ રે,
ભવજળ બુડત સઉ સંસાર રે. સહજાનંદ૦
નરકના પંથથી રે કોઈ ન નિવારતા રે,
કોઈ ન કરત ભવસેતુ ઉદ્ધાર રે;

૧. વટલાવાપણું.

મુક્તાનંદ કહે છે રે તેના દુઃખ ટાળિયાં રે,
જાઉં એને વારણે વારંવાર રે. સહજાનંદ૦

પદ—૨

સહજાનંદ સ્વામી રે પોતે પરબ્રહ્મ છે રે,
સ્વામિનારાયણ જેનું નામ રે;
સત્ય ધર્મ સ્થાપી રે અધર્મ ટાળિયો રે,
કીધાં વા'લે નિજ જન અતિ નિષ્કામ રે. સહજાનંદ૦
પોતાના આશ્રમની રે રીતિ પ્રગટ કરી રે,
કળિ મધ્યે કામની લીધી લાજ રે;
સમજુ ને શાણા રે જાણી એ પ્રતાપને રે,
નિશ્ચય કરી જાણ્યા શ્રીજીમહારાજ રે. સહજાનંદ૦
જમ ને પાખંડી રે કૂટે છે પેટને રે,
જાણે લીધો આપણો સર્વ ગરાસ રે;
સત્સંગ ફેલાયો રે સર્વે સંસારમાં રે,
કેને ગણે જઈ નાખશું હવે પાશ રે. સહજાનંદ૦
એકાંતિક ધર્મ રે પ્રગટ કરી આપીયો રે,
કીધા વા'લે બ્રહ્મરૂપ નિજ દાસ રે;
મુક્તાનંદ કહે છે રે જાઉં એને વારણે રે,
જેણે મુને આપ્યો બૃહદ વાસ રે. સહજાનંદ૦

**⊛૧૫૮. રાગ : ધોળ**

**સાહેલી રે શ્રીનગરને ચોવટે, સાહેલી રે ઘોડે થઈ અસવાર;**
**શ્રી સહજાનંદ પ્રગટ પ્રભુ આવિયા.**

સાહેલી રે ભીડ મચી પૂર લોકની, સાહેલી રે દરશન કરે નરનાર;
શ્રી સહજાનંદ પ્રગટ પ્રભુ આવિયા. ૧
સાહેલી રે ગજ વાજી સંઘે ઘણા, સાહેલી રે લઈને ભેળા ભૂપ;
શ્રી સહજાનંદ પ્રગટ પ્રભુ આવિયા.
સાહેલી રે સેનામાં શોભે અતિ, સાહેલી રે રથ મેના અનુપ;
શ્રી સહજાનંદ પ્રગટ પ્રભુ આવિયા. ૨
સાહેલી રે વાજીંતર વાજે ઘણાં, સાહેલી રે કરે નેકી પોકાર;
શ્રી સહજાનંદ પ્રગટ પ્રભુ આવિયા.
સાહેલી રે ચમર દંડ સોના તણાં, સાહેલી રે શીર પર છતરસાર;
શ્રી સહજાનંદ પ્રગટ પ્રભુ આવિયા. ૩
સાહેલી રે છબી જોઈને ઘનશ્યામની, સાહેલી રે હૈયામાં હરખ ન માય;
શ્રી સહજાનંદ પ્રગટ પ્રભુ આવિયા.
સાહેલી રે ભૂમાનંદ નીજનાથને, સાહેલી રે નજર નીરખી ગાય;
શ્રી સહજાનંદ પ્રગટ પ્રભુ આવિયા. ૪

પદ—૨

સાહેલી રે શ્રી ઘનશ્યામંને નીરખવા, સાહેલી રે આવ્યું સર્વે પુર;
કાંકરીએ કૃપાળુ પધારિયા.
સાહેલી રે પુરનો રાજા આવીને, સાહેલી રે થઈ રહ્યો ચરણ હજુર;
કાંકરીએ કૃપાળુ પધારિયા. ૧
સાહેલી રે અષ્ટસિદ્ધિ નવ નિદ્ધિયું, સાહેલી રે આવ્યા ત્યાં મુરતિમાન;
કાંકરીએ કૃપાળુ પધારિયા.
સાહેલી રે જગન કરાવા કારણે, સાહેલી રે દેવા દક્ષિણા દાન;
કાંકરીએ કૃપાળુ પધારિયા. ૨

સાહેલી રે પ્રકમાઓ તે કરે, સાહેલી રે અનંત લઈ અસવાર;
કાંકરીએ કૃપાળુ પધારિયા.
સાહેલી રે વિપ્ર કોટિ વચમાં જમે, સાહેલી રે જય જય કરે ઉચ્ચાર;
કાંકરીએ કૃપાળુ પધારિા. ૩
સાહેલી રે અદ્‌ભુત લીલા એ થઈ, સાહેલી રે જોવા આવ્યા દેવ;
કાંકરીએ કૃપાળુ પધારિયા.
સાહેલી રે ભૂમાનંદના નાથને, સાહેલી રે વૈમાન જૂત તતખેવ;
કાંકરીએ કૃપાળુ પધારિયા. ૪

## ૧૫૯. રાગ : ધોળ

### પદ—૧

**સુખદાયક રે સ્વામી સહજાનંદ,**
પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ. ટેક૦
જેનું સ્વામિનારાયણ નામ છે,
જેને ભજને રે પામે ભવજળ પાર. પ્રગટ૦
જેના દર્શન ઇચ્છે મહામુનિ,
કરુણાનિધિ પ્રભુ પરમ ઉદાર. પ્રગટ૦
વ્હાલે કળિમધ્યે અતિ કરુણા કરી,
ધાર્યો વૃષકુળે રે ગુણનિધિ અવતાર. પ્રગટ૦
વ્હાલે સતયુગસમ ધર્મ સ્થાપીઓ,
ટાળ્યા નિજજનના મનથી મદમાર. પ્રગટ૦
એનો જે જને કીધો આશરો,
તે તો તરી ગયાં રે કુળ સહિત સંસાર. પ્રગટ૦
મુક્તાનંદ કહે મહિમા અપાર છે,
કરે નિશદિન રે નેતિ નિગમ પોકાર. પ્રગટ૦

### પદ—૨

પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ,
અધર્મ અંધારું ટાળિયું. ટેક૦
માયા રાત મુમુક્ષુની ટળી,
થયું હરિ મળતાં પૂરણ પ્રભાત. અધર્મ૦
સંશય શોક હર્યા સર્વે જીવના,
જેણે માની રે પ્રેમે વ્હાલાની વાત. અધર્મ૦
જુઠા જ્ઞાની ઉલુક જગમાં હતા,
તે સંતાણા રે પાપ પર્વતમાંય. અધર્મ૦
કામ ક્રોધ લોભ જે ચોર તે,
ડરી ભાગ્યા રે રહેવા ઠોર[૧] ન ક્યાંય. અધર્મ૦
દેખી સંત કમળવન ફૂલિયાં,
દુઃખ પામ્યા રે પાપી કુમુદ અપાર. અધર્મ૦
મુક્તાનંદ કહે મહાસુખ આપિયું,
એને વારણે રે જાઉં વારમવાર. અધર્મ૦

### ૧૭૦. રાગ : ગરબી

**સ્વામિનારાયણ નામને તુલ્ય નાવેરે, જપ તપ તીરથ વ્રત કાવે;**
સ્વામિનારાયણ નામને તુલ્ય નાવે રે. ટેક૦
જપતપ તીરથ વ્રત પાળે રે, દમી દેહને ગળે હિમાલે રે;
અલ્પ પુણ્ય પામે કોઈ કાળે. સ્વામિનારાયણ૦
જોને નામ તણો પ્રતાપ રે, જેનો જપ્યો અજામેળે જાપ રે;
થયો શુદ્ધ ને ગયો સંતાપ. સ્વામિનારાયણ૦

૧. જગ્યા.

હોયે અઘના ઓઘ અપાર રે, સર્વે મળી વળી થાય ક્ષાર રે;
કરતાં નારાયણનો ઉચ્ચાર. સ્વામિનારાયણ૦
એવા નામ તણા મહિમાયે રે, ભજતાં ભવદુઃખ પલાયે રે;
સત્ય નિષ્કુળાનંદ તેને ગાયે. સ્વામિનારાયણ૦

## ⍟૧૬૧. રાગ : ધનાશ્રી

**સ્વામિનારાયણ નામ, સર્વોપરી સ્વામિનારાયણ નામ.** સર્વોપરી૦
સંભારીએ આઠુજામ, સર્વોપરી સ્વામિનારાયણ નામ. સર્વોપરી૦
સ્વામિનારાયણ મંત્ર જપતાં, પામીએ અક્ષરધામ. સર્વોપરી૦
મહામંત્ર જપ યજ્ઞ કરતાં, પ્રભુ મળ્યા ઘનશ્યામ. સર્વોપરી૦
સ્વામી સહજાનંદ હરિકૃષ્ણ, નિલકંઠ શ્રીજી સુખધામ. સર્વોપરી૦
નામના નામી ધામના ધામી, અવતારી પૂરણ કામ. સર્વોપરી૦
આનંદ સુત કહે શ્રીજી પ્રભુ, ઠરવાનું છે એક જ ઠામ. સર્વોપરી૦

## ⍟૧૬૨. ઢાળ : લોકઢાળ

**સ્વામિનારાયણ મહામંત્ર ગમે,**
અહો રાત દિવસ મારા દિલમાં રમે. સ્વામિનારાયણ૦
વ્હાલે છપૈયા ધામમાં જન્મ ધરી,
વર્ણી વેષે હિમાચળે તપ કરી,
હરિએ લાખો મુનિઓની મુક્તિ કરી. સ્વામિનારાયણ૦
વ્હાલે ગુરુ રામાનંદથી દીક્ષા લીધી,
કચ્છ ગુજરાત સૌરાષ્ટ્રે લીલા કીધી,
પ્રભુએ ભક્તોની ભ્રાંતિ મીટાવી દીધી. સ્વામિનારાયણ૦
વ્હાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું,

ધર્મ જ્ઞાન વૈરાગ્યનું પાત્ર ઠર્યું,
પરા ભક્તિ બતાવી કલ્યાણ કર્યું. સ્વામિનારાયણ૦
વ્હાલે કૃપા કરી શિક્ષાપત્રી દીધી,
એમાં ચારે પુરુષાર્થની સિદ્ધિ ચીંધી,
એ છે સર્વે સત્સંગીની નૌતમ નિધિ. સ્વામિનારાયણ૦
વ્હાલા પ્રત્યક્ષ સત્સંગમાં વિચરો,
માધવતીર્થની પ્રાર્થના ઉરમાં ધરો,
શ્રીજી દર્શન દઈને પાવન કરો. સ્વામિનારાયણ૦

## ✪૧૬૩. રાગ : ગરબી

**સ્વામિનારાયણ મહામંત્ર છે, પ્રગટ હરિનું નામ;**
આ અવસર જે કોઈ લેશે, તેના સરશે કામ.
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, ઊંચે સાદે ગાય;
સાંભળીને જમદૂત તેને, દૂરથી લાગે પાય.
સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ;
અંત:કાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ.
સ્વામિનારાયણ સુમરીએ પ્રાણી, તજી લોકની લાજ;
પ્રેમાનંદ કહે રાજી થઈ, તેના ઉરમાં રહે મહારાજ.

## ✪૧૬૪. રાગ : ભૈરવ

**સ્વામિનારાયણ સ્વામિનારાયણ, કહો રે મન મેરા;**
એહી હે મહા મંત્ર સાર, મીટે ભવફેરા. સ્વામિ૦
રટ હું નામ અષ્ટજામ, ટરે તાપ તેરા;
માયા મોહિદ મીટે, ના'વે જમ તેરા. સ્વામિ૦

અજામિલ આદિ અધમ, ઓધરે ઘણેરા;
મહિમા ત્રઈ લોકમેં, પ્રસિદ્ધ નામ કેરા. સ્વામિ૦
શ્રીમુખ શ્રીહરિ આપ, એહી જપ પ્રેરા;
મુક્તાનંદ મંત્રજાપ, મેટત અંધેરા. સ્વામિ૦

## ૧૬૫. રાગ : ભૈરવ

### પદ—૧

**સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજ રે;**
કર રે મન ચરનવાસ, જકત આશ તજ રે. સ્વામિ૦
નારદ સનકાદિક સિદ્ધ, ભજત જાહી અજ રે;
શારદ શેષાદી નિગમ, ગાવત ઊઠી ફજ રે. સ્વામિ૦
પુરુષોત્તમ પ્રંગટ આજ, હરિવર તન સજ રે;
કાળઝાળ નાશ હોત, ધરત ચરણ ધજ રે. સ્વામિ૦
અજામિલ ગણિકાદિક, તાર્યો જીન ગજ રે;
અનંત આજ મુક્ત હોત, દેખત ભરી નજ રે. સ્વામિ૦
પ્રેમાનંદ સરવસ ફળ, સહજાનંદ ભજ રે;
સર્વોપરી જાત જીતી, ત્રંબ કઠોર બજ રે. સ્વામિ૦

### પદ—૨

હમ તો એક, સહજાનંદ સહજાનંદ ગાવે;
હમારે મન સ્વામિનારાયણ, દૂસરો ન ભાવે. હમ૦
તપ તીરથ સાધનમેં, સ્વપ્ને નહિ જાવે;
જેસે કોઉ ધૃત છાંડ, છાસકો ન ખાવે. હમ૦
અણિમાદિક અષ્ટ સિદ્ધિ, મુક્તિ કો ન ચા'વે;
સબકો ફળ સહજાનંદ, ચરન ચિત્ત લાવે. હમ૦

સહજાનંદ જાપસે, ત્રય તાપકો બુઝાવે;
ઇનહીકે પ્રતાપસે, અપાર ગતિ પાવે. હમ૦
આગમ નિગમ કઠિન રહસ્ય, હમેં ન સમજાવે;
પ્રેમાનંદ સાર સુગમ, સહજાનંદ આવે. હમ૦

## ૧૬૬. રાગ : ઠુમરી

**હમારે ભક્તિ ધર્મસુત શ્રી ઘનશ્યામ, હમારે.**
એજ પ્રગટ ભયે સુખધામ. ટેક૦
દિવ્ય ભુવનપતિ, દિવ્ય તનુ અતિ,
દિવ્ય નીલકંઠ નામ. હમારે૦
દિવ્ય ચંદન અંગ, દિવ્ય સખા સંગ,
દિવ્ય જાનકે. વિશ્રામ. હમારે૦
દિવ્ય પુષ્પધરી, દિવ્ય હસત હરિ,
દિવ્ય ભજે આઠો જામ. હમારે૦
દિવ્ય પાઘ બાંધે, દિવ્ય શાલ કાંધે,
પ્રેમાનંદ વારી કોટી કામ. હમારે૦

## ૧૬૭. રાગ : માલિગડો

**હરિજનને ઘેર બેઠાં તીરથ, નિત્ય હરિ ગુણ ગાવે રે;**
અડસઠ તીરથ સંત સભામાં, અણતેડ્યાં નિત્ય આવે રે. ૧
સંત સભામાં શ્રી પુરુષોત્તમ, અખંડ રહે અવિનાશી રે;
રિદ્ધિસિદ્ધિ હાજર રહે કર જોડી, મુક્તિ ચાર એની દાસી રે. ૨
હરિના જન મુક્તિ નવ માગે, પ્રભુસંગે પ્રીત બંધાણી રે;
મુક્તાનંદના નાથનો મહિમા, લીધો યથારથ જાણી રે. ૩

'રસિક શિરોમણી તુમ બિન મોકું,
લગત હે જગસુખ જરત અંગારા.'

## ㊅૧૬૮. રાગ : ગરબી

**અલબેલાજી પ્રાણ આધાર રે, તમ પર વારી રે;**
તારે નેણે તે ધર્મકુમાર રે, મોહ્યાં નરનારી રે. ૧
છોગાવાળા મનોહર છેલ રે, ધર્મજીના લાલા રે;
ગુણવંતા આવીશ તારે ગેલ રે, શ્રીહરિ વ્હાલા રે. ૨
મીઠા બોલા રંગીલા રાજ રે, લાગ્યો છે નેડો રે;
નહિ મેલું હું શ્રીજીમહારાજ રે, નાથ તારો કેડો રે. ૩
છબી જોઈ અલૌકીક ઘનશ્યામ રે, મોહ્યું મન મારું રે;
બ્રહ્મમુનિ કહે તન ધન ધામ, તારા નામ પર વારું રે. ૪

## ㊅૧૬૯. રાગ : ખમાચ

**આજની ઘડી રે, ધન્ય આજની ઘડી;**
મેં નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી. ટેક૦
કામ ક્રોધ ને લોભ વિષય, ન શકે નડી;
શ્રીહરિજી કેરી મૂર્તિ, મારા હૃદયમાં ખડી રે. ધન્ય૦
જીવની બુદ્ધિ જાણી ન શકે, એ મોટી અડી;
સદ્‌ગુરુની દૃષ્ટિ થાતાં, વસ્તુ એ જડી રે. ધન્ય૦
ચોરાશી ચહુ ખાણમાં, હું તો થાક્યો આથડી;
અંતર હરિ શું એકતા તારે, દુગ્ધા દૂર પડી રે. ધન્ય૦
જ્ઞાન કુંચી ગુરુ ગમસેં, ગયાં તાળાં ઉઘડી;
લાડુ સહજાનંદ નીરખતાં, મારી ઠરી આંખડી. ધન્ય૦

## ⊛૧૭૦. રાગ : સામેરી

**આજ મારું ભાગ્ય અલૌકિક સજની, અલબેલા ઘેર આવ્યા રે;**
શ્રીહરિજીને ભાવ કરીને, મંદિરમાં પધરાવ્યા રે. આજ૦
જેહનું ધ્યાન ધરી ધરી મુનિવર, મોહાદિક રિપુ[૧] મારે રે;
તે મારો વાલો આલિંગન કરવા, પ્રેમે શું હાથ પ્રસારે રે. આજ૦
નૌતમ જોબન નાથ રંગીલો, રંગ વાધ્યો અતિ ભારી રે;
શ્રીહરિવર ઉપર મેં સજની, સરવસ નાખ્યું વારી રે. આજ૦
જાળવિયું જોબન હરિ સારુ, પ્રેમે પાતળિયે પીધું રે;
મુક્તાનંદનો નાથ સુહાગી, અખંડ એવાતન દીધું રે. આજ૦

## ⊛૧૭૧. રાગ : કાફી

**આજ મેં તો ભેટ્યા રે, અંકભર પ્રગટ હરિ;**
આનંદ ઉદિયો રે, નીરખી નજર ઠરી. આજ૦
ધન્ય સખી દિન આજનો, વળી ધન્ય મુહૂરત ધન્ય વાર;
કરુણાનિધિ મુજ કારણે, મારે મંદિર પધાર્યા પ્રાણઆધાર;
દુર્બળ જાણી રે, મુજ પર મહેર કરી. આજ૦
સ્વ ઇચ્છા આવ્યા ચાલીને, આગુની ઓળખાણ;
તન મન ધન નૌતમ છબી ઉપર, કરી નાખું કુરબાણ;
અઢળક ઢળીયા રે, સખી મુને અભર ભરી. આજ૦
હું સૂતી'તી ભરનિદ્રામાં, જગવી ઘનશ્યામ જરૂર;
ભેટતાં અંતરથી ભાગ્યું, મોહ માયાનું પૂર;
અંખીયાં ઊઘડી રે, થઈ છે ખબર ખરી. આજ૦
શ્રી ઘનશ્યામ મનોહર સૂરત, મૂરત બેઉ સમાન;
બ્રહ્માનંદ થઈ છું રસબસ, દેખતાં ગુલતાન;
શંકા મેટી રે, હું તો વર અમર વરી. આજ૦

---
૧. શત્રુ.

## ⊛૧૭૨. રાગ : ધોળ

**આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી.**
મહા રે મુનિના ધ્યાનમાં નાવે, તે રે શ્રીહરિજી મુજને બોલાવે.
જે સુખને ભવ બ્રહ્મા રે ઇચ્છે, તે ઘનશ્યામજી મુજને રે પ્રીછે.
ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠાં મળ્યા અક્ષરવાસી.
તપ રે તીર્થમાં હું કંઈ નવ જાણું, સહેજે સહેજે હું તો સુખડાં રે માણું.
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા, વાતની વાતે વાલો અઢળક ઢળિયા.

## ⊛૧૭૩. રાગ : ગરબી

**આજ સખી મુને સપનુ લાધ્યું, અવિનાશી ઘેર આવ્યા રે;**
શ્રી ઘનશ્યામને ભાવ કરીને, મંદિરમાં પધરાવ્યા રે. ૧
જરકસી પાઘે જરકસી વાઘે, અત્તરમાં રસબસતા રે;
આવીને ઊભા મારી આગે, હરિવર સુંદર હસતા રે. ૨
રમઝમ કરતા મનડું હરતા, સુંદર માળા હાથે રે;
લલિત નવીન કલગી લટકે, મેલ્યાં છોગાં માથે રે. ૩
મૂર્તિ નવલ મનોહર મીઠી, મીઠી મુખની વાણી રે;
સુંદરવરની સુંદર શોભા, જોઈને હું લોભાણી રે. ૪
મરમાળાને મળતાં હું તો, અતિશે આનંદ પામી રે;
આવી વહાલો અઢળક ઢળિયા, બ્રહ્માનંદનો સ્વામી રે. ૫

## ⊛૧૭૪. રાગ : સામેરી

**આવો આવોને શ્રી ઘનશ્યામ, મારે ઘેર આવો રે;**
મારા પૂરોને મનના કોડ, હસીને બોલાવો રે. આવો૦
તમ કારણ રંગરસિયા રે વા'લા, રહું છું મારગ જોઈ;

લોક તણી મરજાદ રે મેલી, તમ ચરણે ચિત્ત પ્રોઈ. આવો૦
પ્રેમભરી પાતળિયા રે વા'લા, આવીને ઊભી છું બાર;
મંગળ થાળ ભર્યાં સગ મોતી, વધાવવાને વારમવાર. આવો૦
મસમસતા મંદીરીએ શ્રીહરિ, આવોને સુંદર છેલ;
અંગોને અંગ આલિંગન લેઈને, વાળોને રંગડાની રેલ. આવો૦
હસ્ત કમળ મૂકો મારે માથે, હરોને હૈયાના તાપ;
પ્રેમાનંદ ઉર પર શ્રીહરિ, મૂકોને ચરણની છાપ. આવો૦

## ⊛૧૭૫. રાગ : ગરબી

**ઓરા આવો અલબેલડા રે, જોવું સુંદર રૂપ;**
વહાલા લાગો છો રંગ છેલડા રે, ભૂપના છો ભૂપ. ૧
પૂજ્યા કોણે તમને રંગમાં રે, આજ કરી બહુ પ્યાર;
શોભે સુંદર સર્વે અંગમાં રે, શોભીતા શણગાર. ૨
શોભા નીરખી અદ્ભુત આજની રે, લાજે કોટિ અનંગ[1];
જોઈ સુંદરતા મહારાજની રે, વાધ્યો ઉરમાં ઉમંગ. ૩
દીસે વરણાગી બહુ વાંકડી રે, અંગે અજબ મરોડ;
કોણે પહેરાવી ચાખડી રે, પૂર્યા મનના કોડ. ૪
માથે મોલીડું કોઈ ભાતનું રે, સોનેરી સુખધામ;
કોણે લીધું સુખ એકાંતનું રે, પૂરી મનની હામ. ૫
સાચું બોલોને મારા નાથજી રે, ક્યાં પામ્યા સનમાન;
પ્રેમાનંદ મળ્યો ભરી બાથજી રે, પ્રગટ શ્રી ભગવાન. ૬

---
૧. કામદેવ.

## ⊛૧૭૬. રાગ : ગરબી

**ઓરા આવો છેલ છબીલા, છેલ છબીલા રંગના રેલા;**

લટકાળા ધર્મલાલ રે વાલમ. ઓરા૦

કુંડળિયાં કાનમાં પેરાવું, હૈડે પેરાવું હાર;

જુગતે મારા નાથ જમાડું, કરી કરી મનુવાર રે વાલમ. ઓરા૦

શ્રીહરિ તારી મૂરતિ જોઈને, લોચનિયાં લોભાય;

છોગાળા ઘનશ્યામજી તારું, મુખ મેલ્યું નવ જાય રે વાલમ. ઓરા૦

ખાંત કરીને ખાટડી ઢાળું, પ્રેમે પખાળું પાવ,

બ્રહ્માનંદના વાલમા મારા, ઓરડિયામાં આવ રે વાલમ. ઓરા૦

## ⊛૧૭૭. રાગ : ગરબી

**ઓરા આવોને ધર્મકુમાર રે, રાખું મારા નેણામાં;**

તમે છો મારા પ્રાણ આધાર રે, રાખું મારા નેણામાં. ૧

જોયું રસિક સુંદર વર રૂપ રે, રાખું મારા નેણામાં;

છે પાવન પરમ અનુપ રે, રાખું મારા નેણામાં. ૨

તમે પ્રગટ્યા અમારે કાજ રે, રાખું મારા નેણામાં;

દીનબંધુ છો ગરીબ નિવાજ રે, રાખું મારા નેણામાં. ૩

હરિકૃષ્ણ શ્રીજી ઘનશ્યામ રે, રાખું મારા નેણામાં;

નીલકંઠ નારાયણ નામ રે, રાખું મારા નેણામાં. ૪

પુરુષોત્તમ પૂરણ કામ રે, રાખું મારા નેણામાં;

પ્રેમાનંદના છો સુખધામ રે, રાખું મારા નેણામાં. ૫

## ⊛૧૭૮. રાગ : ગરબી

પદ—૧

**ઓરા આવોને શ્રી ઘનશ્યામ, આંખડલીમાં રાખું રે;**
કેદી કઠણ વચન સુખધામ, કહી નવ દાખું રે. આંખ૦
હે સુખસંપત તમે શ્રીહરિ રે, જીવનપ્રાણ આધાર;
જનમ સંગાથે જીવનજી રે, મારા નેણા તણા શણગાર. આંખ૦
બેસો તો પાથરું પામરી રે, હીંડો તો મેલું હાથ;
ક્ષણ એ ન મેલું વેગળા રે, મારા નવલ સ્નેહી નાથ. આંખ૦
અણદીઠે થાઉં આંધળી રે, દીઠે જોબનપુર;
પ્રેમાનંદના પ્રાણથી રે, હવે રહી શકું નવ દૂર. આંખ૦

પદ—૨

તારી મૂરતિ શ્રી ઘનશ્યામ, વસી દિલ મોરે રે;
હું તો મગન થઈ મનમાંય, મોહી તારે તોરે રે. વસી૦
સુંદર મૂરતિ મોહની રે, મોહ્યું મારું મન;
તનમન જાઉં વારણે, મન માન્યા જગજીવન. વસી૦
તમ અર્થે હું તો નીસરી રે, સહુથી કરી વઢવેડ;
મુખડું જોવા કારણે, હું તો ફરીશ તમારી કેડ. વસી૦
નિમિષ ન મેલું નાથજી રે, રાખીશ સાહીને બે હાથ;
મોંઘા મુલા છો માવજી, વાલા પ્રેમાનંદના નાથ. વસી૦

## ⊛૧૭૯. રાગ : ધોળ વિવાહનો

પદ—૧

**ગઈ’તી ગઈ’તી ભરવાને નીર,**
કેસરિયે વાઘે રે હરિવર દીઠડાજી - મારા રાજ. ગઈ’તી૦

ઊભા ઊભા જમુનાને તીર,
લાજડલી મેલીને મેં તો લીધાં મીઠડાંજી - મારા રાજ. ગઈ'તી૦
લાગી લાગી આંખડલીની ચોટ,
ડોલરિયો દેખીને ઘાયલ હું થઈજી - મારા રાજ. ગઈ'તી૦
દોડી દોડી કાઢી મેં તો દોટ,
દિલડામાં દીવાની સરખી હોય રહીજી - મારા રાજ. ગઈ'તી૦
અલબેલાનાં નેણું કેરાં બાણ,
અચાનક લાગ્યાં રે હેલી હું શું કરુંજી - મારા રાજ. ગઈ'તી૦
હરિયાં હરિયાં મનડાં ને પ્રાણ,
ઘનશ્યામ કેડે રે સૈયર હું ફરુંજી - મારા રાજ. ગઇ'તી૦
રૂડું રૂડું સુંદરવરનું રૂપ,
આંખડલી અણિયાળી શ્રીજીમહારાજનીજી - મારા રાજ. ગઈ'તી૦
આંગી પે'રી અજબ અનુપ,
નીરખી શોભા રે નવલ આહીરનીજી - મારા રાજ. ગઈ'તી૦
લીધી લીધી બંસી વાલે હાથ,
ઊભા ને આલાપે રસિયો રાગમાંજી - મારા રાજ. ગઈ'તી૦
શોભે શોભે બ્રહ્માનંદનો નાથ,
છોગલિયાં બિરાજે સુંદર પાઘમાંજી - મારા રાજ. ગઈ'તી૦

### પદ—૨

ચાલો ચાલો સૈયરને સાથ,
ઘનશ્યામ સનેહી જઈને વધાવીએજી - હો સખી. ચાલો૦
નવલો નવલો હરિવર નાથ,
પ્રીતમજીને જોઈને આનંદ પામીએજી - હો સખી. ચાલો૦
લીજે લીજે સર્વ સમાજ,

વાજાંને વજડાવો હરખ વધામણાજી - હો સખી. ચાલો૦
આનંદ આનંદ મંગળ આજ,
પ્રાણપતિ પુરુષોત્તમ વા'લાનાં પધરામણાજી - હો સખી. ચાલો૦
ભરીએ ભરીએ મોતીડાંના થાળ,
શેરીને વળાવી ફૂલડાં વેરીએજી - હો સખી. ચાલો૦
આવ્યા આવ્યા ગુણવંતા નાથ,
પાટંબર આભૂષણ લઈને પે'રીએજી - હો સખી. ચાલો૦
રમશું રમશું રસિયાજી શું રેણ,
મનગમતાં છોગલિયાં શીશ ધરાવશુંજી - હો સખી. ચાલો૦
નીરખી નીરખી પાવન કરશું નેણ,
પ્રીતમજીને મંદિરમાં પધરાવશુંજી - હો સખી. ચાલો૦
અલબેલાને તેડીશું એકાંત,
ભોજનિયાં તે દેશું રૂડાં ભાવથીજી - હો સખી. ચાલો૦
ખાંતીલાથી કરશું પૂરી ખાંત,
મળશું જઈ આલિંગન લઈને માવથીજી - હો સખી. ચાલો૦
કોડે કોડે પૂછીશું કુશલાત,
સેજડલી પોઢાડશું શ્રી ઘનશ્યામનેજી - હો સખી. ચાલો૦
બ્રહ્માનંદ કહે સુણશું રૂડી વાત,
હૈડાની કરશુંજી પૂરી હામનેજી - હો સખી. ચાલો૦

## ⊛૧૮૦. રાગ : ગરબી

### પદ—૧

**ગઈ'તી ગઈ'તી ભરવાને નીર, સૈયરનાં સંગમાં રે લોલ;**
રમતા દીઠા નાથ સુજાણ, રંગીલા રંગમાં રે લોલ. ૧

જોયું રસિયાજીનું રૂપ, અલૌકિક આજનું રે લોલ;
જાણે શરદ પૂનમનો ચંદ, વદન મહારાજનું રે લોલ. ૨
સનમુખ આવે ગજગતિ ચાલ, કે અંગ મરોડતા રે લોલ;
રસિયો નેણું સાથે નેણ, કે જોરે જોડતા રે લોલ. ૩
નાખી બ્રહ્માનંદને નાથ, અચાનક આંખડી રે લોલ;
મારા ચિત્તમાં લાગી ચોટ કે, ઘાયલ થઈ પડી રે લોલ. ૪

### પદ—૨

રૂડી કેસર કેરી આડ, મનોહર ભાલમાં રે લોલ;
ચોર્યાં નરનારીનાં ચિત્ત, લટકતી ચાલમાં રે લોલ. ૧
શોભે શ્રીહરિજીને સંગ, મનોહર મંડળી રે લોલ;
કરે છે ઘેલા તીરે ખેલ, સખા સરવે મળી રે લોલ. ૨
હેલી મારાં લોચન પામ્યા લોભ, કે નીરખી નાથને રે લોલ;
કીધાં સુખડાંમાં ગુલતાન, હરિજન સાથને રે લોલ. ૩
જોતાં આડી નજરે જોર કે, કાંઈક કો રાખતા રે લોલ;
શોભે બ્રહ્માનંદ કે' ચોટ, નયનની નાખતાં રે લોલ. ૪

## ⊛૧૮૧. રાગ : ગરબી

**ઘનશ્યામ તારી મૂર્તિ લાગે મુને પ્યારી રે,**
એક નિમિષ ન મેલું ન્યારી. ધનશ્યામ૦
મેં તો તનમન તમને દીધું રે, સર્વે કારજ સુધારી લીધું રે;
મારું તમ થકી કારજ સીધું. ધનશ્યામ૦
તારા મુખડાની માયા લાગી રે, મારા મનની તે ભ્રમણા ભાંગી રે;

હું તો મોહનિદ્રામાંથી જાગી. ઘનશ્યામ૦

મેં તો તમ સંગ પ્રીતિ જોડી રે, બીજા સર્વ સંગાથે ત્રોડી રે;

શું કરશે મુરખ મોં મોડી. ઘનશ્યામ૦

છબી જોઈ અલૌકિક તારી રે, તારે વશ થઈ રહી સુખકારી રે;

જાય મુક્તાનંદ બલિહારી. ઘનશ્યામ૦

## ⊛૧૮૨. ઢાળ : લોકઢાળ

**ઘનશ્યામ વનમાંથી મોડા કેમ આવિયા,**

સાચું બોલોને શ્રી ઘનશ્યામ. મોડા૦

બાંધવ રામપ્રતાપ આવ્યા તમને ગોતવા,

સામા મળ્યા ઇચ્છારામ વીર. મોડા૦

અમે રાઈ લુણ લઈ ઊભા રહ્યા,

આરતી ઉતારી સુવાસની બાઈ. મોડા૦

ભાભી ગાવલડી દોઈને ઊભા રહ્યાં,

દૂધ પીઓને શ્રી ઘનશ્યામ. મોડા૦

સાધુ બ્રહ્મચારી વાટું જોઈ ઊભા રહ્યા,

મારે આઠે પો'ર દર્શનનાં નીમ. મોડા૦

ઘેલા કાંઠે તે જળ લીલા કરી,

સર્વે સંતોને રમાડ્યા રાસ. મોડા૦

બ્રહ્માનંદ કહે જાવું વારણે,

અમને ન્યાલ કર્યા ધર્મલાલ. મોડા૦

## ⊛૧૮૩. રાગ : બિભાસ પ્રભાતી

**છાંડી કે શ્રી ઘનશ્યામ, ઓરકો જો જપું નામ;**

કર લે કટારી મેરી, જીભા કાટી ડારિયો. છાંડી૦

લોકનકી લાજ ડરું, જો ન ભક્તિ ચિત્ત ધરું;
પાવકકે મધ્ય મેરે, તનકું પ્રજારિયો[1]. છાંડી૦
જીવિકાકો લોભ જાની, ભક્તિ જો કરું મેં છાની;
તેહી છીન તન મેરો, શૈલસેં[2] પછારિયો. છાંડી૦
મુક્તાનંદ કહે ટેરી, દૃઢતા જો ડગે મેરી;
શુળીપે ચઢાઈ તીખે, તીરનસેં મારિયો. છાંડી૦

## ⊛૧૮૪. રાગ : ગરબી

### પદ—૧

**જન્મ સુધાર્યો રે મારો, મળિયા હરિવર ધર્મદુલારો. જન્મ૦**
કરુણા અતિશે રે કીધી, ભવજળ બુડતાં બાંહ્ય ગ્રહી લીધી. જન્મ૦
મુજ પર અઢળક રે ઢળિયા, કરુણા કરી ઘેર બેઠાં મળિયા. જન્મ૦
આનંદ ઉરમાં રે ભારી, હવે હું ન રહું કોઈની વારી. જન્મ૦
હરિસંગ હેતે રે બંધાણી, હવે મુને ન ગમે બીજી વાણી. જન્મ૦
અખંડ એવાતન રે દીધું, કહે મુક્તાનંદ કારજ સીધ્યું. જન્મ૦

### પદ—૨

ભ્રમણા ભાંગી રે હૈયાની, નથી એ કેને વાત કહ્યાની. ભ્રમણા૦
વીતી હોય તે રે જાણે, અણસમજ્યા મન ઇર્ષા આણે. ભ્રમણા૦
જે રસ મુનિવર રે માણે, વ્હાલે મારે સુગમ કર્યો આ ટાણે. ભ્રમણા૦
પ્રેમીજનનો રે પ્યારો, મુજને મળિયા ધર્મદુલારો. ભ્રમણા૦
મહારસ મુજને રે આપ્યો, સંશય ભરમ સમૂળો કાપ્યો. ભ્રમણા૦
હવે હું મહાસુખ રે પામી, વરિયા મુક્તાનંદના સ્વામી. ભ્રમણા૦

---

૧. સળગાવવું; ૨. પર્વત જોડે.

## ⊛૧૮૫. રાગ : સોરઠ

### પદ—૧

જીવનપ્રાણ હમારે, ધર્મસુત જીવનપ્રાણ હમારે. ધર્મ૦
શ્રી ઘનશ્યામ ધર્મકુલ ભૂષણ, હરિવર નેનાઉંકે તારે. ધર્મ૦
હિયકો હાર હરિવર સુંદર, ધર્મકુંવર પ્રાણ પ્યારે. ધર્મ૦
કમળનયન હરિકૃષ્ણ છબી પર, પ્રેમાનંદ બલિહારે. ધર્મ૦

### પદ—૨

જીવન મૂરી હમારી, ધર્મસુત જીવન મૂરી હમારી. ધર્મ૦
સંજીવની ઘનશ્યામ મૂરતિ, ભવસંભવ ભયહારી. ધર્મ૦
નીરખે નેહે સહિત નારાયણ, ઇતર વાસના ટારી. ધર્મ૦
પ્રેમાનંદ હરિકૃષ્ણ રૂપ છટા, રાખત ઉર બીચ ધારી. ધર્મ૦

### પદ—૩

ધર્મકુંવર રંગભીનો, હમારે ધન ધર્મકુંવર રંગભીનો. હમારે૦
ધર્મસુતપર ત્રિભુવનકો સુખ, વારી ફેરી તજી દીનો. હમારે૦
પરમ ચતુર હરિકૃષ્ણ પ્રાણપતિ, પ્રેમ સહિત ઉર લીનો. હમારે૦
પ્રેમાનંદ ઘનશ્યામ ચરણ પર, તન કુરબાન લે કીનો. હમારે૦

### પદ—૪

જીવન ધર્મ દુલારો, હમારે એક જીવન ધર્મ દુલારો. હમારે૦
જીવન પ્રાણ સબે હરિજન કો, સત્સંગ કો ઉજિયારો. હમારે૦
યોગ યજ્ઞ સાધન સુક્તિ જશ, ધર્માત્મજ પ્રાણપ્યારો. હમારે૦
પ્રેમાનંદ ઘનશ્યામ મૂરતિ, પરમ સિદ્ધાંત હમારો. હમારે૦

## ✪૧૮૬. રાગ : પરજ

**તારી મૂરતિ રે મનમાની રે, દેખી ડોલરિયા છેલ ગુમાની.** તારી૦
મૂરતિ તારી મુને પ્યારી પ્રાણથી, છુપાવી રાખું છાની. તારી૦
રંગીલી રૂપાળી મરમાળી, સુંદર સુખનિધાની. તારી૦
હાર કરી હૈયા પર રાખું, દેખીને થઈ છું દીવાની. તારી૦
ભૂમાનંદ કહે જીવન જોઉં, રસિયો રૂપની ખાની. તારી૦

## ✪૧૮૭. રાગ : સામેરી

**નયણ ઠરે મારાં તમને નિહાળી, સહજાનંદ સુખકારી રે;**
છેલછબીલા નાથ તમારી,
બાનકની બલિહારી રે. નયણ૦
રૂપ તમારું રસિક સલુણા, જોતાં તૃપ્તિ ન થાય રે;
ગુણસાગર તારા ગુણમાં લોભાણી,
તમ વિના પળ ન રહેવાય રે. નયણ૦
વ્હાલમજી તારા વચન સુણીને, મુજને મોહની લાગી રે;
તમ વિણ નાથ ગમે નહિ બીજું,
ભ્રમણાં તે સર્વે ભાંગી રે. નયણ૦
હાલરની લકરીની પેર્યે, નીમખ ન મેલું ન્યારા રે;
મુક્તાનંદના નાથ મનોહર,
પરમ સ્નેહી પ્યારા રે. નયણ૦

## ✪૧૮૮. રાગ : રામગ્રી

**નાથ રહો મારા નેણમાં, હરિ આવા ને આવા;**
તન મન જાઉં વારણે, તમ ઉપર માવા. નાથ૦

રાખીશ જતને જીવમાં, નહિ દેઉં જાવા;
દુર્લભ ઘણા છે રાજના, દરશન દેવને થાવા. નાથ૦
સુંદર મુખ છબી જોઈને, લોભાણાં છે નેણાં;
વહાલાં લાગે છે મુખનાં, મીઠાં મીઠાં વેણાં. નાથ૦
આંખડલી અમૃતે ભરી, રૂપાળી છે રેખું;
અતિ આનંદ સુખ ઊપજે, તમને જ્યારે દેખું. નાથ૦
નખશિખ શોભા અંગની, જોઈ લાજે છે કામ;
પ્રેમાનંદ જોઈ રાજને, આનંદ આઠો જામ. નાથ૦

## ૧૮૯. રાગ : પરજ

**નેણને જોઈ નેણને જોઈ વા'લા તારાં નેણને જોઈ,**
રહ્યું મારું મનડું મોહી. વાલા૦
નેણાં તમારાં વાલાં અતિ સુખકારી જોને,
નીરખતાં નાખે છે સંતાપને ખોઈ. વાલા૦
ભક્તજનોને તમે વશ કરી લીધા વા'લા,
નેણું કેરે બાણે નાખ્યાં અંતર પ્રોઈ. વાલા૦
નેણાં ભરીને તમે જેને નીરખો છો વા'લા,
તેને નથી કરવું રે'તું બીજું સાધન કોઈ. વાલા૦
મુક્તાનંદ કહે એ નેણાં તણો રસ,
નિષ્કામ ભાવે જાણે પ્રેમી સોંઈ. વાલા૦

## ⊛૧૯૦. રાગ : પરજ

### પદ—૧

નેણામાં રાખું રે નેણામાં રાખું રે,
નાથજીને જતન કરીને મારા નેણામાં રાખું રે. નાથજીને૦
શિવ સનકાદિક શુક જેવા યોગી,
હાં રે જેની વાટ જુંએ છે લાખું રે. નાથજીને૦
છેલછબીલાની મૂરતિ ઉપર,
હાં રે મારા પ્રાણ વારી વારી નાખું રે. નાથજીને૦
નેણે નીરખી હરિને ઉરમાં ઉતારું,
હાં રે એના ગુણલા નિશદિન ભાખું રે. નાથજીને૦
પ્રેમાનંદ કહે હરિ રસ અમૃત,
હાં રે હું તો પ્રેમે કરીને નિત્ય ચાખું રે. નાથજીને૦

### પદ—૨

અળગા ન મેલું રે અળગા ન મેલું રે,
નાથ તમને આંખડલીથી અળગા ન મેલું રે. નાથ૦
શ્રી ઘનશ્યામ તારી મૂરતિ જોઈને,
હાં રે મારું મનડું થયું છે ઘેલું રે. નાથ૦
લોક કુટુંબ પરિવાર તજીને,
હાં રે મેં તો તમસંગ બાંધ્યું છે બેલું રે. નાથ૦
પ્રાણજીવન તમ પાસે રહ્યાનું,
હાં રે મને વચન દીધું છે વેલું રે. નાથ૦
પ્રેમાનંદ કહે જોઈ જોઈ જીવું,
હાં રે તારું મોલીડું રંગનું ભરેલું રે. નાથ૦

## ⊛૧૯૧. રાગ : ગરબી

### પદ—૧

**પુરુષોત્તમ પ્રાણથી પ્યારા રે, આવો અંતરજામી.** ૧
તમને નિમિષ[1] ન મેલું ન્યારા રે, આવો અંતરજામી. ૨
તમે જીવન દોરી છો મારી રે, આવો અંતરજામી. ૩
હું તો અબળા દાસી તમારી રે, આવો અંતરજામી. ૪
મારે તમથી નથી કોઈ પ્યારું રે, આવો અંતરજામી. ૫
હું તો સરવસ તમપર વારું રે, આવો અંતરજામી. ૬
મેં તો લોકની લજ્જા ત્યાગી રે, આવો અંતરજામી. ૭
મારે મંદિર વિરાજો વરણાગી રે, આવો અંતરજામી. ૮
કહે મુક્તાનંદ રંગીલા રે, આવો અંતરજામી. ૯
રાખું ઉર પર છેલછબીલા રે. આવો અંતરજામી. ૧૦

### પદ—૨

તમે હરિવર ધર્મલાલા રે, રે'જો નયણુંની આગે. ૧
મુને વાલમ છો ઘણું વા'લા રે, રે'જો નયણુંની આગે. ૨
વા'લા તમ વિના પળ ન રે'વાય રે, રે'જો નયણુંની આગે. ૩
તમને નીરખીને આનંદ થાય રે, રે'જો નયણુંની આગે. ૪
તમે દુર્લભ શ્રી સુખકારી રે, રે'જો નયણુંની આગે. ૫
હું તો વાલમ તમ પર વારી રે, રે'જો નયણુંની આગે. ૬
મેં તો આશા અસતની મેલી રે, રે'જો નયણુંની આગે. ૭
મેં તો તમ સંગે બાંધી બેલી રે, રે'જો નયણુંની આગે. ૮
કહે મુક્તાનંદ પિયુ પ્યારા રે, રે'જો નયણુંની આગે. ૯
તમને નિમિષ ન મેલું ન્યારા રે, રે'જો નયણુંની આગે. ૧૦

---

૧. પળ.

## ⍟૧૯૨. રાગ : ઠુમરી

### પદ—૧

**પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે, પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે. ટેક૦**
લગી પ્રીત તોસું શ્રી ઘનશ્યામ જૈસે, હીરો ફોર્યો ન ફૂટે રે. પ્યારે૦
સમજી વિચારી પ્યારે તોસુ જોરી, કાહું કી તોરાઈ ન તૂટે રે. પ્યારે૦
જોરી પ્રીત જાની સાચે સનેહી, ઓર સનેહી સબ જુઠે રે. પ્યારે૦
પ્રેમાનંદ કહે પ્યારે અબ ના છોડું, છોને જગત શિર ફૂટે રે. પ્યારે૦

### પદ—૨

તોરી મોરી લગની લાગી રે લાલા, તોરી મોરી લગની લાગી રે લાલા. ટેક૦
લાગી લગન તોસે જીવન જૈસે, સોના મિલન સોહાગી રે. તોરી૦
લગન લગત મેરો સુફલ જનમ ભયો, દુર્મતિ સબ દૂર ભાગી રે. તોરી૦
શ્રીજી મિલત સબ કાજ સુધર ગયો, બાત બની ગઈ આગી રે. તોરી૦
પ્રેમાનંદકે નાથ અખંડ રહો દગ[૧], યહી દેહો મોજ માગી રે. તોરી૦

### પદ—૩

તોસું મોરે મનવા માન્યો રે પ્યારે, તોસું મોરે મનવા માન્યો રે પ્યારે. ટેક૦
મન કર્મ વચ બસ ભઈ હું તિહારે, અંતર રંચ ન આન્યો રે. તોસું૦
પરમ સત્ય એક પ્રાણજીવન તુમ, ઓર સ્વપ્ન સમ જાન્યો રે. તોસું૦
મન માન્યો શ્રીહરિ તુમ ચરને, સબ જગ સું પછતાન્યો રે. તોસું૦
પ્રેમાનંદ કે નાથ અબ ના છોડું, ચરને ચિત્ત અટકાન્યો રે. તોસું૦

### પદ—૪

તોરે મોરે જીયરા એક રે પ્યારે, તોરે મોરે જીયરા એક રે પ્યારે. ટેક૦
તુમ જ્યું રહત જીયમેં જૈસે, કાચ મેં કંચન રેખ રે. તોરે૦

---

૧. નજરમાં રહેવું, દશ્યમાન રહેવું.

તુમ તો પ્યારે મોરે જીયકે જીવન, સબ વિધિ સુખદાઈ એક રે. તોરે૦
તુમ મેરે સ્વામી મેં ચેરી[1] ચરનકી, યહી અચળ મેરી ટેક રે. તોરે૦
પ્રેમાનંદ કે નાથ ચરન તેં, દૂર ન રહુંગી મેં નેક[2] રે. તોરે૦

## ૧૯૩. રાગ : ગરબી

**પ્રભુ તમ વિના મારું કોણ છે, તમે જાણો છો હરિ. ટેક૦**
પરિવારમાં તમે સાર છો, સંસારના આધાર છો;
મારા પ્રાણ તણા તમે પ્રાણ છો. તમે૦
આ લોકમાં તમે આપ છો, પરલોકમાં માબાપ છો;
સર્વે જગતના પ્રતિપાળ છો. તમે૦
મારી આશતણા તમે વાસ છો, અતિ કૂડથી[3] તમે દૂર છો,
મંજુકેશાનંદના નાથ છો. તમે૦

## ૧૯૪. રાગ : સોહણી

**ભલાવે સહજાનંદકો મેં ઉપાસી, ચરણ કમલકો નિવાસી.** ભલાવે૦
માતાપિતા બંધુ સહજાનંદ, સહજાનંદ સુખરાશિ. ભલાવે૦
સહજાનંદ મનોહર મૂર્તિ, નવલ નાથ અવિનાશી. ભલાવે૦
સહજાનંદ વિના કૌન મેટે, કઠન કાલકી ફાંસી. ભલાવે૦
સહજાનંદ મિલે બ્રહ્માનંદ, કૌન ભમે વન કાશી. ભલાવે૦

## ૧૯૫. રાગ : ધોળ

**ભાગ્ય જાગ્યા રે આજ જાણવા, થયાં કોટિ કલ્યાણ;**
ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ. (૨) ભાગ્ય૦
અનાથપણાનું મ્હેણું ઊતર્યું, સદા થયા સનાથ;
ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો શ્રીહરિએ હાથ. (૨) ભાગ્ય૦
કંગાળપણું કહેવા ના રહ્યું, સદા મનાણું સુખ;

૧. દાસી; ૨. જરાપણ; ૩. છળ, કપટ.

મસ્તી આવી રે અતિ અંગમાં, દૂર પલાણાં દુઃખ. (૨) ભાગ્ય૦
અણસમજણ અળગી થઈ, સમી સમજાણી વાત;
પાપ સર્વે પરાં પડ્યાં, મળ્યા શ્રીહરિ સાક્ષાત્. (૨) ભાગ્ય૦
કસર ન રહી કોઈ વાતની, પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ;
ખોટ મટીને ખાટ્ય થઈ, રહી ગયો છે રંગ. (૨) ભાગ્ય૦
હરિજી મળતાં ભલું થયું, ફેરો ફાવ્યા આ વાર;
સુખ તણી સીમા શી કહું, મન મોદ અપાર. (૨) ભાગ્ય૦
આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માય;
અમળતી વાત તે આવી મળી, શી કહું સુખની સીમાય. (૨) ભાગ્ય૦
આજ અમૃતની હેલી થઈ, રહી નહિ કાંઈયે ખોટ;
એક કલ્યાણનું ક્યાં રહ્યું, થયાં કલ્યાણ કોટ. (૨) ભાગ્ય૦
રાંકપણું તો રહ્યું નહિ, કોય મ કહેશો કંગાલ;
નિર્ધનિયા તો અમે નથી, મહા મળિયો છે માલ. (૨) ભાગ્ય૦
કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ;
ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખોમુખ. (૨) ભાગ્ય૦
ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળ્યા રે મહારાજ;
નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ. (૨) ભાગ્ય૦

### ✪૧૯૬. રાગ : ગરબી

**મારું મન શ્રીહરિ સંગ માન્યું, છપાડ્યું કેમ કરી રહે છાનું.** મારું૦
શ્રીજીએ સંભાળી લીધી, સૈયરમાં સમોતી કીધી. મારું૦
આજ મારું ભાગ્ય ફળ્યું હેલી, બંધાણી બળવંત સંગ બેલી. મારું૦
હવે નહિ હીણપ મન આણું, છબીલા સંગે સુખ માણું. મારું૦
બળવંત બાંય ગ્રહી મારી, હવે હું જગથી થઈ ન્યારી. મારું૦
હવે હું તો પૂરણ સુખ પામી, મળ્યા મુક્તાનંદના સ્વામી. મારું૦

## ⊛૧૯૭. રાગ : ગરબી

### પદ—૧

મારે આજ પ્રીતમ ઘેર આવશે,
મને હેતે કરીને બોલાવશેજી રે. મારે૦
એના સાથીડાને સાથે લાવશે,
કરી લટકા તાળી દઈ ગાવશેજી રે. મારે૦
હરિ હેતે કરીને સામું ભાળશે,
રંગડાની તે રેલું વાળશેજી રે. મારે૦
કરી ખ્યાલ અલૌકિક ખેલશે,
માથે ફુલડાનાં છોગાં મેલશેજી રે. મારે૦
બ્રહ્માનંદનો સ્વામી શ્રીહરિ,
સુખ દેશે આવીને હેત કરીજી રે. મારે૦

### પદ—૨

જોઈ રહી છું પ્રીતમજીની વાટડી,
મેં તો ખાંતે ઢાળી છે ખાટડીજી રે. જોઇ૦
અગર ચંદને લીંપાવું ઓરડા,
જળકુંભ ભરાવું કોરડાજી રે. જોઇ૦
રૂડાં ભોજન કર્યાં છે રસેભર્યાં,
તાજાં તરત તૈયાર ઢાંકી ધર્યાંજી રે. જોઇ૦
મેં તો સજ્જ કરાવી શેરીઓ,
ચોકે ચોકે તે ફૂલડાં વેરિયાંજી રે. જોઇ૦
બ્રહ્માનંદના સ્વામીને કારણે,
મેં તો તોરણ બંધાવ્યાં ટોડલેજી રે. જોઇ૦

### પદ—૩

ધન્ય ધન્ય ઘડી છે આજની,

રૂડી ખબર આવી છે મહારાજનીજી રે. ધન્ય૦
સખી મળી મળી મંગળ ગાય છે,
અતિ આનંદ ઊભરાયો જાય છેજી રે. ધન્ય૦
મોતી થાળ ભરી ટોળે મળી,
સખી હરિને વધાવા થઈ આકળીજી રે. ધન્ય૦
સર્વે ઘરનો તે ધંધો વિસરી,
હરિને મળવા આતુર થઈ છે સુંદરીજી રે. ધન્ય૦
ઘરમાંથી આવી ઊભી બારણે,
બ્રહ્માનંદના સ્વામીના કારણેજી રે. ધન્ય૦

### પદ–૪

મારે આજ પ્રીતમ ઘેર આવિયા,
ભરી થાળ મોતીડે વધાવિયાજી રે. મારે૦
પે'લા નીર ઉને તે નવરાવિયા,
પછી પ્રીતમ માંહીં પધરાવિયાજી રે. મારે૦
મેં તો ભોજન જમાડ્યાં ભાતભાતનાં,
વહાલે આપ્યાં તે સુખ એકાંતનાંજી રે. મારે૦
પે'લું પરઠ્યું હતું તે વેણે પળ્યા,
વાલો હેતે કરીને મુજને મળ્યાજી રે. મારે૦
બ્રહ્માનંદ કહે આજની ધન્ય ઘડી,
મારો વાલો પધાર્યા સેજડીજી રે. મારે૦

## ⊛૧૯૮. રાગ : ગરબી

**મારે આનંદનો દિન આજ રે, પ્રભુ પ્રગટ્યા કલ્યાણને કાજ રે. ૧**
વાલો અનંત બ્રહ્માંડના ઈશ રે, શી શોભા વખાણું જગદીશ રે. ૨
સહજાનંદ ચાખડીયે ચડિયા રે, વેઢ દશે આંગળીએ જડિયા રે. ૩
હેમ કડાં ને બાજુબંધ રે, મુખ શોભે પૂનમ કેરો ચંદ રે. ૪
પે'રી ઊભા પીતાંબર જામા રે, મુખ મરકે ને આવે હરિ સામા રે. ૫

અંગરખે જડેલ લાલ બૂટી રે, જાણે કિરણ્યું સૂરજની ફૂટી રે. ૬
વાલે પામરીની પલવટ વાળી રે, માંહી રાખી છે વેણ રસાળી રે. ૭
કેડે શોભે સોનેરી ફેંટો રે, રૂડો લાગે રૂમાલ ને રેંટો રે. ૮
કંઠે કૌસ્તુભમણિની માળા રે, ફૂલ્યા ઊભા છે છેલ છોગાળા રે. ૯
કાનુમાં કુંડળિયાં છાજે રે, હરિને માથે મુગટ બિરાજે રે. ૧૦
કલંગીએ હીરા ઝળકે રે, જેમ વીજ અષાઢી ચળકે રે. ૧૧
વાલો ચાલે ચટકતી ચાલ રે, હરિને ગલિયાં પડે છે ગાલ રે. ૧૨
આવી હીંચે હીંડોળા ખાટ રે, જન આવે દર્શન કરવા માટ રે. ૧૩
છબિ નીરખીને ચરણે પડે રે, પૂજા અત્તર ચંદનની ચડે રે. ૧૪
ઊડે અબીલ ગુલાલ અપાર રે, ના'વે પીચકારીનો પાર રે. ૧૫
હરિને છાંટ્યાં કેસરિયાં ઘોળી રે, વાલો હોંસે રમાડે હોળી રે. ૧૬
વિધ વિધનાં તે વાજાં વાજે રે, નગારાં ત્રંબાળુ ગાજે રે. ૧૭
વાલો જમાડ્યાની જુગતી જાણે રે, ચંદનના ચોકા તાણે રે. ૧૮
વાલો પીરસે ને પરચારે રે, ન જમે તેને લાડવે મારે રે. ૧૯
પંગતમાં પાંચ વાર ફરિયા રે, વાલો સર્વે સંતોને મળિયા રે. ૨૦
ત્યાં મચ્યો છે પ્રેમનો કીચ રે, સૌ સંતો રમે છે હીંચ રે. ૨૧
વાલો હસીને પાડે તાલી રે, એવી લીલા અલૌકિક ભાળી રે. ૨૨
એની શોભા તે શી વખાણું રે, ભૂમાનંદ પરમ સુખ માણું રે. ૨૩

**(*)૧૯૯. રાગ : ધોળ**

**પદ—૧**

**મારે પ્રીત બંધાણી રે, કે શ્રીહરિવરને સંગે;**
મારું મન રંગાણું રે, કે રસિયાને રંગે. મારે૦
એનું રૂપ જોઈને રે, મન મારું મોહી રહ્યું;
મારે હરિ વિના બીજું રે, કે સુખ વીખ તુલ્ય થયું. મારે૦
મીઠી મુખડાંની વાણી રે, કે સુણી હું તો લોભાણી;
તજ્યું હરિ વિના બીજું રે, કે દુઃખદાયક જાણી. મારે૦

તજી લોકલજ્જા રે, કે હરિવરને ગમવા;
મારે હોંશ ઘણીક છે રે, કે રસિયા સંગ રમવા. મારે૦
હવે નીમખ ન મેલું રે, કે હરિવરને ન્યારા;
વ્હાલો મુક્તાનંદનો રે, કે પ્રભુ મુને અતિ પ્યારા. મારે૦

પદ–૨

મેં તો સગપણ કીધું રે, કે સુંદરવર સાથે;
કરુણા કરી પૂરણ રે, કે હરિવર ગ્રહી હાથે. મેં૦
મેં તો જપ તપ તીર્થ રે, કે સાધન નવ કીધું;
મારું શ્રીહરિવરથી રે, કે સર્વ કારજ સીધું. મેં૦
જેનું ધ્યાન ધરે છે રે, કે અજ શંકર જેવા;
તેના ચરણ કમળની રે, કે મળી મુજને સેવા. મેં૦
મુજને કીધી પોતાની રે, કે હરિ અંતરજામી;
થયા રસિયોજી રાજી રે, કે બળવંત બહુનામી. મેં૦
મારે શ્રી ઘનશ્યામ શું રે, કે દૃઢ લગની લાગી;
વાલે મુક્તાનંદને રે, કે કીધી મુને બડભાગી. મેં૦

### ⊛૨૦૦. રાગ : લાવણી

**મારે મંદિર પધાર્યા ઘનશ્યામ થઈ બડભાગી,**
મારે હરિવર સાથે હેતશું લગની લાગી. મારે૦
મારા મનની પૂરી હામ કૃતારથ કીધી,
ભવ બુડતાં મારી બાંહ્ય ગ્રહીને લીધી. મારે૦
મારા મનમાં વસિયા માવ તાપ સર્વે ટાળ્યા,
મને મગન કરી મહારાજ દુરગપુર ચાલ્યા. મારે૦
મને કરવું ન સુજે કામ કહો કેમ કરીએ,
જબ મીલે ન સહજાનંદ ઠામ ક્યાં ઠરીએ. મારે૦
એ સુખની શી કહું વાત કહી નથી જાતી,

એ સુખ સંભારતા આજ ફાટે મારી છાતી. મારે૦
કહે યોગાનંદ મુનિરાય ભજી લ્યો પ્રીતે,
નહિ આવે જમના દૂત શાસ્ત્રની રીતે. મારે૦

### ⊛૨૦૧. રાગ : ખમાચ

**માંને પ્યારી શ્રીહરિજી થારી મૂર્તિ હો.** ટેક૦
મૂરતિ થારી માંને ક્ષણું એક ન રહો ન્યારી,
કૃપા કરી હરિ કાન ધરી જે અતરી[1] અરજ હે મારી. માંને૦
નેન ગુજારો થેં હો મારો ગુણસાગર સુખકારી,
તન ધન સઘળો થારે ઉપર કરું નિછાવર વારી. માંને૦
જીવનદોરી હો હરિ મોટી દેખ્યો દિલ વિચારી,
ભૂમાનંદ કહે રાખું ઉર પર જણ વિધ હાર હજારી. માંને૦

### ⊛૨૦૨. રાગ : મેવાડી

**મુખડાની માયા લાગી રે, હો શ્રીજી તારા;**
મુખડાની માયા લાગી રે. હો શ્રીજી૦
મુખડાની મીઠી વાણી, તેણે મન લીધું તાણી;
ઝબકીને સૂતી જાગી રે. હો શ્રીજી૦
મુખડું મેં જોયું તારું, બીજું સર્વે થયું ખારું;
હવે હું તો બડભાગી રે. હો શ્રીજી૦
મુખડું જોવાને માટે, સહી કીધું શિર સાટે;
મેહેણું મેં તો લીધું માગી રે. હો શ્રીજી૦
બ્રહ્માનંદ જાયે વારી, આશા એક મુને તારી;
તરછોડી મ થાશો ત્યાગી રે. હો શ્રીજી૦

---
૧. એટલી.

## ⊛૨૦૩. રાગ : ગરબી

**મુને મળિયા રે સહજાનંદ સ્વામી,**
મારા જનમ સંગાથી અંતરજામી. મુને૦
માથે લીધું રે મેʼણું હું થઈ ચાવી,
હું તો સહજાનંદ સ્વામીની કહાવી. મુને૦
મારી ઝાલી રે બાંહલડી નાથે,
હું તો વેચાણી સ્વામીને હાથે. મુને૦
મારાં સરવે રે કારજડાં સરિયાં,
રંગભીનો સહજાનંદજી વરિયા. મુને૦
પ્રેમાનંદના રે સ્વામિનારાયણ,
મુને કીધી વહાલેજી પ્રભુ પરાયણ. મુને૦

## ⊛૨૦૪. રાગ : સોરઠ

પદ—૧

**મેરે અંતર તે ધર્મવંશકી, દૃઢતા કબહુ ના ટરે;**
કોઉ શિર કાટો, ભાવે જેસી આય કે તન વીપતા પરે. મેરે૦
જો હટકે મન ઘનશ્યામ તેં, જો રાજી રહું અન્ય નામ તે;
તો મેં હીનો કોટી ગુલામ તેં. મેરે૦
જો વર્તમાનમાંહી ફેર પડે, જેહી કરીકે નિંદા લોક કરે;
તો માતા મેરી લાજી મરે. મેરે૦
જો સંપ્રદાયકી રીત કહી, સો મોસેં જો ભની આત નહિ;
તો ડારો મોકું લે સમુદ્રમહી. મેરે૦
બ્રહ્માનંદ કહે ધર્મસેં પાવ ડગે, હોય કાયર મન મેરો પીછો ભગે;
તો મેરે કુલકું મોટો કલંક લાગે. મેરે૦

### પદ–૨

ઘનશ્યામ વિના ઇષ્ટ જાન, શિર મેરો કોઈકું ના નમે;
દેવી દેવ અનેક ઓર ઠોર[1], મન મેરો કબહુ ના ભમે. ઘનશ્યામ૦
જો રીઝું ધન ત્રિય રાગમેં, જો પરે ફેર મેરે ત્યાગમેં;
તો ડારી દિયો મોકું આગમેં. ઘનશ્યામ૦
જો પક્ષ તજુ સતસંગકો, રખું તન કરી ચલન કુઢંગકો;
તો મેં ગ્રાહક ગળીકે રંગકો. ઘનશ્યામ૦
જો તજુ શરન ધર્મવંશકો, સેવું દેવ ભોગી મદ્ય માંસકો;
તો મોય કુટુંબી જાનો કંસકો. ઘનશ્યામ૦
બ્રહ્માનંદ કહે લોકન ડર જાની, જો મેં ભક્તિ કરું જગસેં છાની;
તો મોસેં અધમ ન કોઉ પ્રાની. ઘનશ્યામ૦

### ⊛૨૦૫. રાગ : ઠુમરી

**મેરે એક આશરા તેરા રે, ધરમકુંવર મહારાજ રાજ;**
મેં ચાકર તેરે ચરનકમલકા, તેં પરમેશ્વર મેરા રે. ધર્મ૦ ૧
તેરે ચરન શરન બીનું સ્વામી, કઉ સુખ નહિ હેરા રે;
સ્વર્ગ મૃત્યુ પાતાલ દશો દિશ, સબહી કાળને ઘેરા રે. ધર્મ૦ ૨
ત્રિભુવન ભ્રમંત ભ્રમત પચી હારયો, પાયો મેં દુઃખ ઘનેરા રે;
અચળ નિકેત એક નહિ પાયો, તુમ બિના ધર્મકિશોરા રે. ધર્મ૦ ૩
અમરપતિ નર નાગ અસુર સુર, સબ માયા કે ચેરા રે;
પ્રેમાનંદ જાની સબ દુઃખમય, દિયો ચરન તેરે ડેરા રે. ધર્મ૦ ૪

---

૧. જગ્યા.

## ⊛૨૦૬. રાગ : ભૈરવ

**મેરે તો એક તુમ હી આધારા.**

નાવ કે કાગકી ગતિ ભઈ મેરી, જહાં દેખું તહાં જલનિધિ ખારા. ૧
રસિક શિરોમણી તુમ બિન મોકું, લગત હે જગસુખ જરત અંગારા. ૨
તુમ મોકું મીલિયો તો આનંદ અતિશે, બીસરત સબ દુઃખ વારમવારા. ૩
મુક્તાનંદ કહે અંતરજામી, કહા સમજાવું મેરે પ્રીતમ પ્યારા. ૪

## ⊛૨૦૭. રાગ : ગરબી

### પદ—૧

**રહ્યું છે મારા હૃદિયામાં રૂપ તમારું.** ટેક૦

રૂપ તમારું એક હૃદિયામાં રાખ્યું,
મેં તો બીજું સર્વે કાઢ્યું છે બારું;
જગના જીવન વાલા તમને જોઈને,
વારી મનડું લોભાણું છે જો મારું. રહ્યું૦
તમ રે વિના ઘનશ્યામ રે સ્નેહી,
વાલા બીજું નથી લાગતું સારું;
દુરિજન લોક ઘોળ્યા દાઝી મરે,
તેની ધડક હૈયામાં શીદ ધારું. રહ્યું૦
માથું જાતાં મન માન્યા રે માવા,
કે દી હેતમાંથી નવ હારું;
બ્રહ્માનંદના વાલા પ્રાણ સંગાથી,
ઘડી તમને તે કેમ વિસારું. રહ્યું૦

### પદ—૨

હૈડામાં મુને વાલા લાગો છો વનમાળી. ટેક૦

વાલા લાગો છો લટકાળા રે લાલા,

મારા નયણા ઠરે છે ભાળી;
આઠો પહોર આવી વસી અંતરમાં,
મૂરતિ તમારી મરમાળી. હૈડામાં૦
બાંધ્યાં છે બાજુ કાજુ ફૂલડાની માળા,
ગળે લાગે છે રૂપાળી;
મનડાં હરો છો તમે વાર્તા કરતાં,
ગાતા નાખો છો રંગઢાળી. હૈડામાં૦
શું રે કરે સંસારી રે ઘોળ્યા,
મેં તો લોક લજ્જા સર્વે ટાળી;
બ્રહ્માનંદના વાલા તમ સંગ રમતા,
મારે દાડી દાડી તે દીવાળી. હૈડામાં૦

## પદ—૩

ઘનશ્યામ આવી મનડે અમારે તમે ભાવ્યા. ટેક૦
અક્ષરાતીત અલબેલા રે,
વાલા તમે અમ કારણ આજ આવ્યા;
મનડાં અમારા તમે હરવાને કાજે,
માથે ફૂલડાંના તોરા લટકાવ્યા. ઘનશ્યામ૦
એક ઘડી શ્રી ઘનશ્યામ રે સ્નેહી,
વીસરો તે નહિ વિસરાવ્યા;
સર્વે તે લોકમાં સહુ જાણે છે વાલા,
કંથ અમારા તમે કાવ્યા. ઘનશ્યામ૦
માયાના જીવ તે તો મર્મ ન જાણે,
તેણે સહુ સરખા ઠેરાવ્યા;
બ્રહ્માનંદના વાલા શ્રીજી સુંદરવર,
જેવા છો તેવા અમને ફાવ્યા. ઘનશ્યામ૦

પદ—૪

પ્રીતમજી પ્યારા જીવું છું તમને જોઈને. ટેક૦

મૂર્તિ તમારી મન માની રે માવા,
તેમાં હેતે રહી છું ચિત્ત પ્રોઈને;
તમ સંઘાથે મારે નેડો બંધાણો,
તેની ખબર નહિ બીજા કોઈને. પ્રીતમજી૦

નિ:શંક થઈને માથે છેડો રે નાખ્યો,
છોને કહેતાં તે લોક વગોઈને;
માથાને સાટે તમને વર્યા સુખકારી,
વારી કુળની મરજાદા સર્વે ખોઈને. પ્રીતમજી૦

સમજી વિચારી મેં તો પગલાં ભર્યાં છે,
ચાલી મન મતવાલી હોઈને;
બ્રહ્માનંદના વહાલા તમને દેખીને,
મારું મનડું રહ્યું છે જો મોઈને. પ્રીતમજી૦

## ⊛૨૦૮. રાગ : ઠુમરી

લગ ગઈયાં અખિયાં હમાર,
હરિશું લગ ગઈયાં. ટેક૦

લગ ગઈ અખિયાં સુનો મેરી સખિયાં,
નીરખી ધર્મકુમાર. હરિ૦

અખિયાં થકિત ભઈ પલકે પરત નહિ,
એક ટક રહી હે નિહાર. હરિ૦

શ્રીહરિ મુનિવર શોભાસાગર,
ઉર બીચ લીનો હે ધાર. હરિ૦

પ્રેમાનંદ કહે નેના દેખે બીના નાહીં ચેના,
રેન દિના પિયાઉસે પ્યાર. હરિ૦

## ૨૦૯. રાગ : જંગલો

**લગન લગી મૂરત માધુરીસે. ટેક૦**

લગન લગત મેરે ઉરકી બુઝાઈ આગ,
નેનનાં નિહારું તહાં પ્રગટ પ્રભુ દીસે. લગન૦
પ્રીત જો કર વાંસે પલક ન દૂરી હોત,
પ્રેમદોર બાંધેરી ફીરત જ્યું કીસે. લગન૦
એસે પ્રભુ છાંડી કે ઉપાસુ નહિ ઓર કાહુ,
ગજસેં ઊતરી કે ચઢે કો ખર શીશે. લગન૦
દાસ મુકુંદ કહા સ્વાદ જાને છાશ મધ્યે,
પ્રેમરસ પૂરન રહત જો ઘીસેં. લગન૦

## ૨૧૦. રાગ : ગરબી

પદ—૧

**લટકાળા તારે લટકે રે, લેરખડા હું લોભાણી;**
વાતલડી કેરે ચટકે રે, ચિત્તડાને લીધું તાણી. ૧
છોગલિયું તારું છેલા રે, આવી અટક્યું અંતરમાં;
વણદીઠે રંગના રેલા રે, બેઠી અકળાઉં ઘરમાં. ૨
રાતી આંખલડીની રેખું રે, મનડામાં ખુંતી મારે;
ડોલરિયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે. ૩
મરમાળી મૂર્તિ તારી રે, વ્હાલમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી. ૪

### પદ—૨

રૂડું ભાલ તિલક રૂપાળું રે, કોડે કીધું કેશરનું;
ભાવે હું સુંદર ભાળું રે, કામડલું મેલી ઘરનું. ૧
વાંકી ભ્રકુટિ જોઈ મરમાળી રે, મારું લોભાણું મનડું;
નમણી નાસા અણિયાળી રે, દોયલી વેળાનું ધનડું. ૨
તારાં લોચનિયાં ધર્મલાલા રે, રંગભીનાં રંગનાં ભરિયાં;
હરિ પ્રાણજીવન મને વહાલા રે, ગુણિયલ અંતરમાં ગરિયાં. ૩
લટકાળા મોહની લાગી રે, ભાવે મુખડું ભાળીને;
બ્રહ્માનંદ તમને અનુરાગી રે, બેઠી જગ ભય ટાળીને. ૪

### પદ—૩

માણીગર મોલીડું તારું રે, સુંદર ફૂલડેથી છાયું;
હરિવર તેમાં મન મારું રે, ઠીક કરીને ઠેરાયું. ૧
રૂપાળું રંગનું ભરીયું રે, શોભે કોર્યું સોનેરી;
છોગલીયું નૌતમ ધરીયું રે, લાડકડા વ્હાલમ લેરી. ૨
કાજુ નવલ કલંગી નીરખી રે, ચિત્તડામાં લાગી ચટકી;
થઈ ગઈ દીવાની સરખી રે, લોકલજ્યા સર્વે પટકી. ૩
બહુ અંતરમાં રસબસીયું રે, ગરક કસુંબે બોળિડું;
બ્રહ્માનંદના મનમાં વસીયું રે, શ્રીજી તારું મોળિડું. ૪

### પદ—૪

ઘનશ્યામ સુંદર સુખકારી રે, લાવણમાં હું લેવાણી;
મેં તો મેલ્યો જગ વિસારી રે, હરિવર તારી કે'વાણી. ૧
સુંદરવર રંગડો ચડિયો રે, મરમાળા જીવન તારો;
જગ તૃણ સરખો ત્રેવડિયો રે, કુણ માને એનો ડારો. ૨
મારે તમથી પ્રીત બંધાણી રે, કોઈની શંકા કેમ ધરું;

ચિંતામણિ સુંદર લાધી રે, રાંક થઈને શીદ ફરું. ૩
તમ સાથે રંગના ભીના રે, દિલડું માન્યું ડોલરિયા;
બ્રહ્માનંદના નાથ નવીના રે, વહાલમ મેં તમને વરિયા. ૪

## ૨૧૧. રાગ : કાલિંગડો

**લાગે માને પ્યારો, થારા નેણાંનો નજારો.** ટેક૦

ધર્મરાકુંવર થારાં નેણાં નજારે, મન બસ કીનો છે જી મારો. થારા૦
કામકાજ ઓર કાંઈયે નવ સૂઝે, દરસ ગમે છે મને થારો. થારા૦
ઘનશ્યામ સનેહણી કહી કહી માને, દૂરીજન દે છે ફટકારો. થારા૦
પ્રેમાનંદરા નાથ અબ નઈ છૂટે, સંગ થારો શિર સાયરો[૧]. થારા૦

## ૨૧૨. રાગ : ગરબી

### પદ ૧

**લાગ્યો મારે હરિવરથી નેડો, કે હવે મેં તો શિર નાખ્યો છેડો રે.** ટેક૦

કે સહુ મળીને મુજને વારી, કે અટકી મન વૃત્તિ મારી;
કે ધણી મેં તો ધાર્યા શ્રીહરિજી રે. લાગ્યો૦
કે શું મતલબ મારે કોઈ સાથે, કે મહેણું મારે ઘનશ્યામનું માથે;
કે હરિવરે મુને ઝાલી હાથે રે. લાગ્યો૦
કે મોડું વહેલું સહુ જાવાનું, કે તેને બિજ્યે તે શું થાવાનું;
કે મહેણું મારે અવિચળ માવાનું રે. લાગ્યો૦
કે કોઈ કહી મુજને શું કરશે, કે ગજ ચઢી શંકા કોણ ધરશે;
કે શ્વાન ભસી ભસીને મરશે રે. લાગ્યો૦
કે સમઝીને મેં તો પગ ભરીઆ, કે સર્વે વિષય રસ વિસરીઆ;
કે બ્રહ્માનંદનો વહાલો વરીઆ રે. લાગ્યો૦

૧. સાટે.

પદ ૨

લાગી મારી હરિવરથી લગની, કે મર્યાદા મેલી જગની રે. ટેક૦

કે એક ટેક અંતરધારી, કે સગાં કુટુંબ સહુ વિસારી;
કે મન કર્મ વરિયા શ્રીહરિ રે. લાગી૦

કે કર્યું મેં તો ધન કુરબાણી, કે હરિ વિના ન વદુ અન્ય વાણી;
કે ધર્મકુંવરથી અટકાણી. લાગી૦

કે સુખ મેં તો સંસારી છોડ્યું, કે સહુ સાથે સગપણ તોડ્યું;
કે સહજાનંદ સાથે જોડ્યું રે. લાગી૦

કે મહેણાં જગકેરાં લઈને, કે સ્થિર મન મતવાળી થઈને;
કે ચાલી હું તો શિર કરમાં લઈને રે. લાગી૦

કે બેઠી હું તો ભય જગનો ખોઈને, કે મન નિશદિન રહ્યું છે મોઈને;
કે બ્રહ્માનંદનો વહાલો જોઈને રે. લાગી૦

## ૨૧૩. રાગ : ઠુમરી

**લાલન તેરી લટક મેરે મન બસી. ટેક૦**

લટક લટક આવત મન ભાવત, પીત બસન કટિ કસી. લાલન૦

સુંદર ગાવત નેહશું બોલાવત, ચિત્ત હરત હસી હસી. લાલન૦

શોભાસાગર રૂપ ઉજાગર[૧], મુખ માનું પૂરન શશી. લાલન૦

શ્રી ઘનશ્યામ મનોહર મૂરત, પ્રેમાનંદ ઉર બસી. લાલન૦

## ૨૧૪. રાગ : ગરબી

પદ—૧

**વ્હાલા રમઝમ કરતા રાજ, મારે ઘેર આવો રે;**
મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે. ૧

૧. ઉજ્જવળ કરનાર.

મારે તમ સંગ લાગી પ્રીત, થઈ અનુરાગી રે;
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે. ૨
વ્હાલા અબળા ઉપર મહેર, કરો સુખકારી રે;
હું તો જન્મોજન્મની નાથ, દાસી તમારી રે. ૩
મારા પ્રાણતણા આધાર, પ્રિતમ પ્યારા રે;
પળ રહોમાં નૌતમ નાવ, મુજથી ન્યારા રે. ૪
આવો છોગાં મેલીને ઘનશ્યામ, ધડક મ ધારો રે;
મેં તો ફૂલડે સમારી સેજ, નાથ સુધારો રે. ૫
વ્હાલા નયનાતણું ફળ નાથ, મુજને આપો રે;
મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડાં કાપો રે. ૬

## પદ-૨

મારે મંદિરિયે મહારાજ, મોજું માણો રે;
મને શું કરશે સંસાર, ધડક મ આણો રે. ૧
હું તો તરણા તુલ્ય સંસાર, સઘળો જાણું રે;
વાલા એક તમારી બીક, ઊભા આણું રે. ૨
તમે ભુપ તણા છો ભુપ, મહાસુખકારી રે;
વાલા તન મન ધન પરિવાર, તમ પર વારી રે. ૩
તો ય અધર અમૃતથી નાથ, હું નવ ધ્રાપું રે;
તમે નિત્યનૌતમ શણગાર, સજી સુખ આપ્યું રે. ૪
તમે રસિયા રંગની રેલ, વાલમ વાળી રે;
હું તો મગન થઈ મસ્તાન, મુખડું ભાળી રે. ૫
મને આપ્યો અખંડ સોહાગ, શ્રીજી સુખકારી રે;
મુક્તાનંદ કહે મહારાજ, જાઉં બલિહારી રે. ૬

## ⊛૨૧૫. રાગ : ગરબી

**વહાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથે;**
મેં તો સર્વે મેલ્યો સંસાર રે, સગપણ તમ સાથે. ૧
મારા મનમાં વસ્યા છો ઘનશ્યામ રે, સગપણ તમ સાથે;
તમ સારુ તજ્યું ધન ધામ રે, સગપણ તમ સાથે. ૨
મારું મનડું લોભાણું તમ પાસ રે, સગપણ તમ સાથે;
મુને નથી બીજાની આશ રે, સગપણ તમ સાથે. ૩
મારે માથે ધણી છો તમે એક રે, સગપણ તમ સાથ;
મારી અખંડ નિભાવજો ટેક રે, સગપણ તમ સાથે. ૪
મેં તો દેહ ધર્યો છે તમ કાજ રે, સગપણ તમ સાથે;
તમને જોઈ મોહી છું મહારાજ રે, સગપણ તમ સાથે. ૫
હું તો હેતે વેચાણી તમ હાથ રે, સગપણ તમ સાથે;
છો બ્રહ્માનંદના નાથ રે, સગપણ તમ સાથે. ૬

## ⊛૨૧૬. રાગ : ધોળ

પદ—૧

**શ્રીજીમહારાજ આવો મારે ઓરડે,**
**તમ સાથે રે વાધ્યો પૂરણ પ્યાર.** આવો૦
મેં તો શેરી વળાવીને સજ્જ કરી,
શેરડીએ રે વેર્યાં ફૂલ અપાર. આવો૦
મેં તો મોતીડે ચોક પૂરાવિયા,
પ્રેમે બાંધ્યા રે તરિયાં તોરણ દ્વાર. આવો૦
મેં તો જુગતેથી તમને જમાડવા,

ભાવે ભોજન રે કીધાં વિવિધ પ્રકાર. આવો૦
મેં તો પલંગ બિછાવ્યો પ્રીત શું,
વેગે સજિયા રે સોળે શણગાર. આવો૦
હું તો ચાતક સરખી થઈ રહી,
તમ કારણે રે પ્યારા પ્રાણ આધાર. આવો૦
મારે તમ સંગ પૂરણ પ્રીતડી,
તેણે વિખ સમ રે થયો સર્વે સંસાર. આવો૦
મુક્તાનંદના નાથ સુજાણ છો,
હવે શું કહું રે ઘણું વારંવાર. આવો૦

## પદ–૨

શ્રીજીમહારાજ રહો મારા મો'લમાં,
સુખદાયક રે પ્યારા શ્રી ઘનશ્યામ. રહો૦
મેં તો તન ધન તમ અર્થે કર્યું,
મારી પૂરો રે હૈડા કેરી હામ. રહો૦
મેં તો શંકા તજી રે સંસારની,
તમ સાથે રે કીધી પૂરણ પ્રીત. રહો૦
હું તો હાથ જોડી હાજર રહું,
તમને સેવું રે રસિયા રસરીત. રહો૦
એક નિમિષ ન મેલું વેગળા,
કરી રાખું રે મારા હૈડાનો હાર. રહો૦
મારે તમથી વા'લું બીજું કોઈ નથી,
પુરુષોત્તમ રે પ્યારા પ્રાણ આધાર. રહો૦
ક્યારે મરજી લેશ લોપું નહિ,
જે જે જોઈએ રે તે તે રાખીશ તૈયાર. રહો૦

મુક્તાનંદના નાથ છબીલડા,
તમ સાથે રે વાધ્યો પ્રેમ અપાર. રહો૦

## પદ—૩

પ્યારા મુજને લાગી તારી મોહની,
રસિયા વર રે તારું જોઈને રૂપ. મુજને૦
તારાં નેણ ચપળ ચિત્તને હરે,
મીઠી મુખની રે સુણી વાણી અનુપ. મુજને૦
વાંકી પાંઘમાં તોરા ઝુકી રહ્યા,
જોતાં હૈડે રે ફૂલડાં કેરા હાર. મુજને૦
અંગોઅંગમાં આભરણ ફૂલનાં,
તેને નીરખી રે વાધ્યો હરખ અપાર. મુજને૦
તારા મુખ પંકજને માવજી,
જોતાં નેણાં રે મારાં તૃપ્ત ન થાય. મુજને૦
તમને અણદીઠે થાઉં આંધળી,
જોતાં રસિયા રે હૈડે હરખ ન માય. મુજને૦
હું તો પ્રેમદીવાની થઈ રહી,
તેણે ભૂલી રે જુઠો જગવહેવાર. મુજને૦
મુક્તાનંદના પ્રીતમ નહિ તજું,
કરી રાખીશ રે મારા હૈડાનો હાર. મુજને૦

## પદ—૪

મારાં નેણાં ઠરે છે જોઈને,
સહજાનંદ રે તારું રૂપ રસાળ. નેણાં૦

માથે મોર મુગટ સોહામણો,
કાને કુંડળ રે ઉર મોતીની માળ. નેણાં૦
રૂડું મંદ હાસ્ય મનને હરે,
વાંકી ભ્રકુટિ રે શોભે ભાલ વિશાળ. નેણાં૦
તારાં લોચનની છબી લાલજી,
જોતાં રસિયા રે વશ થઈ તત્કાળ. નેણાં૦
કોટિ પતિતને પાર ઉતારવા,
દ્રગગોચર રે રસિયા તારું રૂપ. નેણાં૦
મને પ્રગટ મળ્યા તમે માવજી,
સુખદાયક રે કોટિ ભુવનના ભૂપ. નેણાં૦
મારું મન તમ સાથે માનીયું,
મને લાગ્યો રે રસિયા તારો રંગ. નેણાં૦
મુક્તાનંદના નવલ સનેહીડા,
મારા ઉરમાં રે ન સમાય ઉમંગ. નેણાં૦

## ⊛૨૧૭. રાગ : ગરબી

**સજની કોડે આનંદ ઘેર શ્રીજી પધાર્યા,**
આવી મારા તનડા કેરા તાપ નિવાર્યા,
સજની કોડે આનંદ ઘેર શ્રીજી પધાર્યા. ટેક૦
હરખે શું ઊઠી હું તો સનમુખ ચાલી,
તેડી બેસાર્યા મેં તો બાવડલી ઝાલી,
ધર્મકુંવરને હું તો થાવાને વાલી. સજની૦
એકાંતે બેસી હું તો નીરખવા લાગી,
લોકડિયાની મેં તો લજ્યા રે ત્યાગી,

મુખડું નીરખીને મારી ભુખલડી ભાંગી. સજની૦
હરિને જમાડ્યા મેં તો હેતે સાહેલી,
કુળની મરજાદા મેં તો કોરે રે મેલી,
હરિવરને નીરખી હું તો થઈ છું રે ઘેલી. સજની૦
પાનની બીડી મેં તો પ્રેમે શું આલી,
હસીને હોંસીલે વાલે મુખડામાં ઘાલી,
પ્રીતે ચાવીને મારા મુખડામાં આલી. સજની૦
સુંદર અગાસી મારી નૌત્તમ મેડી,
ઊંચે આવાસે મુજને એકાંતે તેડી,
હૈડાંની રાવું મેં તો હરિ આગે રેડી. સજની૦
પ્રેમનાં આંસુ મારે નેણે વહે છે,
હાથે લુવે ને હરિ છાંયા કરે છે,
કંઠે વળગું ને મારા નેણાં ઠરે છે. સજની૦
મનગમતી મોજું વાલે મુજને રે આપી,
વચન પળાવી વાલે સ્થિર કરી સ્થાપી,
કોટિ જન્મનાં દુઃખડાં નાંખ્યાં છે કાપી. સજની૦
વણ તેડ્યાં વેલા મારે મંદિર આવી,
મરકલડે હેરી ભાવે ભીતર સમાવી,
હેત કરીને મુજને હસીને બોલાવી. સજની૦
રંગના રંગીલા મુજને રંગ લાગ્યો તારો,
કેડે ફરે છે જીવન પ્રાણ અમારો,
મુક્તાનંદ કહે જન્મ સુધાર્યો મારો. સજની૦

**⊛૨૧૮. રાગ : ઠુમરી**

**પદ—૧**

**સહજાનંદ સુખકંદ સલુની મૂર્તિ,**
મોરે ઉર વસી અબ આય. સહજાનંદ૦

તન પૈરકે જામો જરકસિયો હો,

કટિ તડપેં પટ કસી. સહજાનંદ૦

ગલે હાર ગુલાબી ફુલન કે હો,

પંક્તિ ઉર પર લસી. સહજાનંદ૦

માનું હેરત હે દ્રગ જોરી કે હો,

મુખસેં મંદ મંદ હસી. સહજાનંદ૦

ભૂમાનંદ કહે કેશરકો કરકે હો,

ટીકો ભટલહુંમે ઘસી. સહજાનંદ૦

### પદ—૨

દેખ છબી ઘનશ્યામ પિયાકી,

અખિયન કો ફલ આયો મોય આજ. દેખ૦

જાંકું નિગમ નેતિ નેતિ કહી ગાવે હો,

પ્રગટ પ્રભુ સો પાયો મોય આજ. દેખ૦

મીટે શોક સંતાપ સબે અજહુ હો,

ઉરમેં આનંદ છાયો મોય આજ. દેખ૦

જીયરાકો જીવન જો કહ્યુ હે હો,

સો ચિંતામણિ સાયો મોય આજ. દેખ૦

ભૂમાનંદ કહે મિલે મોકું હો નંદ,

ધર્મભક્તિ કો જાયો મોય આજ. દેખ૦

## ૨૧૯. રાગ : સોહણી

### પદ—૧

**સહજાનંદ સુજાન, વસે ઉર સહજાનંદ સુજાન. ટેક૦**

સુભગ સલુની છબી મેરે મન ભાઈ, તાસેં લગી મેરી તાન. વસે૦

પ્રફુલ્લિત વદન મદનમદ મર્દન, પૂરન ચંદ્ર સમાન. વસે૦

છબી દેખત સમ થકિત ભઈ હું, ભૂલ ગઈ તન ભાન. વસે૦
બ્રહ્માનંદ નવલ પ્રીતમ પર, તન મન ધન કુરબાન. વસે૦

પદ—૨

સહજાનંદ સ્વરૂપ, વસે ઉર સહજાનંદ સ્વરૂપ. ટેક૦
નરતન ધાર ફીરત જગમાંહિ, કરત હે ચરિત્ર અનુપ. વસે૦
નૌતમ છબી ઘનશ્યામ સુંદરકી, ભૂપનકે મહા ભૂપ. વસે૦
જ્યાકે હસ્તકમલકી છાયા, ત્રિવિધ ન લાગત ધૂપ. વસે૦
બ્રહ્માનંદ જાનકે અપનો, કાઢ લીયા ભવ કૂપ. વસે૦

## ㊋૨૨૦. રાગ : ગરબી

**સહજાનંદ સ્વામી આવ્યા, મારે સહજાનંદ સ્વામી આવ્યા. ટેક૦**
સદ્‌ગુરુ રૂપે શ્રી પુરુષોત્તમ, પ્રગટ બહુનામી. સહજાનંદ૦
મુક્ત બ્રહ્મગોપાળાદિક સંગે, શોભે સુખધામી. સહજાનંદ૦
મંગળ થાળ ભરી મેં વધાવ્યા, હરિ અંતરજામી. સહજાનંદ૦
મંદિરમાં પધરાવ્યા પ્રીતે, ચરણે શિરનામી. સહજાનંદ૦
પ્રેમાનંદના સ્વામીને મળતા, પૂરણ સુખ પામી. સહજાનંદ૦

## ㊋૨૨૧. રાગ : સોરઠ

પદ—૧

સુણ સાહેલી, સહજાનંદ સંગાથે મારે પ્રીતડી;
તે તો નવ છૂટે, અંતર માંહે અલૌકિક એવી ટેવ પડી. સુણ૦
હું ડરપું નહિ હવે કોઈ ભાગી,
મેં તો લોકલાજ સર્વે ત્યાગી;


3

મારી લગની એ સાથે લાગી. સુણ૦
મુને ઘર ધંધો દીઠો ન ગમે,
મારું મનડું તો તે પાસ ભમે;
વહાલો હૃદિયામાં દિન રાત રમે. સુણ૦
મેં તો સમજી કીધું અચળ સહી,
બહુ ફૂટી થાક્યાં લોક કહી;
હવે તો શિર સાટાની વાત થઈ. સુણ૦
સહુ વિસાર્યું તન ધન કુટુંબ સગું,
એથી અધક્ષણ મન ન રહે અળગું;
બ્રહ્માનંદ કહે મારું મન વળગ્યું. સુણ૦

## પદ—૨

મારા હૃદિયામાં, રાત દિવસ એક રટના સહજાનંદની;
દગ આય વસી, શ્રી ઘનશ્યામ સ્વરૂપ છબી જગ વંદની. મારા૦
દિલ છૂટી આંટી ડગમગની,
મેલી મરજાદા સર્વે જગની;
મારી લાગી એ સાથે લગની. મારા૦
જે એ સાથે લગની લાવે,
તેની જનમ મરણ સંસૃતિ જાવે;
ભાગ્ય બડાં હોય તેને ભાવે. મારા૦
મેં તો ઓથ ગ્રહી અવિચળ એની,
મુંને આશ નહીં બીજા કેની;
એ વિના બીજું કાંઈ છેની. મારા૦
એ વસ્તુ વેચાયે નહીં કોઈ હાટે,
મિલે નહીં દીધા દ્રવ્ય માટે;
બ્રહ્માનંદ કહે એ તો શિર સાટે. મારા૦

## ⊛૨૨૨. રાગ : પરજ દેશી

**સુંદર છેલ જોઈ રે જીવું હું તો, શ્રીહરિ સુંદર છેલ જોઈ રે. ટેક૦**
પ્રાણજીવન પ્રીતમને હું તો, રાખું જીવડલામાં પ્રોઈ રે. જીવું૦
ધર્મકુંવર ઘનશ્યામથી મારે, બીજું વાલું નહિ કોઈ રે. જીવું૦
શ્રીહરિકૃષ્ણ કુંવરની હું તો, રૂપ છટા પર મોઈ રે. જીવું૦
પ્રેમાનંદનો નાથ ના દેખું તો, નેણાં ભરે રોઈ રોઈ રે. જીવું૦

## ⊛૨૨૩. રાગ : ઠુમરી

### પદ—૧

**હરિ મીલે બોરછડી કી છૈયાં. ટેક૦**
મૈં જ્યું ગઈ'તી જલ ભરનેકું, હસી બોલાઈ મોરી સૈયાં. હરિ૦
શ્વેત પાઘ શિર સોહત, સુંદર ફૂલ-તોરા લટકૈયાં. હરિ૦
કેસર તિલક ભાલ બીચ નીરખી, લપકી લપકી પરી પૈયાં. હરિ૦
અવધપ્રસાદ કે મન હર લીનો, સહજાનંદ સુખદૈયા. હરિ૦

### પદ—૨

પ્યારી લાગે ઘનશ્યામકી બતિયાં. ટેક૦
બતિયાં સુનત મેરો મન હર લીનો, કરી કે નેહ દિનરતિયાં. પ્યારી૦
સુંદર મૂરતિ ધરમકુંવરકી, નીરખી હરખી ઠરી છતિયાં. પ્યારી૦
લટક લટક હરિ ચાલત હે, લાજત રતિપતિ અતિયાં. પ્યારી૦
અવધપ્રસાદ કે ચિત્તમેં ગર ગઈ, ચલત હંસ હરિ ગતિયાં. પ્યારી૦

## ⊛૨૨૪. રાગ : પરજ

**હરિવર હીરલો લાધ્યો, મંદિરમાં મુને હરિવર હીરલો લાધ્યો.**
હાથ આવ્યો છે હીરો અજબ અલૌકિક, મોંઘામૂલો છબીલો માધો. ૧

ખાતાં પીતાં રે સૂતાં બેઠાં સ્વપ્નામાં, અળગો ન મેલું ક્ષણું આઘો. ૨
કોડે કોડે ઝાઝાં જતન કરીને, મારા જીવ સંઘાથે મેં તો બાંધ્યો. ૩
બ્રહ્માનંદ કહે શું મુખથી વખાણું, બહેની જેમ ગુંગે ગુડ ખાધો. ૪

## ㊉૨૨૫. રાગ : કાફી-ગરબી

### પદ—૧

**હરિ હૈયાના હાર છો જી રે, તમે હરિ હૈયાના હાર છો;**
સેજ તણા શણગાર છો જી રે, તમે હરિ હૈયાના હાર છો. ટેક૦
મુખથી શું ઘણું કહીએ જીવન રે, પ્રાણતણા આધાર છો જી રે. તમે૦
વાલપણામાં અતિશે વ્હાલા રે, હરિવર ધર્મકુમાર છો જી રે. તમે૦
દુરીજનિયાંને દૂર ઘણા છો રે, પ્રેમી તે જનના પ્રાણ છો જી રે. તમે૦
મુક્તાનંદ કહે નરનાટક ધરી રે, શરણાગતના સાર છો જી રે. તમે૦

### પદ—૨

નયણાં ઠરે છે જોઈને રે, મારાં નયણાં ઠરે છે જોઈને;
રહી છું શ્રીહરિ સંગે મોહીને રે, મારાં નયણાં ઠરે છે જોઈને. ટેક૦
જે દિનમાં દર્શન નવ પામું રે, તે દિન વીતે રોઈને રે. મારાં૦
લોકડિયાંની લાજ ન રાખું રે, કે મારાં વેણ વગોઈને રે. મારાં૦
નાથ વિના હું ચૌદ ભુવનમાં રે, રંગે ન રાચું કોઈને રે. મારાં૦
મુક્તાનંદ શ્રીહરિવર પામી રે, કુળમરજાદા ખોઈને રે. મારાં૦

## ㊉૨૨૬. રાગ : ગરબી

**હું તો જાઈશ હરિવર જોવા રે, મા મુને વારીશમા;**
મારા ઉરમાં છબિલાજીને પ્રોવા રે, મેણલે મારીશમા. મા મુને૦
જાઈશ જોવા રે હું તો ધર્મનો લાલો,

હાં રે મુને પરમ સ્નેહી લાગે વ્હાલો રે. મા મુને૦
છેલ છબીલો વ્હાલો નવલ વિહારી,
હાં રે એ તો જીવનદોરી છે મારી રે. મા મુને૦
વારીશમા રે તુને કહું છું રે વહેલું,
હાં રે હું તો માથું જાતાં નવ મેલું રે. મા મુને૦
પ્રેમાનંદના સ્વામીને સારુ,
હાં રે કુરબાન કર્યું જીવતર મારું રે. મા મુને૦

## ૨૨૭. રાગ : ગરબી

**હેલી આજ દિવસ રળિયામણો હેલી આજ,**
આવ્યા આવ્યા વ્હાલો પ્રાણ આધાર. આજ દિવસ૦
વ્હેલા જઈને વ્હાલાને વધાવીએ,
વારણીયાં રે લઈએ વારમવાર. આજ દિવસ૦
મેં તો ભાવ સહિત હરિને ભાળિયા,
મારે હૈડે રે બેની હરખ ન માય. આજ દિવસ૦
મેં તો તોરણ બાંધ્યાં ટોડલે,
સર્વે માનુની રે મળી મંગળ ગાય. આજ દિવસ૦
મેં તો થાળ ભર્યો ગજ મોતીએ,
વ્હાલાને વધાવવાને કાજ. આજ દિવસ૦
આવી ઊભા હેલી મારે આંગણે,
રૂપાળા રે રસિયા મહારાજ. આજ દિવસ૦
મારો જન્મ સુધાર્યો હરિએ,
હૈડાંની રે સર્વે પૂરી છે હામ. આજ દિવસ૦
બ્રહ્માનંદના વ્હાલાની મૂર્તિ,
એનું ધરે રે મોટા મુનિવર ધ્યાન. આજ દિવસ૦

## ⊛૨૨૮.                  રાગ : મેવાડી

હેડાનો હાર હરિ રે, મારે રંગ ભીનો, હેડાનો હાર હરિ રે. ટેક૦
મંદિરમાં પધરાવી શ્રીહરિને, ભેટું હું અંક ભરી રે. મારે૦
જગના જીવનને હું નહિ દેઉં જાવા, રાખીશ જતન કરી રે. મારે૦
રસિક નવલ વર રાજેશ્વરને, નિરખીને નયણે ઠરી રે. મારે૦
બ્રહ્માનંદના નાથને સજની, મન કર્મ વચને વરી રે. મારે૦

'પ્રાણ સ્નેહી ઘરુ આવો અબ પિયરા,
હિયરા ધીર ધરત નહિ મેરા.
દર્શ વિના દિલ દાહ ન બુજત,
નહિ સૂઝત કછુ કાજ અનેરા.'

**(★)૨૨૯.** **ઢાળ : ડંકો દીધો તેં વીરા વાછરા**

**આજ સો સો વર્ષોનાં વાણાં વાઈ ગયાં,**
તો યે જાણે હજુ કાલ સવારની વાત રે સહજાનંદ સ્વામી.
ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે. ટેક૦
એનો એ દરબાર એના એ ઓરડા,
એના એ તોરણ ચાકળા હિંડોળા ખાટ રે સહજાનંદ સ્વામી. ગઢ૦
એનો એ લીંબડો ને અક્ષર ઓરડી,
એના એ ગાદી તકિયા રંગતપાટ રે સહજાનંદ સ્વામી. ગઢ૦
સાધુ બ્રહ્મચારી પાળાની સાથમાં,
ખાંતિલો આંહી ખેલતા રંગ ખેલ રે સહજાનંદ સ્વામી. ગઢ૦
આજ સુનો દરબાર સુના એ ઓરડા,
સુના દીસે આજ ઘેલા નદીના ઘાટ રે સહજાનંદ સ્વામી. ગઢ૦
લક્ષ્મીવાડી લાડીલા લાલની,
પોઢ્યા જીયાં પાતળિયો મુજ પ્રાણ રે સહજાનંદ સ્વામી. ગઢ૦
ગંગાજળીએ હરિને ગોતિયાં,
જળ શૈયામાં જોયા જીવન પ્રાણ રે સહજાનંદ સ્વામી. ગઢ૦
ગુણિયલ મૂર્તિ રે ધનશ્યામની,
દર્શન કર્યે શાંત દિલ થાય રે સહજાનંદ સ્વામી. ગઢ૦
માગે કર જોડી માવદાનજી,
શ્રીજી સદાયે રહેજો મારી સહાય રે સહજાનંદ સ્વામી. ગઢ૦

## ✪ ૨૩૦. રાગ : ગરબી

### પદ—૧

**આવો આવોને અલબેલડા જી રે, શ્રીહરિ કરોને મહેર રે. ટેક૦**

મેલી ગયા મહાવનમાં જી રે, પ્રેમદાની શી પેર રે. આવો૦

અમૃત પાઈને ઉછેરિયાં જી રે, જીવન પાઓમાં ઝેર રે. આવો૦

સુખ અમને શીદ આપ્યું જી રે, વ્હાલા કરવું હતું વેર રે. આવો૦

ભૂમાનંદ કહે કૃપા કરો જી રે, થાયે લીલા લહેર રે. આવો૦

### પદ—૨

નાથ નમેરા કેમ થયા જી રે, ગુણસાગર ઘનશ્યામ રે. ટેક૦

અમને મેલી ગયા વનમાં જી રે, દોરો કાઢીને જેમ દામ રે. નાથ૦

તમ વિના અમે તો રહ્યાં જી રે, જીવ વિના જેમ હાડ ચામ રે. નાથ૦

સુના અમે ન શોભીએ જી રે, ધન વિનાનું જેમ ધામ રે. નાથ૦

અબળા અમે ક્યાં આવીએ જી રે, ભૂમાનંદના ઘનશ્યામ રે. નાથ૦

## ✪ ૨૩૧. રાગ : ગરબી

**આવ્યા રસિકવર છેલડા, ને હું તો ઝબકીને જાગ્યો સેજ રે;**

હરિ મારી સામે ઊભા. આવ્યા૦

ભૂલ્યો પાથરણું તે આપવું, ને વળી ભૂલ્યો શરીર સંભાળ રે;

હરિ મારી સામે ઊભા. આવ્યા૦

કોટિ કિરણ તેજ છાઈ રહ્યાં, ને વળી અજવાળાં ઊઘડ્યાં આભ રે;

હરિ મારી સામે ઊભા. આવ્યા૦

દિવ્ય અલૌકિક દીપતા ને શ્રીજી, કુમળી કિશોર એની કાય રે;

હરિ મારી સામે ઊભા. આવ્યા૦

વિચરુ સદા સત્સંગમાં ને, હું નથી ગયો દૂર દેશ રે;
બોલી હરિ સામે ઊભા. આવ્યા૦
મારા માનેલ ઓ માનવી, તમે માનશોમાં કોઈ દુઃખ રે;
બોલી હરિ સામે ઊભા. આવ્યા૦
માગ્યા રામાનંદ પાસથી, અમે એવા અભય વરદાન રે;
બોલી હરિ સામે ઊભા. આવ્યા૦
બોલી અલોપ એમ થઈ ગયા, ને લીધી અક્ષર કેરી વાટ રે;
નથી નાથ સામે ઊભા. આવ્યા૦
શોધ્યા તે ચૌટે ચોતરે, ને વળી શોધ્યા તે વગડાની વાટ રે;
નથી નાથ સામે ઊભા. આવ્યા૦
કુંકુમ પગલી પડી પ્રભુની, મારા મંદિરિયાની માંહ્ય રે;
નથી નાથ સામે ઊભા. આવ્યા૦
ત્યાં તો 'વસંત' વેણ સાંભળ્યું, હરિ વસે સાચા સંતમાંય રે;
નથી નાથ સામે ઊભા. આવ્યા૦

## ⍟૨૩૨. રાગ : ધોળ

### પદ—૧

**એક દિન સભા કરી રે શ્રીહરિ;**
બોલ્યા વાણી પોતે બલવીર, થઈ દિલગીર.
શ્રીજી કહે સંતને. ટેક૦
સર્વે સંત હરિજન સાંભળો;
મારે કે'વાની છે એક વાત, સાચી સાક્ષાત. શ્રીજી૦
સર્વે કરવાનું કામ કરી રહ્યો;
નથી બાકી રહ્યું લવલેશ, સુણો ઉપદેશ. શ્રીજી૦
ધ્યાન ધારણા જોગની જુગતિ;
સૌને શીખવી મેં કરી પ્રીત, પરમ પુનિત. શ્રીજી૦

મોટા મોટા મહારુદ્ર ઘણા કર્યા;

દીધાં બ્રાહ્મણને ઘણાં દાન, કરી સન્માન. શ્રીજી૦

નરનારાયણાદિક દેવનાં;

કીધાં મંદિર મોટાં અપાર, કરી અતિ પ્યાર. શ્રીજી૦

દેશો દેશમાં ડંકો વગાડિયો;

સ્વામિનારાયણ રટે નામ, જન આઠો જામ. શ્રીજી૦

મતપંથી મોટા મોટા જીતિયા;

લીધા છોડી તેના શિષ્ય જન, મુમુક્ષુ પાવન. શ્રીજી૦

આપ્યા પરચા ઘણાને મેં આ સમે;

નો'તા દીઠા નો'તા સુણ્યા કાન, ધરે મુનિ ધ્યાન. શ્રીજી૦

સર્વે અધર્મ ભૂમિનો ટાળિયો;

થાપ્યો ધર્મ ધરાપર શુદ્ધ, વખાણે વિબુદ્ધ. શ્રીજી૦

સૌને મોક્ષનો પંથ દેખાડિયો;

આંખ્યું મીંચી સૌ ચાલ્યા જાય, સુખી અતિ થાય. શ્રીજી૦

મારી મૂર્તિઓ મેં સ્થાપન કરી;

તેમાં અખંડ રહું કરી વાસ, ટાળું જમત્રાસ. શ્રીજી૦

વળી ધર્મનું કુળ તેડાવિયું;

મોટા બંધવ રામપ્રતાપ, ઇચ્છારામ આપ. શ્રીજી૦

બેઉ ભ્રાતના પુત્રને લઈને;

કીધાં દત્તપુત્ર કરી પ્યાર, નિશ્ચય નિરધાર. શ્રીજી૦

મોટા ભ્રાતના અવધપ્રસાદજી;

નાના ભ્રાતના શ્રી રઘુવીર, મહા દૃઢ ધીર. શ્રીજી૦

તે બંને સુપુત્રને લઈને;

સ્થાપ્યા ગાદીએ કરી પ્યાર, અધિક ઉદાર. શ્રીજી૦

દેશ સંત સહુ વહેંચી આપિયા;

મારા તુલ્ય જાણી તતખેવ, કરો સહુ સેવ. શ્રીજી૦
રહેજો વચન પ્રમાણે સહુ મળી;
જેમ કે' તેમ કરજો જરૂર, કરી માન દૂર. શ્રીજી૦
શિક્ષાપત્રી જાણો મારી મૂર્તિ;
વાંચી વર્તજો સહુ નરનાર, લોપોમા લગાર. શ્રીજી૦
મોટા મોટા ગયા તજી દેહને;
રામકૃષ્ણાદિક અવતાર, અનંત અપાર. શ્રીજી૦
તેમ હું પણ આ તન ત્યાગીને;
જાણો જાઈશ અક્ષરધામ, તજીને આ ઠામ. શ્રીજી૦
લેશ કલેશ વાંસે કરશો નહિ;
રહું સત્સંગ માહીં સદાય, કરીને ઉચ્છાવ. શ્રીજી૦
કોઈ સ્નેહ કરી તન ત્યાગશે;
તો તે પામશે કષ્ટ અપાર, વચન લોપનાર. શ્રીજી૦
સૌ સંપ રાખી સત્સંગમાં;
કરો કરાવો સૌ સત્સંગ, કરીને ઉમંગ. શ્રીજી૦
મૂકી સત્સંગ દૂર જાઉ નહિ;
રહું પાસ કરી નિત વાસ, જાણી મારા દાસ. શ્રીજી૦
થોડા દિન પછી તમને વળી;
તેડી રાખીશ હું મારી પાસ, થાશો ન ઉદાસ. શ્રીજી૦
એમ અવિનાશાનંદનો નાથજી;
બોલ્યા વાણી તે વજ્ર સમાન, ભૂલ્યા સૂણી ભાન. શ્રીજી૦

## પદ—૨

સુણી વાણી તે શ્રી ઘનશ્યામની;
સૌ સંત થઈને ઉદાસ, કે'છે લઈ લઈ શ્વાસ.
શ્રીજી તમે સાંભળો. ટેક૦

તમે જીવના જીવન જગપતિ;

શરણાગતપાલક ઘનશ્યામ, સદા સુખધામ. શ્રીજી૦

પહેલું અમૃત પાઈને પ્રીતથી;

પછી ઝેર ન પાશો જરૂર, દયા કરી દૂર. શ્રીજી૦

તમ વિના જે જગતમાં જીવવું;

તેથી મરવું ભલું મારા નાથ, કહીએ જોડી હાથ. શ્રીજી૦

વા'લા હસવું તમારું છે હેરવું;

તે તો વીસરે નહિ પળ એક, કરીને વિવેક. શ્રીજી૦

જોઈ તમને દિવસ વા'લા જાય છે;

દિલે થાય છે સુખ અપાર, પ્રાણના આધાર. શ્રીજી૦

જેહ વાત કરી તમે વા'લમા;

તેને સૂણી તપે ઘણું તન, મૂંઝાય છે મન. શ્રીજી૦

નિશ્ચે મેલીને જાશો જો નાથજી;

ઝુરી ઝુરી પડશે તન, વિના દરશન. શ્રીજી૦

જળ વિના નોખી પડી માછલી;

તેને દૂધમાં સુખ ન થાય, જરૂર જીવ જાય. શ્રીજી૦

વાલા પતિ વિના સતિ વનિતા;

તેને દુઃખના દિવસ જાય, શાન્તિ નવ થાય. શ્રીજી૦

જેમ ચંદ્ર વિજોગી ચકોરને;

જાણો ચોગણી ચિંતા તે ચિત્ત, કહીએ કરી પ્રીત. શ્રીજી૦

જેમ કર વિના કરિ દુઃખિયો;

વળી પાંખ વિના પંખી દીન, મનમેં મલિન. શ્રીજી૦

જેમ આંખ વિના જન આંધળો;

તેને સુખ નહિ લવલેશ, કાયા પામે કલેશ. શ્રીજી૦

જેમ ચક્રવર્તી ભૂપાલને;

એક પુત્ર હોય મરી જાય, તેને કેવું થાય. શ્રીજી૦
જેમ સરિતા નિર વિના વળી;
જન દેખી પામે મન ત્રાસ, હોય અતિ પ્યાસ. શ્રીજી૦
જેમ વેલી દઝાણી દાહમાં;
પાછી લીલી કે'દિ નવ થાય, જોઈ નવ જાય. શ્રીજી૦
જેમ ચંદ વિના જાણો જામની;
વળી દીપક વિનાનું ઘર, દેખી લાગે ડર. શ્રીજી૦
જેમ રવિ વિના દિન જાણીએ;
તેમ તમ વિના અમે નાથ, દુઃખી સહુ સાથ. શ્રીજી૦
તમ વિનાનું સુખ તે ત્રિલોકમાં;
થાય ઝેર ઘનશ્યામ સુજાણ, પ્યારા જનપ્રાણ. શ્રીજી૦
તમે મૂકીને જાઓ જો ધામમાં;
તજીએ અમે તરત પ્રાણ, ધરમકુલ ભાણ. શ્રીજી૦
પણ આજ્ઞા અહીં ઉલ્લંઘતા;
બહુ લાગે છે મનમાં બીક, કહીએ ઠીકાઠીક. શ્રીજી૦
આવું ના ઘટે તમને આ સમે;
શરણાગત મૂકી ઘનશ્યામ, જાવું નિજ ધામ. શ્રીજી૦
વા'લા વિરહ અમે કેમ વેઠીએ;
ક્યારે લેશો આવીને સંભાળ, દીનના દયાળ. શ્રીજી૦
તમે તરણ તારણ ત્રિભુવન તણા;
સર્વે સુખ સાગર ઘનશ્યામ, અતિ અભિરામ. શ્રીજી૦
તમે કરતા અકરતા છો નાથજી;
નથી તમારા ઉપર કોઈ, કહીએ ચિત્ત પ્રોઈ. શ્રીજી૦
જેમ સુખ થાય સૌ સાથને;
તેમ કરજો વે'લો ઉપાય, કહીએ લાગી પાય. શ્રીજી૦

ઘણું શું કહીએ તમને નાથજી;
તમે અંતરજામી અનુપ, સદા સુખરૂપ. શ્રીજી૦
સુણી અરજી તે નિર્મોહી સંતની;
પછી અવિનાશાનંદનો નાથ, મૂકી સંત સાથ.
શ્રીજી ગયા ધામમાં.

## ⊛૨૩૩. રાગ : ગરબી

**એકલડાં કેમ રે'વાય તમ વિના વા'લાજી, મંદિરિયું ખાવા ધાય.** તમ૦
હૈયાની કોણ પૂરે હામ, મારે હાથ ન લાગે કામ. તમ૦
કોણ માને દિલની વાત, સુખ ના'વે દિન ને રાત. તમ૦
મારે જુગ તુલ રજની જાય, મહા દુઃખ છે હૈયામાંય. તમ૦
બ્રહ્માનંદના સ્વામી જાણ, હું કેમ કરી રાખું પ્રાણ. તમ૦

## ⊛૨૩૪. રાગ : ઠુમરી

**ક્યારે હવે દેખું રે હરિ હસતા, મારા મંદિરિયામાં વસતા.** ક્યારે૦
જરકસિયા જામા પે'રીને, ગુઢો રેંટો ઓઢી કટિ કસતા. ક્યારે૦
ફૂલડામાં ગરકાવ થઈને, અત્તરમાં મસમસતા[૧]. ક્યારે૦
મુનિવર સારુ રસોઈ કરાવીને, પંગતમાં પીરસતા. ક્યારે૦
પ્રેમાનંદ આગે ગાવે ત્યારે, આવે ઓરા ઓરા ખસતા. ક્યારે૦

## ⊛૨૩૫. રાગ : વેરાડી

**દુઃખી દિવસ ને રાત, શ્રીજી વિના દુઃખી દિવસ ને રાત;**
સાંભળ સખી મુજ વાત, શ્રીજી વિના દુઃખી દિવસ ને રાત. ટેક૦

૧. મઘમઘતા.

ઘડીઓ જુગ જેવી થઈ રે, દિવસ કલ્પ સમાન;
માસ પક્ષ જાતા નથી રે, મને ભાવે ન ભોજન પાન. શ્રીજી૦
ચિત્ત મારું અતિ ચરચરેં રે, આંખે આંસુડાની ધાર;
પંથ નિહાળું પ્રેમથી રે, ક્યારે આવશે ધર્મકુમાર. શ્રીજી૦
અવગુણ અબળા રાંકના રે, શો સમજ્યા હશે ઘનશ્યામ;
કાં તો કર્યા વશ કોઈએ રે, કાં તો ભૂલી ગયા મુજ નામ. શ્રીજી૦
બાળપણામાંથી તજ્યાં રે, નિર્દય થઈને નાથ;
મહાવગડામાં મેલિયાં રે, કોઈ નહિ સંગાથ. શ્રીજી૦
કોમળ શ્રી હરિકૃષ્ણ છો રે, કઠણ કેમ થયા આજ;
શ્રીજી વિના સાહેલડી રે, આપે કોણ મુને સુખ સાજ. શ્રીજી૦
એક ભરોસો એહનો રે, ચાત્રક સરખી ટેક;
રાત દિવસ સંભારીએ રે, એના અખંડ ગુણ અનેક. શ્રીજી૦
મંગળ મૂરતિ વિશ્વમાં રે, વિશ્વવિહારીજીલાલ;
પ્રેમ સહિત નિત્ય પાળશે રે, સમે તે લેશે સંભાળ. શ્રીજી૦

## ⊛૨૩૬. ઢાળ : મહિડાંનાં દાણ અમે નહિ દઈએ રે લોલ

**નીરખી નયણાને તૃપ્તિ ના વળે રે લોલ,**
મૂર્તિ માધુરી એની રમ્ય રે.
શ્રીજીના સ્નેહ મને સાંભરે રે લોલ. ટેક૦
દયાનાં ભરેલ એનાં દિલડાં રે લોલ,
આંખડી ભરેલ અમીરેલ રે. શ્રીજીના૦
ઘોડલે ચડીને ઘેલે પરવરે રે લોલ,
ખાંતે ખેલે તે નીરમાંય રે. શ્રીજીના૦
ગઢપુર ગામ કેરે ગોંદરે રે લોલ,

ઝંખતી જુએ જન ભીડ રે. શ્રીજીના૦
દાદાને દરબાર દીપતા રે લોલ,
ઢોલિયો ઢળાવી બેસે બહાર રે. શ્રીજીના૦
ફરતી ફળીમાં એક લીંબડી રે લોલ,
છાયામાં જામે ભક્તભીડ રે. શ્રીજીના૦
તુલસીની માળા માગી ફેરવે રે લોલ,
ખેંચે તોડીને કોઈ દિન રે. શ્રીજીના૦
ગાયે વાજિંત્ર સાથ મંડળી રે લોલ,
ચપટી વજાડી વાલો ગાય રે. શ્રીજીના૦
આંટો લઈને અલબેલડો રે લોલ,
ફેંટો બાંધીને બને છેલ રે. શ્રીજીના૦
સૂણતા કથા તે હરે બોલતા રે લોલ,
ડોલે મગન સૂણી મર્મ રે. શ્રીજીના૦
આપી આશિષ રાજી થઈ જતા રે લોલ,
સંતને ભેટે તે ભરી બાથ રે. શ્રીજીના૦
દયા ધરીને થતા આકળા રે લોલ,
દેવાને અન્ન ધન વસ્ત્ર રે. શ્રીજીના૦
ઝડીએ તે બ્રહ્મરસ વર્ષતો રે લોલ,
ઝીલીને ઝીલાવે 'વસંત' રે. શ્રીજીના૦

## ⊛ ૨૩૭. રાગ : પરજ

### પદ—૧

**પ્રાણ સ્નેહી ઘરુ આવો અબ પિયરા, હિયરા ધીર ધરત નહિ મેરા. પ્રાણ૦**
દર્શ વિના દિલ દાહ ન બુજત, નહિ સૂઝત કછુ કાજ અનેરા. પ્રાણ૦

રસિક પિયા ઘનશ્યામ મનોહર, રજની દિવસ રહો દ્રગનેરા. પ્રાણ૦
ચાતક નિરંતર ચિત્તમેં તલખત, નામ રટત હરિ તેરા. પ્રાણ૦
બ્રહ્માનંદ ઉર નેહ વધારન, ભવજલતારન હો તુમ બેરા. પ્રાણ૦

### પદ—૨

છેલ ચતુર ઘનશ્યામ સ્નેહી, પ્રાણજીવન મેરે ભુવન પધારો. છેલ૦
દૂર રહે દુઃખ હોત હે પ્રીતમ, નિકટ આયે તન તાપ નિવારો. છેલ૦
દીનબંધુ સુખસિંધુ નાથ રે, અશરણશરણ હે નામ તુમારો. છેલ૦
ખાન પાન ધન ધામ ધરાદિક, તુમ બિન સર્વે સુખ લગત નકારો. છેલ૦
બ્રહ્માનંદ કહત હરિ મેરો, દરશ પરશ કરી જન્મ સુધારો. છેલ૦

### પદ—૩

નાથ ચતુર મહારાજ પધારો, તુમ બિન વિરહ અગ્નિ તન તાવે. નાથ૦
ઝાંખી ભઈ હેરત પંથ અંખિયા, ભોજન પાન કછુ નહિ ભાવે. નાથ૦
મિલન કા તલખત મન મેરા, બિન દેખે અતિશય અકલાવે. નાથ૦
જ્યું મચ્છી જલસેં હોય ન્યારી, પયહુસે કછુ શાંતિ ન પાવે. નાથ૦
બ્રહ્માનંદ કહત હરિ તુમ બિન, અંતર કો દુઃખ કોન મિટાવે. નાથ૦

### પદ—૪

સુખસાગર ઘનશ્યામ છબીલે, તુમ જીયકે સાચે હિતકારી. સુખ૦
શરણ આયેકી હોત સહાઈ, ભવ સંકટ મેટન ભયહારી. સુખ૦
નિજજનકે ગુનકે તુમ ગ્રાહક, અવગુન સબબીધિ દેત વીસારી. સુખ૦
જઠરા અગ્નિસેં જતન કિયો તુમ, આજ હું અન્નજલ દેત સંભારી. સુખ૦
પ્રાણપિયા તેરી કરુણા કે પર, બ્રહ્માનંદ જાત બલહારી. સુખ૦

⊛૨૩૮.　　　　રાગ : ગરબી

પદ—૧

સજની શ્રીજી મુજને સાંભરિયા રે,
હૈડે હરખ રહ્યો ઊભરાય. સજની૦
નેણે આંસુની ધારા વહે રે,
વિરહે મનડું વ્યાકુળ થાય. સજની૦
સુંદર મૂર્તિ શ્રી મહારાજની રે,
સુંદર કમળ સરીખાં નેણ. સજની૦
સુંદર કરતા લટકાં હાથનાં રે,
સુંદર અમૃત સરીખાં નેણ. સજની૦
શી કહું શોભા અંગોઅંગ તણી રે,
નીરખી લાજે કોટિ કામ. સજની૦
હસતાં હસતાં હેત વધારતા રે,
એવા સુખનિધિ શ્રી ઘનશ્યામ. સજની૦
સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે,
અંબર જરકસિયા કોઈ વાર. સજની૦
ગુચ્છ કલગી તોરા ખોસતા રે,
ગજરા બાજુ ગુલાબી હાર. સજની૦
એ છબી જોવા તલખે આંખડી રે,
મધુરાં વચન સાંભળવા કાન. સજની૦
એ હરિ મળવાને હૈડું તપે રે,
પ્રેમાનંદના જીવન પ્રાણ. સજની૦

પદ—૨

મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે,
ચિંતવન કરવા ચિત્ત આતુર. મનડું૦

તરુણ મનોહર મૂર્તિ નાથની રે,
રાજીવ લોચન જોબનપુર. મનડું૦
સોળે ચિહ્નન સહિત અતિ શોભતી રે,
સુંદર ચરણકમળની જોડ. મનડું૦
હળવી રહીને હેતે ચાંપતી રે,
ક્યારે હવે પૂરશે મનના કોડ. મનડું૦
પીંડી જાનું નિત્યે નીરખી રે,
રૂડા સાથળ ચિહ્નન સહિત. મનડું૦
શ્યામકટિ જોઈ શ્રીજીમહારાજની રે,
નિત્ય નિત્ય નૌતમ ઊપજે પ્રીત. મનડું૦
ઊંડી નાભી કમળ સરીખડી રે,
ત્રિવળી નીરખી ઉદરમાંય. મનડું૦
છાતી ઊપડતી અતિ ઓપતી રે,
હવે ક્યારે ભુજગ્રહી બાથ ભરાય. મનડું૦
મુખની શોભા જોઈ મહારાજની રે,
લાજે પંકજ પૂરણચંદ. મનડું૦
નાસા નેણ ભૃહ જોઈ ભાલને રે,
જાય બલિહારી પ્રેમાનંદ. મનડું૦

## પદ—૩

સજની નિમખ ન વીસરે નાથજી રે,
નિત્ય નવા તરુણપણાના ખેલ. સજની૦
આ ઓસરીએ આવી બેસતા રે,
આ ઢોલીડે હરિવર છેલ. સજની૦
આ તકિયો તે વાંસે મેલતા રે,

આ માળા ફેરવતા હાથ. સજની૦
ગાતા ગોઠીડાના સાથમાં રે,
ઘેરે સાદે સંતના નાથ. સજની૦
આ મોજડિયું વાલો પે'રતા રે,
આ છડી લેતા કરવર માંય. સજની૦
આ પાદુકા પહેરી આવતા રે,
મારે મંદિર મુનિના રાય. સજની૦
આ ફળિયામાં ઘોડી ફેરવતા રે,
માણકી મતવાલી મહારાજ. સજની૦
સંતની સભા કરી આંહી બેસતા રે,
શ્રીહરિ સુરનર મુનિ શિરતાજ. સજની૦
કીર્તન મુનિવરને ગવરાવતા રે,
ભેળા ગાતા સહજાનંદ. સજની૦
એવા ધર્મકુંવર હરિ ઉપરે રે,
તન મન વારી પ્રેમાનંદ. સજની૦

## પદ—૪

લટકાં લટકાળા ઘનશ્યામનાં રે,
ખટકે ઊંડાં અંતરમાંય. લટકાં૦
પ્રીત કરી મુજને બોલાવતા રે,
તે સંભારી બહુ દુઃખ થાય. લટકાં૦
આ સજ્યા તે શ્રી મહારાજની રે,
આ બાજોઠે બેસતા લાલ. લટકાં૦
આ ઠેકાણે ના'તા હરિવરજી રે,
લુતા અંગ કર લઈ રૂમાલ. લટકાં૦

આ ઠેકાણે જમવા બેસતા રે.
જમતા વિધવિધનાં પકવાન. લટકાં૦
સુંદર શાક કરી વંતાકનાં રે.
જમીને દેત પ્રસાદી કાન. લટકાં૦
આ ખળખળીએ ના'તા નાથજી રે.
નાહીને હરિજન મુનિ લઈ સાથ. લટકાં૦
આવતા માણેકચોકમાં મલપતા રે.
પુરજન થાતાં જોઈ સનાથ. લટકાં૦
વાલો બેસતા જઈ ફૂલબાગમાં રે.
પેરતા ગજરા ગુલાબી હાર. લટકાં૦
જેમ જેમ સાંભરે તેમ થાય વેદના રે.
પ્રેમાનંદના પ્રાણઆધાર. લટકાં૦

'એવા સંત શિરોમણિ ક્યાં મળે,
જેણે દેહબુદ્ધિ કરી દૂર.
કહે નિષ્કુળાનંદ એને સંગે,
ઉગે અંતરે આનંદ સૂર.'

**૨૩૯.** રાગ : કાફી

**અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે,**
જીવનમુક્ત જોગિયા અંતર અરોગી રે. અનુભવી૦
જે શીખે જે સાંભળે ત્રિપુટી તાને રે,
મનનું કૃત્ય તે મન લગી અસત્ય માને રે. અનુભવી૦
જહાં લગી જગ વીસ્તર્યો મૃગતૃષ્ણા પાણી રે,
તેમાં મોહ ન પામે મહામુનિ સ્વપ્નું પ્રમાણી રે. અનુભવી૦
જે વડે આ જગત છે તેને કોઈ ન જાણે રે,
મુક્તાનંદ કહે ગુરુમુખી તે સુખડાં માણે રે. અનુભવી૦

**૨૪૦.** રાગ : ગરબી

**પદ—૧**

**આજ મારે હરિ પરોણા ઘેર આવ્યા,**
હાં રે મેં તો મોતીડાંને લેરખે વધાવ્યા રે. આજ૦
શિવ સનકાદિક શુક જેવા જોગી,
પૂરણ બ્રહ્મપદ રસના રે ભોગી;
હાં રે આવા સંત સંગાથે લાવ્યા રે. આજ૦
શિવ વિરંચી જેનો પાર ન પાવે,
શેષ સહસ્ર મુખ શારદા ગાવે;
હાં રે જેના નિગમાગમે જશ ગાવ્યા રે. આજ૦
સંત હરિને હું તો નયણે રે નીરખી,
પ્રેમ મગન મારા હૈડામાં હરખી;

હાં રે મેં તો ઓરડાની ઓસરી પધરાવ્યા રે. આજ૦
આઠે પહોર આનંદ જેના અંગમાં,
રમે શ્રીહરિ એવા સંતના રે સંગમાં;
હાં રે વહાલો પ્રેમસખીને મન ભાવ્યા રે. આજ૦

પદ—૨

એવા સંત તે હરિને ગમે,
હાં રે વહાલો પ્રેમે તેને સંગ રમે રે. એવા૦
બ્રહ્મરૂપ થઈ ભજે સુખકારી,
ભક્તિ ભજન કરે નિરંહકારી;
હાં રે ત્યાગ વૈરાગ્ય સહિત વન ભમે રે. એવા૦
નિઃસ્પૃહી નિર્લોભી નિષ્કામી,
નિર્માની થઈ ભજે તે હામી;
હાં રે મળે ફળફૂલ અન્ન તે જમે રે. એવા૦
કપટ રહિત લેશ દંભ ન રાખે,
જેમ રહે તેમ મુખથી રે ભાખે;
હાં રે તેને ત્રિભુવનવાસ નમે રે. એવા૦
પુરુષોત્તમ પદ રજના રે સંગી,
સત્ય વચન દૃઢ નિયમ અભંગી;
હાં રે પ્રેમસખીનો નાથ કહે તે ખમે રે. એવા૦

પદ—૩

એવા સંત હરિને પ્યારા રે,
હાં રે તેથી ઘડીએ ન રહે વહાલો ન્યારા રે. એવા૦
મહિમા હરિનો રે સારી પેઠે જાણે,
મનઅભિમાન તે તો લેશ ન આણે;
હાં રે રહે બ્રહ્મસ્વરૂપ મતવાલા રે. એવા૦
નાના મોટા ભજે જે હરિને,

મન કર્મ વચને દૃઢ કરીને;
હાં રે તેને પોતાના કરતાં જાણે સારા રે. એવા૦
એવા તે સંતને વસિયે રે પાસે,
જન્મ મરણનો સંભવ નાસે;
હાં રે વરસે અખંડ તે બ્રહ્મરસ ધારા રે. એવા૦
એ સંતને તે સેવે જે પ્રાણી,
પ્રેમ પ્રતીતિ ઉરમાં રે આણી;
હાં રે પ્રેમસખી કહે ઉતારે ભવપારા રે. એવા૦

પદ–૪

એવા સંતની બલિહારી રે,
હાં રે જેને ગુણે રીઝયા સુખકારી રે. એવા૦
કામ ક્રોધ લોભ મનમાં ન આણે,
સોનું ને ધૂળ તે સમ કરી જાણે;
હાં રે જેને શાસ્ત્રો ગાય છે પોકારી રે. એવા૦
હરિ વિના બીજો ઘાટ ન લાગે,
લોભ લહરનો લેશ ન લાગે;
હાં રે નારી ન શકે નયણ બાણ મારી રે. એવા૦
બ્રહ્મવિદ્યા જેને દૃઢ કરી સાધી,
પિંડ બ્રહ્માંડની તજી રે ઉપાધિ;
હાં રે ભૂત પ્રાણી તણા હિતકારી રે. એવા૦
બ્રહ્મસ્વરૂપમાં રહે નિત્ય નહાયાં,
પ્રગટ હરિ ગુણમાં ચિત્તડાં હારિયાં;
હાં રે પ્રેમસખી એવા સંતો ઉપર વારી રે. એવા૦

**★૨૪૧. રાગ : ધોળ**

**ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઊલટી પલટ્યું આપ;**

સંત તે સ્વયં હરિ. ટેક૦

આપ ટળી મલ્યા ભગવાનમાં, તેને પરસે નહિ પુન્ય પાપ. સંત૦

જેના શીશમાં શીશ છે શ્રીજીનું, જેના નેણમાં નાથનાં નેણ. સંત૦

જેના મુખમાં મુખ મહારાજનું, જેના વેણમાં વાલાનાં વેણ. સંત૦

જેના કાનમાં કાન હરિતણા, જેના નાકમાં નાસિકા નાથ. સંત૦

જેની જીભામાં જીભા જીવનની, જેના હાથમાં હરિના હાથ. સંત૦

જેના હૃદયમાં હૃદય હરિ તણું, જેના પાવમાં પ્રભુજીના પાવ. સંત૦

જેમ હીરો હીરા વડે વીંધીએ, તેમ થયો તે સહજ સમાવ. સંત૦

એમ સંતમાં રહ્યા છે શ્રીહરિ, માટે સંત છે સુખનું ધામ. સંત૦

ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન જે, તેને રહેવાનું સંત છે ઠામ. સંત૦

એવા સંત શિરોમણિ ક્યાં મળે, જેણે દેહબુદ્ધિ કરી દૂર. સંત૦

કહે નિષ્કુળાનંદ એને સંગે, ઉગે અંતરે આનંદ સુર. સંત૦

## ⊛૨૪૨. રાગ : પ્રભાતી સિંધુડો

**ધીર ધુરંધરા શુર સાચા ખરા,**
મરણનો ભય મનમાં ન આણે;
અર્વ ખર્વ દળ એક સામા ફરે,
તૃણને તુલ્ય તેને ય જાણે. ધીર૦
મોહનું સૈન્ય મહા વિકટ લડવા સમે,
મરે પણ મોરચો નવ ત્યાગે;
કવિગુણી પંડિત બુધ્ધે બહુ આગળા,
એ દળ દેખતા સર્વ ભાગે. ધીર૦
કામ ને ક્રોધ મદ લોભ દળમાં મુખી,
લડવા તણો નવ લાગ લાગે;
જોગિયા જંગમ તપસ્વી ત્યાગી ઘણા,

મોરચે ગયે ધર્મદ્વાર માગે. ધીર૦
એવા અરિસૈન્ય શું અડીખમ આખડે,
ગુરુમુખી જોગિયા જુક્તિ જાણે;
મુક્તાનંદ મોહ ફોજ માર્યા પછી,
અટળ સુખ અખંડ પદરાજ માણે. ધીર૦

## ⍟૨૪૩. રાગ : ગરબી

**પ્રાણ થકી મુને હરિજન વહાલા,**
રાત દિવસ હ્રદે ભાળું રે. પ્રાણ૦
અમરિષ રાજા મુને અતિ ઘણા વહાલા,
દુર્વાસાએ દુ:ખ દીધું રે;
મેં મારું અભિમાન તજીને,
ચક્ર સુદર્શન વારી લીધું રે. પ્રાણ૦
ગજને માટે હું તો પાળો જ પળ્યો,
મારા હરિજનની શુદ્ધ લેવા રે;
ઊંચો ને નીચો હું તો કાંઈએ ન જાણું,
મને ભજે તે મુજ જેવા રે. પ્રાણ૦
લક્ષ્મીજી મારાં અર્ધાં રે અંગના,
તે મારા સંતની દાસી રે;
અડસઠ તીરથ મારા સંતોને ચરણે,
કોટી ગંગા ને કોટી કાશી રે. પ્રાણ૦
મારા બાંધ્યા હરિજન છોડે,
હરિજન બાંધ્યા નવ છૂટે રે;
એકવાર જો મને હરિજન બાંધે,
તે બંધન નવ ટૂટે રે. પ્રાણ૦
ઠરાવ મૂકી નિર્માની થઈને,

નિત્ય બ્રહ્મઅગ્નિમાં નાવું રે;
ધામમાં છે એવા પ્રત્યક્ષ સમજો તો,
ફેર જનમમાં નહિ જાવું રે. પ્રાણ૦
મારા હરિજનની કોઈ નિંદા કરે તેનાં,
કુળ સહિત મૂળ કાઢું રે;
મારા હરિજન સૂવે ત્યાં હું તો જાગું,
ચાલે ત્યાં ભેળો ચાલું રે. પ્રાણ૦
હરિજન બેસીને ગાય ત્યાં સાંભળું ઊભા,
ઊભા ગાય ત્યાં નાચું રે;
મારા હરિજનથી હું તો રહું નહિ અળગો,
ભણે બ્રહ્માનંદ સાચું રે. પ્રાણ૦

## ૨૪૪. રાગ : સોરઠ

**ભવસાગર માંહી શરણ અચળ, અવિનાશી સાચા સંતનાં;**
શ્રુતિ સ્મૃતિ સાખ હરિ હરિજનનાં, પ્રાણ વચન ભગવંતનાં.ભવ૦
જેમ જળતરંગ નહિ ભેદ જદા, તેમ તેજ અગ્નિ નહિ ભિન્ન તદા;
એમ હરિ હરિજન એક સદા.ભવ૦
જેમ લટ ભમરીને સંગ કરી, ગતિ એળ તજીને થઈ ભમરી;
એમ હરિગુરુ ધ્યાને પામે હરિ.ભવ૦
જેમ કેર બોર વન વૃક્ષ કહ્યા, તે ચંદન વાસે ચંદન થયાં;
તેનાં નામ રૂપ ગુણ ભેદ ગયાં.ભવ૦
શ્રીમુખ કહ્યું મહાતમ સંતતણું, અશ્વમેઘ જજ્ઞથી અનંતપણું;
કહે બ્રહ્માનંદ શું કહું ઘણું.ભવ૦

## ૨૪૫. રાગ : પરજ

**મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ;**
સદ્‌ગુરુ મિલિયા અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ. મેં હું૦

કહાં કાષ્ટ ને કહાં કુહાડા, કહાં હે ઘડનનહારા;
જબતે મોયે સદ્‌ગુરુ મિલિયા, મીટ ગયાં સર્વે ચાળા. મેં હું૦
કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત;
કોણ ભાઈ ને કોઈ ભગિની, બ્રહ્મ હમારી જાત. મેં હું૦
નહિ રહ્યા મેં નહિ ગયા મેં, નહિ સુધર્યા નહિ બિગડા;
હમે હમારા કુળ સંભાર્યા, મત કરના કોઉ ઝઘડા. મેં હું૦
પાનીમેંસે પુરુષ બનાયા, મળમૂત્રકી ક્યારી;
મિલ્યા શ્રીજી ને સર્યા કામ, અબ ન રહી કોઉસેં યારી. મેં હું૦
આગે તપસી તપસા કરતા, રહી ગઈ કિંચિત કામા;
તે કારણ આ નરતન ધરિયો, સો જાનત ઘનશ્યામા. મેં હું૦
જે કારન આ નરતન ધરિયા, વે સરિયા હૈ કામ;
નિષ્કુળાનંદ કહે પ્રગટ મિલે મોહે, ટળ્યા નામ ને ઠામ. મેં હું૦

## ✪૨૪૯. રાગ : પ્રાર્થના

**સદ્‌ગુરુ વિનંતી મોરી, આવ્યો શરણ હું તોરી.** ૧
ઉગારો અબકી વેળા, મટાડો ચોર્યાસી ફેરા. ૨
પતિતપાવન બિરુદ સંભારો, એક પતિતનાં અનેક ઉદ્ધારો. ૩
સર્વ પતિતમાં હું બડપાપી, વિષય વિલુબ્ધને થાપો ઉથાપી. ૪
એવા અવગુણ મુજમાં ભારી, તે તમો જાણો હરિ સુખકારી. ૫
અશરણશરણ બિરુદ સંભાળો, આવ્યો શરણે ફેરો ટાળો. ૬
ફરી ફરીને કા'યો સ્વામી, બહુ દુ:ખ પામ્યો અંતરજામી. ૭
મત પંથ મેં સર્વે જોયા, સતસંગ વિના ફરી વગોયા. ૮
હું હું કરતાં ન મળ્યા હરિ, જઈ ભોગવી ચોર્યાસી ફરી. ૯
એવા મત તો જગમાં બહુ, સમજણ વિના ભૂલ્યા સહુ. ૧૦

સમજણ છે સદ્‍ગુરુની પાસ, સંત મળે તો થાય પ્રકાશ. ૧૧
એવા સંત તો ત્યારે મળે, જ્યારે સદ્‍ગુરુ કૃપા કરે. ૧૨
મુજ પર વ્હાલે કીધી મ્હેર, મેલ્યું મહાજન મારે ઘેર. ૧૩
તેને આવી કહ્યું એમ, આવો અવસર ભૂલ્યો કેમ. ૧૪
ત્યારે કહ્યું સુણો જગદીશ, મુજને મળિયું માયાવિષ. ૧૫
ત્યારે કહ્યું જે વચન જ માન, અમે કહીએ તુજને સાન. ૧૬
સ્વામી પ્રગટ્યા બ્રહ્મપૂરણ, તું જાઈ લેને તેનું શરણ. ૧૭
જન્મમરણ તો છૂટીશ ત્યાંય, ને બીજે કુશળ નથી ક્યાંય. ૧૮
દારૂ માટી ચોરી અવેરી, વટલવું વટલાવવું નહિ એરી. ૧૯
પાંચ વર્તમાન તું હ્રદે ધરજે, પછી કહીએ તેવું કરજે. ૨૦
તો ઈશ્વરની થાશે મહેર, જાશે જમડા ટળશે વેર. ૨૧
ત્યારે થાશે આનંદકારી, બ્રહ્મમહોલની ઊઘડશે બારી. ૨૨
તેમાં જઈ તું સુખે રહે, મુખે નામ નારાયણનું લે. ૨૩
હવે ન જઈએ વહેતા પૂર, સ્વામી મળિયા પ્રગટ હજૂર. ૨૪
જેરામદાસ કહે મળ્યા ઘનશ્યામ, ત્યારે સર્યાં અમારાં કામ. ૨૫

## ⊛૨૪૭. રાગ : ગરબી

### પદ—૧

સદ્‍ગુરુ સાચા રે સેવો શુદ્ધ ભાવશું રે,
જેથી ટળે મનના વિવિધ વિકાર રે;
જેને સંગે વાધે રે પ્રભુ સંગ પ્રીતડી રે,
ટળી જાય જાત વર્ણ અહંકાર રે. સદ્‍ગુરુ૦
વર્તમાન પાંચ રે પળાવે દૃઢ કરી રે,
સંભળાવે હરિના ચરિત્ર પરમ ઉદાર રે;
એવા ગુરુદેવ રે શ્રીહરિ સમ જાણજો રે,

જેને સંગે પામીએ ભવજળ પાર રે. સદ્ગુરુ૦
ગુરુ વિના જ્ઞાન રે ન પામે મન મુખી રે,
કહે છે એમ મહામુનિ વેદ પુરાણ રે;
એવું તે વિચારી રે સદ્ગુરુ સેવજો રે,
જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે. સદ્ગુરુ૦
ગુરુજીનાં વચન રે વિચારી ઉર ધારજો રે,
ટાળો તમેં મોહ મમતા અભિમાન રે;
મુક્તાનંદ કહે છે એવી રીતે વર્તતાં રે,
તેને ઉર વાસ કરે ભગવાન રે. સદ્ગુરુ૦

પદ—૨

સંત સમાગમ રે શુદ્ધ થઈ કીજીએ રે,
સંત થકી લીજીએ વિવેક વિચાર રે;
કપટ કુબુદ્ધિ રે ઉર થકી ટાળીએ રે,
ટાળીએ જુઠો તન અહંકાર રે. સંત૦
સંત જન સંગે રે રહી હરિગુણ ગ્રહીએ રે,
અવગુણ ઉર થકી કરીએ ત્યાગ રે;
ઈર્ષ્યા અભાવ રે ન લેવો સંતનો રે,
તનસુખ તજવા ગ્રહી વૈરાગ્ય રે. સંત૦
ક્રોધ ન કરવો રે હરિજન ઉપરે રે,
વચન સુણી ન બાંધવું વેર રે;
સમજી વિચારી રે વચન મુખે બોલીએ રે,
વણસમજે ન વાવીએ ઝેર રે. સંત૦
શ્રીનારાયણ રે સ્વામીના દાસ જે રે,
તેને સંગે રહેવું થઈને ગુલામ રે;

મુક્તાનંદ કહે છે રે એવી રીતે વર્તતાં રે,

સંત સંગ પામશો અક્ષરધામ રે. સંત૦

## ㊕૨૪૮. રાગ : ભુપાલી કલ્યાણ

**સંત જન સોઈ સદા મોઈ ભાવે, સંત જન સોઈ સદા મોઈ ભાવે;**

દેહ ઇન્દ્રિય અરૂ[1] મન આદિક કે, સંગમેં નહિ લપટાવે. સંત૦

કામ ક્રોધ અરૂ લોભ મોહ વશ, હો ન મન લલચાવે;

મેરો હી ધ્યાન રટન મુખ મેરો, સો તજી અન્ય ન જાવે. સંત૦

ક્ષર અક્ષર અરૂ અક્ષર પરકી, સબહી સમજ ઉર લાવે;

સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુન કો માન ન આવે. સંત૦

પિંડ બ્રહ્માંડસે પર નિજ આત્મા, જાની કે મમ ગુન ગાવે;

મુક્તાનંદ કહત યું શ્રીહરિ, સોઈ જન સંત કહાવે. સંત૦

## ㊕૨૪૯. રાગ : ધોળ

**સંત પારસ ચંદન બાવના, કામધેનુ કલ્પતરુ સાર. સમાગમ સંતનો.**

સંત સમજ્યામાં અંતર ઘણો, તરુ પારસ ત્રણ પ્રકાર. સમાગમ૦

એક પારસથી પારસ બને, એક પારસથી હેમ હોય. સમાગમ૦

એક પારસ લોહને કુંદન કરે, સો વરસે લોહ ન હોય. સમાગમ૦

એક ચંદનથી વીખ ઊતરે, એક ચંદનથી અગ્નિ ઓલાય. સમાગમ૦

એક તલભાર તાતા તેલમાં, ફરી તાતુ તેલ નવ થાય. સમાગમ૦

સર્વે સેના સુરી નવ જાણવી, સર્વે નારી પતિવ્રતા નો'ય. સમાગમ૦

સર્વે ગજ શિરમોતી નવ નીપજે, વને વને અગર નવ હોય. સમાગમ૦

મૃગે મૃગે કસ્તુરી નવ નીપજે, નાગે નાગે મણિ નવ હોય. સમાગમ૦

૧. અને.

જળે જળે કમળ નવ નીપજે, તેની વિક્તિ વિચારીને જોય. સમાગમ૦
જ્ઞાન હીન ગુરુ નવ કીજીએ, વંધ્યા ગાય સેવે શું થાય. સમાગમ૦
કહે પ્રીતમ બ્રહ્મવેતા ભેટતાં, મહારોગ સમૂળો જાય. સમાગમ૦

## ⊛૨૫૦. રાગ : ધોળ

**સંત લક્ષણ કહે હરિ હેત શું રે, સુણો હરિજન એકમન ચિત્ત રે.**

સેવીએ એવા સંતને રે, સદા શુભ ગુણ શોભે ત્રીસ તનમાં રે;
તેનું વિધવિધ કહું વરતંત રે. સેવીએ૦
કૃપાસિંધુ ન કરે દ્રોહ કોયનો રે,
ક્ષમાવંત વદન સત્ય વાણ રે;
નિંદા દ્વેષ નહિ ને ઉપકાર અતિ રે,
કામ રહિત જીતી છે ઇંદ્રિય જાણ રે. સેવીએ૦
કોમળ નિર્મળ આચાર અતિ ઘણો રે,
સંગ્રહરહિત લીયે છે લઘુઆહાર રે;
શિતળ હૃદયે વિચાર પાળે ધર્મને રે,
સાવધાન સદા વ્યાપે નહિ વિકાર રે. સેવીએ૦
ધીર ગંભીર દયાળુ દીસે દિલના રે,
ખટ ઊર્મિ ન કરે જેને ખેદ રે;
માન રહિત જે દાસપણું દાખવે રે,
સુણ્યા ગતિ દાતા જ્ઞાન અભેદ રે. સેવીએ૦
સગા સહુના વિવેકી વિશ્વાસી વળી રે,
ભ્રાંતિ રહિત હરિને પરાયણ રે;
અતિ નિરાશી ઉદાસી આ સંસારથી રે,
રટે નિશદિન નામ નારાયણ રે. સેવીએ૦
સંપૂરણ લક્ષણ કહ્યાં સંતનાં રે,

શ્રીમુખ વચનામૃતમાંય રે;
કહ્યું શ્રીમુખે નિજાશ્રિત આગળ રે,
કહ્યું નિષ્કુળાનંદે તે પદમાંય રે. સેવીએ૦

## ㊍૨૫૧. રાગ : સારંગ

**સંત સુખી સંસારમેં ઉદ્ધવ, સંત સુખી સંસારમેં;**
ઓર સબે જગ ઝરત નિરંતર, તીન તાપકી જારમેં. ઉદ્ધવ૦
રાજા બી દુઃખિયા રંક બી દુઃખિયા, ધનપતિ દુઃખિત વિકારમેં;
વિના વિવેક ભેખ સબ દુઃખિયા, જુઠા તન અહંકાર મેં. ઉદ્ધવ૦
જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયા, માયા ઘોર અંધારમેં;
મુક્તાનંદ મુનિવર વિજ્ઞાની, પોંચે તેજ અંબારમેં. ઉદ્ધવ૦

## ㊍૨૫૨. રાગ : પરજ

**સંતો સાંભળો સાચી વારતા, નથી લીધો આ ભૂખ્યે ભેખ રે;**
જનનીનો જાયો કહું છું, અવશ્ય હતો હું એક રે. સંતો૦
ગાડું બળદ ગાય ને ઘોડી, ડોબાં હતાં દશ બાર રે;
પાંચ મળીને પૂછતાં મુને, કરતો હું કારભાર રે. સંતો૦
અન્ન ધન ધામ ને ઘરણી, પરણી હતી ઘેર રે;
છોટાં છોટાં છોકરાં હતાં, હતી શ્રીહરિજીની મે'ર રે. સંતો૦
ખાવા પીવાનું ખૂબ જડતું, વસ્ત્રનો નહિ પાર રે;
જોઈએ તેવા જોડા જડતા, તકે તકે તૈયાર રે. સંતો૦
એટલું મેલી અહીં આવ્યો છું, ઉર કરી વિચાર રે;
ભૂખે મરતાં ભેખ લીએ છે, ગણશો નહિ એની હાર રે. સંતો૦
જ્ઞાન વૈરાગ્યે ગળે ઝાલ્યો, ક્યાંય ન ચોટિયું ચિત્ત રે;
નિષ્કુળાનંદ કહે નહિ કહું તો, જોડશે મારું ગીત રે. સંતો૦

## ⊛૨૫૩. રાગ : ધોળ

### પદ—૧

**સુખદાયક રે (૨) સાચા સંતનો સંગ, સંત સમાગમ કીજીએ. ટેક૦**

જી રે સંત સમાગમથી ટળે, આશા તૃષ્ણા રે (૨)
ઈર્ષા અભિમાન;
મોહ મત્સર મમતા બળે, પ્રગટે ઉરમાં રે (૨)
પ્રભુનું દઢ જ્ઞાન. સંત૦
જી રે સંત સમાગમથી થયાં, મુનિ નારદ રે (૨)
હરિનું મન આપ;
અનેક પતિત ઉદ્ધારિયા, જેના જશનો રે (૨)
મોટો પરતાપ. સંત૦
જી રે સિદ્ધ થયાં સંતસંગથી, શુક આદિક રે (૨)
મુનિવર સુખરૂપ;
ચિત્ત ચોટ્યું હરિચરણમાં, જાણ્યા સંતથી રે (૨)
મોટા મર્મ અનુપ. સંત૦
જી રે મહિમા મોટો છે મહંતનો, જેને સેવે રે (૨)
છૂટે માયાનું જાળ;
પ્રીતિ વધે પરબ્રહ્મમાં, મુક્તાનંદ કહે રે (૨)
તજી આળ પંપાળ. સંત૦

### પદ—૨

સાચા સાધુ રે (૨) સુંદર ગુણધામ, સમજીને સતસંગ કીજીએ. ટેક૦
જી રે સંત સુલક્ષણનાં ભર્યા, અવગુણનો રે (૨)
ઉરમાં નહિ લેશ;

મહાનુભવ તે મુનિ ખરા, આપે સૌને રે (૨)

સાચો ઉપદેશ. સમજીને૦

જી રે સંત સદા શીતળ રહે, ક્યારેય ન તપે રે (૨)

કામ ક્રોધની જાળ;

લોભ તજી હરિને ભજે, ધારે ઉરમાં રે (૨)

દૃઢ કરી ભક્તિબાળ. સમજીને૦

જી રે ત્રિભુવનની સંપત મળે, તો ય ન તજે રે, (૨)

અર્ધ પળ હરિ ધ્યાન;

બ્રહ્મરૂપ થઈ હરિ ભજે, એવા સંતને રે, (૨)

કીધા કંચન સમાન. સમજીને૦

જી રે એમ શુભ લક્ષણ ઓળખી શુદ્ધ ભાવે રે (૨)

કરવી સંતની સેવ;

હરિસમ હરિજન જાણવા, મુક્તાનંદ કહે રે (૨)

તે તરે તતખેવ. સમજીને૦

‘સુખ માનો વા દુઃખ
ફરક નહિ દોયસે,
રાજી ચાહિયે શ્રીહરિ
કામ ક્યા કોયસે.’

## ૨૫૪. ધ્યાનાષ્ટક

### ચરચરી છંદ

દેખત બડ ભાગ લાગ, પોત સરસ નવલ પાગ;
અંતર અનુરાગ જાગ, છબિ અથાગ ભારી.
અતિ વિશાલ તિલક ભાલ, નીરખત જન હો નિહાલ;
ઉન્નત ત્રય રેખ જાલ, કાલ વ્યાલ હારી.
વિલસિત ભુંહ સામ વંક, ચિંતત ઉર જાત શંક;
મૃગ મદ ભર બીચ પંક, અંક ભ્રમર ગ્યાની.
જય જય ઘનશ્યામ સામ, અંબુજ દ્રગ કૃત ઉદામ;
સુંદર સુખ ધામ નામ, સામ રે ગુમાની. ૧

**અર્થ:** જેમના મસ્તક ઉપરની સરસ પોતવાળી અતિ સુશોભિત નવીન પાઘનાં દર્શન મોટા ભાગ્યવાળાને જ થાય છે, જેમના પ્રભાવશાળી વ્યક્તિત્વના દર્શનમાત્રથી અંતર હેતની ઉર્મિઓથી ઊભરાઈ જાય છે. જેમના વિશાલ ભાલમાંનું તિલક નીરખતા હરિજનો ન્યાલ થઈ જાય છે. વળી એ જાજ્વલ્યમાન કપાળમાં ત્રણ રેખાની જાળી સમાન રચના છે, જે જોઈને કાળરૂપી સર્પ ભય પામીને ભાગી જાય છે. જેમની શોભાદાયક શ્યામ અને વાંકી ભ્રકુટિનું ચિંતન શંકાઓનું નિવારણ કરે છે અને જેમના ભાલમાં કેશર-કસ્તુરીની અર્ચા વચ્ચે તિલક ચાંદલો જોઈ ભ્રમરરૂપી જ્ઞાની ભક્તનું મન આકર્ષાઈને ચોંટી જાય છે. જેઓ કમળ સમા નેત્રોવડે અતિ મોટાં કામ કરે છે અને જેમનું

સુંદર નામ સુખના ધામરૂપ છે, એવા સ્વસ્વરૂપની સુખભરી મસ્તીની ખુમારીથી શોભતા શ્રી ઘનશ્યામ મહારાજની જય હો! જય હો! ૧.

શ્રોન કોન દ્રગ લકીર, તીક્ષણ મનુ કામ તીર;
નાસા છબિ દીપ કીર, ધીર ધ્યાન લાવે.
કુંડલ શુભ શ્રવન કીન, નૌતમ ક્રતિ અતિ નવીન;
મનહુ હેમ જુગલ મીન, ચંદ મિલન આવે.
ગુણ નિધિ કપોલ ગોર, ચિતવત ચિત લેત ચોર;
તાકે બિચ દછન કોર, જોર તિલ નિશાની.
જય જય ઘનશ્યામ સામ, અંબુજ દ્રગ ક્રત ઉદામ;
સુંદર સુખ ધામ નામ, સામ રે ગુમાની. ૨

**અર્થ:** કામદેવના બાણથી ય તિક્ષ્ણ જેમના અણિયાળાં નેત્રના છેડાથી કાન સુધી રેખા છે. દીપકની શગ અને પોપટની ચાંચ સરખી જેમની નમણી નાસિકાનું ધીરજનો ધ્યાન કરે છે. નવિન અને ઉત્તમ કારીગરીવાળા કાન પરનાં મકરાકૃત હેમકુંડળોની જોડી જેમના વદનરૂપી ચંદ્રને મળવા અધીર થયેલી જણાય છે અને રૂપગુણના ભંડાર એવા જેમના ગૌરવર્ણા ગાલ અને તેમાં જમણી કોરે રહેતા બે તિલ તેનું ચિંતવન ચિત્તને હરિ લે છે. જેઓ કમળ સમા નેત્રોવડે અતિ મોટાં કામ કરે છે અને જેમનું સુંદર નામ સુખના ધામરૂપ છે, એવા સ્વસ્વરૂપની સુખભરી મસ્તીની ખુમારીથી શોભતા શ્રી ઘનશ્યામ મહારાજની જય હો! જય હો! ૨.

મંદ મંદ મુખ હસંત, દારિમ સમ પંતિ દંત;
સમરત માહંત સંત, ખંત ચંત કરકે.
લોભિત ચિત અધર લાલ, વિલસિત વિદ્રુમ પ્રવાલ;

રાજત અતિશય રસાલ, તાલ વંસી ધરકે.
અંબક ફલ ચિબુક જાન, કંબુ સમ કંઠમાન;
ધારત શિવ આદિ ધ્યાન, આન ઉર ન આની.
જય જય ઘનશ્યામ સામ, અંબુજ દ્રગ કૃત ઉદામ;
સુંદર સુખધામ નામ, સામ રે ગુમાની. ૩

**અર્થઃ** જેમના મંદ મંદ હાસ્ય કરતા મુખારવિંદમાંના દાડમ કળી જેવી દંતપંક્તિનું મોટા સંતો-મહંતો ખંત ધરી એકાગ્ર ચિત્તે સ્મરણ કરે છે. જેમના અમૃત રસભીના વિદ્રુમ મણિ ને પરવાળા જેવા શોભાદાયક રાતા અધર ચિત્તને લોભાવતા વાંસળીના મધુર સ્વર સરખા વેણ રેલાવે છે ને આમ્રફળના નીચેના સુશોભિત આકાર સમાન જેમની ચિબુક છે અને શંખના ઘાટ સરખો સુશોભિત જેમનો કંઠ છે, જેનું ધ્યાન કરતા મોટા મોટા મુક્તો એ દિવ્ય સ્વરૂપ સિવાય સઘળું ભૂલી જાય છે. જેઓ કમળ સમા નેત્રોવડે અતિ મોટાં કામ કરે છે અને જેમનું સુંદર નામ સુખના ધામરૂપ છે, એવા સ્વસ્વરૂપની સુખભરી મસ્તીની ખુમારીથી શોભતા શ્રી ઘનશ્યામ મહારાજની જય હો! જય હો! ૩.

દીરઘ અતિ દોર ડંડ, મોતિન ભુજબંધ મંડ;
ખલ દલ બલ કર વીખંડ, અરિ પ્રચંડ મારે.
હિય પર બન નવલહાર, શોભિત અતિ જલજ સાર;
દેખત જન વારવાર, અઘ અપાર ટારે.
પ્રૌઢ ઊંચ ઉર પ્રથુલ, ફહરે શુભ ગંધ ફૂલ;
મનિભર નંગ બર અમૂલ, દૂલરી બખાની.

જય જય ઘનશ્યામ સામ, અંબુજ દ્રગ ક્રત ઉદામ;
સુંદર સુખધામ નામ, સામ રે ગુમાની. ૪

**અર્થ:** મોતીના બાજુબંધથી શોભતા એવા લાંબા હસ્તકમળથી જે વિક્રાળ અંતરશત્રુઓના લશ્કરને મારીને ભગાડી દે છે. જે હૃદયકમળ પર વનફૂલ તેમ જ સુશોભિત કમળના હાર ધરી રહ્યા છે, જેના વારંવાર દર્શન કરી ભક્તજનો પાપનું નિવારણ કરે છે. જેમના પ્રભાવશાળી ઉપડતા વક્ષઃસ્થળ પર સુંદર પુષ્પો ઉત્તમ સુગંધ પ્રસરાવી રહ્યાં છે. જેઓ કમળસમા નેત્રો વડે અતિ મોટાં કામ કરે છે અને જેમનું સુંદર નામ સુખના ધામરૂપ છે, એવા સ્વસ્વરૂપની સુખભરી મસ્તીની ખુમારીથી શોભતા શ્રી ઘનશ્યામ મહારાજની જય હો! જય હો! ૪.

ઉદર તુંગ અતિ અનૂપ, ગુણવત તિલ સામ ગૂપ;
નાભિ માનુ પ્રેમ કુપ, રૂપ અજબ રાજે.
શોભિત હદ કટિ પ્રદેશ, કાંચી નંગજડિત બેશ;
ચિંતત ઉરમેં મુનેશ, અધ અશેષ ભાજે.
ઉરુ અતંત રૂપવાન, માણકી પીઠ શોભમાન;
નિજજન જેહિ ધરત ધ્યાન, પ્રાન પ્રેષ્ટ જાની.
જય જય ઘનશ્યામ સામ, અંબુજ દ્રગ ક્રત ઉદામ;
સુંદર સુખ ધામ નામ, સામ રે ગુમાની. ૫

**અર્થ:** કાળા અને સુંદર ચિહ્‌ન સમા તિલને ઢાંકી રહેલ સુરમ્ય રુવાંટીથી ઢંકાયેલા જેમના ઉદર પ્રદેશમાં પ્રેમના કૂપ સમી, અલૌકિક ઊંડી નાભી શોભે છે. અને જેમના શોભાદાયક કટિપ્રદેશ કે જેની હદ પરના નંગજડિત સુંદર કંદોરાનું મહામુનિવરો ચિંતવન કરી પાપો દૂર

કરે છે ને માણકીની પીઠને શોભાવનાર જે ઊરુ કમળ અત્યંત રૂપવાન છે જેમના અને જેમને મુક્તજનો પ્રાણથી ય વધુ વહાલા ગણી ધ્યાન કરે છે. જેઓ કમળ સમા નેત્રોવડે અતિ મોટાં કામ કરે છે અને જેમનું સુંદર નામ સુખના ધામરૂપ છે, એવા સ્વસ્વરૂપની સુખભરી મસ્તીની ખુમારીથી શોભતા શ્રી ઘનશ્યામ મહારાજની જય હો! જય હો! ૫.

જાનુ દૌ રૂપવંત, લાલિત કર શ્રી અતંત;
સ્મરત જેહિ મુનિ અનંત, અંત જન્મ આવે.
જન મન પ્રિય યુગલ જંગ, રોમ અલ્પ અજબ રંગ;
ચિંતવન ચિત ચઢત રંગ, અતિ ઉમંગ પાવે.
ગુલ્ફન છબિ અધિક શોભ, સ્થિતિ ચલ મન દેત થોભ;
નીરખત ઉર મીટત ક્ષોભ, લોભ આદિ ગ્લાની.
જય જય ઘનશ્યામ સામ, અંબુજ દ્રગ કૃત ઉદામ;
સુંદર સુખધામ નામ, સામ રે ગુમાની. ૬

**અર્થ:** સર્વોત્તમ સ્થિતિને પામેલા મુક્તો જેનું સેવન કરે છે અને અનંત મુનિઓ જેનું સ્મરણ કરી જન્મ-મરણથી રહિત થયા છે એવા બે જાનું અતિશય રૂપાળા છે અને ભક્તજનોને અતિ હેત ઉપજાવતા બે રૂડા સાથળની જોડ અલૌકિક દિવ્ય રંગભરી રોમાવલિથી શોભે છે, જેનાં ચિંતવનથી ચિત્તમાં ઉમંગ સભર આનંદના ઊભરા આવે છે અને અધિક શોભારૂપ ઘૂંટીનાં દર્શન ચંચળ મનને થોભાવી લોભ આદિક અંતર શત્રુઓથી થતા ક્ષોભ અને દુઃખો દૂર કરે છે. જેઓ કમળ સમા નેત્રોવડે અતિ મોટાં કામ કરે છે અને જેમનું સુંદર નામ સુખના ધામરૂપ છે, એવા સ્વસ્વરૂપની સુખભરી મસ્તીની ખુમારીથી શોભતા શ્રી ઘનશ્યામ મહારાજની જય હો! જય હો! ૬.

ચરન પ્રષ્ટ ચિત હરાત, તરુ તમાલ છબિ લજાત;
સમરત તતકાલ આત, રાત પ્રાત મનમેં.
જાકું નિત શેષ ગાત, અજહુ પુનિ નહિ આઘાત;
તુલસી જેહી સ્થલ રહાત, પાત માંનું જનમેં.
નખ ઉતંગ રંગ લાલ, શોભિત મનુ દીપમાલ;
રાજત કીધું ચંદ્ર બાલ, ખ્યાલ કરત ધ્યાની.
જય જય ઘનશ્યામ સામ, અંબુજ દ્રગ ક્રુત ઉદામ;
સુંદર સુખધામ નામ, સામ રે ગુમાની. ૭

**અર્થ:** જેને જોતાં તમાલના ઝાડની સુંદરતા લજ્જા પામે છે એવા ચરણકમળનો ઉપરનો ભાગ ચિત્તને હરિ લે છે. જેનું સ્મરણ કરતા દિવસ ને રાત કહેતાં અખંડ ઇદમ્ દેખાય છે. જેનું હજારો મુખે ગાન કરતાં મુક્તો થાકતા નથી અને જેમના ચરણપૃષ્ટ પર તુલસીપત્રો રહ્યા છે તે જાણે કે ત્યાં રહેવા માટે જ એ તુલસીપત્રોનો ઉદ્ભવ થયો હોયને શું? એવું ભક્તજનો માને છે અને ઉપડતા રાતા નખ જાણે દીપમાળા કે બાલ ચંદ્રો સમાન શોભે છે, જેને ધ્યાની પુરુષો અખંડ નીરખે છે. જેઓ કમળ સમા નેત્રોવડે અતિ મોટાં કામ કરે છે અને જેમનું સુંદર નામ સુખના ધામરૂપ છે, એવા સ્વસ્વરૂપની સુખભરી મસ્તીની ખુમારીથી શોભતા શ્રી ઘનશ્યામ મહારાજની જય હો! જય હો! ૭.

વિલસિત ચરણારવિંદ, કોમલ અતિ પ્રેમ કંદ;
ધ્યાવત ભવ મિટત ફંદ, છંદ સ્તવન બોલે.
પ્રસરત જેહિ પર પ્રસંગ, પુન્ય ભરિત સરિત ગંગ;
અઘવિનાશ પર્સ અંગ, હો ઉતંગ ડોલે.

રાજત મહીં ઊર્ધ્વરેખ, વજ્રાદિક સહિત પેખ;
બ્રહ્માનંદ દેખ દેખ, લેખત કુરબાની.
જય જય ઘનશ્યામ સામ, અંબુજ દ્રગ ક્રત ઉદામ;
સુંદર સુખધામ નામ, સામ રે ગુમાની. ૮

**અર્થ:** પ્રેમનું મૂળ, અતિ કોમળ, દિવ્ય શોભાદાયક એવા જેમના ચરણારવિંદ જેની વેદ સ્તુતિ કરે છે, જેના ધ્યાનથી ભવસાગરનાં ફંદ છૂટી જાય છે, અને જેમના ચરણકમળમાંથી પ્રસારિત થતાં પુણ્યશાળી ગંગાનાં પ્રવાહસમા દિવ્ય સ્પંદનો, જેના સ્પર્શથી સૌ કોઈ પાપ નાશ થયાના ઉમંગમાં અતિ ધન્યતા અનુભવે છે. તેમ જ જેમના ચરણકમળમાં રહેલા ઊર્ધ્વરેખા અને વજ્ર આદિક સોળ ચિહ્નના દર્શને અ. મુ. સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ સર્વસ્વ કુરબાન કર્યું છે. જેઓ કમળ સમા નેત્રોવડે અતિ મોટાં કામ કરે છે અને જેમનું સુંદર નામ સુખના ધામરૂપ છે, એવા સ્વસ્વરૂપની સુખભરી મસ્તીની ખુમારીથી શોભતા શ્રી ઘનશ્યામ મહારાજની જય હો! જય હો! ૮.

## ㊉૨૫૫. હરિકૃષ્ણાષ્ટક

### ચરચરી છંદ

ધર્મ વર્મ મર્મ ધાર, ફરન મરન હરનહાર;
ચરન શરન કરન પાર, અતિ ઉદાર સોહે.
હિત કૃત ચિત નિત હુલાસ, રટત મિટત વિકટ પાસ;
પ્રેમ નેમ અતિ પ્રકાશ, દાસ હાસ મોહે.
છબિ અનુપ રૂપ બનિત, હરષ ઓઘ શોક હનિત;
ધન ધન જુબાની ભનિત, અગનિત નરનારી.
જય જય હરિકૃષ્ણ રાજ, જગ કર વર ગુણ જહાજ;
પ્રગટત સંગ લે સમાજ, કાજ ભક્તકારી. ૧

**અર્થ:** ધર્મના રહસ્યના ભેદ જેમણે પ્રગટ કર્યા છે. જે જન્મ-મરણનું દુઃખ ટાળનારા છે. જે શરણે આવેલાનો ઉદ્ધાર કરે છે. સૌ કોઈનું કલ્યાણ કરવાનું જે ઉદારતાભર્યું લક્ષ રાખે છે. જે હરિજનોનું હિત કરવામાં અતિશય આનંદ અનુભવે છે. જે પોતાનું નામ રટણ કરનારાનાં મહાદુઃખ મટાડે છે. જે પ્રેમલક્ષણા ભક્તિની દૃઢતા કરાવે છે ને આશ્રિતજનોને મંદ હાસ્ય કરી પોતાના સ્વરૂપમાં જોડે છે. જેમના અલૌકિક સ્વરૂપનું સ્મરણ કરવાથી અતિ વિકટ બંધનો અને શોક દૂર થઈ જાય છે અને આનંદના ઓઘ ઊમટે છે. અગણિત હરિભક્ત બાઈ-ભાઈ જેમનો ધન્ય હો! ધન્ય હો! કહી જયજયકાર કરે છે અને જે અનંત મુક્તોને સાથે લઈને ભક્તોના મનોરથ પૂર્ણ કરવા પ્રગટ થયા છે એવા જગત્કર્તા, દિવ્ય ગુણોના ભંડાર શ્રી હરિકૃષ્ણ મહારાજ તમારી જય હો! જય હો! ૧.

પ્રેમકંદ ચંદ જોર, નીરખ હરપ જન ચકોર;
ભુજગ ગાત રાત ભોર, અઘ કઠોર તોરે.

પ્રનિપત ક્રત હરત પાપ, દરસ પરસ અતિ દુરાપ;
ટલત ત્રિવિધ વિવિધ તાપ, વ્યાપ સબ હી ઠોરે.
અગ જગ અજ ગજ આરૂઢ, પ્રસરન જસ કિરન પ્રૌઢ;
મત કૃત નહિ મનત મૌઢ, ગૂઢ ચરિત ભારી.
જય જય હરિકૃષ્ણ રાજ, જગકર વર ગુણ જહાજ;
પ્રગટત સંગ લે સમાજ, કાજ ભક્તકારી. ૨

**અર્થ:** ચંદ્રમાં જેમ ચકોર તલ્લિન થાય છે તેમ દિવ્ય પ્રેમના મૂળ સ્વરૂપ એવા જેમના દર્શનથી ભક્તજનો એકતાર થઈ જાય છે ને શેષજીની જેમ જેમનું અખંડ ગુણગાન કરવાથી અતિ કઠોર પાપથી છૂટકારો થાય છે. જેમની પ્રાર્થના કરવાથી પાપકર્મો નાશ પામે છે. અતિ દુર્લભ એવા જેમના દર્શન-સ્પર્શથી ત્રિવિધ તાપ ટળી જાય છે. જે અંતર્યામીરૂપે સર્વત્ર વ્યાપેલા છે. જે પૃથ્વીને વિષે પ્રગટ થયા છતાં અજન્મા છે. જે ગજસવારીવત્ ધામધૂમથી સ્થાવર જંગમ સૃષ્ટિમાં વિચરણ કરે છે. જેમના રહસ્યપૂર્ણ અદ્ભુત દિવ્ય ચરિત્રો મૂઢ જનોને જાણ્યાં છતાં મનાતાં નથી અને જે અનંત મુક્તોને સાથે લઈને ભક્તોના મનોરથ પૂર્ણ કરવા પ્રગટ થયા છે એવા જગત્કર્તા, દિવ્ય ગુણોના ભંડાર શ્રી હરિકૃષ્ણ મહારાજ તમારી જય હો! જય હો! ૨.

મંગલ બલ પ્રબલ મૂર, દરશન જન વિઘન દૂર;
સમજત શુધ વિબુધ સુર, પૂર સુકૃત પાવે.
નીરખત ચિતકોં નિરોધ, બુધિ કર સુખ ભર પ્રબોધ;
સરસ રહસ લેત સોધ, જોધ ક્રોધ જાવે.
ગેમ ગહન દહન ગ્યાન, દુ:ખહર સુખ દેત દાન;
ત્રણવત જગ કરન તાન, માન જર ઉખારી.

જય જય હરિકૃષ્ણ રાજ, જગકર વર ગુણ જહાજ;
પ્રગટત સંગ લે સમાજ, કાજ ભક્તકારી. ૩

**અર્થ:** જે કલ્યાણકારી મહાશક્તિ પ્રગટાવે છે અને જેમના દર્શનથી સર્વે વિઘ્નો નાશ પામે છે. એવું અબુધ, બુદ્ધિશાળી કે દેવતાઓ જે કોઈ સમજે છે તે સર્વે પોતાનાં સદ્દકૃત્યોના ફળને પૂર્ણ સ્વરૂપે પામે છે. જેમના દર્શનથી જેઓના ચિત્તનો નિરોધ થાય છે તેઓ એ મૂર્તિના સુખનું સમજણપૂર્વક પ્રસારણ કરે છે. જેમના ઉત્તમ રહસ્યોમાં ઊંડા ઊતરતાં જ કામ-ક્રોધાદિક અંતરશત્રુઓ ભાગી જાય છે. જેમના સ્વરૂપનું જ્ઞાન અલૌકિક પરમ સુખનો અનુભવ કરાવી દુઃખનો નાશ કરનારું છે તથા માયિક તાનને તણખલા જેવું કરનારું છે અને માનની જડ ઉખાડી નાખનારું છે અને જે અનંત મુક્તોને સાથે લઈને ભક્તોના મનોરથ પૂર્ણ કરવા પ્રગટ થયા છે એવા જગત્કર્તા, દિવ્ય ગુણોના ભંડાર શ્રી હરિકૃષ્ણ મહારાજ તમારી જય હો! જય હો! ૩.

તનુ બન ઘન ત્રિગુન તીત, નૌતમ પ્રમ અજબ નિત;
પ્રનિપત રત નવલ પ્રીત, વિશ્રમિત બાની.
વરદ મરદ અતિ પ્રવીન, અરદ દરદ જન અધીન;
કલ બલ ખલ નિબલ કીન, દીનન સુખદાની.
સુંદર વર કાંતિ સરસ, બેન નેન પિયુષ વરસ;
પાપ તાપ મીટત પરસ, તરસ નરસ ટારી.
જય જય હરિકૃષ્ણ રાજ, જગ કર વર ગુણ જહાજ;
પ્રગટત સંગ લે સમાજ, કાજ ભક્તકારી. ૪

**અર્થ:** સર્વ ગુણોથી પર એવા જેમના અલૌકિક નિત્ય નવીન

રહસ્યપૂર્ણ દિવ્ય સ્વરૂપમાં નવા નવા હેતે મહામુક્તો એકતાર બની દિવ્ય પ્રાર્થનાઓનું સતત ગુંજન કર્યા કરે છે. સર્વશક્તિમાન છતાં જેઓ સર્વસુખમય આશીર્વાદ આપવામાં આર્ત જનોને આધીન વર્તે છે. જેઓ કળિયુગની અધમતાનું બળ નાશ કરનારા ને દીનજનને સુખના દાતા છે. સર્વ શ્રેષ્ઠ અલૌકિક તેજોમય સ્વરૂપધારી એવા જેમના દિવ્ય વદનકમળમાંથી અમૃતવાણી અને નેત્રકમળમાંથી કરુણામૃત રસ વરસ્યા કરે છે જેને ઝીલતાં દુઃખ, પાપ તેમ જ ઐશ્વર્યના રાગ માત્ર ટળી જાય છે અને જે અનંત મુક્તોને સાથે લઈને ભક્તોના મનોરથ પૂર્ણ કરવા પ્રગટ થયા છે એવા જગત્કર્તા, દિવ્ય ગુણોના ભંડાર શ્રી હરિકૃષ્ણ મહારાજ તમારી જય હો! જય હો! ૪.

નવલ પ્રબલ કમલ નેન, વીર ધીર અમલ બેન;
દનુજ દુષ્ટ કષ્ટ દેન, મેન સેન મારે.
જય ધુનિ મુનિ વ્રંદ સાથ, દુઃખહર વરદાન હાથ;
જન અધીન દીનનાથ, કે અનાથ તારે.
નિજ જન ધન સુખ નિકેત, વિમુખન દુઃખ શોક દેત;
હરત વિપત અમિત હેત, લેત જગ ઉગારી.
જય જય હરિકૃષ્ણ રાજ, જગકર વર ગુણ જહાજ;
પ્રગટત સંગ લે સમાજ, કાજ ભક્તકારી. ૫

**અર્થઃ** જેમના નવીન બળ પ્રેરક નેત્રકમળ તથા શૌર્ય ને ધૈર્ય પ્રેરક નિર્મળ વાણી રાક્ષસો અને દુષ્ટજનોને કષ્ટદાયક છે તેમ જ કામદેવના લશ્કરને નિર્મૂળ કરનારી છે. મુનિના વૃંદ મળીને સદાય જેમનો જય જયકાર કરે છે. જેઓ પોતાના હસ્તકમળથી દુઃખને હરિ લઈ સુખભર્યા આશીર્વાદ આપે છે. જેઓ દાસત્વ અંગવાળા

આશ્રિતજનોનો તેમ જ અનાથોનો ઉદ્ધાર કરે છે. જેમની ઈર્ષ્યા કરવાથી વિમુખ જનો દુઃખ ને શોક જ પામે છે. જેમનું દિવ્ય સ્વરૂપ મુક્ત પુરુષો માટે પરમ સુખનું ધામ છે. જેઓ પોતાના આશ્રિતો પર અતિશય હેત જણાવી તેમની વિપત હરિ લે છે ને તેમને ભવસાગરમાંથી પાર ઉતારે છે અને જે અનંત મુક્તોને સાથે લઈને ભક્તોના મનોરથ પૂર્ણ કરવા પ્રગટ થયા છે એવા જગત્‌કર્તા, દિવ્ય ગુણોના ભંડાર શ્રી હરિકૃષ્ણ મહારાજ તમારી જય હો! જય હો! ૫.

દ્રગ વિશાલ લાલ કંજ, રસ પ્રકાર દાસ રંજ;
રતિ પતિ ધ્રતિ ગરવગંજ, તેજપુંજ રાજે.
હોત જોત દુક્રત હાન, પુરુષ સરસ જગ પુરાન;
ધરત સનક જનક ધ્યાન, લખી અગ્યાન ભાજે.
કોમલ દિલ અતિ ક્રપાલ, પ્રફુલ્લિત ચિત પ્રણત પાલ;
સરવસ વસ જસ વિશાલ, જાલ જગત જારી.
જય જય હરિકૃષ્ણ રાજ, જગકર વર ગુણ જહાજ;
પ્રગટત સંગ લે સમાજ, કાજ ભક્તકારી. ૬

**અર્થ:** જેમના કરુણારસ ભરેલાં રાતાં નેત્રકમળ સેવકગણને આનંદ આપે છે. જેમના અંગના પ્રકાશનો ઝળકાટ કામદેવના ગર્વ અને કાંતિને નિસ્તેજ કરી નાખે છે. જે આદિ અનાદિથી પુરુષોત્તમ છે. જેમના દર્શનથી દુષ્કૃત્યનો નાશ થાય છે. સનકાદિક ને જનક આદિ અજ્ઞાન તજી જેમનું ધ્યાન કરે છે અને અતિ દયાળુ, કૃપાળુ એવા જે પ્રસન્નતાપૂર્વક ભક્તોનું પાલન કરે છે. જેમનો પ્રતાપ એવો મોટો છે કે બધા જ તેમને વશ વર્તે છે. જે જગતની માયારૂપી જાળથી મુક્ત કરનારા છે. અને જે અનંત મુક્તોને સાથે લઈને ભક્તોના મનોરથ

પૂર્ણ કરવા પ્રગટ થયા છે એવા જગત્કર્તા, દિવ્ય ગુણોના ભંડાર શ્રી હરિકૃષ્ણ મહારાજ તમારી જય હો! જય હો! ૬.

નિત નિત ધ્રત રૂપ નેક, અકલ સકલ વ્યાપ એક;
તપત વિપત કપત ટેક, શુદ્ધ વિવેક દાતા.
ધેય અગમ નિગમ ધ્યાત, ગોર રુદય ચોર ગાત;
ચિત ધ્રત શુભ ક્રત સુચાત, તાત ધર્મ ત્રાતા.
જુગ જુગ પ્રતિ સુભગ દેહ, હરિવર ઘટ નવલ નેહ;
ગુનનિધિ સિધિ સુબુધિ ગેહ, અતિ અછેહ યારી.
જય જય હરિકૃષ્ણ રાજ, જગકર વર ગુણ જહાજ;
પ્રગટત સંગ લે સમાજ, કાજ ભક્તકારી. ૭

**અર્થ:** જે નિત્ય નવિન સ્વરૂપે દર્શન આપે છે, જે અકળિત છે અને એક જ હોવા છતાં અંતર્યામી રૂપે સર્વમાં વ્યાપી રહ્યા છે અને શુદ્ધ વિવેકના દેનારા એવા તેમની ટેકથી વિપત્તિની બળતરા નાશ પામે છે. વેદ ને પુરાણ પણ જેમને ધ્યેય ગણીને જેમના હૃદયાકર્ષક ગૌરવર્ણા અંગોનું ધ્યાન કરવાથી જ મન પવિત્ર થાય છે એમ કહે છે. જેઓ સર્વના પિતા સમાન ધર્મનું રક્ષણ કરે છે. જેઓ જુગજુગ પ્રત્યે સર્વશ્રેષ્ઠ મનુષ્ય દેહ નવા નવા હેતથી ધારણ કરે છે. જે ગુણ, સિદ્ધિ અને સુબુદ્ધિના સાગર છે. જેઓ જીવના વાંકગુના સામું ન જોતાં છેવટ સુધી સંભાળ રાખે છે. અને જે અનંત મુક્તોને સાથે લઈને ભક્તોના મનોરથ પૂર્ણ કરવા પ્રગટ થયા છે એવા જગત્કર્તા, દિવ્ય ગુણોના ભંડાર શ્રી હરિકૃષ્ણ મહારાજ તમારી જય હો! જય હો! ૭.

ઉતપત્તિ સ્થિતિ પ્રલય પલક, ઝગમગ તન કાંતિ ઝલક;
અતુલિત વ્રત શીશ અલક, તિલક ભાલ દીને.

બામ કામ કરન બાધ, ગાવત શ્રુંતિ કહી અગાધ;
ચિંતત વ્રત હો સમાધ, સાથ અભય કીને.
પ્રાન ભક્ત જગત પ્રેર, જગકવીન કીન જેર;
બ્રહ્માનંદ બેર બેર, હેરત છબિ પ્યારી.
જય જય હરિકૃષ્ણરાજ, જગકર વર ગુણ જહાજ;
પ્રગટત સંગ લે સમાજ, કાજ ભક્તકારી. ૮

**અર્થ:** ક્ષણ ક્ષણ પ્રત્યે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કર્તા એવા જેમના સ્વરૂપના તેજની આભા ઝગમગાટ પ્રકાશી રહી છે. જેમના શિર પરની અનુપમ જટા અને ભાલમાં રહેલ તિલક ચંદ્રકની શોભા કામદેવનું અસ્તિત્વ જ ભુલાવી દે છે. અપાર અપાર કહી જેમનું શ્રુતિ વર્ણન કરે છે. જેમનું ચિંતવન કરતાં સમાધિ થાય છે. જેમના જોગથી ભક્તજનો અભય થાય છે. જે ભક્તજનોના પ્રાણ છે, જગતના પ્રેરક છે, જગત માત્રના કવિઓ કહેતાં બુદ્ધિજીવીઓને જેમણે જીતી લીધા છે. જેમની પ્રાણ પ્યારી મૂર્તિના સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી વારંવાર કહેતાં અખંડ દર્શન કરે છે અને જે અનંત મુક્તોને સાથે લઈને ભક્તોના મનોરથ પૂર્ણ કરવા પ્રગટ થયા છે એવા જગત્કર્તા, દિવ્ય ગુણોના ભંડાર શ્રી હરિકૃષ્ણ મહારાજ તમારી જય હો! જય હો! ૮.

## ⊛૨૫૬. મહિમાષ્ટક

### ચરચરી છંદ

જય જય મહારાજ રાજ, ધર્મકુંવર ગુણ જહાજ;
સુંદર તનુ સંત કાજ, ધારે ધારે.
મહિમા તવ અતિ અપાર, શ્રુત શેષ મુખ હજાર;
નેતિ નિગમ બાર બાર, કહત રહત હારી.
બરનત કવિ મુનિ અનંત, લહન ન બ્રહ્માદિ અંત;
નારદ સનકાદિ સંત, જાત પ્રાણ વારી.
ઉજ્વલ પાવન પ્રતાપ, ત્રિભુવન રહ્યો અમિત વ્યાપ;
જપત જાપ ત્રિવિધિ તાપ, ટારે ટારે. જય૦ ૧
જાકે એક રોમ કુપ, બ્રહ્મા શિવ સહિત ભૂપ;
ઇંડ કોટિ અતિ અનુપ, ઊડત હૈ અપારા.
ઐસો અક્ષર પ્રતાપ, અણુ અણુ પ્રતિ રહ્યો સુવ્યાપ;
જાકું શ્રુતિ કહે અમાપ, સબ હિત સે ન્યારા.
કોટિ ઇંદુસમ પ્રકાશ, માયા તમ કરત નાશ;
રહત તામે કરી નિવાસ, પ્યારે પ્યારે. જય૦ ૨
અક્ષર સમ અરસ સાર, અનંત શક્તિ ધરનહાર;
પ્રગટે ભુવ વૃષકુમાર, અવની ભાર હરહીં.
ધરી હરિ શુભ સંતવેશ, જીતે શત્રુ અશેષ;
બાંધી ધર્મ સેતુ બેષ, જન અનેક તરહીં.
કરત ચરિત્ર અતિ પુનિત, સુનત બિમલ હોત ચીત;
કામાદિક રિપુહી જીત, મારે મારે. જય૦ ૩

કલિમલ મત કરનચૂર, ઊગ્યો અતિ અમલ સૂર;
દિતિસુતકુલ ધ્વાંતકુર, પ્યારો સ્વામી.
વિવિધ ભાંતિ મત સમૂહ, સંજુત કલિકામ ફૂહ;
નાસે જહું અર્ક રૂહ, નાસ્તિકાદિ વામી.
એસે શ્રી ધર્મકુંવર, અધમકુલ કીંજુ હર;
વહનહાર ધર્મધુંહર, ભારે ભારે. જય૦ ૪
ઇશકે ઇશ શ્રી ઘનશ્યામ, પાવન પ્રભુ પૂરન કામ;
વાસી અક્ષરધામ, ધર્મ કે દુલારે.
કીતો કલિ ભુવ પ્રવેશ, દિતિસુત કીન સંતભેશ;
કરી કે કષ્ટ ઉપદેશ, જીવનકું બહુત ડારે.
જાની કરુનાનિકેત, આયે નિજજન સમેત;
અગનીત નરનારી પ્રેત, તારે તારે. જય૦ ૫
મેટતભવ બંધન ફંદ, નિજજન આનંદકંદ;
સહજાનંદ વંદ ચંદ, સંતન સુખદાની.
કેવલ કરુનાનિધાન, નિજજનમન કંજભાન;
દમન કામ ક્રોધ માન, મંગલ મૃદુબાની.
સુનતે ઘનશ્યામ નામ, થરરર થરરર કંપત કામ;
નામ ઉપર વારી પ્રાન, ડારે ડારે. જય૦ ૬
નિજ જન મન કમલ ચારુ, પ્રફુલ્લિત ભયે છબી નિહારું;
ધર્મકુંવર રવિ ઉદારૂ, અવિચલ સુખદાતા.
કાલ વ્યાલ અતિ કરાલ, ગ્રસીત તરુન વૃદ્ધ બાલ;
નારીનર અતિ બેહાલ, શરણાગત ત્રાતા.
સેવત પદ્મ પ્રીત, પામર હોવત પુનિત;
નીત નીત ચિત્ત પ્રેમ કીત, ન્યારે ન્યારે. જય૦ ૭

વરણી વેશ ધરમલાલ, અંગ અંગ છબી રસાલ;
ભુજ વિશાલ ગતિમહાલ, ચટક ચાલ સોહે.
શ્વેત બસન સજ સુધાર, ભુષન તન સુમન સાર;
બન ઠન માનું રસ સિંગાર, બિહરત મન મોહે.
નખશિખ છબી ધામ શ્યામ, નિજજન મન કે વિશ્રામ;
પ્રેમાનંદ કોટી કામ, વારે વારે. જય૦ ૮

## ⊛૨૫૭. રાસાષ્ટક

### કાવ્યકૃતિ : દોહા

એક સમય શશી ઉદિત અતિ, હોય મન અધિક હુલ્લાસ;
ઘેલા તટ સંતજન જુત, રચ્યો મનોહર રાસ....૧

ભર ભર તન સજ આભરણ, વન વન કરણ વિહાર;
કર કર ગ્રહ શ્રી હરિકૃષ્ણ, સર સર અનુસર સાર....૨

### છંદ: રેણકી

સર સર પર સધર અમરતર અનુસર,
કર કર વર ધર મેલ કરે;
હરિ હર સુર અવર અછર અતિ મનહર,
ભર ભર અતિ ઉર હરખ ભરે.
નીરખત નર પ્રવર પ્રવર ગણ નિરજર,
નિકર મુકટ શિર સવર નમે;
ઘણ રવ પટ ફરર ધરર પદ ઘૂઘર,
રંગભર સુંદર નાથ રમે. ૧

ઝણણણણણ ઝણણ ખણણ પદ ઝાંઝર,
ગોમ ધણણણ ગણણણ ગયણે;
તણણણ બજ તંત ઠણણ ટંકારવ,
રણણણ સુર ઘણણ રયણે.
ત્રહ ત્રહ અતિ ત્રણણ ઘણણ બજ ત્રાંસા,
ભ્રમણ ભ્રમરવત રમણ ભ્રમે;
ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂઘર,

રંગભર સુંદર નાથ રમે. ૨
ઝટપટ પટ ઊલટ પલટ નટવત ઝટ,
લટ પટ કટ ઘટ નિપટ લળે;
કોકટ અતિ ઉકટ ત્રુકટ ગતિ ધિનકટ,
મન ડર મત લટ લપટ મળે.
જમુના તટ પ્રગટ અમર અટ રટ જકટ,
સુર થટ ખેખટ તેણ સમે;
ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂઘર,
રંગભર સુંદર નાથ રમે. ૩
ધમ ધમ અતિ ઘમક ઠમક પદ ઘૂઘર,
ધમ ધમ ક્રમ સમ હોત ધરા;
ભ્રમ ભ્રમ વત વિષમ પરિશ્રમ વત ભ્રમ,
ખમ ખમ દમ અહિ વિક્રમ ખરા.
ગમગતિ અતિ અગમ નિગમ ન લહત ગમ,
નટવટ રમ ઝમ ગમ મનમેં;
ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂઘર,
રંગભર સુંદર નાથ રમે. ૪
ગત ગત પર ઉગત તુગત નૃત પ્રિયગત,
રત ઉનમત ચિત્ત વધત રતિ;
તત પર ધૃત નચત ઉચરત મુખ થૈતત,
આવૃત્ત અત ઉત ભ્રમત અતિ.
ધિધિતત ગત બાજત મૃદંગ સૂર ઉધધત,
ક્રમભત નરતત અતંત ક્રમે;

ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂઘર,
રંગભર સુંદર નાથ રમે. ૫
થનગન તન નચત પવન પ્રચલન તન,
સુમન ગગન ધૂન મગન સુરા;
મન મન વર શ્રીહરિ પ્રસન્ન ધન તન મન,
ધન ધન વન ધન તાસ ધરા.
વિસરે તન ભાન ખાન પાન વિધિ,
ગાન તાન જેહિ કાન ગમે;
ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂઘર,
રંગભર સુંદર નાથ રમે. ૬
ઢળ ઢળ રંગ પ્રગળ અઢળક જન પર ઢળ,
ઝળ ઝળ અનકળ તેજ ઝરે;
ખળ ખળ ભૂજ ચૂડ ચપળ અતિ ખળકત,
નાથ કતોહળ પ્રબળ કરે.
વળ વળ ગળ હસ્ત તુમળ ચળ ચિતવળ,
જુગલ જુગલ પ્રતિ રંગ જમે;
ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂઘર,
રંગભર સુંદર નાથ રમે. ૭
સરવસ વસ વસ મોહ દરસ સુર થિત શશી,
અરસ પરસ ત્રસ ચરસ અતિ;
કસ કસ પટ હુલસ વિલસ ચિત્ત આક્રસ,
રસબસ ખુશ હસ બરસ રતિ.
દ્રશ નવરસ સરસ ભયો બ્રહ્માનંદ,

અનરસ મનસ તરસ અથમે;
ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂઘર,
રંગભર સુંદર નાથ રમે. ૮

**છપ્પય**

રમત મનોહર રાસ, સદા સુખવાસ સ્વતંતર;
પ્રબલ સંતજન પાસ, કમળ આભાસ શશીકર.
વિહરત કરત વિનોદ, મોદ અંતર નહિ માવે;
અરસ પરસ એકતાર, દરશ નવરસ દરસાવે.
સુખરૂપ સદા; અશરણ શરણ, ફના કરણ ભવ ફંદકે;
સંત સાથ સદા ખેલન સહી, નાથ સો બ્રહ્માનંદકે. ૯

## ૨૫૮. ઘનશ્યામાષ્ટક

### સવૈયા

સાહ ભયો ઉમરાહ ભયો પતસાહ ભયો જગશિષ નયો હે,
રાગી ભયો બડ ભાગિ ભયો વિતરાગિ ભયો વન જાય રહ્યો હે;
માની ભયો નિરમાની ભયો પરમાનિ ભયો જસવાસ લયો હે,
બ્રહ્મમુનિ ઘનશામકો આશ્રય જો ન ભયો તો કછુ ન ભયો હે. ૧
નારી મિલી ફૂલવારી મિલી જુ અટારી મિલી મહીં કાચ ઢળ્યો હે,
પુત મિલે ઘર સૂત મિલે બહુ દૂત મિલે નિજ બેન પલ્યો હે;
ખાંન મિલે અરુ પાન મિલે સનમાન મિલે કહું ભાગ્ય ખૂલ્યો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો આશ્રય જો ન મિલ્યો તો કછુ ન મિલ્યો હે. ૨
ભોગ લિયો રુ ઉદ્યોગ લિયો તન જોગ લિયો બિનરોગ જિયો હે,
જાન લિયો કહુ તાન લિયો બહુદાન લિયો જગરાજ કિયો હે;
બાજ લિયો ગજરાજ લિયો સબ સાજ લિયો જસ ગાજ રિયો હે,
બ્રહ્મમુનિ ઘનશામ કો આશ્રય જો ન લિયો તો કછુ ન લિયો હે. ૩
ત્યાગી બન્યો અનુરાગી બન્યો બડભાગી બન્યો અરિસેન હન્યો હે,
સુર બન્યો મગરૂર બન્યો ધનપૂર બન્યો ચકચૂર સુન્યો હે;
તાલિ બન્યો અરુ ખ્યાલિ બન્યો સુખ પાલિ બન્યો બડ ભાલી ગન્યો હે,
બ્રહ્મમુનિ ઘનશામ કો સેવક જો ન બન્યો તો કછુ ન બન્યો હે. ૪
ધામ કિયો કહું કામ કિયો જગનામ કિયો જસ વ્યાપ રિયો હે,
દાન કિયો સનમાન કિયો અભિમાન કિયો કરકે ઝૂકિયો હે;
દાવ કિયો બહુ ભાવ કિયો ઠહરાવ કિયો બહુ રાજ લિયો હે,
બ્રહ્મમુનિ ઘનશામ કો આશ્રય જો ન કિયો તો કછુ ન કિયો હે. ૫

ગીત પઢ્યો જગરીત પઢ્યો નૃપ નિત પઢ્યો તનરંગ ચઢ્યો હે,
ભાસ પઢ્યો અનુપ્રાસ પઢ્યો રસ રાસ પઢ્યો પ્રકાશ દૃઢ્યો હે;
કેદ પઢ્યો બહુ ભેદ પઢ્યો સબ વેદ પઢ્યો પઢી માન બઢ્યો હે,
બ્રહ્મમુનિ ઘનશામ કે નામકું જો ન પઢ્યો તો કછૂ ન પઢ્યો હે. ૬
દેશ ગયો પરદેશ ગયો ઘર ભેષ ગયો ચહુ ધામ રયો હે,
કાશી ગયો અરુ નાસી ગયો તન ઘાસી ગયો અતિ પંથ ભયો હે;
સોક ગયો સૂરલોક ગયો વિધિલોક ગયો મન રોક ઠયો હે,
બ્રહ્મમુનિ ઘનશામ કે આશ્રય જો ન ગયો તો કહું ન ગયો હે. ૭
જાગ કર્યો પુન્ય ભાગ કર્યો સબ ત્યાગ કર્યો કહુ રાગ ધર્યો હે,
ન્યાસ કર્યો ઉપવાસ કર્યો વનવાસ કર્યો તહાં પ્યાસ મર્યો હે;
જાપ કર્યો સૂર થાપ કર્યો સુવિલાપ કર્યો તન તાપ પર્યો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો આશ્રય જો ન કર્યો તો કછુ ન કર્યો હે. ૮

## ㊉ ૨૫૯. માયાપંચક

### છપ્પય

કૌ કરત અપવાસ, કોઉક અંન ખાત અલુંના;
કોઉ ખાત ફલ કંદ, કોઉ બોલત કોઉ મુંના.
કોઉ ઠાઢે તપ કરત, કોઉક ઊંધે શિર ઝૂલે;
મનકૃત કું સત્યમાન, મોક્ષ મારગર્સે ભૂલે.
વાસના હૃદે ત્યાગે વિના, વિફ્લ કરત વનવાસ હે;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ માયા કે દાસ હે. ૧

**અર્થ:** કોઈ ઉપવાસ કરે, મીઠા વગરનું ભોજન જમે, કોઈ કંદમૂળ–ફળ જમે, કોઈ ઉપદેશ કરે, કોઈ મૌન ધારણ કરે, કોઈ ઊભા પગે તપ કરે, કોઈ ઊંધા માથે લટકી રહે, એ રીતે મનથી નક્કી કરેલું સાચું માની મોક્ષ મારગ ભૂલ્યા છે. હૃદયમાંથી વાસના નિર્મૂલ કર્યા વગરનો વનવાસ કરવો તે વિફલ કહેતાં અર્થ વગરનો છે. સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી કહે છે કે પ્રગટ ભગવાનનો આશરો નથી તે સર્વે માયાના દાસ છે. ૧.

જડિયાં બૂટી જોય, કોય કીમિયા બનાવે;
કાહુકે વસ વીર, કોઉ સમસાન જગાવે.
કોઉક નાગા ફિરત, કોઉક તાપત નિત ધુંની;
કોઉક મનકી કહત, કોઉ કહે હુઈ રુ હનિ.
ધરી ભેષ ભેદ પાયે બિના, મરત ભૂખ અરુ પ્યાસ હે;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ માયા કે દાસ હે. ૨

**અર્થ:** કોઈ જડીબુટ્ટી દેખાડે, કોઈ કીમિયા કરી બતાવે, કોઈ વીર વશ કરે, કોઈ સ્મશાનમાં ધામા નાખે, કોઈ નિર્વસ્ત્ર

ફરે, કોઈ સતત ધૂણી તાપે, કોઈ મનની વાત કહી દે, કોઈ થઈ ગયેલું અને થવાનું છે તે કહી દે પણ ભેખ ધારણ કરી તે ભેખ ધારણ કરવાનું રહસ્ય ન જાણે તો ભૂખે તરસે મરવાનો વારો આવે છે. સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી કહે છે કે પ્રગટ ભગવાનનો આશરો નથી તે સર્વે માયાના દાસ છે. ૨.

અગ્રી બજ્જિ કરત, ઘોર કોઉ હોત અઘોરી;
કોઉક વાચા સિધ, દેત ધન છોરાછોરી.
કોઉક કરત જલસેન, કોઉક પાવક મહિ પેસે;
કોઉક પીવત પૌન, ગુફા ગિરિવર મહિ બેસે.
પેસંત કોઉક પાતાલમહીં, ઊડત કોઉ આકાશ હે;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ માયા કે દાસ હે. ૩

**અર્થ:** કોઈ અઘોરી બની ભયંકર ગેબી અવાજ કરે, કોઈ વચનસિદ્ધિથી ધન, પુત્ર, પરિવાર આપે, કોઈ પાણી ઉપર સૂઈ જાય, કોઈ અગ્નિમાં પ્રવેશ કરે, કોઈ પવનનું ભક્ષણ કરી જીવે, કોઈ પર્વતની ગુફામાં બેસી રહે, કોઈ પાતાળમાં પેસી જાય કે આકાશમાં ઊડે પણ સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી કહે છે કે પ્રગટ ભગવાનનો આશરો નથી તે સર્વે માયાના દાસ છે. ૩

કરત સરોદા કૂટ, કાલકષ્ઠેનકું બાધે;
ઇડા પિંગલા આદિ, પંચ ભૂતન સ્વર સાધે.
મ્રતક જીવાવત કોય, કોય વિદ્યા સબ જાને;
નિકટ દેખાવત દૂર, દૂર કું નિકટહિ આને.
નવનિધિ અરુ અષ્ટ હિ સિધિ, રહત નિરંતર પાસ હે;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ માયા કે દાસ હે. ૪

**અર્થઃ** કોઈ ભવિષ્ય વિદ્યામાં રાચી રહે. સમય અને દુઃખને બાંધી કાઢે, ઇડા પિંગલા નાડીઓનો અંત પામે. પંચભૂતમાં પ્રવેશી બોલે, મૂએલાં જીવતાં કરે, બધા જ પ્રકારની વિદ્યા જાણે, નજીકમાં હોય તેને દૂરનો ભાસ કરાવે, દૂર હોય તેને નજીકમાં દેખાડે, અષ્ટસિદ્ધિ ને નવનિધિ હંમેશાં પાસે રહેતી હોય તો પણ સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી કહે છે કે પ્રગટ ભગવાનનો આશરો નથી તે સર્વે માયાના દાસ છે. ૪.

કરામાત કોઉ કરત, કોઉક જગ સિદ્ધ કહાવે;
કોઉક સાધત કલ્પ, જીરણ જોબન દરશાવે.
કોઉ હિમાલય ગલત, કોઉક ગિર વરતે ગિરહી;
કોઉક કાશી જાય, ધારિ કરબત શિર મરહી.
મુખ ચાર વેદ અરુ શાસ્ત્ર ષટ, અહો નિશ રખત અધ્યાસ હે;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ માયા કે દાસ હે. ૫

**અર્થઃ** કોઈ કલ્પનામાં ન આવે તેવી કરામતો કરે, કોઈ આખા જગતમાં સિદ્ધ ગણાતો હોય, કોઈ હજાર યુગના સમય સુધી સાધના કરે, કોઈ ઘરડાને જુવાન કરી બતાવે, કોઈ હિમાલયમાં હાડ ગાળે, કોઈ પર્વત ઉપરથી પડે, કોઈ કાશી જઈ શિર પર કરવત મુકાવે ને મરી જાય, કોઈ ચાર વેદ, છ શાસ્ત્ર, મુખપાઠ કરી રાત્રિ-દિવસ અધ્યાસ કરે તો પણ સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી કહે છે કે પ્રગટ ભગવાનનો આશરો નથી તે સર્વે માયાના દાસ છે. ૫.

## ⊛૨૯૦. ષટદર્શન

### સાખી

દેખ્યા સબ દુભિયાનમેં, ષટ દરશનકું ખોજ;
વર્ણાશ્રમ વેવાર કે, સબ ડોલત લે બોજ. ૧

**અર્થ:** દુનિયા આખીના બધા જ પંથ એટલે કે છએ છ દર્શનોને ગોતી ગોતીને બ્રહ્માનંદ સ્વામીએ બરાબર જોયા, પણ તે સર્વે પોતપોતાના વર્ણ અને આશ્રમના વ્યવહારનો ભાર ઉપાડીને ભમે છે. ૧.

પંડિત સન્યાસી પ્રસિધ, જોગી જંગમ જાન;
શેખ ભક્ત અરૂ સેવડા, સબમેં ખેચાતાન. ૨

**અર્થ:** પંડિત (બ્રાહ્મણ), સન્યાસી, જોગી, જંગમ જે શિવના ઉપાસક, શેખ ભક્ત જે ફકીર અને શેવડા એટલે જૈનના ગોરજી- તે સર્વે પોતાના મતનું પ્રતિપાદન કરવા ખેંચતાણ કરે છે. ૨.

આંટી છૂટે ન અંતરે, મિટે ન મનકા ખેદ;
કામ ક્રોધ મદ લોભ વશ, વક્તા શ્રોતા વેદ. ૩

**અર્થ:** તેઓ ગમે તેટલા વેદ (શાસ્ત્રો) વાંચે કે સાંભળે પણ તેમના અંતરની આંટી છૂટતી નથી કે મનનો ઉચાટ મટતો નથી ને કામ, ક્રોધ, મદ, લોભ આદિ અંતઃશત્રુઓને વશ જ વર્તે છે. ૩.

### છંદ ત્રિભંગી

ભટ વેદ પઢંદા સંધ્યા વંદા કર્મન ફંદા ઉર્ઝંદા;
ૐકાર જપંદા મુન્ય રહંદા અંતર મંદા મુર્ઝંદા.
પુની કથા કહંદા લોક ઠગંદા વિકલ ફીરંદા વર્તંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૧

**અર્થ:** બ્રાહ્મણ (પંડિત) વેદ ભણે છે, સંધ્યાવંદન કરે છે એમ કેવળ કર્મજાળમાં ફસાયેલા રહે છે. કોઈ ૐકાર મંત્રનો જપ કરે છે તો કોઈ વળી મૌનવ્રત રાખે છે, પણ તે સૌનાં અંતર તો મૂંઝવણથી ભરેલાં જ છે. વળી કથા-વાર્તા કરી લોકોને ઠગે છે અને ધન રળવા માટે આકુળ-વ્યાકુળ થઈ ફરે છે. એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૧.

સંન્યાસ સહૂતા ખિન ન થરુતા ફિરત વગુતા જગ ખૂતા;
માયાકે પૂતા નગન રહૂતા ધરન વિભૂતા ધન ધૂતા.
ભૈરવ અરુ ભૂતા જપત સંજૂતા રંડિ રૂતા નતરંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૨

**અર્થ:** જે સન્યાસી છે તે જગવ્યવહારમાં ખૂંચીને વગોવાતા ફરે છે તેથી તેમના મન ક્ષણ માત્ર પણ સ્થિરતાને પામતાં નથી. તેઓ નિર્વસ્ત્ર રહી અંગે ભસ્મ ચોળે છે પણ ધનના ધૂતનારા છે. આમ માયાના પૂત કહેતા દાસ છે. તેઓ ભૈરવ અને ભૂતની મંત્રસાધના કરે છે ને વેશ્યાઓના મોહપાશમાં જકડાયેલા રહે છે. એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૨.

જગ કાવત જોગી સબ વિધિ ભોગી અંતર રોગી અઘ ઓઘી;
મદ્ય માંસ ભખોગી ભૂત જપોગી લજ્યા ખોગી કામોગી.
તન કાન ફટોગી બેસુધ્ય હોગી ફરત હે પૂંગી ફૂંકંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૩

**અર્થ:** જગતમાં જે જોગી કહેવાય છે તે ખરેખર તો બધી જ રીતના ભોગી હોય છે. તેમના અંતઃકરણ વિષયરાગના રોગથી પીડિત હોય છે તેથી ઢગલાબંધ પાપકર્મ કરે છે. તેઓ મદ્ય (દારૂ) અને

માંસનું ભક્ષણ કરે છે, ભૂતનું ભજન કરે છે અને કામાતુર થઈ સમાજમાં લાજ-આબરૂ ખોવે છે. તેઓ શરીરના કાન આદિ અંગો ફડાવે છે અને ચૂંગી-ચલમ ફૂંકતા ફૂંકતા અર્ધ બેભાન અવસ્થામાં ફર્યા કરે છે. એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૩.

અરુ જંગમ કહાવે લિંગ લટકાવે ઘંટ બજાવે શિવ ગાવે;
પુનિ ભીખ મંગાવે પૈસા પાવે ત્રપત ન આવે તન તાવે.
ફિર શ્વાન ભસાવે લોક હસાવે ભેખ લજાવે ભરમંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૪

**અર્થઃ** અને જે જંગમ છે તે શિવના લિંગ લટકાવી, ઘંટ બજાવીને શિવના ગુણ ગાતા ફરે છે. તેઓ ભીખ માંગી પૈસા ભેગા કરે છે તો પણ તૃપ્તિ થતી નથી તેથી શરીર તપાવે છે. તેમનો વેષ જોઈ કૂતરાં તેમના પર ભસે છે અને લોકો તેમના પર હસે છે. આમ ભરમાએલા એવા તે પોતાના ભેખને લજાવે છે. એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૪.

અરુ ફકિરા ફરતા કલમા ભરતા અંતર જરતા નહિ ઠરતા;
જીવનકું મરતા સંક ન ધરતા જું હર કરતા નહિ ડરતા.
બોલત બરબરતા કંઠ હુકરતા પછીમ ધરતા ઘૂમંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૫

**અર્થઃ** જે ફકીર બનીને ફરે છે તેઓ બહારથી કલમા ભણે છે પણ તેમના અંતરમાં શાંતિ નથી થતી પણ બળતા રહે છે. તેઓ જીવ હત્યા કરતા જરા પણ વિચાર નથી કરતા. જેમ શિવ સંહાર કરે છે તેમ સંહાર કરતા ડરતા નથી. તેઓ કંઠ ઘોઘરો કરીને અસભ્ય વાણી

બબડ્યા કરે છે અને તેમની નજર હંમેશાં અંધકાર તરફ એટલે કે પશ્ચિમ તરફ જ હોય છે. એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૫.

આખત અરિહંતા જંતા જંતા કર્મ કથંતા ભરમંતા;
વિષયે વરતંતા કંચન કાંતા, અંતર શાંતા નહિ અંતા.
અરુ કર્મ કરંતા નહિ ડરપંતા નહિ ભગવંતા ઉચરંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૬

**અર્થઃ** અને જતીઓ જે જૈન મુનિઓ તે અરિહંત અરિહંત બોલ્યા કરે છે. તેઓ દરેક ક્રિયામાં જંતુ મરશે, જંતુ મરશે એમ કહી કર્મનું પ્રધાનપણું જણાવી લોકોને ભરમાવે છે. તેઓ વિષયાશક્ત વર્તે છે અને કંચન-કામિનીના ચિંતવનથી અંતઃકરણમાં શાંતિ પામતા નથી. તેઓ ભગવાનનું નામ લેતા નથી અને ભગવાનથી ડરતા નથી. એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૬.

કહાવત વૈરાગી લુબધ્યા લાગી અંતર આગી ત્રિયરાગી;
જ્યાલા વિષ જાગી માયા પાગી અકલ વેકાગી નિર્ભાગી.
બાંધત ઘર બાગી લજ્યા ત્યાગી ધન અરુ ઢાંગી ધારંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૭

**અર્થઃ** જે વૈરાગી કહેવાય છે તે ખરેખર તો મહાલોભી હોય છે. સ્ત્રી વિષેના રાગને લીધે તેમનાં અંતર બળતાં હોય છે. પંચવિષયની આગથી પીડાતા ને માયામાં ગળાડૂબ રહેતા હોવાથી તે અભાગીઓની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગયેલી હોય છે. તેઓ ઘર-વાડી બનાવે છે ને નિર્લજ્જ થઈ ધન ભેગું કરે છે ને વૈરાગી હોવાનો ઢોંગ કરે છે. એમ સદ્‌ગુરુના

બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૭.

ભક્તિકે ભગલા બાત ન ફગલા અંતર દગલા વિષ ઢગલા;
દેખત ટગટગલા ડોલત નગલા થિરઠવ પગલા જગ ઠગલા.
બાહર ગતી બગલા અંતર કગલા વાકા સંગલા છાંડંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૮

**અર્થ:** ભક્તિનો આડંબર કરનારા ને વાતવાતમાં છકી જનારાનાં અંતર દગાવાળાં હોય છે. તેઓ વિષયના ઢગલાસમ હોય છે. વિષય લોલુપ્ત નજરે સ્ત્રીઓને જોનારા ને નિર્વસ્ત્ર થઈ ડોલનારા સ્થિર ને ઠાવકાં પગલાં ભરીને લોકોને છેતરે છે–ઠગે છે. આમ જેઓ બહાર બગલા જેવા સ્વચ્છ હોવાનો દંભ કરતા હોય પણ અંતરથી કાગડાની જેમ ગંદકીનો ભંડાર હોય એવાનો સંગ કરવો જોઈએ નહિ. એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૮.

ગલ ધારત માલા અંતર કાલા વિષે બિહાલા ચિત ચાલા;
મજબૂત મસાલા ત્રપત રસાલા ઠાકુર થાલા પંડપાલા.
મન ક્રોધ કરાલા જરત જંજાલા અંતર ઠાલા મુઝંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૯

**અર્થ:** ગળે માળા ધારણ કરે પણ અંતર કાળુ હોય વિષયરાગથી પીડાઈને બેહાલ થયા હોય ને ચિત્ત ચંચળ હોય એવા જનો ઠાકોરજીના થાળને બહાને ભરપૂર મસાલાએ યુક્ત રસીલી વાનગીઓથી પોતાની રસલોલુપતા પોષે છે. એવા જનોના અંતરમન ક્રોધાવેશમાં ચૂર હોય છે અને તેઓ માયારૂપી સંસાર જાળમાં બળતા થકા જ્ઞાનરહિત શૂન્યમનસ્ક એવા અંતરમાં મૂંઝાતા હોય છે.

એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૯.

વૈરાગાં ઝંડિ દેખત ભંડી, આતમ ખંડી કર્મકંડી;
ઉર જડતા ઊંડી મમતા મંડી ટીલા ટુંડિ પાખંડી.
રાખત ઘર રંડી સબ વિધિ છંડી પથરા પિંડી પૂજંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૧૦

**અર્થ:** બિભત્સ ચેનચાળા કરી લોકોને હસાવનારા ભાંડ જેવા વૈરાગીનાં ઝુંડ ફરતા હોય છે તેઓ આત્મજ્ઞાનનું ખંડન કરીને કેવળ મિથ્યા કર્મકાંડમાં લાગેલાં હોય છે. તેઓના અંતર અજ્ઞાનરૂપ જડતાથી ઘેરાયેલાં છે તેથી પોતાની હઠ છોડી નથી શકતા ને ટીલાં-ટપકાં કરી પાખંડ કરે છે. તેઓ બધા જ વિધિ-નિષેધનો ભંગ કરી ઘરમાં વેશ્યાને રાખીને પથરા-પિંડીને પૂજે છે (વ્યભિચારી કે વ્યસની પૂજનારા હોય ત્યાં દેવ રહે નહિ ને જેમાં દેવનો વાસ ન હોય તે પથ્થર સમ છે) એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૧૦.

નાવત જલ નિકા ધારત ટીકા ગલ કંઠિકા તૂલસીકા;
અરુ મિઠા જીયકા કપટી હિયકા નાહિન ઠીકા મુરઘીકા.
બાના હરજીકા વીકલ બિલિકા કિંકર ત્રિયકા વિષકંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૧૧

**અર્થ:** જેઓ શુદ્ધ પવિત્ર જળમાં સ્નાન કરે, કપાળમાં ટીલાં કરે અને ગળામાં તુલસીની કંઠી રાખે તેઓ જીભના મીઠા હોય છે પણ અંતરથી કપટી હોય છે અને જેમનું વર્તન મરઘીનાં બચ્ચા જેવું હોય છે. જે હરિનું નામ આગળ ધરીને બિલાડીની જેમ વિકળ થઈ ફરે છે.

એવા લોકો સ્ત્રીના ગુલામ હોય છે અને પંચવિષયનાં મૂળ હોય છે. એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૧૧

ભેષન કે ધારી સબમેં ખ્વારી અંતર ભારી અહંકારી;
બોલત મુખ ગારી રાખત નારી માયા યારી વ્યાપારી.
જબ મંગલકારી ગુરુ મિલ્યારી ભ્રમના ટારિ જગ ફંદા;
સદ્‌ગુરુકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબ હંદા. ૧૨

**અર્થ:** આમ બહારથી સાધુનો વેષ ધરનારા બધી રીતે ખુવાર થયેલા હોય છે, છતાં તેમનાં અંતર અહંકારથી ભરેલાં હોય છે. તેઓ ગાળો બોલે છે, સ્ત્રીઓનો સંગ રાખે છે, માયા કહેતા ધનના યારી હોય છે ને વહેપાર પણ કરે છે, પણ જ્યારે સાચા કલ્યાણકારી ગુરુ મળે ત્યારે જગતના ફંદરૂપી ભ્રમણા ટાળી દે છે એમ સદ્‌ગુરુના બંદા એવા બ્રહ્માનંદ સ્વામી સર્વેની જેમ છે તેમ સાચી વાત કહે છે. ૧૨.

### છપય

ગુરુ પૂરન અદ્વૈત મિલે જબ ભર્મ મિટાયે;
ગુણાતીત દે જ્ઞાન અસત અગ્યાન નસાયે.
કરુણાસિંધુ કૃપાલ હાથ જબ સિર પર દીને;
કાલ વ્યાલ વિકરાલ તાહિસેં નિર્ભય કિને.
સંસાર વિધન સબ મેટકેં પાર કિયા ભવ ફંદસેં;
કહે બ્રહ્માનંદ મમતા ટરી સદ્‌ગુરુ સહજાનંદસેં.

**અર્થ:** જો પૂર્ણતાને પામેલા ને અદ્વિતીય એવા ગુરુ મળે તો બધા જ ભ્રમ ટાળી, માયિક ત્રણ ગુણથી પર એવા સર્વોપરી પરમાત્માનું જ્ઞાન આપી અસત્ય ને અજ્ઞાનનો નાશ કરે છે. કરુણાના સાગર કૃપાળુ

જ્યારે શિર પર હાથ મૂકી શરણમાં લે છે ત્યારે કાળરૂપી વિકરાળ સર્પથી નિર્ભય કરે છે. સંસારનાં બધાં જ વિઘન દૂર કરી ભવ ફંદથી પાર ઉતારે છે. આમ બ્રહ્માનંદ સ્વામી કહે છે કે સદ્‌ગુરુ શ્રી સહજાનંદ સ્વામીની કૃપાથી બધી મમતા ટળી જાય છે.

## ⊛૨૬૧. સાર અસારકો અંગ

શ્રીરંગ કહે બે અદલ વાત કહું એક વિવેક વિચાર કી,
જવ તિલ ભર નહિ જૂઠ હોન ભવ પારકી;
સત્યકું નિંદ્યા સમઝ ક્રોધ મત કીજિયો,
હરહાં શ્રીરંગ તાલ અદલ તેહેકિક ધાર ઉર લીજિયો. ॥ ૧ ॥

દધિ મથ ઘ્રતકું લેછી છાસ તજી દીજિયે,
છલકા દૂર બિહાયકે ચાવલ લીજિયે;
એસેં સાર અસાર જગતમેં જાનિયે,
હ૦ અસત સો ચિત્ત વિસરાય સત્યકું માનિયે. ॥ ૨ ॥

સમઝાવત હું રીત સો સાર અસારકી,
યાકું નિંદા સમઝત સો નરનાર કી;
સચ્ચી મોહર સરાફ પરખકેં લહત હે,
હ૦ એસે સમઝુ સંત બાત સત્ય કહત હે. ॥ ૩ ॥

સત્ય કું કહિયે અસત સો નિંઘા જાનિયે,
અસત્ય સત એક તોલ ન કહિયે બાંનિયે;
જાકું જેસા કહત જથારથ બાત હૈ,
હ૦ સારાસાર વિવેક ગ્રંથ સબ ગાત હે. ॥ ૪ ॥

ચોર ચોરકી બાત કહે કુન બાહેરી,
જબ દેખે શાહુકાર કરે તબ જાહેરી;
ષટ દર્શન ભએ એક સો વિષે વિચાર કે,
હ૦ જાકું સત્‌ગુરુ બાલ કહત પોકારકે. ॥ ૫ ॥

સબે ત્રિયા નહિ સતી સબે નહિ શૂર હે,

પારસ સબ પાષાન કહે સો કૂર હે;
ટકે શેર સબ એક વસ્તુ નવ તોલિયે,
હ૦ સબે ભેષ નહિ સંત સત્ય મુખ બોલિયે. ॥ ૬ ॥

સાંઈયા પ્યારા સત્ય અસત્ય ન ભાખહું,
વરણ આશ્રમ વેવાર કામ નહિ રાખહું;
સુખ માનો વા દુઃખ ફરક નહિ દોયસે,
હ૦ રાજી ચહિયે શ્રીહરિ કામ ક્યા કોયસે. ॥ ૭ ॥

## ㊉૨૬૨. ગુરુદેવકો અંગ

ગુરુ દેવનકે દેવ અભેવ અખંડ હે,
ઇનહીકે આધાર પીંડ બ્રહ્માંડ હે;
તારણ જંત અનેક જનુંકી ટેક હે,
હરહાં શ્રીરંગ એસે પરમ દયાલ જકતમેં એક હે. ॥ ૧ ॥

શ્રીરંગ કહે બે ગુરુ પૂરણ અદ્વિત દ્વિત નહિ દેખિયેં,
વિશ્વાધાર અપાર ઉદાર વિશેષિયેં;
અનભે વચન સુનાય બતાવત આપકું,
હ૦ અવિચલ સો ગુરુ કરત હરત ત્રય તાપકું. ॥ ૨ ॥

સદ્ગુરુ શબ્દાતીત પરમ પરકાસ હે,
જાકે શરણ જાય અવિદ્યા નાશ હે;
દેહ ગેહ મન દામ અસિકું દીજિયે,
હ૦ સબ મત સબ જગ જોય સોય ગુરુ દીજિયે. ॥ ૩ ॥

ગુરુ ગોવિંદ દૌ નામ વસ્તુ તો એક હે,
જાને સંત મહંત વિશાલ વિવેક હે;
ભય ટાલત મન શોક મિટાવત કર્મકું,
હ૦ સો ગુરુ સત્ય સ્વરૂપ મિલાવત પર્મકું. ॥ ૪ ॥

અનહદ અકલ અપાર ગુરુગુન ગ્રામ હે,
ધ્રસ થાપન જગ ધ્યેય સદા સુખધામ હે;
આપત જ્ઞાન અખંડ સુ કાપત આપદા,
હ૦ સો ગુરુદેવ અભેવ અવિચલ હે સદા. ॥ ૫ ॥

કરુણા સિંધુ કિપાલ સોઈ ગુરુ દેવ હે,

સુરનર મુનિવર શરણ ચર્ણ નિત સેવ હે;
નરતનુ ધર નિત નેમ જગતમેં વિચરે,
હ૦ અપના તન કુરબાન એસેં ગુરુ ઉપરેં. ॥ ૬ ॥

ગુરુ ગુન અનંત અપાર પાર નહિ પાવહીં,
શારદ નારદ શેષ સબે જસ ગાવહીં;
કામ ક્રોધ મદ મોહ મહા દુઃખ દ્વંદસેં,
હ૦ સમરથ સો ગુરુ દેવ છુટાવે ફંદસેં. ॥ ૭ ॥

સદ્‌ગુરુ કે પરતાપ પરમ પદ પાઇયેં,
જન્મ મરન જંજાલ સબે વિસરાઇયેં;
અવિગત અચલ અરૂપ અનંત અકામ હે,
હ૦ સંતનકા ગુરુ શિવ સકલ જગ સામ હે. ॥ ૮ ॥

સદ્‌ગુરુ શબ્દ સુનાય બતાવે નાથકું,
મોહ મદ લોભ મીટાય હઠાવત કામકું;
જડ દુઃખ મિથ્યા જાન અસાર અનાત્મા,
હ૦ દિલમેં સો ગુરુ દરશ પરસ પરમાત્મા. ॥ ૯ ॥

સદ્‌ગુરુ શબ્દાતીત અદ્વિત અભેદ હે,
ત્રિભુવન તારન તરન હરન ઉર ખેદ હે;
અનભે ગ્યાન અખંડ વિગ્યાન વિશેકતા,
હ૦ વા ગુરુ કી બલહાર કરે બ્રહ્મ એકતા. ॥ ૧૦ ॥

સદ્‌ગુરુ મિલે સુજાન તો સાધન સબ ભયા,
જ્યું પારસમણિ પાય કનકકા શ્રમ ગયા;
અન તૃપ્તિ જ્યું એક વિવેક વિચારિયેં,

હ૦ સદ્દગુરુ ચરણ સરોજ સદા ઉર ધારિયેં. ॥ ૧૧ ॥

જગત ગુરુ જગદીશ મિલે જબ જંતકું,
તન સબ તાપ નશાય આય ભવ અંતકું;
જાકે વચન પ્રતાપ તિમિર અઘ ત્રાસહીં,
હ૦ અંતર આત્મ અકલ અખંડ પ્રકાશહીં. ॥ ૧૨ ॥

ગુરુ સમ દાતા નાહિ જગતમેં ઓર જું,
દીયા પરમ પદ દાન અખંડિત ઠોર જું;
જન્મ મરણ જંજાલ મિટે સબ જીવકા,
હ૦ સદ્દગુરુ સરજણહાર સો કારણ શિવકા. ॥ ૧૩ ॥

જાહિ મિલે ગુરુદેવ કીએ જગદીશમેં,
ઔર સબે મતપંથ અલુઝે રીશમેં;
રયા ન ઘરમેં બેસ ગયા નહિ ધામકું,
હ૦ સદ્દગુરુ બિન જગતમાહીં ન પાવે શ્રી ઘનશ્યામકું. ॥ ૧૪ ॥

ભઈ ગુરુસેં ભેટ સો પૂરણ પુન્યસેં,
અંતર ભયા ઉજાસ તિમિર ગયે તનસેં;
ઓર સબે ઉપાદ્ધ મીટાઈ અંગસેં,
હ૦ પાયે પદ નિવારણ સો સદ્દગુરુ સંગસેં. ॥ ૧૫ ॥

બાવન બાહર બૂઝ ગૂઝકું ગહિ સકે,
અનહદ અકલ અભેદ વેદ બિ તહાં થકે;
મન વાણીકે પાર ધાર તનુ ફિરત હે,
હ૦ હરિગુરુ રૂપે હોય કર્મકું હરત હે. ॥ ૧૬ ॥

ધન ધન્ય જાકે ભાગ જનુવે ગુરુ મિલે,

અનંત જન્મ અઘઓઘ તરત છિનમેં ટલે;
ભરમ કરમ જંજાર સબે દિલ ભાગિયા,
હ૦ સદ્‌ગુરુ શબ્દે ચિત લક્ષમેં લાગિયાં. ॥ ૧૭ ॥

સદ્‌ગુરુ જગમેં એક તાહિ પહેચાનસી,
મહામુક્ત પદ મોજ સોઈ જન માનસી;
ઓર વાતનકે પકબાન કિયે કહા હોત હૈ,
હ૦ ડાંભ ફૂંક દેનાર ગુરુ જગમેં બોત હે. ॥ ૧૮ ॥

શારદ નારદ શેષ મહેશ્વર દેવતા,
સદ્‌ગુરુ ચરણ સરોજ રહે સબ સેવતા;
મહિમા અનંત અપાર પાર નહિ પાવહીં,
હ૦ સદ્‌ગુરુ મિલે સુગમ તે અગમ ઘર જાવહીં. ॥ ૧૯ ॥

સર સર હંસ ન હોય ન તરુ તરુ ચંદના,
પારસ સબ પાષાણ હોત નહિ કુંદના;
ઘર ઘર ગુરુ ન હોય સમઝકેં લીજિયે,
હરહાં શ્રીરંગ સહજાનંદ સુજાન ચરણરસ પીજિયે. ॥ ૨૦ ॥

## ⊛૨૬૩. સંતકો અંગ

એસે સંત ખરે જગમાહીં ફિરે નહિ ચાહત લોભ હરામકું જી,
સદા શીલ સંતોષ રહે ઘટ ભીતર કેદ કિયે ક્રોધ કામકું જી;
અરુ જીભ હુસેં કબુ જૂઠ ન ભાખત ગાંઠ ન રાખત દામકું જી,
બ્રહ્માનંદ કહે સત્ય વારતાકું સંત મિલાવત ઘનશ્યામકું જી. ૧
નિષકામ સદા ઘનશ્યામ રિઝાવન દામ રૂ વામસેં દૂર હે જી,
લવલેશ નહિ જાકે લોભહુકા નહિ કામ ન ક્રોધ ન કૂર હે જી;
મન પ્રાન ઇન્દ્રીન કે મામલે સેં હઠે નાંહિ પિછા એસા શૂર હે જી,
બ્રહ્માનંદ કહે સત વારતાકું એસે સંતસેં નાથ હજૂર હે જી. ૨
તિન તાપકી ઝાલમેં નાહિ તપે આંટી છોડતા જીવ અનંત હે જી,
સદા શીલ સંતોષ હિ અંગ શોભે અછિ જાનતા બાત એકાંતકી જી;
રસબસ રહે ઘનશ્યામ મેં સબે જાનતા રહસ્ય સિદ્ધાંતકી જી,
બ્રહ્માનંદ કે વાર હજાર મેં તો બલિહારિ જાઉં એસે સંતકી જી. ૩
ધન્ય ભાગ્ય બડે જગમાંહિ જાકે એસે સંતહુસેં ઓલખાન હે જી,
ઇન્દ્રિયાંકું લગાય સ્વરૂપહુંમેં કિયે કેદહુંમેં મન પ્રાન હે જી;
હરિ સાથ રહે લયલીન સદા કરી પ્રીત પ્રગટ પ્રમાન હે જી,
બ્રહ્માનંદ દાસ ઘનશ્યામહુકે એસે જગમેં સંત સુજાન હે જી. ૪
અબધૂત સદા અલમસ્ત રહે કહે બાત સદા કિરતારકી જી,
કાલ વ્યાલ કે દાવસેં નાંહિ ડરે છુવે નાહિન ઝાલ સંસારકી જી;
લયલીન સ્વરૂપમેં લક્ષ રહે તાકું પક્ષ નહિ નિજ પારકી જી,
બ્રહ્માનંદ કહે જીવ આય મિલે ખેલે ચોટ સદા નિરધારકી જી. ૫
એસે સંત મિલે કમી કાહુ રહી સાચી શીખવે હરિકી રીતકું જી,
પરાત્પર સોઈ પરિબ્રહ્મ જામે ઠહરાત હે જીવકે ચિત્તકું જી;
દૃઢ આસન સાધકેં ધ્યાન ધરે કરે ગ્યાન હરિજી કે ગીતકું જી,

બ્રહ્માનંદ કહે એસે સંત મિલે પ્રભુ સાથ બઢાવત પ્રીતકું જી. ૬
જ્ઞાતિ ચારણ ઓડક આસિયુંકી આબુ છાંય ભયો ખાણ ગામમેં જી,
તાકે નામ શંભૂદાન તાતહુકો માત લાલુબાઈ ધર્યો ઠામમેં જી;
લાડુ મેટકેં શ્રીરંગ નામ ધરયો દોઉ લિન બ્રહ્માનંદ નામમે જી,
ચિત્ત ધાર સહજાનંદ નાથ છબી જગ જીત ગયો નિજ ધામમેં જી. ૭

## ⊛૨૬૪. ધ્યાન ચિંતામણિ

### દોહા

નખ શીખ સુંદર નાથકી, મૂર્તિ મનોહર જોય;
યથાશક્તિ બરનન કરું, ચરન કમલ ચિત પ્રોય. ૧

**અર્થ:** નખથી શિખા પર્યંત સુંદર એવી શ્રીજીમહારાજની મૂર્તિના ચરણારવિંદમાં ચિત્ત પરોવીને મારી શક્તિ પ્રમાણે વર્ણન કરું છું. ૧

પ્રભુ પદ કોમલ જલજવત, ભક્ત ભમરતા પાય;
સુખદ સુગંધી લહત નિત, જુગલ ચરન ચિત લાય. ૨

**અર્થ:** શ્રીજીમહારાજના ચરણ કમળ જેવા કોમળ છે, તેમાં ભક્તજનનાં મન ભમરારૂપે થઈને તે બંને ચરણને ચિત્તમાં લાવીને નિત્ય પ્રત્યે સુખદાયક સુગંધી લે છે. ૨

### છંદ મધુભાર

સોહંત સોય, પ્રિય અધિક મોય;
તેહિ ચિત્ત પ્રોય, વરનું હું દોય. ૧

**અર્થ:** તે ચરણ શોભે છે. તે મને વધારે પ્રિય છે, તેમાં ચિત્ત પરોવીને બન્ને ચરણનું વર્ણન કરું છું. ૧

પદતલ સુઢાર, કોમલ ઉદાર;
ઉર એકતાર, રાખું સમાર. ૨

**અર્થ:** ચરણનાં તળિયાં સારા ઢાળવાળાં છે તે કુમળાં અને ઉદાર છે, તે અંતઃકરણમાં એકતારની રીતે સંભારીને રાખું. ૨

તેહિ મધ્ય ચેન, નિત પ્રીત દેન;
મહિ જોરી નેન, બરનું સો એન. ૩

**અર્થ:** તે ચરણમાં ચિહ્ન છે તે નિત્ય પ્રીતિ આપે એવાં છે. તેમાં દૃષ્ટિ જોડીને સુંદર વર્ણન કરું છું. ૩

પદ દચ્છન માહીં, લચ્છન સોહાહિ;
નવ કહત તાહિ, ઉપમા લજાહિ. ૪

**અર્થ:** જમણા ચરણમાં જે ચિહ્ન શોભે છે તેની સંખ્યા નવ કહેવાય છે, તેને જોતાં સર્વ ઉપમાઓ લાજે છે. ૪

સોહંત સ્રષ્ટ, શુભ કોણ અષ્ટ;
અઘ ઓઘ નષ્ટ, કાટંત કષ્ટ. ૫

**અર્થ:** તેમાં સારું અષ્ટકોણ શ્રેષ્ઠ શોભે છે, તે પાપના ઢગલાનો નાશ કરે છે, અને કષ્ટને કાપે છે. ૫

જવ જંબુ રેખ, શ્રાણિ સ્વસ્તિ પેખ;
નિત દેખ દેખ, દ્રગ સુફલ લેખ. ૬

**અર્થ:** અને જવ તથા જાંબુ અને ઊર્ધ્વરેખા, અંકુશ તથા સ્વસ્તિક દેખાય છે. તે રોજ જોઈને નેત્ર સુફલ થયાં એમ ગણીએ છીએ. ૬

ધ્વજ કુલિશ કંજ, સુંદર સુરંજ;
મદ મોહ ગંજ, અઘ અંધ ભંજ. ૭

**અર્થ:** ધજા, વજ્ર અને કમળ, સુંદર મનોરંજન છે, તે મદ અને મોહને ગંજન કરે છે તથા પાપરૂપી અંધારાને તોડી નાખે છે. ૭

પદ વામ સાત, લચ્છન રહાત;
નિત દિન રાત, મુનિ ચિત લાત. ૮

**અર્થ:** ડાબા ચરણમાં સાત ચિહ્‌ન રહ્યાં છે, તેને મુનિઓ રાત ને દિવસ હંમેશાં મનમાં ધારે છે. ૮

શુભ ધનુષ્ય મીન, ગોપદ પ્રચીન;
લખ કોણ તીન, કર કામ ખીન. ૯

**અર્થ:** તે રૂડું ધનુષ્ય, માછલું અને ગાયનાં પગલાનું ચિહ્‌ન અને ત્રિકોણનું ચિહ્‌ન જોતાં કામાદિકને ક્ષીણ કરી નાખે છે. ૯

નભ કુંભ ચિંદ્ર, શિર ધર ફનિંદ્ર;
મનમેં નરિન્દ્ર, હોવત અનિંદ્ર. ૧૦

**અર્થ:** આકાશનું ચિહ્‌ન, કલશનું ચિહ્‌ન તથા અર્ધચંદ્રનું ચિહ્‌ન જોતાં એવાં ચરણારવિંદ શેષનાગ પોતાના માથા ઉપર ધારણ કરે છે, તેથી પોતાના મનમાં તે નાગનો રાજા અજ્ઞાનરૂપી નિદ્રા તજે છે. ૧૦

શુભ જુગલ ચરન, આનંદ કરન;
જન લેત સરન, ભવ ભીતિ હરન. ૧૧

**અર્થ:** એવાં સારાં બે ચરણ આનંદ કરે એવાં છે, તેનું શરણ જે જન લે તેના ભવનો ભય હરે છે. ૧૧

અંગુલિ રુચિર, ઉર ધરત ધીર;
મુનિ સૂર વીર, ભવ હરત પીર. ૧૨

**અર્થ:** વળી સુંદર આંગળીઓ ધીર પુરુષ અંતઃકરણમાં ધરે છે, તથા મુનિજનની અને શૂરવીરોની ભવની પીડા હરે છે. ૧૨

નખ પંક્તિ દોય, ઝલકંત સોય;
જન જોય જોય, ચિત્રિત હોય. ૧૩

**અર્થઃ** નખની બે પંક્તિઓ છે તે ઝલકે છે, તેને જોઈને હરિજનો વિસ્મિત થાય છે. ૧૩

દચ્છન અંગુષ્ટ, નખ લછન જૂષ્ટ;
પુલકીત પૂષ્ટ, મુનિ જોત સુષ્ટ. ૧૪

**અર્થઃ** જમણા પગના અંગુઠામાં ચિહ્ન પૂજવા યોગ્ય છે, તે (સુષ્ટ) સુંદર જોતાં મુનિજનોનાં શરીર રોમાંચિત થઈને પુષ્ટ થાય છે. ૧૪

ગુલફાં સુ ચાર, વરતુલાકાર;
ઉરવીચ સાર, રખીહૂં ઉતાર. ૧૫

**અર્થઃ** ચારે ઘુંટીઓ ગોલાકાર છે, તેને મારા અંતઃકરણમાં ઉતારીને સારી રીતે રાખીશ. ૧૫

શુભ શુદ્ધ અંગ, નેપુર પ્રસંગ;
નાના સુરંગ, મહીં જટિત નંગ. ૧૬

**અર્થઃ** વળી તે સારા અને પવિત્ર અંગ પર ઝાંઝર છે. તેમાં નાના પ્રકારના રંગનાં નંગ જડેલા છે. ૧૬

ઝાંઝર ઘટિત, ઝનકત ઝટિત;
રત્નેજટિત, ઉપમા હટિત. ૧૭

**અર્થઃ** તે ઝાંઝર સારા ઘાટનાં છે, અને ઝટ ઝટ ઝણકારા કરે છે, તે રત્ને જડેલાં છે અને તેનાથી બધી ઉપમાઓ હઠે છે. ૧૭

જન વ્રંદ જોત, નિત ચિત પ્રોત;
મન મસલુ ધોત, દિલ હોત દ્યોત. ૧૮

**અર્થઃ** હરિજનનાં મંડળ નિત્ય જોઈ જોઈને તેમાં મન પરોવે છે. તેથી મનનો મેલ ધોવાઈ જાય છે, અને અંતઃકરણમાં પ્રકાશ થાય છે. ૧૮.

જંઘા રુ જાનુ, નિત ચિત્ત ઠાનું;
રંભા સમાનું, ઊરુ પ્રમાનું. ૧૯

**અર્થઃ** બે જાંઘો તથા બે ઢીંચણ નિત્ય ચિત્તને ઠરવાનું ઠેકાણું છે અને સાથળ કેળના થંભ જેવા છે. ૧૯

કટિ તટ અમિત, ઉપજાત પ્રીત;
હરલેત ચિત્ત, પટ ચોલ પ્રીત. ૨૦

**અર્થઃ** કેડનો લોક ઘણી પ્રીતિ ઉપજાવે છે. તે ઉપર પીળું પીતાંબર પહેર્યું છે, તે ચિત્તને હરિ લે છે. ૨૦

કાંચી કલાપ, શોભા અમાપ;
હરલેત તાપ, નીત પ્રીત આપ. ૨૧

**અર્થઃ** કંદોરાની રચનાની શોભા અપાર છે, તેના ઉપર પ્રીતિ રાખનારના તાપને હરી.લે છે. ૨૧

નાભિ વ્રતૂલ, સોહત અતૂલ;
ત્વદા પ્રથૂલ, પ્રદ પ્રેમ મૂલ. ૨૨

**અર્થઃ** નાભિ ગોલ છે. તેની શોભા અતુલ્ય છે. તથા દુંદ મોટી છે, તે પ્રેમ ઉપજાવવાનું મૂળ છે. ૨૨

ત્રિવલી સહિત, ઊદર કહિત;
રાજી સુરીત, સોહત અમિત. ૨૩

અર્થઃ અને પેટ ત્રણ વાંટા સહિત કહેવાય છે, તેથી ઊંચે રૂવાંટાંની પંક્તિ સારી રીતની છે તે અપાર શોભે છે. ૨૩

શુભ ઉર ઉતંગ, સુંદર સુચંગ;
દેખંત દંગ, કોટિ અનંગ. ૨૪

અર્થઃ છાતી સારી ઊપડતી છે. તે સુશોભિત અને પવિત્ર છે, તેને જોતાં ક્રોડ કામદેવ આશ્ચર્ય પામે. ૨૪

સ્તન ઊભય સાર, શોભા અપાર;
મુનિ વારવાર, ઉર લેત ધાર. ૨૫

અર્થઃ સારાં બે સ્તનની શોભા અપાર છે, તેને વારે વારે મુનિજનો મનમાં ધારી લે છે. ૨૫

પુનિ ઉર વિલાસ, વૈજંતિ માલ;
નીરખી નિહાલ, મુનિજન મરાલ. ૨૬

અર્થઃ વળી છાતી ઉપર મોટી વૈજયંતી (કંઠથી પગનાં કાંડા સુધી પહોંચે તે) માળા છે, તે જોઈને મુનિજન રૂપી હંસ નિહાલ થાય છે. ૨૬

હિય વામ સ્વચ્છ, ઓપત શ્રીવચ્છ;
દિલ લચ્છ લચ્છ, ડોલંત દચ્છ. ૨૭

અર્થઃ હૈયા ઉપર કાંઈક ડાબી તરફ નિર્મલ શ્રીવત્સનું (ભ્રગુલાંછન) ચિહ્‌ન શોભે છે, તેનો લક્ષ અંતઃકરણમાં કરી કરીને ડાહ્યા જનો ડોલતા ફરે છે. ૨૭

ગલમાંહિ ડાર, ગુલાબ હાર;
હિયમે નિહાર, તિલ શ્યામ ચાર. ૨૮

**અર્થ:** અને ગળામાં ગુલાબના હાર નાંખ્યા છે. વળી છાતીમાં ચાર કાળા તલ નિહાળીને જોઈએ છીએ. ૨૮

શુભ કંઠ નીલ, બીચ એક તિલ;
દેખંત દિલ, સુખ હોત કિલ. ૨૯

**અર્થ:** અને કંઠ વચ્ચે લીલા રંગનો એક સારો તિલ છે, તેને જોતાં દિલમાં નક્કી સુખ થાય છે. ૨૯

તિલ અષ્ટ ઓર, ઢિગ કંઠ ઠોર;
જન કરત દોર, મૃગમદકી ખોર. ૩૦

**અર્થ:** વળી તે કંઠની પાસે બીજા આઠ તિલ છે, અને તે ભગવાનને અંગે કસ્તુરીની ખોલ હરિજનો દોડીને કરે છે. ૩૦

ભુજ દોય ડંડ, લંબિત પ્રચંડ;
ઉરમધ્ય મંડ, રખીઉં અખંડ. ૩૧

**અર્થ:** દંડ જેવા બે હાથ લાંબા અને પ્રચંડ છે, તે હું અંતઃકરણમાં અખંડ રાખીશ. ૩૧

ભલ જુગલ અંસ, મંસલ ઉતંસ;
કંધર પ્રસંસ, ભય લખિત ભ્રંસ. ૩૨

**અર્થ:** ભલા બે ખભા પુષ્ટ અને ઊંચા છે, અને કાંધ પ્રશંસા કરવા જેવી છે, તેને જોતાં ભય ભાગી જાય છે. ૩૨

બેઉ બાહુ કોર, ભુજબંધ જોર;
ચિત લેત ચોર, શુભ સોન બોર. ૩૩

**અર્થ:** બે બાહુ ઉપર બે બાજુબંધ બાંધેલા છે, તેનાં સોનાનાં બોર ચિત્તને ચોરી લે છે. ૩૩

કંકન વલિત, લખ ચિત ચલિત;
મુનિ મનકું જીત, નિત ધરત ચિત. ૩૪

**અર્થ:** કાંડે કડાં સુંદર છે તે જોતા ચિત્ત ચળે છે. તેણે મુનિજનોનાં મનને જીતી લીધાં છે, તેથી મુનિઓ નિત્ય ચિત્તમાં ધરે છે. ૩૪

કરતલ મ્રદૂલ, મનહુ અમૂલ;
ગુલાબ ફૂલ, રુચિરા અંગૂલ. ૩૫

**અર્થ:** હથેળિયો કોમળ છે અને તે માનો કે અમૂલ્ય છે, અને આંગળિયો ગુલાબના ફૂલ જેવી સુંદર છે. ૩૫

મણિ કણિ સમાન, નખ કાંતિવાન;
મુનિ એક તાન, નિત ધરત ધ્યાન. ૩૬

**અર્થ:** અને મણિની કણી જેવા કાંતિવાળા નાખ છે, તેનું મુનિજન એકતાનથી નિત્ય ધ્યાન ધરે છે. ૩૬

શ્રચિ મ્રદૂલ દીવ, લખી ચિબૂક ગ્રીવ;
સનકાદિ શિવ, અટકાયત જીવ. ૩૭

**અર્થ:** પવિત્ર કોમલ અને દિવ્ય દાઢી તથા ગળું છે, તે જોઈને સનકાદિક તથા શિવજી પોતાના આત્માને ત્યાં અટકાવે છે. ૩૭

મ્રદુ અધર રક્ત, લખી મગન ભક્ત;
મુખ એસો ભક્ત, જલ જાસ જક્ત. ૩૮

**અર્થ:** કોમળ રાતા હોઠ છે, તે જોઈને ભક્તજન મગ્ન રહે છે, જગતમાં જેવું કમળ શોભે તેવું મુખારવિંદ મુક્તજનો કહે છે. ૩૮

મુખ મંદ હાસ, નીરખંત તાસ;
તન ત્રાસ નાસ, મન મગન દાસ. ૩૯

**અર્થ:** મુખ થોડું થોડું હસતું છે, તે નીરખતાં દાસજન મનમાં મગ્ન થાય છે, અને તેનો ત્રાસ નાસી જાય છે. ૩૯

કલી કુંદ દંત, ઉપમા મિલંત;
શુચિ દ્યુતીવંત, સુંદર દીપંત. ૪૦

**અર્થ:** ડોલરની કળીના જેવી દાંતની ઉપમા મળે છે, તે દાંત પવિત્ર અને કાંતિવાળા સુંદર શોભે છે. ૪૦

મણિ ભર અમોલ, ઝલકંત લોલ;
કુંડલ કપોલ, જન દેખ ડોલ. ૪૧

**અર્થ:** કાનમાં કુંડળ અમૂલ્ય મણિએ ભરેલાં ચપળ ઝલકે છે, તે લમણા ઉપર આવેલાં તે જોવાને હરિજન દોડે છે. ૪૧

શુભ કરન વામ, તિલ એક શ્યામ;
લખી અષ્ટ જામ, કર નષ્ટ કામ. ૪૨

**અર્થ:** ડાબા કાનમાં સુંદર કાળો એક તલ છે, તે આઠે પહોર જોઈને કામાદિકનો નાશ કરે છે. ૪૨

નાસા નવીન, મણિ દીપ ચીન;
ઢિગ બિંદુઝીન, ચિંતત પ્રવીન. ૪૩

**અર્થ:** અને નવીન નાસિકા જાણે કે દીપક મણિ જેવી છે, તેની પાસે ઝીણું ટપકું છે તે પ્રવીણ જન ચિંતવે છે. ૪૩

દલ કમલ નેન, સુખ સદન સેન;
મુખ મધુર બેન, ઉપજાત ચેન. ૪૪

**અર્થઃ** કમળની પાંખડી જેવાં નેત્ર છે, અને તે નેત્રની અણસારો સુખનું સ્થાનક છે, અને મુખે મધુર વચન બોલે છે, તે સુખ ઉપજાવે છે. ॥ ૪૪ ॥

કુટિલા રસાલ, ભ્રકુટિ વિશાલ;
ઝલકંત ભાલ, ત્રય રેખ જાલ. ૪૫

**અર્થઃ** અને મોટી વાંકી ભ્રકુટીઓ રસભરી છે, અને કપાળમાં ત્રણ રેખાઓનો જથ્થો ઝળકે છે. ૪૫

શોભા અથાગ, નીરખત પાગ;
અનુરાગ જાગ, જન ધન્ય ભાગ. ૪૬

**અર્થઃ** અને પાગની અથાગ શોભા નીરખવાથી પ્રીતિ ઉપજે છે, અને માણસો પોતાનાં ધન્ય ભાગ્ય ગણે છે. ૪૬

સોઈ ધર્મ નંદ, આનંદ કંદ;
નૈષ્ઠિક વંદ, ભવ હરત ફંદ. ૪૭

**અર્થઃ** તે ધર્મના પુત્ર આનંદના થડ છે. તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓને વંદવા યોગ્ય છે અને ભવના ફાંસાની પીડા હરે છે. ૪૭

અતિસે દયાલ, જન પ્રતિપાલ;
કંપંત કાલ, આગ્યા સંભાલ. ૪૮

**અર્થઃ** તે ભગવાન જનના પ્રતિપાળ ને અતિશે દયાળુ છે અને તેમની આજ્ઞા સંભાળવાને કાળ કંપે છે. ૪૮

સોઈ ઘનશ્યામ, જન અભિરામ;
નર ઠરન ઠામ, સુખ ધામ નામ. ૪૯

**અર્થ:** અને તે જ ઘનશ્યામ જનને રંજન કરે છે. તેમનું નામ સુખનું ધામ છે અને જનોને ઠરવાનું ઠેકાણું છે. ॥ ૪૯ ॥

અતિશે અલક્ષ, નિજ ભક્તં પક્ષ;
બલબુદ્ધિ લક્ષ, દેખે ન દક્ષ. ૫૦

**અર્થ:** તે ભગવાન અતિશે લક્ષમાં આવે નહિ એવા છે, અને પોતાના ભક્તનો પક્ષ રાખે છે, અને ડાહ્યા પુરુષો બુદ્ધિ બળથી પોતાના લક્ષમાં પણ દેખી શકતા નથી. ૫૦

ભુવનેશ ભૂપ, સુંદર અનૂપ;
ભયે મનુષરૂપ, સહે સિત ધૂપ. ૫૧

**અર્થ:** તે ભગવાન ત્રિભુવનના અધિપતિના રાજા છે અને ઉપમા આપી શકાય નહિ એવા સુંદર છે, પણ મનુષ્યરૂપે થઈને ટાઢ અને તડકો સહન કરે છે. ૫૧

તેહિ સહજાનંદ, સુંદર સ્વછંદ;
કલિમલ વિખંદ, લખી હે નમંદ. ૫૨

**અર્થ:** તે સુંદર શ્રી સહજાનંદજી મહારાજ સ્વતંત્ર છે અને કલિયુગરૂપી મળનું ખંડન કરે છે, પણ મૂર્ખ લોકો તેને દેખી શકતા નથી. ૫૨

એસે અમાપ, પૂરન પ્રતાપ;
જપી હું મે જાપ, હરને ત્રિતાપ. ૫૩

**અર્થ:** એવા ભગવાનનો માપી ન શકાય એવો સંપૂર્ણ પ્રતાપ છે. તેના નામનો જપ ત્રિવિધિ તાપ હરવાને વાસ્તે હું જપીશ. ૫૩

એસે અનંત, કર ખૂબ ખંત;
ચિતવંત ચંત, માહંત સંત. ૫૪

**અર્થ:** એ રીતે અનંત મહાન સંતો ચિત્તમાં ખાંતે કરીને તે ભગવાનને ચિંતવે છે. ૫૪

શિવશેષ ગાત, સનકાદિ ધ્યાત;
ચિત ચાત ચાત, નાહિન અઘાત. ૫૫

**અર્થ:** વળી શિવજી અને શેષ નાગ તેમના ગુણનું ગાન કરે છે. અને સનકાદિક ધ્યાન કરે છે અને તેઓ ચિત્તમાં ચાહતા ચાહતા તૃપ્ત થતા નથી. ૫૫

મુનિવર સુજાન, હો સાવધાન;
બસ કરત પ્રાન, પ્રભુ મિલન તાન. ૫૬

**અર્થ:** વળી ડાહ્યા મુનિવરો સાવધાન થઈને પ્રાણાયામ કરીને પ્રાણને વશ કરે છે. તેનું તાન ભગવાનને મળવાનું છે. ૫૬

સોઈ પ્રગટ પાઈ, નિત નિત તાય;
ચિત લાય લાય, મુનિ પૂર્ણ ગાય. ૫૭

**અર્થ:** તે પ્રત્યક્ષ ભગવાનને પામીને, નિત્ય નિત્ય તેને ચિત્તમાં લાવીને પૂર્ણાનંદ મુનિ ગાય છે. ૫૭

**છપય**

શ્વેતવસન તન શ્યામ, નામ ઘનશ્યામ નિરંતર;
રટત કટત ભવ ફંદ, કંદ સુખ મદન મનોહર.
અમલ કમલ દલ નેન, બેન મુખ બદન સુધાસેં;

અકલ સકલ સુખ ધામ, કામ લખી ગ્રામ્ય બિનાસે.
શ્રી ભક્તિ ધર્મ સુત ઘનશ્યામકું, નીરખ નીરખ ઉરમેં ધરું;
પૂર્ણાનંદ કહેવે પ્રીતસેં, નિતનિત ચિત ચિંતન કરું.

**અર્થ :** શ્વેત વસ્ત્ર પહેર્યાં છે, અને શરીર મેઘ સરિખું શ્યામ છે, અને નિરંતર તેમનું નામ ઘનશ્યામ છે. તે નામનું રટણ કરતાં ભવનો ફાંસો કાપી નાખે છે, અને તે સુખનું થડ છે, તથા કામદેવના મનને પણ હરે એવા છે. નિર્મલ કમળની પાંખડી જેવાં નેત્ર છે, અને મુખે અમૃત જેવાં વચન બોલે છે, તે ભગવાન કળી ન શકાય એવા છે. તથા સર્વે સુખના ધામ છે, તેમને જોતાં ગ્રામ્ય કામના એટલે માયિક વાસના નાશ પામે, એવા શ્રી ભક્તિ-ધર્મના પુત્ર શ્રી ઘનશ્યામને નીરખી નીરખીને મનમાં ધરું છું. પૂર્ણાનંદ સ્વામી કહે છે કે પ્રીતે કરીને રોજ રોજ ચિત્તમાં ચિંતવન કરું છું.

# નિત્ય નિયમાવલી

## પ્રાતઃકાળે પ્રાતઃસ્મરણ

### મંગળાચરણ

**મંગળ મૂર્તિ મહાપ્રભુ, શ્રી સહજાનંદ સુખરૂપ;**
ભક્તિ ધર્મસુત શ્રીહરિ, સમરું સદાય અનુપ.
પરમ કૃપાળુ છો તમે, શ્રીહરિ સર્વાધીશ;
પ્રથમ તમને પ્રણમું, નામું વારંવાર હું શીશ.

### મંગળા આરતી

**રાગ : ભૈરવ**

**આરતી ઉમંગ સહિત મંગળા ઉતારું,**
મંગળમય મૂરતિ પર તન મન ધન વારું. આરતી૦
મંગળમય મંડપમેં રાજત દોઉ ભાઈ,
નારાયણ નર સમેત સંતન સુખદાઈ. આરતી૦
મંગળમય મુનિવર સબ મંગળ ગુન ગાવે,
મંગળમય સબ સમાજ બરન્યો નહિ જાવે. આરતી૦
મંગળમય દરશ કરત સતિસમાજ આઈ,
મુક્તાનંદ મંગળમય પ્રભુ પર બલ જાઈ[૧]. આરતી૦

---

૧. વારી જાવું.

## પ્રભાતિયાં

### રાગ : કેદારો

ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું,
જે થકી સર્વ સંતાપ નાસે;
કોટિ રવિચંદ્રની કાંતિ ઝાંખી કરે,
એવા તારા ઉર વિષે નાથ ભાસે. ધ્યાન૦
શિર પર પુષ્પનો મુગટ સોહામણો,
શ્રવણ પર પુષ્પનાં ગુચ્છ શોભે;
પુષ્પના હારની પંક્તિ શોભે ગળે,
નીરખતાં ભક્તનાં મન લોભે. ધ્યાન૦
પંચરંગી પુષ્પનાં કંકણ કર વિષે,
બાંયે બાજુબંધ પુષ્પ કેરા;
ચરણમાં નાથને નૂપુર પુષ્પનાં,
લલિત ત્રિભંગી શોભે ઘણેરા. ધ્યાન૦
અંગોઅંગ પુષ્પના આભરણ પહેરીને,
દાસ પર મહેરની દૃષ્ટિ કરતા;
કહે છે મુક્તાનંદ ભજ દૃઢ ભાવશું,
સુખ તણા સિંધુ સર્વે કષ્ટ હરતા. ધ્યાન૦

### રાગ : કેદારો

#### પદ–૧

કીજીએ ધ્યાન શ્રી ધર્મના કુંવરનું,
સર્વ પે'લાં ઊઠી પ્રાતઃકાળે;
નીરખીએ રૂપ નખશિખ મહારાજનું,

વાસના અશુભ તત્કાળ ટાળે. કીજીએ૦
સંત હરિભક્ત સૌ ઊંઘ આળસ ત્યજી,
ચિંતવીએ ચરણ અતિ પ્રીત આણી;
નીરખીએ નખમણિ સીમા શોભા તણી,
દુર્લભ દેવને એમ જાણી. કીજીએ૦
જમણા તે ચરણના અંગૂઠા ઉપરે,
નખમાંહી ચિહ્ન તે જોઈ રહેવું;
ચિહ્ન ઉપર રક્ત રેખા અતિ શોભતી,
મન તેમાં લઈ પ્રોઈ દેવું. કીજીએ૦
અંગૂઠા આંગળિયો ઉપર કેશ છે,
સૂક્ષ્મ ચિહ્ન છે ચાખડીના;
અંગૂઠા પાસની આંગળીએ તિલ છે,
પ્રેમાનંદની જોયેલ આંખડીનાં. કીજીએ૦

## પદ—૨

મંગલમૂળ મહારાજનાં ચરણ છે,
ચિંતવતાં ચિત્તમાં શાંતિ થાયે;
કામ ને ક્રોધ મદ લોભ વ્યાપે નહિ,
ઉર થકી સર્વ અજ્ઞાન જાયે. મંગલમૂળ૦
જુગલ પદતળ વિષે ષોડશ ચિહ્ન છે,
નામ તેનાં હવે કહું વિચારી;
સ્વસ્તિક જવ જાંબુ ધ્વજ અંકુશ અંબુજ,
અષ્ટકોણ વજ્ર ઊર્ધ્વરેખા પ્યારી. મંગલમૂળ૦
નવ ચિહ્ન ધારવાં જમણા તે ચરણમાં,
વામ પદમાં બીજાં સાત શોભે;

મીન ત્રિકોણ ને વ્યોમ ગોપદ કળશ,
અર્ધચંદ્ર ધનુષ્ય ચિત્ત લોભે. મંગલમૂળ૦
જમણા તે ચરણની આંગળી છેલ્લીએ,
તિલ એક અનુપમ આનંદકારી;
પાનિયું સુંદર ઘૂંટી પિંડી પર,
પ્રેમાનંદ તન મન જાય વારી. મંગલમૂળ૦

### રાગ : ભૈરવ

**સ્વામિનારાયણનું સ્મરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે;**
નિગમ નિરંતર નેતિ કહી ગાવે, પ્રગટને પ્રમાણી રે. ૧
મંગલરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે;
તપ તીરથ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે. ૨
કથા ને કીર્તન કહેતાં ફરે છે, કર્મતણી જેમ કહાણી રે;
શ્રોતા ને વક્તા બેઉ સમજ્યા વિનાના, પેટને અર્થે પુરાણી રે. ૩
કાશી કેદાર કે દ્વારકા દોડે, જોગની જુગતિ ન જાણી રે;
ફેરા ફરીને પાછો ઘરનો ઘરમાં, ગોધો જોડાણો જેમ ઘાણી રે. ૪
પીધા વિના પ્યાસ ન ભાંગે, મર પંડ ઉપર ઢોળે પાણી રે;
મુક્તાનંદ શ્રીહરિ સંગ મળતાં, મોજ અમૂલખ માણી રે. ૫

### રાગ : ભૈરવ

**પ્રાત: સમે શ્રી સહજાનંદની, મૂર્તિ મનમાં ધારું રે;**
નખશિખ નીરખી રૂપ અનુપમ, અંતરમાં ઉતારું રે. પ્રાત:૦
રૂપાળા બહુ રાજીવ લોચન, આવી વસ્યા મન મોરે રે;
પુષ્ટ તરુણ તન ભીને વાને, હંસગતિ ચિત્ત ચોરે રે. પ્રાત:૦

અંગોઅંગ અનુપમ ઝીણાં, શ્વેત વસ્ત્ર બહુ શોભે રે;
પુષ્પતણાં આભૂષણ જોઈ, ભક્તતણાં મન લોભે રે. પ્રાત:૦
મેઘ સરીખે રે ઘેરે સાદે, બોલતા બહુનામી રે;
ભક્ત મનોરથ પૂરણ કરતા, પ્રેમાનંદના સ્વામી રે. પ્રાત:૦

## બાહ્ય પૂજાવિધિ

સૂર્ય ઊગ્યા પહેલાં ઊઠી, શ્રી સ્વામિનારાયણ ભગવાન અને મુક્તોના નામનું ઉચ્ચારણ કરી, તેમને સ્તુતિ-પ્રાર્થના કરી, તેમનું ધ્યાન કરવું. ત્યાર બાદ પથારીમાંથી ઊઠી પ્રાતઃવિધિ કરવી. કુદરતી હાજત-શૌચવિધિ પછી હાથ-પગની બરાબર શુદ્ધિ કરવી. તે પછી એક જગ્યાએ બેસીને, ગાળેલા પાણીથી ધોયેલું દાતણ કરવું ને ગાળેલા પાણીથી કોગળા કરી મુખશુદ્ધિ કરવી. દાતણ કરતાં કરતાં હરવું-ફરવું નહિ ને વાતો કરવી નહિ. ત્યાર બાદ ચોખ્ખા પાણીથી સ્નાન કરવું ને તે વખતે ભગવાનનાં નામોનું તથા તીર્થોનાં નામોનું સ્મરણ કરવું. નાહ્યા પછી ધોયેલાં ચોખ્ખાં વસ્ત્રો પહેરવાં. ધોતિયું પહેરવું ને ખેસ કે શાલ ઓઢવાં. સુતરાઉ ધોતી પહેર્યા પછી ફરી ધોઈને પૂજામાં પહેરવા લેવી. રેશમી ધોતી ધોયા વગર ફરી પહેરી શકાય. મેલાં વસ્ત્રો ન પહેરવાં. પૂજા કરવા માટે શાંત પવિત્ર જગ્યાએ, બરાબર બેસી શકાય તેવા પવિત્ર આસન ઉપર પૂર્વ કે ઉત્તર મુખે બેસવું. આ બધી બહારની શુદ્ધિ સાથે મનથી પણ પવિત્રપણે રહી પ્રેમપૂર્વક પૂજા કરવી.

જમણા હાથની હથેળીમાં ચોખ્ખું-ગાળેલું પાણી લઈ 'ૐ શ્રી સ્વામિનારાયણાય નમ:' બોલી આચમન કરવું. ફરીથી પાણી હથેળીમાં લઈ 'ૐ શ્રી હરિકૃષ્ણાય નમ:' બોલી આચમન કરવું. તેમજ ત્રીજી વાર પાણી હથેળીમાં લઈ 'ૐ શ્રી ઘનશ્યામાય નમ:' એમ નામમંત્ર

બોલીને આચમન કરવું. આમ ત્રણ વખત આચમન કર્યા બાદ હથેળી સ્વચ્છ પાણીથી ધોઈ નાખવી. ત્યાર પછી પુરુષોએ કપાળ, છાતી, બે હાથના બાહુ -એમ ચાર જગ્યાએ પ્રસાદીના ચંદનથી ઊર્ધ્વપુંડ્ર તિલક કરી તેમાં કંકુનો કે ચંદનનો ચાંદલો કરવો. સધવા સ્ત્રીઓએ કપાળમાં માત્ર ચાંદલો કરવો. તે તિલક-ચાંદલો કરતી વખતે 'સ્વામિનારાયણ' મહામંત્ર બોલવો. તે પછી માનસી પૂજા* કરવી. ભાવથી રોમાંચિત થઈ ગદ્ગદ કંઠે કરેલી માનસી પૂજાને શ્રીહરિએ વખાણી છે, તેથી ભાવથી પૂજા કરવી.

ત્યાર બાદ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ચિત્રપ્રતિમાને ઉત્તમ આસન ઉપર પધરાવી આવાહન કરવું:

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ! સ્વામિનારાયણ! પ્રભો! ।
ધર્મસૂનો દયાસિંધો સ્વેષાં શ્રેય: પરં કુરુ ॥
આગચ્છ ભગવન્! દેવ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજા કરિષ્યામિ સદા ત્વં સંમુખો ભવ ॥

આ આવાહનમંત્ર પ્રેમપૂર્વક બોલી આદરથી નમસ્કાર કરવા નૈવેદ્ય-ધૂપ-દીપ-પુષ્પાદિક અર્પણ કરવાં. પછી મૂર્તિ સન્મુખ દૃષ્ટિ રાખી 'બ્રહ્માહમ્ સ્વામિનારાયણોદાસોસ્મિ' એ મહામંત્રનો જપ કરવો. જપ માટેની માળાને ગૌમુખી કે વસ્ત્રમાં ઢાંકીને એકાગ્ર ચિત્તે જપ કરવો. ત્યાર બાદ ભગવાનની પ્રદક્ષિણા કરવી. પુરુષોએ સાષ્ટાંગ દંડવત્ ને સ્ત્રીઓએ પંચાંગ પ્રણામ કરવા. ભગવાનને આદરપૂર્વક સ્તુતિ-પ્રાર્થના કરીને વિસર્જન કરવું.

સ્વસ્થાનં ગચ્છ દેવેશ! પૂજામાદાય મામકીમ્ ।
ઇષ્ટકામ પ્રસિદ્ધ્યર્થં પુનરાગમનાય ચ ॥

---

* માનસી પૂજાવિધિ માટે જુઓ પાન-૩૩૨

એ વિસર્જનમંત્ર બોલવો. તે પછી 'શિક્ષાપત્રી'નો પાઠ કરવો.

આ રીતે શ્રીહરિજીની પૂજા કર્યા પછી જ વ્યાવહારિક કાર્યમાં જોડાવું.

## માનસી પૂજા

### રાગ : ધોળ

**શ્રી સહજાનંદ સ્વામીના દાસજી રે,**
કરે પ્રીતે નિત્ય ઊઠી પરભાત રે.
પ્રભુની પૂજા માનસી રે. ટેક૦
પહેલું શ્રીહરિનું રૂપ સંભારવું રે,
જેવા નિરખ્યા હોય શ્રી ઘનશ્યામ રે. પ્રભુ૦
ધરી ધ્યાન અચળ નિજ નાથનું રે,
પ્રેમે પૂજવા હરિ સુખ ધામ રે. પ્રભુ૦
દંત ધાવન આદિ ક્રિયા તે કરાવવી રે,
હરિને પાવલાં પહેરાવવાં પાય રે. પ્રભુ૦
સરવે સેવાની સામગ્રી પાસે રાખવી રે,
હરિની પૂજા મધ્યે વિઘન ન થાય રે. પ્રભુ૦
પહેલું સુગંધી ફૂલેલ અંગે ચોળવું રે,
ઢાળી ચંદન બાજોઠિયો સાર રે. પ્રભુ૦
પછે નિર ઉનેથી નવરાવવા રે,
હરિને સજવા સુભગ શણગાર રે. પ્રભુ૦
હરિને પિતાંબર વસ્ત્ર પેરાવવું રે,
અંગે ઉપરણી સોનેરી શિર પાઘ રે. પ્રભુ૦
પ્રેમે ઢોલિયો ઢાળીને પધરાવવા રે,

કરવો ઘનશ્યામને ચંદન અંગ રાગ રે. પ્રભુ૦
કંઠે પુષ્પના હાર પેરાવવા રે,
હરિને ચોખલિયા ચોડવા સુંદર ભાલ રે. પ્રભુ૦
માથે મોતીડાના તોરા ધરાવવા રે,
હરિને હસવા ટીબકડી કરવી ગાલ રે. પ્રભુ૦
મોંઘા મોતીડાના હાર આરોપવા રે,
હાથે હેમકડાં નંગ જડાવ રે. પ્રભુ૦
કાને મકરાકૃતિ કુંડળ ધરાવવા રે,
બાંયે બાજુબંધ બાંધી શોભે માવ રે. પ્રભુ૦
હરિના ચરણને ચંદન ચડાવવું રે,
ચાંપી ઉરમાં પામવી ઘણી શાંત રે. પ્રભુ૦
ધરી બાળભોગ આરતી ઉતારવી રે,
કરવું સ્તવન પ્રક્રમાં બહુ ભાત રે. પ્રભુ૦
કરી અષ્ટ અંગે દંડવત દેવને રે,
પછી પૂજવા પ્રભુજી કેરા દાસ રે. પ્રભુ૦
હરિને ષટરસ ભોજન ભાવતાં રે,
પીરસી પ્રેમ શું બેસવું પ્રભુ પાસ રે. પ્રભુ૦
ઘણી જુગતે જમાડી જગદીશને રે,
પ્રેમે પાનબીડી દેવી મુખવાસ રે. પ્રભુ૦
પ્રીતે પલંગે પોઢાડી પગ ચાંપવા રે,
હરિનો કરવો નિજમંદિર નિવાસ રે. પ્રભુ૦
રહેવું નિશદિન હરિની હજૂરમાં રે,
કરવી પ્રભુના ચરણ કેરી સેવ રે. પ્રભુ૦
મુક્તાનંદ એવી રીતે પૂજા માનસી રે,
કરતાં ભવજળ તરે તતખેવ રે. પ્રભુ૦

## રાગ : ગરબી

**પૂજા પ્રભુજીની માનસી રે, કરવાની કહું રીત્ય;**

બ્રહ્મરૂપે ભક્ત થઈને રે, કરજો નિત્ય નિત્ય. ૧

સૂતાં ઊઠીને સંભારું રે, હૃદિયે હરિરૂપ;

એને ઉઠાડી કરાવવી રે, શૌચવિધિ અનુપ. ૨

પાલું કંચન કેરું મેલવું રે, દાતણ કરવા કાજ;

કહેવું કરો આમાં કોગળા રે, મુખ ધૂવો મહારાજ. ૩

ન્હાવા પધારોને નાથજી રે, ભરી મેલ્યાં નીર;

બેસો બાજોઠ ઉપર રે, ચોળું દિવ્ય શરીર. ૪

પહેરો પીતાંબર પામરી રે, ખભે નાખો નાથ;

આવો જીવન જમવા રે, લઈ સખા સંગાથ. ૫

કરી મેલી તમ કારણ રે, રસોઈ રસાળ;

બેસો બાજોઠ ઉપરે રે, ઠાકોર જમો થાળ. ૬

ગળ્યા સાટા ઘેબર ગાંઠિયા રે, જલેબી પયપાક;

બિરંજ મોતિયા માલપુઆ રે, શીરા પૂરી શાક. ૭

જીવન જમો રસ રોટલી રે, દૂધ સાકરમાં ભાત;

ચળુ કરો તૃપ્ત થઈને રે, જળ પીવો જગતાત. ૮

ઠાકોર આપો થાળ મુજને રે, પ્રસાદી મહારાજ;

સર્વે સંતને જમાડીએ રે, સખાનો સમાજ. ૯

લવિંગ સોપારી ને એલચી રે, મુખવાસ મહારાજ;

કાથો ચૂનો બીડી પાનની રે, બનાવી તમ કાજ. ૧૦

કરું ખોર ચંદનની રે, કેશર તિલક ભાલ;

કરી કપૂરની આરતી રે, ઉતારું જુત વા'લ. ૧૧

પ્યારા પહેરો ઝીણું ધોતિયું રે, કમરે રેંટો લાલ;

જામો કસુંબી જરિયાનનો રે, ખંભે સુંદર શાલ. ૧૨

તોરા ગજરા બાજુ સાંકળાં રે, પોંચી કડાં હાર;
મુકુટ ધરો જડ્યો મોતિયે રે, કુંડળ મીનાકાર. ૧૩
વાલા ભેટો ભૂમાનંદને રે, પ્યારા પૂરણ કામ;
આવો ઢાળી આપું ઢોલિયો રે, થાઓ સુખાળુ ઘનશ્યામ. ૧૪

## માનસી પૂજા-૧

સવારમાં પાંચથી સાત વાગ્યા સુધીના સમયમાં **પ્રથમ માનસી પૂજા** કરવી. યોગનિદ્રાથી સુખશય્યામાં પોઢેલા શ્રીહરિજીની સંતો-હરિભક્તો સ્તુતિ-પ્રાર્થના કરે છે ત્યારે શ્રીહરિજી જાગ્રત થઈ તકિયાનું ઓઠિંગણ દઈ વિરાજે છે. તેમનાં અંગોઅંગ અતિશય શોભે છે. શ્રીહરિજી નિત્યવિધિ કરવા પધારે છે. શૌચ કરી, આવેલા શ્રીહરિજીને જળ ને માટીથી હસ્તચરણની શુદ્ધિ કરાવીને દાતણ આપવું. સુગંધી જળથી મુખ ધોવરાવવું. સુંદર બાજોઠ ઉપર શ્રીહરિજીને બેસાડી, તેમના અંગોઅંગમાં અત્તર-સુવાસિત દ્રવ્યોથી મર્દન કરી, જળથી ભાવપૂર્વક નવરાવવા. ત્યાર બાદ ઉત્તમ વસ્ત્રો-આભૂષણો ઋતુ અનુસાર પહેરાવવાં. અત્તર-કેસર-ચંદન લલાટને વિષે ચર્ચવું. સુગંધી પુષ્પના હાર, તોરા, ગજરા, બાજુબંધ ધરાવવા. ધૂપદીપ અર્પણ કરવાં. સાકર-ઇલાયચી-કેસર-બદામ વગેરે નાખેલ ગરમ દૂધ પીવા માટે આપવું, દિવ્ય પકવાન નાસ્તા માટે ધરવાં. તે શ્રીહરિજી આરોગે છે ને હું પંખો નાખું છું ને સેવા કરું છું એવા ભાવથી શ્રીહરિજીને ધારવા. જમ્યા પછી જળપાન-મુખવાસ કરાવી પલંગ ઉપર વિરાજમાન કરવા તે વખતે મુક્તો પ્રસાદી જમીને શ્રીહરિજીની ચારેકોર બેસી દર્શન કરે છે, શ્રીહરિજી વાતોનું સુખ આપે છે. એ મૂર્તિનું હું દિવ્ય સુખ અનુભવું છું એવી ભાવના કરવી.

## સવારે શણગારે દર્શન સમયે

### શણગાર આરતી

### રાગ : બિલાવર

**કરત સીંગાર આરતી ભોર, કરત સીંગાર આરતી ભોર;**
વિરહકો તાપ સંતાપ મીટત સબ, નીરખત હરિવર ધર્મકિશોર. કરત૦
કંચન થાર કપૂરકી બાતી, આરતી ઉતારે ઇન્દ્ર કર જોર;
નાચત નભ અપછરા મુદિતમન, દેવ કરત અતિ દુદંભિઘોર. કરત૦
ભવ બ્રહ્માદિક આયે દરશહિત, જય જય શબ્દ હોત ચહુ કોર;
મુક્તાનંદકો નાથ પ્રગટ પ્રભુ, શોભાધામ મદનમદ તોર. કરત૦

### રાગ : બિભાસ

**કરત સીંગાર સબહી શોભા નિધિ, નિજજન મનરંજન ઘનશ્યામ;**
કનક કડાં પોંચી બાજુબંધ, ઉર મનિમાલ ધરી અભિરામ. કરત૦
કાનમેં મકરાકૃત કુંડલ શીશ, મુગટ ઝળકત છબીધામ;
કટિ કિંકની પાય નૂપુર બાજત, ઉર રાજત વૈજંતી દામ. કરત૦
શોભા ધામ નીરખી હરિવરકું, નિજ મન પાવન વિશ્રામ;
મુક્તાનંદ કહે સહજાનંદકી, છબી પર વારું કોટિ કામ. કરત૦

### ધૂન

'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન
(ઉચ્ચ સ્વરે તાળી પાડીને કરવી– ૫ થી ૧૦ મિનિટ)

## સવારે રાજભોગ સમયે

### થાળ

### રાગ : ગરબી

**જમો થાળ જીવન જાઉં વારી, ધોવું કરચરણ કરો ત્યારી;**
જમો થાળ જીવન જાઉં વારી. ટેક૦

બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી. જમો૦

કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી. જમો૦

ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપુવા કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી. જમો૦

અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી. જમો૦

ચળુ કરો લાવું હું જળઝારી, એલચી લવિંગ સોપારી;
પાનબીડી બનાવી સારી. જમો૦

મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
બેસો સિંહાસને રાજી થઈને. જમો૦

કમરે કસીને ફેંટો, રાજેશ્વર ઓઢીને રેંટો;
ભૂમાનંદના વ્હાલા ભેટો. જમો૦

## રાગ : ગરબી

જમોને જમાડું રે જીવન મારા,
હરિ રંગમાં રમાડું રે જીવન મારા. ૧
વાલાજી મારા સોનાનો થાળ મંગાવું,
મોતીડે વધાવું રે જીવન મારા. ૨
વાલાજી મારા ઘેબર જલેબી ને લાડુ,
જમોને થાય ટાઢું રે જીવન મારા. ૩
વાલાજી મારા ગૌરીનાં ઘૃત મંગાવું,
માંહી સાકર નંખાવું રે જીવન મારા. ૪
વાલાજી મારા દૂધ કઢેલાં ભલી ભાતે,
જમોને આવી ખાંતે રે જીવન મારા. ૫
વાલાજી મારા પાપડ પતાસાં ને પોળી,
જમોને ગળી મોળી રે જીવન મારા. ૬
વાલાજી મારા તુવેરની દાળ ચડી ભારે,
વિશેષે વઘારી રે જીવન મારા. ૭
વાલાજી મારા કઢી કરી છે બહુ સારી,
જમોને સુખકારી રે જીવન મારા. ૮
વાલાજી મારા આદા કેરીનાં અથાણાં,
છે વાલ ને વટાણા રે જીવન મારા. ૯
વાલાજી મારા જે જે જોઈએ તે માગી લેજો,
ખારું ને મોળું કહેજો રે જીવન મારા.૧૦
વાલાજી મારા જળ રે ઘેલાની ભરી ઝારી,
ઊભા છે બ્રહ્મચારી રે જીવન મારા.૧૧
વાલાજી મારા લવિંગ સોપારી તજ તાજાં,

જમોને લાવું ઝાઝાં રે જીવન મારા.૧૧
વાલાજી મારા પ્રેમાનંદના સ્વામી,
છો અંતરજામી રે જીવન મારા.૧૨

## રાગ : ગરબી

**મારે ઘેર આવજો છોગલાંધારી, મારે ઘેર આવજો છોગલાંધારી;**
લાડુ જલેબી ને સેવ સુંવાળી, હું તો ભાવે કરી લાવી છું ભારી. મારે૦
સૂરણ પૂરણ ને ભાજી કારેલાં, પાપડ વડી વઘારી;
વંતાક વાલોળનાં શાક કર્યાં, મેં તો ચોળાફળી છમકારી. મારે૦
કાજુ કમોદના ભાત કર્યા, મેં તો દાળ કરી બહુ સારી;
લીંબુ કાકડીનાં લેજો અથાણાં, કઢી કરી છે કાઠિયાવાડી. મારે૦
લવિંગ સોપારી ને પાનબીડી વાળી, તજ એલચી જાવંત્રી સારી;
નિશદિન આવો તો ભાવે કરી ભેટું, એમ માગે જેરામ બ્રહ્મચારી. મારે૦

## મુખવાસ

## રાગ : બિલાવર પ્રભાતી

લાલ મનોહર લીજીએ, મુખવાસ શ્રીહરિ;
ઘનશ્યામ સદા સુખકારી, જાઉં મુખ પર વારી. લાલ૦
જોઈએ તો લાવું જાયફળ, તજ સુંદર તાજી;
આરોગો મારા નાથજી, રસિયા થઈ રાજી. લાલ૦
લવીંગ સોપારી ને એલચી, કાથો ચુનો મેળાવું;
નાગરવેલીના પાનની, કાજુ બીડી બનાવું. લાલ૦
હરિજન દર્શન કારણે, ઊભા ચહુ પાસ;
માવા મુખ તંબોળની, બ્રહ્માનંદને આશ. લાલ૦

## રાજભોગ આરતી

### રાગ : સારંગ

રાજભોગકી કીજે આરતી, શ્રી રાજભોગકી કીજે;
નીરખી બદન શ્રીપતીકો સુંદર, જનમ સુફળ કરી લીજે. આરતી૦
કુંચન થાર કપૂરકી બાતી, ઘૃતજુત અનળ પ્રજારી;
અગ્ર ધૂપ જુત કરત આરતી, ભઈ શોભા અતિ ભારી. આરતી૦
ઘનન ઘનન ઘંટા ધુની હોવત, શંખ ઝાલરી વાજે;
નોબત બજત મનઉં ઘન ગર્જત, ધ્વનિ સુની ત્રિભોવન ગાજે. આરતી૦
સોહે નિરાજન જુત શ્રીપતીમુખ, સબ વિધિ શોભા ધામ;
મુક્તાનંદ કે' નાથકી છબી પર, વારું કોટીક કામ. આરતી૦

## માનસી પૂજા-૨

સવારે સાડા દસથી સાડા અગિયાર વાગ્યા સુધીમાં બીજી માનસી પૂજા કરવી. શ્રીજીમહારાજ દિવ્ય વસ્ત્ર-આભૂષણો ધારી દિવ્ય સિંહાસન પર બિરાજ્યા છે. જમવાનો સમય થતાં શ્રીહરિજી સ્નાન કરી પીતાંબર પહેરી, શ્વેત વસ્ત્ર ઓઢી સુશોભિત બાજોઠ ઉપર બિરાજે છે. સોનાનાં થાળી-વાડકામાં શ્રીહરિજીને વિવિધ પકવાન-ફરસાણ-શાક-દાળ વગેરે દિવ્ય ભોજન પીરસી પ્રેમપૂર્વક ગદ્ગદ કંઠે આગ્રહ કરીને જમાડવા. સર્વે મુક્તો શ્રીહરિજીનાં દર્શન કરે છે. શ્રીજી જમીને તૃપ્ત થઈ સુગંધી જળપાન કરી મુખવાસ લઈ પલંગ ઉપર બિરાજે છે. શ્રીહરિજીનાં દર્શન, સ્પર્શરૂપ પ્રસાદ લઈ શ્રીહરિજીનું ધ્યાન કરવું.

## માનસી પૂજા-૩

બપોરે ચાર વાગ્યાના સમયે **ત્રીજી માનસી પૂજા** કરવી. યોગનિદ્રાથી દિવ્ય પલંગમાં પોઢેલા શ્રીજીમહારાજની ચારે તરફ મુક્તો બેસી દર્શન કરે છે. શ્રીહરિજી જાગ્રત થતાં મુક્તો 'જય! જય!' બોલી દર્શન કરે છે. શ્રીજીની મૂર્તિમાંથી તેજના તથા સુખના ફુવારા છૂટે છે. પછી મેં શ્રીહરિજીને જળનો પ્યાલો આપ્યો તેનાથી કોગળા કરી મુખશુદ્ધિ કરી શ્રીહરિજી જળપાન કરે છે. પછી લીલા-સૂકા મેવા તથા ઋતુ-અનુસાર ફળને અંગીકાર કરે છે ને સૌને પ્રસાદી આપે છે. ઋતુ મુજબ શ્રીહરિજી ઘોડે અસવાર થઈને નદીએ સ્નાન માટે કે ફૂલવાડીએ ફરવા પધારે છે. મુક્તો સાથમાં છે. શ્રીહરિજીની અદ્ભુત લીલાથી સૌ અહો! અહો! ભાવને પામે છે. ત્યાર બાદ શ્રીજીની ચંદનપુષ્પથી પૂજા કરું છું ને શ્રીહરિજીનું દિવ્ય સુખ અનુભવતો એ સ્વરૂપમાં થીજી જાઉં છું, એમ ભાવે કરી ધારવું.

# સંધ્યા સમયે

## ગોડી

### રાગ : પૂરવ

#### પદ—૧

**સંત સમાગમ કીજે હો, નિશદિન સંત સમાગમ કીજે.** ટેક૦
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે હો. નિશદિન૦
અંતર કપટ મેટકે અપનો, લે ઉનકું મન દીજે હો. નિશદિન૦
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કૃત, સબવિધિ કારજ સીજે હો. નિશદિન૦
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફલ કરી લીજે હો. નિશદિન૦

#### પદ—૨

સંત પરમ હિતકારી, જગતમાંહી સંત પરમ હિતકારી. ટેક૦
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી. જગત૦
પરમ કૃપાલુ સકલ જીવન પર, હરિસમ સબ દુઃખહારી. જગત૦
ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી. જગત૦
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હે શ્રીજી સુખકારી. જગત૦

#### પદ—૩

હરિ ભજતાં સુખ હોય, સમજ મન હરિ ભજતાં સુખ હોય. ટેક૦
હરિ સમરન બીન મૂઢ અજ્ઞાની, ઉંમર દીની ખોય. સમજ૦

માતપિતા જુવતી સુત બાંધવ, સંગે ચલત નહિ કોય. સમજ૦
ક્યું અપને શિર લેત બુરાઈ, રહેના હે દિન દોય. સમજ૦
બ્રહ્માનંદ કહે હરિને ભજી લે, હિતકી કહત હું તોય. સમજ૦

## પદ—૪

યુંહિ જન્મ ગુમાત, ભજન બીન યુંહિ જન્મ ગુમાત. ભજન૦
સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાળ નિકટ ચલી આત. ભજન૦
ભયોરી બેહાલ ફીરત હે નિશદિન, ગુન વિષયનકે ગાત. ભજન૦
પરમારથકો રાહ ન પ્રીછત, પાપ કરત દિનરાત. ભજન૦
બ્રહ્માનંદ કહે તેરી મૂરખ, આયુષ વૃથાહી જાત. ભજન૦

## રાગ : ગોડી

**ફૂલના પે'રી રે, જામા ફૂલના પે'રી;**
ફૂલ્યો રસિક સુજાણ, જામા ફૂલના પે'રી. ટેક૦
ફૂલનો મુગટ કુંડળ, ફૂલનાં છે કાન;
ઓઢી ઉપરણી ફૂલોની શોભે, વા'લો ભીને વાન. ફૂલ૦
સુગંધી ફૂલોના શોભે, હૈડે સુંદર હાર;
માથે ફૂલના તોરા, અંગે તેજનો અંબાર. ફૂલ૦
ફૂલડાના ગજરા બાજુ, ફૂલની છડી;
કરે ઇન્દ્ર ઉપરથી પ્રેમે, ફૂલની ઝડી. ફૂલ૦
ફૂલડાનાં ઝાંઝર ચરણે, પે'રી શ્રી ઘનશ્યામ;
મુક્તાનંદને વાલે કીધું, ઘેલું ગઢડું ગામ. ફૂલ૦

## રાગ : ગોડી

### પદ—૧

**પ્રગટ પ્રમાણ હરિને ભજ મન, પ્રગટ પ્રમાણ હરિને;**

કામ ક્રોધ મદ લોભ તજીને, દૃઢ ઉર ટેક ધરીને. ભજ૦

ગર્ભવાસનું સંકટ પ્રાણી, જાઈશમા વીસરીને;

કુબુદ્ધિ કૂડ કપટ પરહરજે, ભરજે પાવ ડરીને. ભજ૦

માલ મલક સરવે મેલીને, જાવું જરૂર મરીને;

જાઈશમા જમરાને આગે, ઝાઝો ભાર ભરીને. ભજ૦

ભવદુઃખ ટળે મીટે સરવે ભ્રમણા, સંતનો સંગ કરીને;

બ્રહ્માનંદ કહે આવો અવસર, નહિ પામીશ ફરીને. ભજ૦

### પદ—૨

નારાયણ સુખકારી, ભજી લેને નારાયણ સુખકારી;

સાધુ જનની માન શિખામણ, વિષય-વિકાર વિસારી. ભજી૦

માત પિતા સુત બાંધવ મેડી, નહિ તારાં સુત નારી;

જમને દ્વારે એકીલા જાવું, કરજે કર્મ વિચારી. ભજી૦

રાજા રંક ગુણીજન પંડિત, ખેડુ ને વેપારી;

સગાં કુટુંબી સહિત સૌને, લઈ જાવે જમ મારી. ભજી૦

ભરત ખંડમાં દેહ મનુષ્યનો, મળે નહિ વારંવારી;

બ્રહ્માનંદ કહે થાને સુખિયો, સંતવચન ઉર ધારી. ભજી૦

### પદ—૩

અલખપુરુષ અવિનાશી, ભજી લેને અલખપુરુષ અવિનાશી;

કર્મ કટે તારાં અનંત જનમનાં, ફંદ મિટે ચોર્યાશી. ભજી૦

સગાં કુટુંબી સુત ને નારી, માતા મામો ને માસી;
અંતે ભેળું કોઈ નહિ આવે, અંતર દેખ તપાસી. ભજી૦
ઘરમાં બેઠો ગાળો બોલે, દેખી તીરથવાસી;
પરધન હરે કરે નિત્ય કુબુદ્ધિ, પરનારીની હાંસી. ભજી૦
મારું મારું કરતો મૂરખ, મેલી ધન મરી જાશી;
બ્રહ્માનંદ કહે હજી સમરી લે, રસિક નાથ સુખરાશી. ભજી૦

### પદ—૪

પ્રગટ હરિ ભજ પ્રાણી, સમજીને પ્રગટ હરિ ભજ પ્રાણી;
પાપ દ્રોહ પરિત્યાગ કરીને, દયા ધરમ ઉર આણી. સમજી૦
પરધન પરપ્રિયા મદ્ય માટી, નરક તણી નિશાણી;
તે પાપે કરી અવશ્ય પીલશે, ઘાલી જમરા ઘાણી. સમજી૦
સમજ્યા વિના ન બોલીશ કે'દી, મુખથી મિથ્યા વાણી;
મમતા કેરો માથે મૂરખ, ભાર મ લેજે તાણી. સમજી૦
એળે દેહ અમૂલખ ખોયો, કીધી ધૂળ કમાણી;
બ્રહ્માનંદ કહે તત્પર થઈ ભજ, જગપતિ સાચા જાણી. સમજી૦

## રાગ : ગોડી

### પદ—૧

**હિતકારી હરિ રે, સખી હિતકારી હરિ;**
છપૈયામાં પ્રીતે પ્રકટ્યા, હિતકારી હરિ. ટેક૦
અક્ષરવાસી અલબેલોજી, કરુણા કરી;
ધર્મને ભક્તિ થકી, દુર્લભ દેહ ધરી. હિતકારી૦
બાળ સ્વરૂપ બનાવ્યું, વ્હાલે સૌને અનુસરી;

શ્રીહરિજીનું મુખડું જોતાં, નેણાં રે ઠરી. હિતકારી૦
ભવ બ્રહ્માદિક જેવા જેને, ભજે પ્રેમ ભરી;
કાળ કઠોર કહાવે તે તો, ભાગે દૂર ડરી. હિતકારી૦
આશ્રિત જનના ટાળે વાલો, અંતરના અરી;
દયાનંદ કહે નિર્ભય થાવું, એ વાલો વરી. હિતકારી૦

### પદ—૨

લટકાળો લહેરી રે સખી, લટકાળો લહેરી;
છપૈયામાં રમે છેલો, લટકાળો લહેરી. ટેક૦
અનુપમ અંગી પ્યારે, પ્રીતશું પહેરી;
જીવનજીને જોવા ઊભા, જન ઘણા ઘેરી. લટકાળો૦
મરમાળાની છબી સૌના, મનમાં ઠેરી;
વ્હાલ વધારી બોલે વ્હાલો, વાણી મુખ કેરી. લટકાળો૦
પ્રાણપતિને કાજે, આવે કફની પહેરી;
શિવજી સરખા હૈયે હરખે, નાથને હેરી. લટકાળો૦
છબી અલૌકિક અંતર ધારો, છોગાળા કેરી;
દયાનંદ કહે આવો, અવસર નહિ આવે ફેરી. લટકાળો૦

### પદ—૩

જીવનજી જોવા રે સખી, જીવનજી જોવા;
છપૈયામાં ચૂંપે ચાલો, જીવનજી જોવા. ટેક૦
પ્રેમવતી સુત પાતળિયાને, ચિત્તમાં પ્રોવા;
ઘનશ્યામજી સંગાથે રહીએ, મનના મળ ધોવા. જીવનજી૦
નૌતમ મૂર્તિ હરિવરજીની, નેણામાં ઠોવા;

ખોટો ખેલ સંસારી કેરો, ખાંતે શું ખોવા. જીવનજી૦
શ્રી ઘનશ્યામ સલુણાજીને, હેત તણો હેવા;
દર્શન કારણ દોડી આવે, સનકાદિક જેવા. જીવનજી૦
બાળચરિત્ર કરે શ્રીહરિજી, મનડાંને મોવા;
દયાનંદ કહે હેતે જાઈએ, હરિને જોવા. જીવનજી૦

## પદ—૪

મનડે ભાવી રે, સખી મનડે ભાવી;
સહજાનંદ સલુણી છબી, મનડે ભાવી. ટેક૦
પશ્ચિમ દેશ પધાર્યા પ્યારો, દયા દિલ લાવી;
અનંતજન ઓધાર્યા વ્હાલે, પાપ નશાવી. મનડે૦
મુક્તિ કેરો મારગ મોટો, ચલાવ્યો આવી;
શરણાગતને સુખિયા કીધા, અમૃતરસ પાવી. મનડે૦
હરિજન હરખે સુંદર વસ્ત્ર, પ્રેમે પહેરાવી;
પાઘ મનોહર મસ્તક ધારી, તોરા લટકાવી. મનડે૦
વેદમગન થઈ હરિ મૂર્તિનો, મહિમા ગાવી;
દયાનંદ કહે એ મૂર્તિ, મેં જીવમાં ઠેરાવી. મનડે૦

## સંધ્યા આરતી

**જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;**
સહજાનંદ દયાળુ (૨), બળવંત બહુનામી. જય૦
ચરણસરોજ તમારાં, વંદું કર જોડી; (૨)
ચરણે શીશ ધર્યાથી (૨), દુઃખ નાખ્યાં તોડી. જય૦
નારાયણ નર ભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી; (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨), અગણિત નરનારી. જય૦
નિત્ય નિત્ય નૌતમ, લીલા કરતા અવિનાશી; (૨)
અડસઠ તીરથ ચરણે (૨), કોટિ ગયા કાશી. જય૦
પુરુષોત્તમ પ્રકટનું, જે દર્શન કરશે; (૨)
કાળકર્મથી છૂટી (૨), કુટુંબ સહિત તરશે. જય૦
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી; (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨), સુગમ કરી સિદ્ધિ. જય૦

## સંધ્યા આરતી

**આરતી પ્રગટ પ્રભુજીકી કીજે,**
ચરણ કમળ લખી અંતર લીજે. આરતી૦
સનકાદિક નારદ ત્રિપુરારી,
વિમળ નામ રટે વારંવારી. આરતી૦
અનંતકોટિ ભુવનેશ ભવાની,
સબવિધ મહિમા શકત નહિ જાની. આરતી૦
ધરત ધ્યાન દઢ યોગી મુનીશ્વર,

શેષ સહસ્ત્ર મુખ રટત નિરંતર. આરતી૦
નરનાટક ક્ષર અક્ષર ન્યારા,
પુરુષોત્તમ પૂરણજન પ્યારા. આરતી૦
નૌતમ રૂપ અકળ છબી ન્યારી,
બ્રહ્માનંદ જાવત બલિહારી. આરતી૦

## ધૂન

'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન
(ઉચ્ચ સ્વરે તાળી પાડીને કરવી– ૫ થી ૧૦ મિનિટ)

# શ્રી ધાર્મિકસ્તોત્રમ્

વિમલામૃતધામ અર્થાત્ અતિશય નિર્મળ, અમૃતસમાન, દિવ્યતમ અક્ષરધામમાં વિરાજિત શ્રી વાસુદેવ નારાયણ કહેતાં સર્વમાં વાસ કરીને રહેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન જેમનું નામ-સ્મરણ જન્મ-મરણના વિષચક્રરૂપી નરકથી તારનારું છે, જેમનું સ્વરૂપ શ્યામ છતાં શ્વેત-સુંદર છે, જેઓ દ્વિભુજરૂપે તો ક્યારેક ચતુર્ભુજરૂપે દર્શન આપે છે એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૧.

સમગ્ર એકાંતિક ધર્મ તેમજ સર્વે કળાઓ સહિત સાંગોપાંગ અષ્ટાંગયોગ અને અહિંસા, બ્રહ્મચર્યાદિ મહાવ્રતોને પોતાના અનન્ય નિષ્ઠાવાન ભક્તજનોને શિક્ષાર્થે સ્વાચરણ દ્વાર ઉપદેશતા એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૨.

આંતર અને બાહ્ય રીતે પ્રાણાયામ દ્વારા, શ્વાચ્છોશ્વાસે પ્રતિક્ષણ પોતાના ભગવત્સ્વરૂપ પ્રત્યે અનુલોમ-પ્રતિલોમ વૃત્તિના સર્જનહાર, જાણે કે ભરતીના સમયે પાણીનું સતત આગમન-નિર્ગમન જેમાં થાય છે એવા સાગર સમાન, એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૩.

આંતર ને બાહ્ય ઇન્દ્રિયોના સમુદાય, પ્રાણ-અપાન આદિ વાયુ તથા ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવ- તે સર્વેની વિવિધ વૃત્તિઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થકી અલિપ્ત રહી નિજસ્વરૂપમાં સદાય વર્તતા અને પોતના દિવ્ય પ્રતાપથી એ સર્વેને સાક્ષાત્ નિહાળતા એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૪.

## શ્રી ધાર્મિકસ્તોત્રમ્

શ્રીવાસુદેવ વિમલામૃત ધામ વાસં
નારાયણં નરકતારણ નામધેયમ્ ।
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૧ ॥

શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણામ્
એકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્ ।
અષ્ટાંગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૨ ॥

શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્ત્યા
સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરુધા નિજસ્ય ।
પૂરે ગતાગત જલામ્બુધિનોપમેયં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૩ ॥

બાહ્યાન્તરિન્દ્રિયગણ શ્વસનાધિદૈવ-
વૃત્યુદ્ભવસ્થિતિ લયાનપિ જાયમાનાન્ ।
સ્થિત્વા તત: સ્વમહસા પૃથગીક્ષમાણં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૪ ॥

નિજ ભગવત્સ્વરૂપમાં માયિક ભાવ, તમસ તેમજ અમંગલ વાસના આદિ દોષો પરઠવાનું સદંતર ખંડન કરવા માટે નિર્વિકલ્પ સાંખ્ય અને યોગશાસ્ત્રના સિદ્ધાંતોનું યોગ્ય રીતે સમર્થન કરનારા એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૫.

અનંત કોટી મુક્તોના સ્વામી એવા તથા પોતાનું દિવ્યાતિદિવ્ય સાકારપણું, અલૌકિક સામર્થ્ય અને પોતાના ભક્તજનોના શુભસંકલ્પ સત્ય કરવાપણું આદિ ઉત્તમ તત્ત્વોનું સંવર્ધન કરવા માટે સબીજ સાંખ્ય અને યોગ માર્ગનું યથાયોગ્ય નિરૂપણ કરનારા એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૬.

જેમ કામી, ચોર, નટ, વ્યસની તેમજ ઈર્ષ્યાળુ મનુષ્યો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવામાં જ એકાગ્રચિત્ત બની તલ્લીન થઈ જાય છે, તેમ (ભક્તજનોની શિક્ષાને અર્થે) પોતાના 'નારાયણ' સ્વરૂપનું જ અખંડ સ્મરણ કરનારા એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૭.

જેમ સાધ્વી-નારી, ચકોર પક્ષી, પતંગિયું, માછલું, મયૂર અને ચક્રવાક પક્ષી પોતપોતાની ઇષ્ટવસ્તુની પ્રાપ્તિના પ્રયત્નોમાં જ મગ્ન રહે છે, તેમ (ભક્તજનોની શિક્ષાને અર્થે) પોતાના ભગવત્ સ્વરૂપમાં જ પ્રીતિપૂર્વક મગ્ન રહેતા એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૮.

માયામયાકૃતિ તમોશુભ વાસનાનાં
કર્તું નિષેધમુરુધા ભગવત્સ્વરૂપે ।
નિર્બીજ સાંખ્યમતયોગ યુક્તિભાજં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૫ ॥

દિવ્યાકૃતિ ત્વસુમહસ્ત્વસુ વાસનાનામ્
સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌ રમાયા: ।
સાલમ્બ સાંખ્યપથયોગ સુયુક્તિભાજં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૬ ॥

કામાર્ત્ત તસ્કર નટ વ્યસનિદ્વિષન્ત:
સ્વસ્વાર્થસિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ ।
નારાયણં પરમયૈવ મુદા સ્મરન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૭ ॥

સાધ્વી ચકોર શલભાસ્તિમિકાલકંઠ-
કોકા નિજેષ્ટવિષયેષુ યથૈવ લગ્ના: ।
મૂર્તૌ તથા ભગવતોઽત્ર મુદાતિલગ્નં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૮ ॥

જેમ સ્નેહાતુર, ભયગ્રસ્ત, રોગગ્રસ્ત તેમ જ ક્ષુધાતુર માણસો સ્વમાનના ભોગે દીન થઈ રહે છે એ જ પ્રમાણે સત્પુરુષો સમક્ષ (ભક્તજનોના પ્રબોધન માટે) નિર્માનીપણે આચરણ કરનારા એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૯.

ધર્મપરાયણ સ્થિતિવાળા, સર્વશક્તિમાન એવા શ્રીહરિજી સાથે એકાત્મપણાને પામેલા તથા શબ્દાદિ પંચવિષયથી વિરક્ત થયેલા ભક્તજનો માટે પણ અક્ષરધામમાં જાજવલ્યમાન ' પ્રકાશમાં બિરાજમાન, તેજોમય મૂર્તિસ્વરૂપ શ્રીહરિ સદા સર્વદા ઉપાસ્ય-આરાધ્ય છે; એવાં પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારા એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૧૦.

સદ્‌ગ્રંથોના વાચન-શ્રવણમાં હરહમેશ લીન રહેનારા, સંતસભામાં બ્રહ્મવિદ્યાના ઉપદેશક ભવસાગરની ઉપાધિજાળમાં અટવાયેલા આત્માઓના આપ્તજન અર્થાત્‌ ઉદ્ધારક એવા હે! ભક્તિ-ધર્મથી પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ હું આપને શરણે આવું છું...૧૧.

- શ્રી શતાનંદ મુનિ

સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી
યદ્વત્ક્ષુધાતુર જનશ્ચ વિહાય માની ।
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથાચરન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૯ ॥

ધર્મસ્થિતૈરૂપગતૈ બૃંહતા નિજૈક્યં ।
સેવ્યો હરિઃ સિતમહઃસ્થિત દિવ્યમૂર્તિઃ
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૧૦ ॥

સદ્ગ્રંથ નિત્યપઠન શ્રવણાદિસક્તં
બ્રાહ્મીં ચ સત્સદસિ શાસતમત્ર વિદ્યાં ।
સંસારજાલ પતિતાખિલજીવ બન્ધો
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૧૧ ॥

**- શ્રી શતાનંદ મુનિ**

# શ્રી ગુરુભજનસ્તોત્રમ્

ભવસાગરના જન્મ-મરણના ભયમાંથી મુક્ત કરનાર; સુખ, સમૃદ્ધિ અને કરુણાના ધામ અને વ્રત, દાન, તપ આદિ ધર્માચરણોના પરિપાકરૂપ એવા પરમાત્મા શ્રી સહજાનંદ ગુરુનું હું સદા ભજન કરું છું...૧.

કરુણાથી છલકાતાં સૌમ્ય નેત્રોવાળા, શરણાગત ભક્તજનોનાં દુઃખ-દર્દનો નાશ કરનારા અને પતિત જીવોને પાપકર્મોથી મુક્ત કરી, તેમનો ઉદ્ધાર કરવા સદા-સર્વદા ઉત્સુક એવા પરમાત્મા શ્રી સહજાનંદ ગુરુનું હું સદા ભજન કરું છું...૨.

મુમુક્ષુઓને પુરુષપ્રયત્નથી આપમેળે સમજવું અતિ કઠિન એવા પોતના સર્વોપરી પુરુષોત્તમ સ્વરૂપના તત્ત્વજ્ઞાનને સર્વસુલભ લોકભોગ્ય બનાવવાનો નિશ્ચય કરી, મનુષ્ય દેહ ધારણ કરનારા એવા પરમાત્મા શ્રી સહજાનંદ ગુરુનું હું સદા ભજન કરું છું...૩.

બ્રહ્મા, શંકર જેવા દેવો પણ જેને સંયમમાં નથી રાખી શક્યા અને ભવસાગરમાં સતત ભ્રમણ થવાને કારણે અતિ વ્યાકુળ છે એવા મનને, જેમણે અંકુશમાં રાખ્યું છે એવા મનુષ્ય સ્વરૂપ ધારણ કરનારા પરમાત્મા શ્રી સહજાનંદ ગુરુનું હું સદા ભજન કરું છું...૪.

## શ્રી ગુરુભજનસ્તોત્રમ્

ભવ સંભવ ભીતિ ભેદનં
સુખ સંપત્કરુણાનિકેતનં ।
વ્રત દાન તપઃક્રિયા ફલં
સહજાનંદગુરું ભજે સદા ॥ ૧ ॥

કરુણામય ચારુ લોચનં
શરણાયાત જનાર્તિ મોચનમ્ ।
પતિતોદ્ધારણાય તત્પરં
સહજાનંદગુરું ભજે સદા ॥ ૨ ॥

નિજ તત્ત્વ પથાવબોધનં
જનતાયાઃ સ્વત એવ દુર્ગમમ્ ।
ઇતિ ચિન્ત્ય ગૃહીતવિગ્રહં
સહજાનંદગુરું ભજે સદા ॥ ૩ ॥

વિધિ શંભુ મુખૈરનિગ્રહં
ભવ પાથોધિ પરિભ્રમાકુલમ્ ।
અપિધાર્ય મનો નરપ્રભં
સહજાનંદગુરું ભજે સદા ॥ ૪ ॥

સંસારી જીવોને પોતાના કલ્યાણકારી ચરણકમળના સેવન-પૂજનનો લાભ અખંડ મળે અર્થાત્ પોતાના સ્વરૂપનું અખંડ અનુસંધાન રહે એવી શુભ કામનાથી જેમણે મહોત્સવ-સમૈયાઓની રચના કરી છે એવા પરમાત્મા શ્રી સહજાનંદ ગુરુનું હું સદા ભજન કરું છું...૫.

બાહ્ય દૃષ્ટિવાળા લોકોને માનવ સ્વરૂપે દૃષ્ટિગોચર થતા અને પોતાનાથી દિવ્ય દૃષ્ટિ પામેલા જનોને સર્વોપરી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે પરખાતા એવા અને સર્વેને ભજન કરવા યોગ્ય છે કલ્યાણકારી ચરણકમળ જેમના ને સમગ્ર વિશ્વના ગુરુ એવા પરમાત્મા શ્રી સહજાનંદ ગુરુનું હું સદા ભજન કરું છું...૬.

પર્વત જેટલો મોટો ઢગલો થાય એટલાં પાપકર્મો કર્યાં હોય પણ જો તે શરણે આવે તો તે પાપકર્મોને લક્ષમાં ન લેતા પોતાના શરણમાં રાખે છે અને તેના અણુ સરખા સદ્‌ગુણને તુલના ન થઈ શકે એવો મહાન ગણે છે એવા અતિ દયાળુ પરમાત્મા શ્રી સહજાનંદ ગુરુનું હું સદા ભજન કરું છું...૭.

સદાય પ્રગટ એવા પોતાનો સમાગમ અનેક જીવોને સંસાર સાગરમાંથી મોક્ષ પામવાના સાધનરૂપ છે અને તેથી જ કેવળ કૃપાવશ થઈને પોતે પ્રગટ થયા છે એવા ગુરુરાજ પરમાત્મા શ્રી સહજાનંદ ગુરુનું હું સદા ભજન કરું છું...૮.

હે ભગવન્! આપે જનસમુદાય પર તેમના જીવાત્માનો આત્યંતિક મોક્ષ કરવારૂપ મહાન અનુગ્રહ કર્યો છે તેનો બદલો વાળવા કોઈ પણ સમર્થ નથી. તેથી જ આ મહદ ઉપકાર કરવા નિમિત્તે હું દીનાનાથ ભટ્ટ, અંજલિબદ્ધ થઈ અંતરતમથી આપને નમસ્કાર કરું છું...૯.

**- શ્રી દીનાનાથ ભટ્ટ**

નિજ પાદપયોજ કીર્તનં
સતતં સ્યાદ્ ભવ જીવ ગોચરં ।
ઇતિ યઃ કુરુતે ક્રતૂત્સવં
સહજાનંદગુરું ભજે સદા ॥ ૫ ॥

બહિરીક્ષણ લોક માનુષં
નિજ દત્તામ્બક દર્શિનાં હરિમ્ ।
ભજનીયપદં જગદ્ગુરું
સહજાનંદગુરું ભજે સદા ॥ ૬ ॥

શરણાગત પાપ પર્વતં
ગણયિત્વા ન તદીય સદ્ગુણં ।
અણુમપ્યતુલં હિ મન્યતે
સહજાનંદગુરું ભજે સદા ॥ ૭ ॥

ભવ વારિધિ મોક્ષ સાધનં
ગુરુરાજ પ્રકટ સ્વસંગમમ્ ।
પ્રકટી કૃતવાન્ કૃપાવશઃ
સહજાનંદગુરું ભજે સદા ॥ ૮ ॥

ભગવન્ કૃપયા ત્વયા કૃતં
જનતાયામ્ ઉપકારમીદૃશમ્ ।
ક્ષમતે પ્રતિકર્તુ મત્ર કઃ કુરુતે
દીનજનસ્તતોંજલિમ્ ॥ ૯ ॥

- શ્રી દીનાનાથ ભટ્ટ

## પ્રાર્થના

**નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;**
માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ. ૧
મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર. ૨
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ. ૪
હે કૃપાલો! હે ભક્તપતે!, ભક્તવત્સલ! સુનો બાત;
દયાસિંધો! સ્તવન કરી, માગું વસ્તુ સાત. ૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દૃઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ. ૬
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કરત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય. ૭
હિંસા ન કરની જન્તુકી, પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડભાગ્ય. ૮
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત. ૯
નિંદત નહિ કોય દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસે, કથા સુનિ નહિ જાત. ૧૦
એહી ધર્મ કે નિયમમેં, બરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આસ. ૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત. ૧૨

# સ્તુતિ

**વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા,**
ત્રાતા તમે સકળ મંગળ શાંતિદાતા;
માટે તમારું કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.
અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.

**જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે, વેદો સ્તુતિ ઉચ્ચરે;**
જેના રોમ સુછિદ્રમાં અણુસમા, બ્રહ્માંડ કોટિ ફરે.
માયા કાળ રવિ શશી સુરગણો, આજ્ઞા ન લોપે ક્ષણ;
એવા અક્ષરધામના અધિપતિ, શ્રી સ્વામિનારાયણ.

**આવી અક્ષરધામથી અવનીમાં, જે દેહધારી થયા;**
આપ્યાં સુખ અપાર ભક્તજનને, દિલે ધરીને દયા.
કીધા ચારું ચરિત્ર ગાન કરવા, જેણે કરુણા કરી;
વંદુ મંગળ મૂર્તિ ઉર ધરી, સર્વોપરી શ્રીહરિ.

**જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો, લૈ તીર્થમાંહી ફર્યા;**
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો, યજ્ઞાદિ મોટા કર્યા.
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે, બે દેશ ગાદી કરી;
અન્તર્ધાન થયા લીલા હરિતણી, સંક્ષેપમાં ઉચ્ચરી.

**જે હરિ અક્ષરધામ માંહી રાજે, સર્વોપરી છે સદા;**
તે નરવિગ્રહધારી નાથ થઈને, સુખિયા કરે સર્વદા.
એવી સુખમય મૂર્તિમાં જ રહે છે, મુક્તો અનાદિ ઘણા;
પય મિસરીવત્ પ્રેમપૂર્ણ રાચે, એ સુખ મહીં ના મણા.
એવા મુક્ત સદાય નાથ સંગે, એ નાથ સાથે મળ્યા;
જેણે રૂપ અનુ આજ ધરિયું, સ્હેજે ન જાયે કળ્યા.
એવા સિદ્ધ સ્વતંત્ર મુક્ત કહીએ, સંકલ્પ સુખકંદના;
જેણે જીવ અનેક આજ તાર્યા, તેને કરું વંદના.

## શ્લોક

**વિશાલ ભાલં નવકંજનેત્રમ્ ।**
સ્મીરાનનં સુંદર ગૌરવર્ણમ્ ॥
પ્રલંબબાહું મૃદુલંઘ્રી પદ્મમ્ ।
દયાનિધિ ધર્મસુતં નમામી ॥

**વર્ણિવેષ રમણીય દર્શન ।**
મન્દહાસ રુચિરાનનામ્બુજમ્ ॥
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ।
ધર્મનન્દનમહં વિચિન્તયે ॥

**મૂકં કરોતિ વાચાલં ।**
પંગું લંઘયતે ગિરિમ્ ॥
યત્કૃપા તમહં વંદે ।
પરમાનંદ શ્રીહરિમ્ ॥

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ।**
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ॥
ત્વમેવ વિદ્યા ચ દ્રવિણં ત્વમેવ ।
ત્વમેવ સર્વમ્ મમ દેવ દેવ ॥

**નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા ।**
સધર્મ ભક્તેરવનં વિધાતા ॥
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં ।
તનોતુ કૃષ્ણોઽખિલ મંગલં નઃ ॥

## રાત્રિ ભોજનનો થાળ

**રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી રે. ટેક૦**

ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ;
મધુરે મધુરે તાપે માખણ શી ચડી રે. રૂડી૦
ઘી ઘણું જમો અલબેલા, અથાણાં પાપડ રંગ છેલા;
ચોંપેશું ચોળાની કાજુ કરી વડી રે. રૂડી૦
દૂધ કઢી ને દહીં જમાવી, લલિત લવિંગે શું છમકાવી;
ભૂધરને જમવાને કાજે કરી કઢી રે. રૂડી૦
દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી;
શ્રીહરિવરને હાથે મુજને મોજ મળી રે. રૂડી૦

## મુખવાસ થાળ

**લેતા જાઓ રે સાવરિયા બીડી પાનનકી,**
પાનનકી રે બીડી પાનનકી. લેતા૦
કાથો ચુનો વારી લવીંગ સોપારી,
એલચી મંગાવું મુલતાનનકી. લેતા૦
એક એક બીડી મોરી સાસુ નણંદકી,
દુસરી બીડી મોરે લાલનકી. લેતા૦
આવો શ્રીહરિ તમને પાટે બેસારું,
બાજી ખેલાવું સારી રેનનકી. લેતા૦
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી,
એટલી અરજ તોરે દાસનકી. લેતા૦

## માનસી પૂજા-૪

સંધ્યા આરતી પછી **ચોથી માનસી પૂજા** કરવી. મહારાજાધિરાજ શ્રીજીમહારાજ દિવ્યશોભાએ યુક્ત દિવ્ય આસન પર વિરાજ્યા છે. અનંત મુક્તો હાજર છે. હું શ્રીહરિજીની આરતી ઉતારું છું; મુક્તો દર્શન કરે છે. શ્રીજીની મૂર્તિમાંથી અતિશય સુખનાં બિંબ છૂટી રહ્યાં છે. આરતી પછી શ્રીહરિજી સૌને છાતીમાં પોતાનાં ચરણારવિંદ આપે છે, મને પણ આપી ન્યાલ કરે છે ને અતિ રાજી થઈને મળે છે. પછી શ્રીહરિજી વાળુ કરવા બાજોઠ ઉપર બેસે છે. ખીચડી-કઢી-ભાખરી-શાક-દૂધ-ઘી વગેરે નૈવેદ્ય ધરેલાં દિવ્ય ભોજન શ્રીજી જમે છે. પછી ચળુ કરી જળપાન કરી મુખવાસ ગ્રહણ કરી પલંગ ઉપર બિરાજે છે. મુક્તો સૌ શ્રીજીના સુખમાં ગુલતાન છે ને હું પણ તેમાં સુખ લઈ રહ્યો છું એવું અનુભવવું.

## શયન આરતી પહેલાં

# શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા

### રાગ : ગરબી

### પદ—૧

**પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું;**
નૌતમ લીલા રે, નારાયણની ગાવું. ૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાઈ વનને. ૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે. ૩
સહજ સ્વાભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતાં સજની રે, બીક મટાડે જમની. ૪
ગાવું હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી. ૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે. ૬
રમૂજ કરતાં રે, રાજીવનેણ રૂપાળાં;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા. ૭
બેવડી રાખી રે, બબ્બે મણકા જોડે;
ફેરવે તાણી રે, કંઈક માળા તોડે. ૮

વાતો કરે રે, રમૂજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા. ૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી. ૧૦

## પદ—૨

સાંભળ સૈયર રે, લીલા શ્રીહરિવરની;
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની. ૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડાં ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે. ૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતાં જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે. ૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે. ૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાયે જોતે. ૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજાં;
તેમને જોઈ રે, મગંન થાય મહારાજા. ૬
તેમની ભેળા રે, ચપટી વગાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય. ૭
ક્યારેક સાધુ રે, તાળી વજાડી ગાય;
ભેળા ગાય રે, તાળી દઈ સુખદાય. ૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે. ૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી. ૧૦

## પદ—૩

મનુષ્યલીલા રે, કરતા મંગળકારી;
ભક્તસભામાં રે, બેઠા ભવભયહારી. ૧
જેને જોતાં રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ. ૨
તે સંબંધી રે, વાર્તા કરતા ભારી;
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી. ૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત. ૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે. ૫
જાણી પોતાના રે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશિ. ૬
ભક્ત પોતાના રે, તેને નાથ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ. ૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઇંદ્રીય મનને. ૮
સંતસભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ. ૯
પહેલી આંગળી રે, નેત્ર તણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન. ૧૦

## પદ—૪

શ્રીહરિજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી. ૧

ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબનાં રે, ચોળે છે બે હાથે. ૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખ્યો ઉપર દાબી. ૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોયે;
વાતો કરે રે, કથા વંચાયે તોયે. ૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે. ૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે. ૬
કથા સાંભળતાં રે, 'હરે' 'હરે' કરી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે. ૭
ભાન કથામાં રે, બીજી ક્રિયા માંહ્ય;
ક્યારેક અચાનક રે, જમતાં 'હરે' બોલાય. ૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બેની. ૯
એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે. ૧૦

### પદ—૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ સુખકારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી. ૧
થયા મનોહર રે, શ્રીહરિ મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા. ૨

ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ. ૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે. ૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, નાથ પલાંઠી વાળી. ૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને. ૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી. ૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહે રે, ચરણકમળ દે નાથ. ૮
ક્યારેક આપે રે, હાર તોરા સુખકારી;
ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી. ૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ. ૧૦

## પદ—૬

એવાં કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી. ૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે. ૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાયે રે, મુખ પર આડો દઈને. ૩

રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ. ૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ. ૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો. ૬
કોઈને દુખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય. ૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણાદૃષ્ટિ રે, દેખી વાન જ વાળે. ૮
ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી. ૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી. ૧૦

## પદ—૭

નિત્ય નિત્ય નૌતમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય. ૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે. ૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે. ૩
ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી. ૪

પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ. ૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ. ૬
શ્રદ્ધા-ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં. ૭
પાછલી રાત્રિ રે, ચાર ઘડી રહે ત્યારે;
દાતણ કરવા રે, ઊઠે હરિ તે વારે. ૮
પલાંઠી વાળી રે, ન્હાવા થાય તૈયાર;
કર લઈ કળશ્યો રે, જળ ઢોળે તે વાર. ૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લૂવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે. ૧૦

## પદ—૮

રૂડા શોભે રે, નાહીને ઊભા હોયે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે. ૧
પગ સાથળને રે, લુહીને શોભાધામ;
કોરા ખેસને રે, પહેરે શ્રી ઘનશ્યામ. ૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલે;
આવે જમવા રે, ચાખડિયે ચઢી ચાલે. ૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા. ૪
ડાબા પગની રે, વાળી પલાંઠી નાથ;
તે પર ડાબો રે, હળવે મેલે હાથ. ૫
જમણા પગને રે, રાખી ઊભા ઘનશ્યામ;

તે પર જમણો રે, કર મેલે સુખધામ. ૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ. ૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતાં. ૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે. ૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાયે રે, પ્રેમાનંદનો નાથ. ૧૦

## પદ—૯

ચળુ કરે રે, શ્રીજી તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને. ૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે. ૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો. ૩
વર્ષા ઋતુને રે, શરદ ઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી. ૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ. ૫
બહુ જળક્રીડા રે, કરતા જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય. ૬
ન્હાઈને બારે રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી. ૭

પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે. ૮
ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સફળ કરે છે રે, નેણાં વારંવાર. ૯
આવી બિરાજે રે, ઓસરીએ બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી. ૧૦

## પદ–૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ. ૧
ફળિયામાંહી રે, સભા કરી વિરાજે;
પૂરણશશી રે, ઉડગણમાં જેમ છાજે. ૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી નાથ શુદ્ધ અન્નને. ૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઊભી રાખી ફેરે. ૪
સૂતા સૂતા રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને. ૫
ભૂલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ. ૬
ભરનિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય. ૭
ત્યારે ફડકી રે, જાગે શ્રી ઘનશ્યામ;
'કોણ છે?' પૂછે રે, સેવકને સુખધામ. ૮

એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર. ૯
જે કોઈ પ્રીતે રે, શીખશે સુણશે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે. ૧૦

## રાગ : ગરબી

**ઓરા આવો ઘનશ્યામ સ્નેહી, સુંદર વર જોઉં વ્હાલા;**
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા. ૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વ્હાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વ્હાલા. ૨
અરુણ કમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વ્હાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા. ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વ્હાલા;
ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા. ૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વ્હાલા. ૫
જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા. ૬
અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વ્હાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વ્હાલા. ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વ્હાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા. ૮
જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા. ૯

એ જ અંગૂઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વ્હાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વ્હાલા. ૧૦

## રાગ : ગરબી

### પદ—૧

હવે મારા વ્હાલાને નહિ રે વિસારું રે,
શ્વાસઉચ્છ્વાસે તે નિત્ય સંભારું રે. ૧
પડ્યું મારે સહજાનંદજીશું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે. ૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર ન મળે ખરચે નાણું રે. ૩
એ વર ભાગ્ય વિના નવ આવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ ભાવે રે. ૪
દુરીજન મન રે માને તેમ કહેજ્યો રે,
સ્વામી મારા હૃદયની ભીતર રહેજ્યો રે. ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી રે. ૬

### પદ—૨

હવે મારા વહાલાનાં દર્શન સારુ,
હરિજન આવે હજારે હજારું. ૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી. ૨
સભા મધ્યે બેઠા મુનિના વૃંદ,
તેમાં શોભે તારે વિંટ્યો જેમ ચંદ્ર. ૩

દુર્ગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી. ૪
તાળી પાડે ઊપડતી અતિ સારી,
ધુન્ય થાય ચૌદ લોક થકી ન્યારી. ૫
પાઘડલીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે. ૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ અક્ષરધામના વાસી. ૭
ભાંગી મારી જન્મોજન્મની ખામી,
મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી. ૮

### રાગ : ગરબી

**રે શ્રીજી તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું;**
રે શ્રીજી તમે સાચું નાણું. ટેક૦
રે તમ વિના સુખ સંપત કહાવે, તે તો સર્વ મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે. રે શ્રીજી૦
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હાં રે શિર પટકી;
એથી મારી મનવૃત્તિ અટકી. રે શ્રીજી૦
છે અખંડ અલૌકિક સુખ સારું, તે જોઈ જોઈ મન મોહ્યું મારું;
ધરા ધન તમ ઉપર વારું. રે શ્રીજી૦
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું. રે શ્રીજી૦

## ધ્યાનચિંતામણિ

### રાગ : ગરબી

### પદ—૧

**વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ;**
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ. ૧
સમરું પ્રકટરૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ. ૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ત્રમુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ. ૩
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ. ૪

### પદ—૨

આવો મારા સુંદર શોભતા લાલ, કે જોઉં તારી મૂરતિ રે લોલ;
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ. ૧
મન મારું મોહ્યું સહજાનંદ, પાઘડલીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતિલા જોઉં ખાંતમાં રે લોલ. ૨
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યાં રે લોલ;
વહાલા તારા વામકરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ. ૩
વહાલા તારી ભ્રકુટિને બાણે પ્રાણ, કાળજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ. ૪

### પદ—૩

વહાલા મુને વશ કીધી મહારાજ, વાલપ તારા વહાલમાં રે લોલ;

મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ. ૧
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ;
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ. ૨
વહાલા તારા દંત દાડમના બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ. ૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારું પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ. ૪

### પદ—૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિતડું ચળી રે લોલ. ૧
વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડાં તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં વિણગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમી જન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ. ૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ. ૪

### પદ—૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ. ૧
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારાં ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ. ૩

વહાલા તારુ ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ. ૪

### પદ—૬

વહાલા તારી મૂરતિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીએ રે લોલ. ૧
વહાલા મારે સુખ સંપત તમે નાથ, શ્રીજી મન ભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ. ૨
વહાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂરતિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ. ૩
આવો મારા રસિયા રાજીવનેણ, મરમ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ. ૪

### પદ—૭

વહાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ. ૧
વહાલા તારી નાભિ નૌતમ રૂપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને સહજાનંદ, કે મન રંગચોળ છે રે લોલ. ૨
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પિંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ. ૩
વહાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ. ૪

### પદ—૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;

વહાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ. ૧
વહાલા તારે જમણે અંગૂઠે તિલ, કે નખમાં ચિહ્‌ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ. ૨
વહાલા તારા નખની અરુણતા જોઈને, શશિકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ. ૩
વહાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ. ૪

## પોઢણિયા

### રાગ : બિહાગ

**પોઢે પ્રભુ સકલ મુનિકે ઘનશ્યામ;**
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ, સંતનકે વિશ્રામ. પોઢે૦
અક્ષર પર આનંદઘન પ્રભુ, કિયો હે ભૂ પર ઠામ;
જેહી મિલત જન તરત માયા, લહત અક્ષરધામ. પોઢે૦
શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી, હોવત જન નિષ્કામ. પોઢે૦
પ્રેમકે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરણ ઢિગ ગુન, ગાવત આઠું જામ. પોઢે૦

### રાગ : ગરબી

**પોઢો પોઢો સહજાનંદ સ્વામી,**
અંખિયામાં નિંદરા ભરાણી રે. પોઢો૦
હાં રે તમે માથેથી પાઘ ઉતારો રે,
પછી તમે બનાતની ટોપી* ધારો રે. પોઢો૦
હાં રે તમે જરકસી જામો ઉતારો રે,
પછી હીર કોરી ધોતી ધારો રે. પોઢો૦

* ઉનાળામાં ફૂલની ટોપી

હાં રે તમે કેડનો પટકો છોડો રે,
પછી શાલ દુશાલા* ઓઢો રે. પોઢો૦
હાં રે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે,
સખી જોઈ જોઈ આનંદ પામી રે. પોઢો૦

## રાગ : ગરબી

### પદ–૧

**આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;**
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાંવાળો છેલ. ૧
નીરખ્યા નેણા ભરી રે, હરિવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ. ૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણા રે, ચરણે લાગી વારંવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજિયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સૂંથણલી સુખદેણ;
નાડી હીરની રેં, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢિયો રે, ગૂઢો રેંટો જોયા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય. ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિશશી રે, તે તો ના'વે તેની તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સા'યો છે રૂમાલ;

* ફૂલની પછેડી એમ બોલવું

પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ. ૯

## પદ—૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂરતિ સંભારતાં રે, મુજને ઊપજ્યો અતિ સ્નેહ. ૧
પહેર્યાં તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંયે કપૂરનાં શોભિત;
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત. ૪
સર્વે અંગમાં રે, ઊઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતાં કમલનયનની કોર. ૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂરતિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ. ૬
અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂરતિ રે, જાણે આવ્યો રસ-શૃંગાર. ૭
વા'લપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઊગિયા અગણિત સૂર. ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

## પદ—૩

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વારતા રે, સૌને સંભળાવ્યાનું છે મન. ૧

મારી મૂરતિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત. ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ. ૩
અતિ તેજોમય રે, રવિશશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન. ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી. ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ. ૯

## પદ–૪

વળી સહુ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ. ૧
સૌ હરિભક્તને રે, જાવું હોય મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોય મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ. ૩

મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ-પરિવાર. ૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારાં નેમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ. ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે હરિવરવેશ. ૬
નિજ જન ઉપરે રે, અમૃત વરસે આનંદકંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ. ૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનનાં કાજ. ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. ૯

## રાગઃ ધોળ

## પદ—૧

**અક્ષરના વાસી વહાલો આવ્યા અવની પર,**
નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ. અક્ષર૦
અવની પર આવી વહાલે સત્સંગ સ્થાપ્યો,
હરિજનોને કોલ કલ્યાણનો આપ્યો રાજ. અક્ષર૦
પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ,
હરિજન સંગાથે કીધી સાચી સગાઈ ઓ રાજ. અક્ષર૦
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ. અક્ષર૦
દેવના દેવ વહાલો ધામના ધામી,
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ. અક્ષર૦

પ્રેમાનંદનો સ્વામી આનંદકારી,
પોતાના જનની વહાલે લાજ વધારી રાજ. અક્ષર૦

## પદ–૨

ધર્મને લાલે મુને હેતે બોલાવી,
એકાંતની વાત મર્મે સમજાવી રાજ. ધર્મને૦
મૂળ માયાના બંધ કાપવા આવ્યા,
ધામ ધામના વાસી અહીં બોલાવ્યા રાજ. ધર્મને૦
મૂળ અક્ષર પણ શ્રીહરિ સંગે,
મુક્ત મંડળને લાવ્યા ઉમંગે રાજ. ધર્મને૦
નવે ગ્રહોમાં જેમ ભાનુ વિના તમ,
દૂર ન થાય કરે કોટિક કર્મ રાજ. ધર્મને૦
પ્રેમાનંદનો સ્વામી પ્રાણ સ્નેહી,
બદ્ધ જીવોને વહાલે કર્યા વિદેહી રાજ. ધર્મને૦

## પદ–૩

અધમ ઉદ્ધારણ એવું પોતાનું નામ,
સત્ય કર્યું આજ શ્રી ઘનશ્યામ રાજ. અધમ૦
જીવને શિવ કર્યા અવિદ્યા ટાળી,
પ્રૌઢ પ્રતાપ જણાવી હદ વાળી રાજ. અધમ૦
વિના સાધને સિદ્ધ દશા પમાડી,
સૌથી પોતાની રીત ન્યારી દેખાડી રાજ. અધમ૦
રવિ આગે શશી તારા ન ભાસે,
મત પંથ તેમ શ્રીહરિ પાસે રાજ. અધમ૦
પ્રેમાનંદનો સ્વામી પૂરણ પ્રતાપી,
પોતાના જનને સ્થિતિ અલૌકિક આપી રાજ. અધમ૦

## પદ–૪

શીદને ભટકો છો તમે ચતુર સુજાણ,
પ્રગટ પ્રભુની આજ કરો ઓળખાણ રાજ. શીદને૦
આ ધામના ધામી ક્યારેય નો'તા પધાર્યા,
ઈશ્વરકોટી સ્તુતિ કરીને હાર્યા રાજ. શીદને૦
આ અવસર પર કોઈ અવનિએ આવે,
તે તો માયાની આગે કંઈ ન ફાવે રાજ. શીદને૦
ગુણીને સંગે ક્યાંથી નિર્ગુણ થાય,
જ્યાંથી આવ્યા તેમાં પાછા સમાય રાજ. શીદને૦
આવો અવસર હવે ફરી નહિ આવે,
પ્રેમાનંદ તાળી દઈને હરખે કહાવે રાજ. શીદને૦

## માનસી પૂજા-૫

શયનઆરતી પછી **છેલ્લી માનસી પૂજા** કરવી. શ્રીજીમહારાજ સુંદર કઢેલું દૂધ, બદામની પૂરી, મગજ વગેરે જમી જળપાન કરે છે. ત્યાર બાદ શ્રીહરિજી ગાદલું, ઓશીકાં ને ગાલમશૂરિયાં સહિત સુખશય્યામાં શયન કરીને યોગનિદ્રા અંગીકાર કરે છે. શ્રીહરિજી મારા હૃદયાકાશમાં પ્રેમરૂપ ઢોલિયામાં શયન કરી અક્ષરધામરૂપ મારા આત્મામાં જ અખંડ વિરાજમાન થાય છે, હું એ મૂર્તિમાં રસબસ જોડાઈ રહ્યો છું અથવા સમીપે સેવામાં રહી પગચંપી કરું છું એમ ધારવું. પાંચેય વખતની માનસી પૂજા શ્રીહરિજીના મહિમાપૂર્વક પ્રેમથી અને પ્રત્યક્ષભાવે કરવી. યંત્રવત્ કે શુષ્ક મને ન કરવી. આવી રીતે પ્રેમપૂર્વક માનસી પૂજા કરનારા ઉપર શ્રીહરિજી ખૂબ પ્રસન્ન થાય છે.

# શ્રીજીમહારાજની પ્રસાદીનો પત્ર

શ્રી અનિર્દેશથી લિખાવીતંગ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજના, સર્વે સત્સંગી બાઈ-ભાઈ નારાયણ વાંચશો.

બીજું લખવાનું કારણ એ છે કે, જે મનુષ્યને જેવું પોતાનું પ્રારબ્ધ હોય તેને અનુસારે દેહને સુખ-દુઃખ થાય છે, તથા જન્મ-મરણ થાય છે, પણ જીવના પ્રારબ્ધ કર્મનું ઉલ્લંઘન કરીને તો ભૈરવ, ભવાની આદિક જે દેવ-દેવીયું છે તે કોઈ પણ એ જીવને સુખ-દુઃખ દેવાને અર્થે કે મારવા-જીવાડવાને અર્થે સમર્થ થતાં નથી. એ પ્રારબ્ધ કર્મ ને કાળ તેને ખોટાં કરી નાખવાં તથા મુવાંને જીવતાં કરવાં કે જીવતાંને મારી નાખવાં તેને વિષે તો એક પરમેશ્વર નારાયણ માત્ર સમર્થ છે, પણ બીજાં કોઈ દેવ-દેવી સમર્થ નથી. માટે એક પરમેશ્વરનો દૃઢ આશ્રય રાખીને નિત્યે ભજન સ્મરણ કર્યા કરવું અને કોઈ દેવ-દેવીનો ભય રાખવો નહિ.

આપણે તો ભગવાનના ભક્ત છીએ માટે હરિભક્તને તો કોઈ રીતનો ભય મનમાં રાખવો ઘટે નહિ. અને જંત્ર, મંત્ર, ઔષધિએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોત તો પૃથ્વી પર કોઈક તો દીઠામાં આવત, પણ એવો કોઈ દીઠામાં આવતો નથી. વળી જે બહુ મંત્ર, જંત્રને જાણે છે તે પણ મરી જાય છે.

બીજું જંત્ર મંત્ર કોઈ ઉપર કોઈનાં ચાલતાં હોય તો ઘણાક શત્રુ

જેની ઉપરે હોય એવા મોટા મોટા રાજાઓ તે જીવતા શી રીતે રહે? અને જંત્રે મંત્રે કરીને જ સિદ્ધિ થાતી હોય તો લાખો રૂપિયા ખરચીને રાજાઓ લશ્કર રાખે છે તથા આયુધ સામગ્રી રાખે એવું શા સારુ કરે? એક ભારે મંત્રશાસ્ત્રી રાખે તે મંત્ર તંત્રની સિદ્ધિએ કરીને સર્વે પ્રતિપક્ષીને મારી નંખાવે, પણ તેમ તો કોઈ ઠેકાણે દેખાતું નથી. માટે નિર્ભય થકા નારાયણનું ભજન કરજો. કેવળ ભગવાનનો જ દૃઢ નિશ્ચય રાખજો. જેમ ભગવાને ધાર્યું હશે તે સત્ય થશે, આપણું ધાર્યું કે બીજા કોઈનું ધાર્યું નહિ થાય; કેમ કે કોઈ જીવનું ધાર્યું થાતું હોય તો કોઈ ગરીબ રહે જ નહિ. સર્વેને રાજા થવાની ઉમ્મિદ છે, પણ તેમ થતું નથી. માટે પરબ્રહ્મ પુરુષોત્તમ એવા સમર્થ ભગવાનના આશ્રય તળે રહીને નિર્ભય રહ્યા થકા નારાયણનું ભજન કરજો એ આ પત્ર લખવાનો મૂળ ઉદ્દેશ છે, તેને તમે એકાગ્ર મને કરીને ધારજો તથા વિચારજો.

# અનુક્રમણિકા


| કીર્તન | રચયિતા<br>સ. ગુ. સ્વામીશ્રી | પાન |
|---|---|---|
| અધમ ઉધારણ અવિનાશી તારા | બ્રહ્માનંદ | ૧ |
| અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી | મુક્તાનંદ | ૨૪૯ |
| અભાગી અંધ માનને શિખામણ | નિષ્કુળાનંદ | ૯૫ |
| અમરના સરદાર હરિ મારા | કૃષ્ણાનંદ | ૪૯ |
| અયોધ્યા સરયુ તટે સંભળાય | — | ૨૭ |
| અલબેલાજી પ્રાણ આધાર રે | બ્રહ્માનંદ | ૧૮૩ |
| અવસર આવ્યો રે સારો | બ્રહ્માનંદ | ૯૫ |
| અવિદ્યા છે નકટી નાર | મુક્તાનંદ | ૯૬ |
| અક્ષરના વાસી વહાલો આવ્યા | પ્રેમાનંદ | ૩૮૨ |
| અજ્ઞાન અંધારું રે | ભૂમાનંદ | ૧૩૭ |
| અંતકાળે આવી રે મારી | દેવાનંદ | ૧ |
| અંતકાળે આવી રે સંભાળી | મુક્તાનંદ | ૩ |
| આજની ઘડી રે ધન્ય આજની ઘડી | લાડુદાનજી | ૧૮૩ |
| આજ પ્રબોધિની આઈ | મુક્તાનંદ | ૩૭ |
| આજ મારું ભાગ્ય અલૌકિક | મુક્તાનંદ | ૧૮૪ |
| આજ મારે ઓરડે રે | પ્રેમાનંદ | ૩૭૯ |
| આજ મારે હરિ પરોણા ઘેર આવ્યા | પ્રેમાનંદ | ૨૪૯ |
| આજ મેં તો ભેટ્યા રે | બ્રહ્માનંદ | ૧૮૪ |
| આજ સખી આનંદની હેલી | જેરામ બ્ર. | ૧૮૫ |
| આજ સખી મુને સપનું લાધ્યું | બ્રહ્માનંદ | ૧૮૫ |
| આજ સહજાનંદ મળિયા રે | નરસિંહ | ૪૯ |
| આજ સો સો વર્ષોનાં | માવદાનજી | ૨૩૧ |
| આનંદ આપ્યો અતિ ઘણો | નિષ્કુળાનંદ | ૧૩૭ |
| આરતી ઉમંગ સહિત | મુક્તાનંદ | ૩૨૩ |

| | | |
|---|---|---|
| આરતી પ્રગટ પ્રભુજીકી કીજે | બ્રહ્માનંદ | ૩૪૫ |
| આવી અક્ષરધામથી અવનીમાં | — | ૩૫૮ |
| આવું તારું ધન રે જોબન | દેવાનંદ | ૯૬ |
| આવો આવોને અલબેલડાજી રે | ભૂમાનંદ | ૨૩૨ |
| આવો આવોને શ્રી ઘનશ્યામ | પ્રેમાનંદ | ૧૮૫ |
| આવો રૂડો અવસર રે | દેવાનંદ | ૯૬ |
| આવ્યા રસિકવર છેલડા | કવિ વસંત | ૨૩૨ |
| આશકોદિ યારી વે માશુક | પ્રેમાનંદ | ૪ |
| ઉત્સવની પ્યારી શ્રીજીની | બ્રહ્માનંદ | ૩૮ |
| એક દિન સભા કરી રે શ્રીહરિ | અવિનાશાનંદ | ૨૩૩ |
| એકલડાં કેમ રે'વાય તમ વિના | બ્રહ્માનંદ | ૨૩૮ |
| એકાદશી આજનો દિન સારો રે | બ્રહ્માનંદ | ૩૯ |
| ઓરા આવો અલબેલડા રે | પ્રેમાનંદ | ૧૮૬ |
| ઓરા આવો ઘનશ્યામ સનેહી | પ્રેમાનંદ | ૫૦ |
| ઓરા આવો છેલ છબીલા | બ્રહ્માનંદ | ૧૮૭ |
| ઓરા આવોને ધર્મકુમાર રે | પ્રેમાનંદ | ૧૮૭ |
| ઓરા આવોને શ્રી ઘનશ્યામ | પ્રેમાનંદ | ૧૮૮ |
| ઓરા આવો મારા લેરખડા લહેરી | બ્રહ્માનંદ | ૫૭ |
| કમલદલોપમ લોચન (સ્તુતિ) | ભૂમાનંદ | ૫ |
| કરત સીંગાર આરતી ભોર | મુક્તાનંદ | ૩૩૩ |
| કરત સીંગાર સબહી શોભાનિધિ | મુક્તાનંદ | ૩૩૩ |
| કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે | દેવાનંદ | ૯૮ |
| કરુણાના સિંધુ રે | બ્રહ્માનંદ | ૧૩૯ |
| કરું પ્રથમ પ્રણામ સંભારી રે | પ્રેમાનંદ | ૧૩૯ |
| કહા કહું હરિ કરુણા તેરી | બ્રહ્માનંદ | ૫ |
| કહું વાત અલૌકિક રે | ભૂમાનંદ | ૭૭ |
| કહું છું શિખામણ સારી રે | બ્રહ્માનંદ | ૯૯ |
| કીજીએ ધ્યાન શ્રી ધર્મના કુંવરનું | પ્રેમાનંદ | ૩૨૪ |
| કૃપા કરી રે કૃપા કરી રે અલબેલો આવ્યા | ભૂમાનંદ | ૧૪૨ |
| કોડે કોડે એકાદશી કીજીએ રે | બ્રહ્માનંદ | ૪૦ |

| | | |
|---|---|---|
| ક્યારે હવે દેખું રે હરિ હસતા | પ્રેમાનંદ | ૨૩૮ |
| ગઈ'તી ગઈ'તી ભરવાને નીર | બ્રહ્માનંદ | ૧૮૮ |
| ગઈ'તી ગઈ'તી ભરવાને નીર, સૈયરનાં | બ્રહ્માનંદ | ૧૯૦ |
| ગુરુ દેવ કો અંગ | શ્રી રંગદાસજી | ૩૦૧ |
| ઘડપણ કોણે મોકલ્યું | નરસિંહ | ૧૦૦ |
| ઘનશ્યામ ચરણ કલિ કલુષ હરણ | પ્રેમાનંદ | ૨૧ |
| ઘનશ્યામ તારી મૂર્તિ | મુક્તાનંદ | ૧૯૧ |
| ઘનશ્યામાષ્ટક. સવૈયા | બ્રહ્માનંદ | ૨૮૬ |
| ઘનશ્યામ વનમાંથી મોડા | બ્રહ્માનંદ | ૧૯૨ |
| ચાલો સખી સહુ વસંત વધાવવા | પ્રેમાનંદ | ૪૧ |
| છાંડી કે શ્રી ઘનશ્યામ | મુક્તાનંદ | ૧૯૨ |
| જગતમેં મત કીજો અભિમાન | બ્રહ્માનંદ | ૧૦૨ |
| જનની જીવો રે ગોપીચંદની | નિષ્કુળાનંદ | ૧૦૨ |
| જન્મ સુધાર્યો રે મારો | મુક્તાનંદ | ૧૯૩ |
| જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો | – | ૩૫૮ |
| જમો થાળ જીવન જાઉં વારી | ભૂમાનંદ | ૩૩૪ |
| જમોને જમાડું રે જીવન મારા | પ્રેમાનંદ | ૩૩૫ |
| જય સદ્દગુરુ સ્વામી | મુક્તાનંદ | ૩૪૫ |
| જાઓગે જનમ સબ હારી હો નર | ભૂમાનંદ | ૧૦૪ |
| જીવનપ્રાણ હમારે | પ્રેમાનંદ | ૧૯૪ |
| જુઓ જુઓને હાં હાં | આ. વિહારીલાલજી | ૭૮ |
| જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે | – | ૩૫૮ |
| જે સ્વામિનારાયણ નામ લેશે | આ. વિહારીલાલજી | ૧૪૩ |
| જે હરિ અક્ષરધામ માંહી રાજે | – | ૩૫૯ |
| જોઈ મૂરતિ મનોહર | બ્રહ્માનંદ | ૫૭ |
| જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર | આ. વિહારીલાલજી | ૫૮ |
| ઝુલત પાલનેમેં ધર્મકુમાર | મુક્તાનંદ | ૨૭ |
| ઝુલનકે દિન આયે હિંડોરે | પ્રેમાનંદ | ૪૧ |
| તમે મારા થયા હું તમારો થયો | – | ૭ |
| તારા મુખની લાવણતા મીઠી રે | બ્રહ્માનંદ | ૫૯ |

| | | |
|---|---|---|
| તારી મૂર્તિ છે જો નેણુંનો શણગાર | બ્રહ્માનંદ | ૫૯ |
| તારી મૂરતિ રે મનમાની રે | ભૂમાનંદ | ૧૯૫ |
| તારી મૂર્તિ લાગે છે મને પ્યારી રે | મંજુકેશાનંદ | ૬૦ |
| તારો ચટક રંગીલો છેડલો | બ્રહ્માનંદ | ૬૨ |
| તુમ બીન એસો કોન દયાલ | પ્રેમાનંદ | ૭ |
| તુંને સાંભળ આપું શીખ એક | નિષ્કુળાનંદ | ૧૦૪ |
| તેરી શરનમેં આયકે | બ્રહ્માનંદ | ૮ |
| ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ | — | ૩૬૦ |
| દર્શન દો ઘનશ્યામ નાથ | — | ૮ |
| દાટ્યો રે' ને ચોર દૈવના | બ્રહ્માનંદ | ૧૦૫ |
| દીનાનાથ દયાળુ હરિવર | કેશવલાલ | ૯ |
| દીઠે આજ દિવાળી | મુક્તાનંદ | ૪૨ |
| દુઃખ છે અધિક આ સંસારમાં | નારાયણદાસ | ૧૦૯ |
| દુઃખી દિવસ ને રાત | આ. વિહારીલાલજી | ૨૩૮ |
| ધન્ય ધન્ય ગઢપુર ધામને જો | દલપતરામ | ૧૪૪ |
| ધન્ય મુને મળ્યા સહજાનંદજી | ભૂમાનંદ | ૧૪૫ |
| ધન્ય ધન્ય એ સંત સુજાણને | નિષ્કુળાનંદ | ૨૫૧ |
| ધર્મકુંવર ખેલે હોરી રે | આ. અયોધ્યા-પ્રસાદજી | ૪૨ |
| ધર્મકુંવર ઘનશ્યામજી મારા | પ્રેમાનંદ | ૬૨ |
| ધર્મકુંવર છબી બરની નહિ જાઈ | પ્રેમાનંદ | ૪૪ |
| ધર્મસુત નામ ઘનશ્યામ નિર્મળ છબી | જગદીશ | ૧૪૫ |
| ધીર ધુરંધરા શુર સાચા ખરા | મુક્તાનંદ | ૨૫૨ |
| ધ્યાન ચિંતામણિ | પૂર્ણાનંદ | ૩૦૭ |
| ધ્યાન ધર ધ્યાન ધર | મુક્તાનંદ | ૩૨૪ |
| ધ્યાનાષ્ટક | બ્રહ્માનંદ | ૨૬૫ |
| નમન હું કરું વિશ્વપાલને | — | ૯ |
| નયણ ઠરે મારા તમને નિહાળી | મુક્તાનંદ | ૧૯૫ |
| નર અજ્ઞાની સાંભળને | મંજુકેશાનંદ | ૧૦૯ |
| નાથ રહો મારા નેણમાં | પ્રેમાનંદ | ૧૯૫ |

| | | |
|---|---|---|
| નાના ગ્રાસ લેવત મનગમતાં | દેવાનંદ | ૭૯ |
| નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા | — | ૩૬૦ |
| નિર્વિકલ્પ ઉત્તમ અતિ | પ્રેમાનંદ | ૩૫૭ |
| નીરખી નયણાને તૃપ્તિ | કવિ વસંત | ૨૩૯ |
| નેણાને જોઈ નેણાને જોઈ વહાલા | મુક્તાનંદ | ૧૯૬ |
| નેણામાં રાખું રે (૨) નાથજીને | પ્રેમાનંદ | ૧૯૭ |
| નેતિ નેતિ કહી ગાયે નિગમ પુરાણ | પ્રેમાનંદ | ૧૪૬ |
| પણ મુખ્ય અમારું જે નામ | નિષ્કુળાનંદ | ૧૪૭ |
| પધારોને સહજાનંદજી રે | પ્રેમાનંદ | ૧૦ |
| પુરુષોત્તમ પૂરણ બ્રહ્મ | પ્રેમાનંદ | ૭૯ |
| પુરુષોત્તમ પ્રાણથી પ્યારા રે | મુક્તાનંદ | ૧૯૮ |
| પૂજા પ્રભુજીની માનસી રે | ભૂમાનંદ | ૩૩૧ |
| પોઢે પ્રભુ સકલ મુનિકે ઘનશ્યામ | મુક્તાનંદ | ૩૭૮ |
| પોઢો પોઢો સહજાનંદ સ્વામી | પ્રેમાનંદ | ૩૭૮ |
| પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે | પ્રેમાનંદ | ૨૯ |
| પ્રગટ પુરુષોત્તમનો મહિમા | નારાયણદાસ | ૧૧૦ |
| પ્રગટ પ્રમાણ હરિને | બ્રહ્માનંદ | ૩૪૧ |
| પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ | પ્રેમાનંદ | ૧૪૮ |
| પ્રતાપ આ નિલકંઠ યોગીનો | દયાનંદ | ૧૫૨ |
| પ્રથમ શ્રીહરિને રે | પ્રેમાનંદ | ૩૬૨ |
| પ્રભુ તમ વિના મારું કોણ છે? | મંજુકેશાનંદ | ૨૦૦ |
| પ્રાણ થકી મુને હરિજન વહાલા | બ્રહ્માનંદ | ૨૫૩ |
| પ્રાણ સ્નેહી ઘર આવો અબ પિયરા | બ્રહ્માનંદ | ૨૪૦ |
| પ્રાતઃ સમે શ્રી પુરુષોત્તમની | મુક્તાનંદ | ૨૧ |
| પ્રાતઃ સમે શ્રી સહજાનંદની મૂરતિ | પ્રેમાનંદ | ૨૨ |
| પ્રેમવતી સુત જાયો અનુપમ | મુક્તાનંદ | ૨૯ |
| પ્યારા મુજને લાગી તારી મોહની | મુક્તાનંદ | ૬૩ |
| પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે | પ્રેમાનંદ | ૧૯૯ |
| ફૂલના પે'રી રે | મુક્તાનંદ | ૩૪૦ |
| બીસર ન જાજો મેરે મીત | પ્રેમાનંદ | ૧૧ |

| | | |
|---|---|---|
| બોલો બોલો રે જોગી બાલુડા | આ. વિહારીલાલજી | ૮૪ |
| ભજો ભાવશું અખંડ જપ માળા રે | મુક્તાનંદ | ૬૩ |
| ભજ્યો નહિ ભગવાનને રે | દેવાનંદ | ૧૧૦ |
| ભલાવે સહજાનંદકો મૈં ઉપાસી | બ્રહ્માનંદ | ૨૦૦ |
| ભવસાગર માંહી શરણ અચળ | બ્રહ્માનંદ | ૨૫૪ |
| ભાગ્ય જાગ્યા રે આજ જાણવા | નિષ્કુળાનંદ | ૨૦૦ |
| મનની વાતો મનમાં રહી | નિષ્કુળાનંદ | ૧૧૧ |
| મનમાં વસી છે તારી મૂર્તિ | પ્રેમાનંદ | ૬૫ |
| મને પ્યારી લાગે મૂર્તિ તમારી | નારણદાસ | ૬૫ |
| મહિમા તમારો રે અગમ અપાર છે રે | દયાનંદ | ૧૫૨ |
| મહિમાષ્ટક | પ્રેમાનંદ | ૨૭૯ |
| મળી બુટોલપુરની માંહી નારાયણ | નારાયણ-મુનિદાસ | ૧૫૩ |
| મંગળમૂર્તિ મહાપ્રભુ | — | ૩૨૩ |
| માણકીએ ચડ્યા રે | પ્રેમાનંદ | ૮૬ |
| માતા પ્રેમવતી ઝુલાવે | પ્રેમાનંદ | ૩૧ |
| માયાને મેલીને મરવું | બ્રહ્માનંદ | ૧૧૨ |
| માયાપંચક | બ્રહ્માનંદ | ૨૮૮ |
| મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે | મુક્તાનંદ | ૧૧૨ |
| મારા હરજી શું હેત ન દીસે રે | નરસિંહ મહેતા | ૧૧૨ |
| મારી અવિચળ ચૂંકને રાખજો | યુગલદાસ | ૧૧ |
| મારું મન શ્રીહરિ સંગ માન્યું | મુક્તાનંદ | ૨૦૧ |
| મારે આજ પ્રીતમ ઘેર આવશે | બ્રહ્માનંદ | ૨૦૨ |
| મારે આનંદનો દિન આજ રે | ભૂમાનંદ | ૨૦૩ |
| મારે ઘેર આવજો છોગલાંધારી | જેરામ બ્રહ્મચારી | ૩૩૬ |
| મારે તો નથી લેવું આ નાવનું ભાડું | જગદીશ | ૩૨ |
| મારે પ્રીત બંધાણી રે | મુક્તાનંદ | ૨૦૪ |
| મારે મંદિર પધાર્યા ઘનશ્યામ | યોગાનંદ | ૨૦૫ |
| માંને પ્યારી શ્રીહરિજી થારી | ભૂમાનંદ | ૨૦૬ |
| મુખડાની માયા લાગી રે, હો શ્રીજી | બ્રહ્માનંદ | ૨૦૬ |

| | | |
|---|---|---|
| મુને કરી કૃતારથ નાથ | નિષ્કુળાનંદ | ૧૧૩ |
| મુને મળિયા પુરુષોત્તમરાય | નિષ્કુળાનંદ | ૧૧૩ |
| મુને મળિયા રે સહજાનંદ સ્વામી | પ્રેમાનંદ | ૨૦૭ |
| મુને શ્રી ઘનશ્યામ સ્વરૂપ જોગ સધાવિયો | નિષ્કુળાનંદ | ૧૫૪ |
| મુને સુપને ન ગમે રે સંસાર | નિષ્કુળાનંદ | ૧૧૪ |
| મૂકં કરોતિ વાચાલં | — | ૩૫૯ |
| મૂર્તિ મનહર ધર્મકુમારની રે | દેવાનંદ | ૬૬ |
| મેરે અંતર તે ધર્મવંશકી | બ્રહ્માનંદ | ૨૦૭ |
| મેરે તો એક આશરા તેરા રે | પ્રેમાનંદ | ૨૦૮ |
| મેરે તો એક તુમ હી આધારા | મુક્તાનંદ | ૨૦૯ |
| મૈં તો ગુનેગાર તેરા રે | પ્રેમાનંદ | ૧૩ |
| મૈં હું આદિ અનાદિ | નિષ્કુળાનંદ | ૨૫૪ |
| રટ રટ રાજીવનેણકું | ભૂમાનંદ | ૧૧૪ |
| રહ્યું છે મારા હૃદયમાં રૂપ તમારું | બ્રહ્માનંદ | ૨૦૯ |
| રાજભોગકી કીજે આરતી | મુક્તાનંદ | ૩૩૭ |
| રાસાષ્ટક | બ્રહ્માનંદ | ૨૮૨ |
| રૂડા લાગો છો રાજેન્દ્ર | પ્રેમાનંદ | ૬૭ |
| રૂડી રાંધી મૈં રસિયાજી ખાંતે | દયાનંદ | ૩૬૦ |
| રૂડું સ્વામિનારાયણ નામ | મૂળજી બ્ર. | ૧૧૫ |
| રે શ્રીજી તમે સાચું નાણું | મુક્તાનંદ | ૩૭૩ |
| રે સગપણ હરિવરનું સાચું | બ્રહ્માનંદ | ૧૧૫ |
| લગ ગઈયાં અંખિયાં હમાર | પ્રેમાનંદ | ૨૧૧ |
| લગન લગી મૂરત માધુરીસે | દાસમુકુંદ | ૨૧૨ |
| લટકાળા તારે લટકે રે લેરખડા હું | બ્રહ્માનંદ | ૨૧૨ |
| લટકાળો લટકંતો રે આવે | નિષ્કુળાનંદ | ૬૭ |
| લાગે માને પ્યારો | પ્રેમાનંદ | ૨૧૪ |
| લાગ્યો મારે હરિવરથી નેડો | બ્રહ્માનંદ | ૨૧૪ |
| લાલન તેરી લટક મેરે મન બસી | પ્રેમાનંદ | ૨૧૫ |
| લાલ મનોહર લીજીએ | બ્રહ્માનંદ | ૩૩૬ |
| લેતા જાઓ રે સાવરિયા | પ્રેમાનંદ | ૩૬૧ |

| | | |
|---|---|---|
| લોજની વાવ ઉપર | આ. વિહારીલાલજી | ૮૯ |
| વચન વિચારી રે શ્રી ઘનશ્યામના રે | દયાનંદ | ૧૧૬ |
| વર્ણિવેષ રમણીય દર્શનં | – | ૩૫૯ |
| વસ્યો છે છોગલાવાળો મારે મન | જેરામ બ્રહ્મ. | ૬૯ |
| વંદુ સહજાનંદ રસરૂપ | પ્રેમાનંદ | ૩૭૪ |
| વારી જાઉં વ્હાલાજીને વારણે | પ્રેમાનંદ | ૧૫૫ |
| વાલી લાગે છે મને મૂર્તિ મહારાજની | કેશવલાલ | ૧૫૫ |
| વિશાલ ભાલં નવકંજનેત્રમ્ | – | ૩૫૯ |
| વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા | – | ૩૫૮ |
| વિજ્ઞાનનો વિલય થયો | – | ૧૫૬ |
| વેલેરી ઊઠીને વાલાજીનું | પ્રેમાનંદ | ૨૨ |
| વ્હાલા મારી શુધ બુધ | બ્રહ્માનંદ | ૬૯ |
| વ્હાલા રમઝમ કરતા રાજ | મુક્તાનંદ | ૨૧૫ |
| વ્હાલા લાગો છો વિશ્વાધાર રે | બ્રહ્માનંદ | ૨૧૭ |
| વ્હાલો અક્ષરધામના વાસી | ઇશાનંદ | ૧૫૮ |
| શિર પાઘડલી સોનેરી રે | કૃષ્ણાનંદ | ૭૦ |
| શી કહું સુખની વારતા | ભૂમાનંદ | ૧૫૯ |
| શીલવંતા સાધુ સંભાળજો કરી પ્રીતિ | દેવાનંદ | ૧૧૭ |
| શુદ્ધ વૈરાગ્યે કરી સેવીએ | નિષ્કુળાનંદ | ૧૧૮ |
| શું ઘણું કહીએ રે હવે | પ્રેમાનંદ | ૧૪ |
| શોભા શી કહું રે | પ્રેમાનંદ | ૭૦ |
| શ્રી ગુરુભજનસ્તોત્રમ્ | દીનાનાથ ભટ્ટ | ૩૫૩ |
| શ્રી ઘનશ્યામ છબીલે છેલે | લક્ષ્મીનારાયણ દાસ | ૯૦ |
| શ્રીજીને કેડે ફરવું રે, કોઈથી ન ડરવું | બ્રહ્માનંદ | ૧૧૮ |
| શ્રીજીમહારાજ આવો મારે ઓરડે | મુક્તાનંદ | ૨૧૭ |
| શ્રીજીમહારાજ માગું શરણ તમારું | માવદાનજી | ૧૪ |
| શ્રી સહજાનંદ સ્વામીના દાસજી રે | મુક્તાનંદ | ૩૨૯ |
| શ્રી ધાર્મિકસ્તોત્રમ્ | શતાનંદ | ૩૪૭ |
| શ્રીહરિને ગમવાને ઇચ્છો માનની | મુક્તાનંદ | ૧૧૮ |

| | | |
|---|---|---|
| શ્રીહરિ સહજાનંદ ભજ મન | જગદીશાનંદ | ૧૨૧ |
| ષટદર્શન વિષે સાખી | બ્રહ્માનંદ | ૨૯૧ |
| સજની કોડે આનંદ ઘેર શ્રીજી પધાર્યા | મુક્તાનંદ | ૨૨૦ |
| સજની શ્રીજી મુજને સાંભરિયા રે | પ્રેમાનંદ | ૨૪૨ |
| સદ્‌ગુરુ વિનંતી મોરી | જેરામદાસ | ૨૫૫ |
| સદ્‌ગુરુ સાચા રે સેવો | મુક્તાનંદ | ૨૫૬ |
| સબ ઋતુરાજ વસંત હે (દોહા) | મુક્તાનંદ | ૩૭ |
| સબહી બરનમેં વોહી બડે જીન | શ્વેતવૈકુંઠદાસજી | ૧૬૦ |
| સબે હો મીજમાન વે દો દીન કેરા | ભૂમાનંદ | ૧૨૧ |
| સર્યું સર્વે મારું કાજ રે | ભૂમાનંદ | ૧૬૦ |
| સર્વે સખી જીવન જોવાને ચાલો રે | ભૂમાનંદ | ૯૧ |
| સલુણી છબી સુંદર સહજાનંદ | બ્રહ્માનંદ | ૧૬૧ |
| સહજાનંદકે દર્શન કરકે | સુખાનંદ | ૧૬૨ |
| સહજાનંદજી સનેહી સુખધામ છે જો | પ્રેમાનંદ | ૧૬૪ |
| સહજાનંદ મન ભાઈ સદાઈ | આ. અયોધ્યા-પ્રસાદજી | ૧૬૨ |
| સહજાનંદ રે સહજાનંદ રે | પ્રેમાનંદ | ૧૬૬ |
| સહજાનંદ સિંધુ રે આજ મારે | નિષ્કુળાનંદ | ૧૬૬ |
| સહજાનંદ સુખકારી | બ્રહ્માનંદ | ૧૭૦ |
| સહજાનંદ સુખકંદ સલુની મૂર્તિ | ભૂમાનંદ | ૨૨૧ |
| સહજાનંદ સુજાન | બ્રહ્માનંદ | ૨૨૨ |
| સહજાનંદ સ્વામી આવ્યા મારે | પ્રેમાનંદ | ૨૨૩ |
| સહજાનંદ સ્વામી રે ન પ્રગટત | મુક્તાનંદ | ૧૭૦ |
| સહજાનંદ હરિ રે પ્રગટ થયા | નિષ્કુળાનંદ | ૧૨૨ |
| સહજાનંદ હરિ રે ભજ મન | આ. અયોધ્યા-પ્રસાદજી | ૭૧ |
| સંગત તેને શું કરે | કવિ પ્રીતમ | ૧૨૩ |
| સંત કો અંગ | બ્રહ્માનંદ | ૩૦૫ |
| સંતજન સોઈ સદા મોઈ ભાવે | મુક્તાનંદ | ૨૫૮ |
| સંત પારસ ચંદન બાવના | પ્રીતમ | ૨૫૮ |

| | | |
|---|---|---|
| સંત લક્ષણ કહે હરિ હેત શું રે | નિષ્કુળાનંદ | ૨૫૯ |
| સંત સમાગમ કીજે હો | બ્રહ્માનંદ | ૩૩૯ |
| સંત સુખી સંસાર મેં ઉદ્ધવ | મુક્તાનંદ | ૨૬૦ |
| સંતો વિમુખ થકી રહીએ વેગળા | નિષ્કુળાનંદ | ૧૨૩ |
| સંતો સાંભળો સાચી વારતા | નિષ્કુળાનંદ | ૨૬૦ |
| સાહેલી રે શ્રીનગરને ચોવટે | ભૂમાનંદ | ૧૭૩ |
| સાર અસાર કો અંગ | શ્રી રંગદાસજી | ૨૯૯ |
| સાંવરો હરિ ખેલત હોરી | કૃષ્ણાનંદ | ૪૫ |
| સુખદાયક રે સાચા સંતનો સંગ | મુક્તાનંદ | ૨૬૧ |
| સુખદાયક રે સ્વામી સહજાનંદ | મુક્તાનંદ | ૧૭૪ |
| સુખદાયક શ્રી મહારાજ | ભૂમાનંદ | ૪૬ |
| સુણ સાહેલી, સહજાનંદ સંગાથે | બ્રહ્માનંદ | ૨૨૩ |
| સુણો ચતુર સુજાણ | શ્રીરંગદાસ | ૧૫ |
| સુણો સત્સંગી, ધર્મકુંવર સાથે | પ્રેમાનંદ | ૧૨૪ |
| સુણો સમજુ સકળ નરનારીઓ | દલપતરામ | ૧૨૪ |
| સુપનુ સમજો રે આ સંસારને | દયાનંદ | ૧૨૫ |
| સુમરે સુખ હોય મન મેરે | પ્રેમાનંદ | ૧૨૬ |
| સુંદર છેલ જોઈ રે જીવું હું તો | પ્રેમાનંદ | ૨૨૫ |
| સૂતાં ઊઠી રે સમરું સહજાનંદ | કૃષ્ણાનંદ | ૨૩ |
| સ્નેહભર્યા નયને નિહાળતા હો | મુક્તાનંદ | ૯૧ |
| સ્વામિનારાયણ નામની | નિષ્કુળાનંદ | ૭૨ |
| સ્વામિનારાયણ નામને તુલ્ય નાવે રે | નિષ્કુળાનંદ | ૧૭૫ |
| સ્વામિનારાયણ નામ (૨) સર્વોપરી | આનંદસુત | ૧૭૬ |
| સ્વામિનારાયણનું સ્મરણ કરતાં | મુક્તાનંદ | ૩૨૬ |
| સ્વામિનારાયણ મહામંત્ર ગમે | માધવતીર્થ | ૧૭૬ |
| સ્વામિનારાયણ મહામંત્ર છે | પ્રેમાનંદ | ૧૭૭ |
| સ્વામિનારાયણ (૨) કહો રે મન મેરા | મુક્તાનંદ | ૧૭૭ |
| સ્વામિનારાયણ (૩) ભજ રે | પ્રેમાનંદ | ૧૭૮ |
| હમારે ભક્તિ ધર્મ સુત શ્રી ઘનશ્યામ | પ્રેમાનંદ | ૧૭૯ |
| હરિકૃષ્ણાષ્ટક | બ્રહ્માનંદ | ૨૭૨ |